# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૨૭

પુસ્તક ૮
અંક ૩



વિદ્યાદેવી માનસી-વિમલવસહી, આબુ—કૉપી રાઇટ : ડૉ. ઉમાકાન્ત શાહ

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
**ભોગીલાલ જ. સાંડેસરા**
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા



ચિત્ર ૮

સિંહાસન ઉપર બેઠેલો યક્ષ



ચિત્ર ૩

નકુલકધારી કુબેર

આ ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી મણિભાઈ વોરાનો લેખ

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૭ પુસ્તક ૮

એપ્રિલ, ૧૯૭૧ અંક ૩


# 'મહાભારત'માંથી 'જયસંહિતા' અને 'ભારતસંહિતા'


**કેશવરામ કા. શાસ્ત્રી**


[ 'મહાભારત'માંથી 'જયસંહિતા' તારવતી વેળા એના ૮૮૦૦ શ્લોકોની પસંદગી કરવાનું કામ ભારે કપરું છે. 'મહાભારત' એ ભારતીય પુરુષાર્થો—'ધર્મ', 'અર્થ', 'કામ' અને 'મોક્ષ'નો અનેક રીતે બોધ આપતો 'ધર્મગ્રન્થ' છે. એમાં ધર્મશાસ્ત્ર, રાજશાસ્ત્ર, વ્યવહારશાસ્ત્ર એવાં મહત્ત્વનાં શાસ્ત્ર સમાઈ ગયેલાં છે; એમાં અધ્યાત્મશાસ્ત્ર અને ભક્તિશાસ્ત્ર પણ સમાઈ ગયેલાં છે. એ 'ઇતિહાસ'ને પણ પોતામાં સમાવે છે. શાસ્ત્રોનો એ સમર્થ 'જ્ઞાનકોશ' છે. એની રચના મહર્ષિ વ્યાસની સ્વીકારવામાં આવી છે. આસ્તિક્તાથી આપણે એ તરફ સમાદરપૂર્વક ભાવ રાખીએ છીએ. 'જયસંહિતા' जयो नामेतिहास: એ રીતે શુદ્ધ ઇતિહાસ જ હોય તો ઇતિહાસ પૂરતો જ ભાગ 'મહાભારત'માંથી તારવવો પડે. આને કારણે સેંકડો વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતાઓ, શ્રદ્ધાભાવનાઓ, બાજુ પર રાખવી પડે. એ રીતે વિવેકપુરઃસર, માત્ર 'ઇતિહાસ' તારવવાનો જ મારો આ પ્રયત્ન છે. 'ભારતસંહિતા' પણ એનો વિકાસ છે.અહીં એ વસ્તુ સ્પષ્ટ કરવાનો નમ્ર પ્રયત્ન છે. **—લેખક** ]

## ૧. જયસંહિતા

**સ્વ. ડૉ. વી. એસ. સુખ્થનકરે** એમનાં 'મહાભારતનું અર્થઘટન' (On the Meaning of the Mahābhārata) એ વિશે આપેલાં વ્યાખ્યાનોનો આરંભ કરતાં હર્મન ઓલ્ડનબર્ગનો એક અભિપ્રાય નોંધ્યો કે "મહાભારતે એક સાદા નિરૂપણાત્મક વીરકાવ્ય (કે 'મહાકાવ્ય'—a simple epic narrative) તરીકે પોતાના અસ્તિત્વનો આરંભ કરેલો. સદીઓ પસાર થતાં એ અસામાન્ય પ્રકારના ગૂંચવાડા (monstrous chaos) રૂપ બની ગયું." આનો વિસ્તાર કરતાં ઓલ્ડનબર્ગે કહ્યું કે "મુખ્ય વાતની સાથોસાથ નાની નાની અનેક વાતો ઉપરાંત અધ્યાત્મવિદ્યા (theology), તત્ત્વજ્ઞાન, પ્રાકૃતિક વિદ્યા, કાયદો, રાજ્યશાસ્ત્ર, અને જીવનના પ્રાયોગિક (practical) અને સૈદ્ધાંતિક (theoretical) જ્ઞાનને લગતાં અસંખ્ય અને અનંત માર્ગદર્શનોનાં ખરેખરાં જંગલો ખડકાઈ ગયાં. ગંભીર સૂચક સ્વપ્નો અને કલ્પનાઓ, સુકોમળ (delicate) કવિતા અને ઝળકારા મારતી રંગક્રીડા, પ્રતિચિત્રોના સખત અને પરસ્પર ધક્કે ચડાવતા ગંજ, અનંત યુદ્ધોનો ખ્યાલ આપતાં બાણોની વર્ષાઓ—મૃત્યુના પડકાર ફેંકતા વીર પુરુષોની એક પછી એક અથડામણો, અતિગુણવાન આદર્શ

માનવો, મનોહર સુંદર નારીઓ, ભયંકર સ્વભાવના ઋષિઓ (ascetics), સાહસિક દંતકથાત્મક પ્રાણીઓ અને કલ્પનામૂલક ચમત્કારોથી પૂર્ણ—શબ્દોનો ખાલી ધોધમારો અને જગત્સંચાલનના નિયમ (order of the course of the world) ને વિશે વિશાળ, મુક્ત, દર્શનોથી પૂર્ણ કાવ્ય".

જે સમયે હજી મહાભારતની અધિકૃત વાચના જગત્ સમક્ષ નહોતી આવી તે સમયનો આ ઉચ્ચકોટિના જર્મન પૌરસ્ત્ય વિદ્યાવિદ્દનો અભિપ્રાય હતો. હવે જ્યારે પૂનાના 'ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' તરફથી મહાભારતની એના ખિલપર્વ 'હરિવંશ' સાથેની અનેક વાચનાઓમાંથી તારવી આપેલી અધિકૃત વાચના પ્રસિદ્ધ કરવામાં આવી છે ત્યારે તો ઉપરનો ઓલ્ડનબર્ગનો અભિપ્રાય બદલાય એવું લાગવું જોઈએ, છતાં આ અધિકૃત વાચનાનો અભ્યાસ કરતાં પણ અભિપ્રાય બદલવાનું દિલ થતું નથી, ભલે આત્મીયતાના ભાવથી ગમે તેટલો આપણે બચાવ કરવાનો ઉત્સાહ બતાવીએ. ઓલ્ડનબર્ગનો આ અભિપ્રાય વાંચવામાં આવ્યો તે પહેલાં જ મહાભારતમાંથી એના આદિપર્વના 'અનુક્રમણી' પેટાપર્વમાં સૂચિત થયેલી, જેવી કે :

चतुर्विंशतिसाहस्रीं चक्रे भारतसंहिताम् । उपाख्यानैर्विना तावद् भारतं प्रोच्यते बुधैः ॥
[ આદિપર્વ, ૧-૬૧ ]

—એવી, ઉપાખ્યાનો વિનાની, 'ભારતસંહિતા' તારવવાનો પ્રયત્ન, મારા ગીતાવિષયક અભ્યાસ-ગ્રંથના લેખનના અનુસંધાનમાં, કરવા તરફ ચિત્ત ગયું અને મહાભારતનાં બધાં પર્વોના પ્રત્યેક અધ્યાયવાર શ્લોકો છાંટી એમાં ઉપાખ્યાનોના અધ્યાયો અને શ્લોકો અલગ તારવવાનો પ્રયત્ન કર્યો. પૂનાની આવૃત્તિના ઉપોદ્ઘાતોમાં ક્યાંક ગણતરી આપી છે, ક્યાંક નથી આપી, ક્યાંક થોડી ગણતરી-ભૂલ જેવું પણ લાગ્યું; આ મારા પ્રયત્નના ફલરૂપે પર્વવાર નીચે પ્રમાણે એના અંકિત શ્લોક જાણી શકાયા :—

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | આદિ | ૬,૨૦૫ | ૧૦ | સૌપ્તિક | ૭૭૨ |
| ૨ | સભા | ૨,૩૯૦ | ૧૧ | સ્ત્રી | ૫૩૦ |
| ૩ | આરણ્યક | ૧૨,૩૧૮ | ૧૨ | શાંતિ | ૧૦,૮૫૬ |
| ૪ | વિરાટ | ૧,૮૨૪ | ૧૩ | અનુશાસન | ૬,૫૩૬ |
| ૫ | ઉદ્યોગ | ૬,૦૬૩ | ૧૪ | અશ્વમેધિક | ૨,૭૪૩ |
| ૬ | ભીષ્મ | ૫,૪૦૨ | ૧૫ | આશ્રમવાસિક | ૧,૦૬૨ |
| ૭ | દ્રોણ | ૮,૧૪૨ | ૧૬ | મૌસલ | ૨૭૩ |
| ૮ | કર્ણ | ૩,૮૭૧ | ૧૭ | મહાપ્રસ્થાન | ૧૦૬ |
| ૯ | શલ્ય | ૩,૩૧૫ | ૧૮ | સ્વર્ગારોહણ | ૧૯૪ |
| | | | | હરિવંશ | ૬,૦૭૩ |
| | | | | | ૭૮,૬૭૫ |

આદિપર્વના ૫૬મા અધ્યાયમાં તો—

इदं शतसहस्रं हि श्लोकानां पुण्यकर्मणाम् । सत्यवत्यात्मजेनेह व्याख्यातममितौजसा ॥
[ આદિપર્વ, ૫૬-૧૩ ]

—આમ એક લાખ શ્લોક કહ્યા છે અને પૂર્વે પ્રસિદ્ધ થયેલી વાચનાઓના 'હરિવંશ'-સહિત એક લાખ અને અગિયાર હજારથી વધુ સંખ્યાના શ્લોકો 'મહાભારત'માં જોવા મળ્યા જ હતા. આજે તો ઉત્તર અને દક્ષિણની વાચનાઓમાંના સમાન તત્ત્વોની તારવણી કરીને સંગત વાચના સિદ્ધ કરેલી જોવા મળે છે, જે આપણને એવી પ્રાદેશિક ભિન્નભિન્ન વાચનાઓ અસ્તિત્વમાં આવી તે પહેલાંના કદનો ખ્યાલ આપે છે. આ પ્રસિદ્ધ થયેલી અધિકૃત વાચનામાં પણ, ઉચ્ચ વિવેચનના સિદ્ધાંતોની દૃષ્ટિમાં, ચાલુ પ્રવાહમાં ઉમેરણ થયેલાં જેમ જોવા મળે છે તે પ્રમાણે કેટલીક અસંગતિ પણ ઊડીને આંખે વળગે છે. મહાભારતને 'મહાભારત'ના રૂપમાં જ જોવું હોય તો એમાં પણ, એના એકાત્મક જૂના પ્રવાહમાં પણ, આવાં સ્થાન અસુલભ નથી. એનાથી આગળ વધતાં, ઉપાખ્યાનોને સર્વાંશે દૂર કર્યા પછી પણ, 'ભારતસંહિતા' તારવવા જતાં બીજું પણ ઘણું બધું એક બાજુ ધકેલી મૂકવાનું સ્વાભાવિક બની રહે છે. આપણો 'મહાભારત'ના વિસ્તારનો અત્યારે સ્વીકૃત માપદંડ તો આદિપર્વના આરંભનાં 'અનુક્રમણી' અને 'પર્વસંગ્રહ' એ બે પેટાપર્વ છે, પરંતુ એક અન્ય પણ સૂચક કોટિનો માપદંડ આદિપર્વના ૫૫મા અધ્યાયમાં પડ્યો છે તેના તરફ કોઈનું ધ્યાન ખેંચાયું હોય તો એ મારા વાંચવામાં આવ્યું નથી. અધિકૃત વાચનામાં એ સ્વરૂપ આપણને નીચેના સ્વરૂપમાં સુલભ છે :—

वैशंपायन उवाच

गुरवे प्राङ् नमस्कृत्य मनोबुद्धिसमाधिभिः ।
संपूज्य च द्विजान् सर्वांस्तथान्यान् विदुषो जनान् ॥ १

महर्षेः सर्वलोकेषु विश्रुतस्यास्य धीमतः ।
प्रवक्ष्यामि मतं कृत्स्नं व्यासस्यामिततेजसः ॥ २

श्रोतुं पात्रं च राजंस्त्वं प्राप्येमां भारतीं कथाम् ।
गुरोर्वक्तुं परिस्पन्दो मुदा प्रोत्साहयतीव माम् ॥ ३

शृणु राजन् यथा भेदः कुरुपाण्डवयोरभूत् ।
राज्यार्थे द्यूतसंभूतो वनवासस्तथैव च ॥ ४

यथा च युद्धमभवत् पृथिवीक्षयकारकम् ।
तत् तेऽहं संप्रवक्ष्यामि पृच्छते भरतर्षभ ॥ ५

मृते पितरि ते वीरा वनादेत्य स्वमन्दिरम् ।
नचिरादेव विद्वांसो वेदे धनुषि चाभवन् ॥ ६

तांस्तथा रूपवीर्यौजःसंपन्नान् पौरसंमतान् ।
नामृष्यन् कुरवो दृष्ट्वा पाण्डवाञ्श्रीयशोभृतः ॥ ७

ततो दुर्योधनः क्रूरः कर्णश्च सहसौबलः ।
तेषां निग्रहनिर्वासान् विविधांस्ते समाचरन् ॥ ८

ददावथ विषं पापो भीमाय धृतराष्ट्रजः ।
जरयामास तद् वीरः सहान्नेन वृकोदरः ॥ ९

प्रमाणकोट्यां संसुप्तं पुनर्बद्ध्वा वृकोदरम् ।
तोयेषु भीमं गङ्गायाः प्रक्षिप्य पुरमाव्रजत् ॥ १०

यदा प्रबुद्धः कौन्तेयस्तदा संछिद्य बन्धनम् ।
उदतिष्ठन्महाराज भीमसेनो गतव्यथः ॥ ११

आशीविषैः कृष्णसर्पैः सुप्तं चैनमदंशयत् ।
सर्वेष्वेवाङ्गदेशेषु न ममार च शत्रुहा ॥ १२

तेषां तु विप्रकारेषु तेषु तेषु महामतिः ।
मोक्षणे प्रतिघाते च विदुरोऽवहितोऽभवत् ॥ १३

स्वर्गस्थो जीवलोकस्य यथा शक्रः सुखावहः ।
पाण्डवानां तथा नित्यं विदुरोऽपि सुखावहः ॥ १४

यदा तु विविधोपायैः संवृतैर्विवृतैरपि ।
नाशक्नोद् विनिहन्तुं तान् दैवभाव्यर्थरक्षितान् ॥ १५

ततः संमन्त्र्य सचिवैर्वृषदुःशासनादिभिः ।
धृतराष्ट्रमनुज्ञाप्य जातुषं गृहमादिशत् ॥ १६

तत्र तान् वासयामास पाण्डवानमितौजसः ।
अदाहयच्च विस्रब्धान् पावकेन पुनस्तदा ॥ १७

विदुरस्यैव वचनात् खनित्री विहिता ततः ।
मोक्षयामास योगेन ते मुक्ताः प्राद्रवन् भयात् ॥ १८

ततो महावने घोरे हिडिम्बं नाम राक्षसम् ।
भीमसेनोऽवधीत् क्रुद्धो भुवि भीमपराक्रमः ॥ १९

अथ संधाय ते वीरा एकचक्रां व्रजंस्तदा ।
ब्रह्मरूपधरा भूत्वा मात्रा सह परंतपाः ॥ २०

तत्र ते ब्राह्मणार्थाय बकं हत्वा महाबलम् ।
ब्राह्मणैः सहिता जग्मुः पाञ्चालानां पुरं ततः ॥ २१

ते तत्र द्रौपदीं लब्ध्वा परिसंवत्सरोषिताः ।
विदिता हास्तिनपुरं प्रत्याजग्मुररिंदमाः ॥ २२

त उक्ता धृतराष्ट्रेण राज्ञा शान्तनवेन च ।
भ्रातृभिर्विग्रहस्तात कथं वो न भवेदिति ॥ २३

तस्माज्जनपदोपेतं सुविभक्तमहापथम् ।
वासाय खाण्डवप्रस्थं व्रजध्वं गतमन्यवः ॥ २४

तयोस्ते वचनाज्जग्मुः सह सर्वैः सुहृज्जनैः ।
नगरं खाण्डवप्रस्थं रत्नान्यादाय सर्वशः ॥ २५

तत्र ते न्यवसन् राजन् संवत्सरगणान् बहून् ।
वशे शस्त्रप्रतापेन कुर्वन्तोऽन्यान् महीक्षितः ॥ २६

एवं धर्मप्रधानास्ते सत्यव्रतपरायणाः ।
अप्रमत्तोत्थिताः क्षान्ताः प्रतपन्तोऽहितांस्तदा ॥ २७

अजयद् भीमसेनस्तु दिशं प्राचीं महाबलः ।
उदीचीमर्जुनो वीरः प्रतीचीं नकुलस्तथा ॥ २८

दक्षिणां सहदेवस्तु विजिग्ये परवीरहा ।
एवं चक्रुरिमां सर्वे वशे कृत्स्नां वसुंधराम् ॥ २९

पञ्चभिः सूर्यसंकाशैः सूर्येण च विराजता ।
षट्सूर्येवाबभौ पृथ्वी पाण्डवैः सत्यविक्रमैः ॥ ३०

ततो निमित्ते कस्मिंश्चिद् धर्मराजो युधिष्ठिरः ।
वनं प्रस्थापयामास भ्रातरं वै धनंजयम् ॥ ३१

स वै संवत्सरं पूर्णं मासं चैकं वनेऽवसत् ।
ततोऽगच्छद्धृषीकेशं द्वारवत्यां कदाचन ॥ ३२

लब्धवांस्तत्र बीभत्सुर्भार्यां राजीवलोचनाम् ।
अनुजां वासुदेवस्य सुभद्रां भद्रभाषिणीम् ॥ ३३

सा शचीव महेन्द्रेण श्रीः कृष्णेनेव संगता ।
सुभद्रा युयुजे प्रीता पाण्डवेनार्जुनेन ह ॥ ३४
अतर्पयच्च कौन्तेयः खाण्डवे हव्यवाहनम् ।
बीभत्सुर्वासुदेवेन सहितो नृपसत्तम ॥ ३५

नातिभारो हि पार्थस्य केशवेनाभवत् सह ।
व्यवसायसहायस्य विष्णोः शत्रुवधेष्विव ॥ ३६

पार्थायाग्निर्ददौ चापि गाण्डीवं धनुरुत्तमम् ।
इषुधी चाक्षयैर्बाणै रथं च कपिलक्षणम् । ३७

मोक्षयामास बीभत्सुर्मयं तत्र महासुरम् ।
स चकार सभां दिव्यां सर्वरत्नसमाचिताम् ॥ ३८

तस्यां दुर्योधनो मन्दो लोभं चक्रे सुदुर्मतिः ।
ततोऽक्षैर्वञ्चयित्वा च सौबलेन युधिष्ठिरम् ॥ ३९

वनं प्रस्थापयामास सप्त वर्षाणि पञ्च च ।
अज्ञातमेकं राष्ट्रे च तथा वर्षं त्रयोदशम् ॥ ४०
ततश्चतुर्दशे वर्षे याचमानाः स्वकं वसु ।
नालभन्त महाराज ततो युद्धमवर्तत ॥ ४१
ततस्ते सर्वमुत्साद्य हत्वा दुर्योधनं नृपम् ।
राज्यं विद्रुतभूयिष्ठं प्रत्यपद्यन्त पाण्डवाः ॥ ४२
एवमेतत् पुरा वृत्तं तेषामाक्लिष्टकर्मणाम् ।
भेदो राज्यविनाशश्च जयश्च जयतां चर ॥ ४३

[ આદિપર્વ, અ. ૫૫ ]

સિલસિલાબંધ ઇતિહાસ કહેવાતો હોય એ રીતે અહીં એક પછી એક પ્રસંગ ગણાવ્યા છે, જેમાં આરંભ પાંડવોના પિતા મરણ પામ્યા પછી એ પાંચે બાળકો ઘેર આવી વેદવિદ્યા અને ધનુર્વેદ્યામાં નિષ્ણાત થયા ત્યાંથી શરૂ કરી, છેલ્લે દુર્યોધનનો વધ કરી વિશાળ રાજ્ય પામ્યા ત્યાં સુધીના કહ્યા છે. ૧. પાંડવ કૌરવો વચ્ચે ભેદ, ૨. કૌરવોના રાજ્યનો વિનાશ અને ૩. અંતે જય—આ ત્રણ વાત સમગ્ર કથાનકના પ્રાણરૂપે રહેલી છે. વૈશંપાયન આ ત્રણ વાતોના અવાંતર પ્રસંગ આ પ્રમાણે બતાવે છે. ૧. પિતા પાંડુનું મૃત્યુ અને વનમાંથી પાંચે પાંડવોનું આગમન; ૨. વેદવિદ્યા અને ધનુર્વિદ્યાનો અભ્યાસ; ૩. પાંડવોનો નાશ કરવાના દુર્યોધન તરફથી ભિન્ન ભિન્ન ઉપાયો—ભીમને વિષપ્રદાન—ભીમને બાંધીને ગંગાના જળમાં ફેંકવાનું—સર્પો કરડાવવાનું—એ બધામાં વિદુરનું રક્ષણ; ૪. જતુગૃહમાં રહેવા મોકલી આપવાનું અને એ જતુગૃહનો દાહ, એ વચ્ચેના ગાળામાં જતુગૃહમાં સુરંગ ખોદાવડાવી વિદુર દ્વારા પાંડવોના બચાવની વ્યવસ્થા; ૫. વનમાં ભીમને હાથે હિડિંબરાક્ષસનો ઘાત; ૬. એકચક્રા નગરીમાં બ્રાહ્મણોના રૂપમાં પાંડવો માતા સાથે ગયેલા ત્યાં બ્રાહ્મણને ખાતર ભીમને હાથે બક રાક્ષસનો ઘાત; ૭. ત્યાંથી બ્રાહ્મણો સાથે પાંચાલ નગરી તરફ પાંડવોનું ગમન અને દ્રૌપદીની સંપ્રાપ્તિ તથા એક વર્ષનો ત્યાં નિવાસ; ૮. પ્રગટ થઈ હસ્તિનાપુરમાં આગમન; ૯. ઝગડો ન થાય એ માટે ધૃતરાષ્ટ્ર તરફથી પાંડવોને ખાંડવ પ્રસ્થમાં રહેવાની સગવડ અને ત્યાં કેટલાંય વર્ષોનો નિવાસ અને ચારે દિશાઓમાં પાંડવોનો વિજય; ૧૦. એ પછી કોઈ કારણે યુધિષ્ઠિર તરફથી અર્જુનનો એક વર્ષ અને એક માસનો વનવાસ; ૧૧. એ વનવાસને અંતે વાસુદેવ કૃષ્ણની બહેન સુભદ્રા સાથે અર્જુનના લગ્ન; ૧૨. અગ્નિનું બ્રાહ્મણરૂપે આગમન, સ્વતૃપ્તિ માટે ખાંડવવન બાળી પોતાને સંતોષ આપવાની અર્જુન-કૃષ્ણ સમક્ષ યાચના, ખાંડવદાહ અને એમાંથી મય નામના અસુર સ્થપતિને રક્ષણ; અગ્નિ તરફથી રથ-ધનુષ-ભાથા વગેરેની ભેટ; ૧૩. ખાંડવ પ્રસ્થમાં મયને હાથે સભાની રચના અને એ માટે દુર્યોધનની લાલસા; ૧૪. દ્યૂતમાં દગાથી સૌબલ દ્વારા યુધિષ્ઠિરનો પરાજય અને ૧૫. ચૌદ વર્ષ માટેનો વનવાસ—જેમાં તેર વર્ષ પ્રગટ અને એક વર્ષ ગુપ્ત વાસ; ૧૬. ચૌદ વર્ષ પૂરા થયે પોતાની સંપત્તિ પાછી આપવાની યુધિષ્ઠિરની દુર્યોધન સમક્ષ માગણી પાછી ઠેલવામાં આવતાં યુદ્ધ; ૧૭. યુદ્ધમાં દુર્યોધનનો નાશ અને ૧૮. અંતે સમૃદ્ધ રાજ્યની પ્રાપ્તિ.

ઉપર મુજબનો અનુક્રમ જોતાં, એ વસ્તુ અત્યંત સ્પષ્ટ છે કે મુખ્ય કથાનકનો આરંભ, પાંડુરાજાનું વનમાં મૃત્યુ થયા પછી કુન્તી પોતાના ત્રણ અને માદ્રીના જોડિયા બાળકો સાથે હસ્તિનાપુરમાં આવે છે ત્યાંથી થાય છે. આદિપર્વના ૯૦મા અધ્યાયમાં ૬૬ા અનુષ્ટુભ પછી, બે શ્લોકોને અપવાદે, ગદ્ય ખંડો છે, જેમાં સંક્ષેપમાં પૂર્વવંશાનુચરિત જોવા મળે છે. એમાંનો ૭૭મો ખંડ ततस्ते पञ्च पाण्डवाः कुन्त्या सहिता हस्तिनापुरमानीय तापसैर्भीष्मस्य विदुरस्य च निवेदिताः આ પ્રમાણે તાપસોએ આવી કુંતીસહિત પાંડવોને ભીષ્મ અને વિદુરને સોંપી આપ્યા એનું છેક ૧૧૯મા અધ્યાયના ૧૩મા શ્લોકમાં સીધું અનુસંધાન જોવા મળે છે; જેમ કે—

अवाप्नुवन्त वेदोक्तान् संस्कारान् पाण्डवास्तदा । अवर्धन्त च भोगांस्ते मुञ्जानाः पितृवेश्मनि ॥

ઉપર આપેલો અનુક્રમ જોતાં એક વસ્તુ ઉપસી આવે છે કે વૈશંપાયનને જે કાંઈ કહેવું છે તે સિલસિલાબંધ ઇતિહાસ છે. ઉપરના અનુક્રમમાં ઇતિહાસ ન હોય તેવા એક પ્રસંગ જોવા મળે છે અને એ અગ્નિદેવ બ્રાહ્મણને રૂપે આવીને પોતાની તૃપ્તિ માટે અર્જુન અને કૃષ્ણ પાસે ખાંડવને સળગાવી મૂકવાનું માગે છે અને વન બળી ગયા પછી અર્જુનને ગાંડીવ ધનુષ, અક્ષય બાણોવાળા બે ભાથા અને કપિધ્વજાવાળો રથ આપે છે એ; અસંભાવ્ય કોટિનો બીજો પ્રસંગ તે કાળે તરા સર્પો ભીમને કરડાવવામાં આવે છે, છતાં ભીમ મરતો નથી એ. ઝેર પચાવી નાખવાનું કે ઊંઘતાને બાંધી ગંગામાં નાખ્યામાંથી જીવતા બહાર આવવાનું એ માનવને માટે અસંભાવ્ય કોટિનું નથી. થોડી જ વસ્તુ દૂર કરવાથી આખું કથાનક, ઇતિહાસ નિરૂપણનું, એના સ્વાભાવિક સ્વરૂપમાં આવી જાય છે.

આ રીતે જો વિચાર કરવામાં આવે તો, આદિપર્વની જ વાત કરતાં, શકુંતલોપાખ્યાન, યયાતિ-ઉપાખ્યાન, ઉત્તર યાયાત, તાપત્યાખ્યાન, વસિષ્ઠોપાખ્યાન, ઔર્વોપાખ્યાન, સુંદોપસુંદાખ્યાન અને શાર્ઙ્ગકોપાખ્યાન, એ આઠ આખ્યાનો ઉપરાંત આખ્યાન પ્રકારનાં પૌષ્ય—પૌલોમ—આસ્તીક—આદિવંશાવતરણ ( થોડો કથાભાગ રાખીને )—સંભવ ( ૯૯માનો મહત્ત્વનો સ્વાભાવિક ભાગ રાખીને )—ડૉ. સુખ્થનકરે જેને પ્રક્ષિપ્ત માનેલી છે ( આદિપર્વ ટિપ્પણ, પૃ. ૯૯૫ ) તે ચૈત્રરથપર્વ—દ્રૌપદીના આગલા ભવનું ચરિત—ખાંડવદાહનો મોટો ભાગ—આ પ્રસંગો આપોઆપ નીકળી જાય છે. પર્વાનુક્રમણી અને પર્વસંગ્રહ પેટાપર્વો તો ઘણે મોડે અસ્તિત્વમાં આવ્યાં સરળતાથી પકડી શકાય એમ છે, કારણ કે 'મહાભારત'નું એક ચોક્કસ ઘાટનું માળખું સિદ્ધ થયા પછી જ એ રચાયેલ છે.

વૈશંપાયન ૫૫મા અધ્યાયમાં તાજું મંગલાચરણ કરી કાવ્યારંભ કરે છે એની પૂર્વે જનમેજયની જિજ્ઞાસા વ્યક્ત કરનારો ૫૪મો અધ્યાય કવિને આપવો અનિવાર્ય છે અને એ श्रुत्वा तु सर्पसत्राय दीक्षितं जनमेजयम् એ રીતે શરૂ થઈ વ્યાસજીના આગમનથી આગળ વધે છે. વાયુ, સર્પસત્ર જેવી વસ્તુ સંભાવ્ય ખરી ? આસ્તીક પર્વના આયોજનથી એને શક્ય બનાવવાનો મહાભારતકારનો પ્રયત્ન કેવો સ્પષ્ટ તરી આવે છે ! આદિપર્વના ત્રીજા અધ્યાયના આરંભમાં જોવા મળતું ગદ્ય વાક્ય કોઈ વિશિષ્ટ વાત તરફ ધ્યાન નથી દોરતું ?

जनमेजयः पारिक्षितः सह भ्रातृभिः कुरुक्षेत्रे दीर्घसत्रमुपास्ते । तस्य भ्रातरस्त्रयः श्रुतसेन उग्रसेनो भीमसेन इति ॥ १

પરિક્ષિતનો પુત્ર જનમેજય પોતાના ત્રણ ભાઈઓ શ્રુતસેન-ઉગ્રસેન-ભીમસેન સાથે રહીને કુરુક્ષેત્રમાં લાંબા સમયના કાર્યક્રમમાં લાગી રહ્યો છે અને પછીના વિકાસમાં પિતાનું મૃત્યુ તક્ષક નાગથી થવાના કથાનકના અનુસંધાનમાં પછી सर्पसत्राय ૫૪મા અધ્યાયમાં કહેવામાં આવે છે. આ અસ્વાભાવિક सर्पसत्र ને બદલે दीर्घसत्र જ હોય તો તેથી કાંઈ ઊણપ આવે ખરી ? ઉપરના ગદ્યખંડને અનુષ્ટુપમાં લાવવા કશો શ્રમ પડતો નથી; જેમ કે :

जनमेजयः [ पौरवेयो राजा ] पारिक्षितः (किल)। कुरुक्षेत्रे दीर्घसत्रमुपास्ते भ्रातृभिः सह।
भ्रातरस्तस्य [ ते तत्र राजानं तमुपासते ]। श्रुतसेन उग्रसेनो भीमसेन इति त्रयः॥

અને પછી છેક ૫૪માનો આરંભ, જરા મઠારીને :

श्रुत्वा *तं *दीर्घसत्राय दीक्षितं जनमेजयम्। अभ्यागच्छदृषिर्विद्वान् कृष्णद्वैपायनस्तदा॥ १

ઇતિહાસ એ ચમત્કારમૂલક નિરૂપણ નથી, તો ચમત્કારમૂલક નિરૂપણ તો સર્વથા ઇતિહાસ નથી. તેથી જ તરત જ પ્રશ્ન થશે કે ગંગા પાર કરતાં પરાશરથી મત્સ્યગંધામાં વ્યાસજીની ઉત્પત્તિ સ્વાભાવિક કેટલી અને કઈ રીતે. એનું સમાધાન બુદ્ધિગમ્ય રીતે થઈ શકે નહિ. એ જ રીતે પાંડવોની દૈવી પ્રકારની ઉત્પત્તિ—કર્ણની ઉત્પત્તિસહિત—પણ એવી જ અસ્વાભાવિક. આ જ રીતે વિચાર કરતાં સત્યવતીના પુત્ર વ્યાસથી વિચિત્રવીર્યની વિધવાઓમાં-ધૃતરાષ્ટ્ર-પાંડુ-વિદુરની નિયોગજન્ય ઉત્પત્તિ પણ અસ્વાભાવિક. દ્રોણાચાર્યની ઉત્પત્તિ તેમ જ એમનો વિનાશ કરવા ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદીની વેદીમાંથી ઉત્પત્તિ પણ અસ્વાભાવિક અને તેથી જ ઇતિહાસ નહિ. દ્રૌપદીનો પાંચે પાંડવો સાથે લગ્ન સંબંધ અને ધૃતરાષ્ટ્રને ગાંધારીમાં સો પુત્રોની ઉત્પત્તિ આપણને જરા મૂંઝવે, પરંતુ હિમાલયની તળેટીની પ્રજામાં ભાઈઓ વચ્ચે એક પત્નીનો રિવાજ અજાણ્યો નથી. ધૃતરાષ્ટ્રને સો પુત્રો તે એકલી ગાંધારીના જ માની લેવાની જરૂર નથી. એકથી વધુ પત્નીઓ થતી હતી; એમાં સો પુત્રો—વૈશ્યામાં યુયુત્સુ સહિત એકસો એક પુત્રો—એ અસંભવિત નહિ કહી શકાય. આ બધી વસ્તુઓનો વિચાર કરતાં, ચોવીસ હજાર શ્લોકોનું 'ભારત" તારવવું હોય કે એમાંથી પણ ત્રીજા ભાગના શ્લોક ધરાવનારો जयो नामेतिहासः તારવવો હોય તો, 'ઇતિહાસ' જ તારવવો પડે અને તો અસ્વાભાવિક અને અશક્ય પ્રસંગો ને જતા કરવા પડે. મહાભારતમાં ત્રણ સ્થળે 'જય' નામક ઇતિહાસની વાત કરવામાં આવી છે (આદિ. ૫૬-૧૯; ઉદ્યોગ ૧૩૪-૧૭; સ્વર્ગા ૫-૩૯). આ મહાભારતનું કોઈ આ ખાસ નામ નથી, એમ સ્વ. ડૉ. વી. એસ. સુખ્થનકર તરફથી કહેવામાં આવ્યું છે (આદિપર્વ-ટિપ્પણ, પૃ.૯૮૯). અને ઉત્તરની કેટલીક પ્રતોમાં જ મળતો મહાભારતનો नारायणं नमस्कृत्य શ્લોક ततो जयमुदीरयेत એમ 'જય' ની વાત કરે છે અને આદિપર્વના અનુક્રમણી-પેટા પર્વની યાદી આપતાં પ્રક્ષેપના પણ પ્રક્ષેપમાં પ્રમાણમાં મોડેના સમયનું એક વિધાન જાણવામાં પણ આવ્યુ છે; જેવું કે

अष्टौ श्लोकसहस्राणि अष्टौ श्लोकशतानि च। अहं वेद्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा॥

[ મહાભારત ચિત્રશાળા આવૃત્તિ આદિપર્વ, ૧-૮૧ ]

એક કાશ્મીરી દેવનાગરી અને થોડી દેવનાગરી પ્રતોમાં અને રત્નગર્ભની મહાભારત ટીકામાં જ આ શ્લોક જોવા મળે છે, અને તેથી એ ખૂબ મોડેથી રચાઈ દાખલ થયો કહેવો પડે છે. આને નવો કહેવા છતાં, એવું માનનારી કોઈ પ્રાચીન પરંપરા સાચવવાનો આમાં પ્રયત્ન ન હોય?

ડૉ. વી. એસ. સુખ્થનકરે આ પૂર્વે જણાવેલાં એમનાં વ્યાખ્યાનોમાં 'મહાભારતનાં વિશેષનામોની આનુપૂર્વી' તૈયાર કરી ગયેલા સ્કેન્ડિનેવિયન વિદ્વાન્ શ્રી. સોરેન સોરેન્સને ઈ. સ. ૧૮૮૩ અને ૧૮૯૪નાં વર્ષો દરમ્યાન મૂળ મહાકાવ્યના પુનર્ગ્રથનનો પ્રયત્ન કરેલો અને મુંબઈ અને કલકત્તાની અનધિકૃત વાચનાઓમાંથી ૨૭૦૦૦ શ્લોકોની એક વાચના તારવી હોવાનું જણાવ્યું છે (પૃ. ૬). એ જ વિદ્વાને એનાથી આગળ વધી, એમાંથી પાછા સાત થી આઠ હજાર શ્લોક પણ તારવી આપ્યા હતા. એમણે કયા સિદ્ધાંતોને આધારે કયા કયા શ્લોકભાગ તારવ્યા હતા એ વિશે આપણી સમક્ષ કોઈ માહિતી નથી. ડૉ. સુખ્થનકરે કહ્યું છે કે મહાભારતની બીજાત્મક વાચનાની સ્થાપનાનો સોરેન્સનનો પ્રયત્ન ત્યાંનો ત્યાં રહ્યો અને એ પછી કોઈએ ફરી મહેનત લેવાનું કર્યું નહિ (પૃ. ૭). ડૉ. સુખ્થનકરે આ પ્રકારના પ્રયત્ન તરફ અનાસ્થા બતાવતાં કહ્યું છે કે 'આપણે એના મૂળ તરફ જવા આ કાવ્યનું પૃથક્કરણ કરીએ છીએ ત્યારે એક મૂળ નહિ, પણ અનેક મૂળ હોવાનું સિદ્ધ થાય છે. તો પછી આપણે શું કરીશું? સંભવિત બીજ-વાચના(nucleus)ના વિષયમાં આપણે કશું જ જાણતા નથી. એ રીતે આપણા પૃથક્કરણાત્મક સાહસમાં જે 'બીજ વાચના' શોધી કાઢવાના છીએ ને જેને માટે આપણી જિજ્ઞાસા છે તે 'મૂળ' નથી એવું સિદ્ધ થવાની શકયતા છે; નીકળશે તે માત્ર આપણી લાગણી-ઓનો જ પ્રવિસ્તાર' (પૃ. ૩૧).

એ ખરું છે કે મૂલ રચયિતાનું શું હતું અને એમાં જુદે જુદે તબક્કે શું શું દાખલ થતું રહ્યું એ પકડવાનું—ઓળખવાનું કાર્ય સરળ નથી; એમ કરવા જતાં ઓળનું ચોળ થઈ જવાની પણ, જરાય ઓછી શકયતા નથી. આમ છતાં જેમ ડૉ. સુખ્થનકરે જ 'આદિપર્વ'ના સંપાદનમાં પાછળથી ટિપ્પણીમાં 'ચિત્રરથ' પેટાપર્વને, એ ઉત્તર-દક્ષિણની વાચનાઓમાં મળતું હોવા છતાં પણ, પ્રક્ષિપ્ત હોવાનો અભિપ્રાય આપ્યો (પૃ. ૯૯૫), ડૉ. પી. એલ. વૈદ્યે 'હરિવંશ'ના સંપાદનમાં ૯૯ થી ૧૧૮ એ વીસ અધ્યાય પ્રતોના બળ ઉપર અધિકૃત વાચનામાં સ્વીકારીને પણ, 'હરિવંશ' તો ૯૮ મા અધ્યાયે જ પૂરો થઈ જાય છે અને પછીના એ વીસ અધ્યાય ઉમેરાયાનો મત આપ્યો (B.O.R.I. નો हरिवंश, Introduction p. xxxvii), સ્વ. ડૉ. બેલવેલકરે 'દિવ્યદૃષ્ટિ'ની વાતને એ જ રીતે પાછળના વિચારનું ઉમેરણ કહ્યું (ડૉ. બેલવેલકર, Sañjaya's Eye Divine, Annals of B.O.R.I., vol. xxvii, pp. 310-321), તે જ રીતે—એ પ્રકારના પૃથક્કરણાત્મક દર્શનના બળે—મહાભારતના વિસ્તૃત પથરાટમાંથી સ્પષ્ટ રીતે બંધ ન બેસતી વસ્તુઓને, પેલાં ઉપાખ્યાનોની જેમ જ, તારવીને જતાં કરી શકીએ. આમાં સંભવ છે કે વ્યક્તિએ વ્યક્તિએ કેટલાક કિસ્સાઓમાં અભિપ્રાયભેદ પણ રહેવાનો. આમ છતાં એ સર્વથા અશકચ છે એમ તો કહી શકાશે જ નહિ. અસલમાં એ ઇતિહાસ જેના મૂળમાં પડ્યો છે તેવું નિરૂપણાત્મક કાવ્ય છે એટલું સ્વીકારવામાં આવે અને માનવ-બુદ્ધિમાં ન ઊતરે તેવું જે કાંઈ હોય તે દૂર કરવામાં આવે, જેની આગળ પાછળ સંગતિ મળતી ન હોય તેવા ભાગ જતા કરવામાં આવે, તો 'બીજ-વાચના' તરફ સર્વથા ન જ વધી શકાય એમ નહિ કહી શકાય. પૌરાણિક પ્રકારની અનુશ્રુતિઓ, એટલે કે ચમત્કારથી ભરેલાં કથાનકો અને લાંબા લાંબા ઉપદેશોને જતા કરવામાં આવે તો 'મૂલ'ની નજીક પહોંચવા શક્તિમાન થવાય એમ છે.

અરે, સામાન્ય બુદ્ધિથી પણ કસોટી કરવામાં આવે તો ‘મૂલ’ની નજીક જઈ શકાય એમ છે. ઉદાહરણ તરીકે આદિપર્વના ૫૫મા અધ્યાયનો કથાનકોનો અનુક્રમ ‘પાંડવોને રાજ્ય મળ્યું’—‘ભેદ, રાજ્યવિનાશ અને જય’ એ ત્રણ તબક્કામાં છેલ્લો ‘જય’ પ્રાપ્ત થયો; તો મહાભારતના જે ભાગમાં ‘જય’નું સ્પષ્ટ સૂચન હોય ત્યાં વૈશંપાયનને જે કહેવાનું છે તે પૂરું થઈ જાય છે એમ સ્વીકારવું પ્રાપ્ત થાય. દુર્યોધનના મૃત્યુ પછી પાંડવો અને કૃષ્ણ દુર્યોધનની શૂન્ય છાવણીમાં પહોંચે છે ત્યાં કૃષ્ણના શબ્દ :

शिबिरं समनुप्राप्य कुरुराजस्य पाण्डवाः । अवतेरुर्महाराज रथेभ्यो रथसत्तमाः ॥ ७

* * *

ईषदुत्स्मयमानश्च भगवान् केशवोऽरिहा । परिष्वज्य च राजानं युधिष्ठिरमभाषत ॥ २१

दिष्टया जयसि कौन्तेय दिष्टया ते शत्रवो जिताः । दिष्टया गाण्डीवधन्वा च भीमसेनश्च पाण्डवः ॥ २२

વગેરે. [ શલ્યપર્વ, અ. ૬૧ ]

૬૧મા અધ્યાયનો શલ્યપર્વમાં આ પ્રસંગ પૂર્ણ થાય ત્યાં વૈશંપાયને શરૂ કરેલો ઉપક્રમ સ્વાભાવિક રીતે પૂર્ણ થયેલો ગણાય. પરંતુ વિજય બાદ હસ્તિનાપુરમાં વિજયપ્રવેશ બાકી રહે છે અને એ તો આશ્વમેધિક પર્વના ૯૧મા અધ્યાયને અંતે જ સિદ્ધ થાય છે; જેમ કે—

दीयतां भुज्यतां चेति दिवारात्रमवारितम् । तं महोत्सवसंकाशमतिहृष्टजनाकुलम् ।

कथयन्ति स्म पुरुषा नानादेशनिवासिनः ॥ ३६

वर्षित्वा धनराशिभिः कामै रत्नैर्धनैस्तथा । विपाप्मा भरतश्रेष्ठः कृतार्थः प्राविशत् पुरम् ॥ ३७

[ આશ્વમેધિકપર્વ, અ. ૯૧ ]

આમ હસ્તિનાપુરમાં યુધિષ્ઠિરનો વિજયપ્રવેશ થતાં વૈશંપાયનને પછી કહેવાનું બાકી રહેતું નથી. આમ થતાં આશ્વમેધિક પર્વના બાકીના અધ્યાય, આશ્રમવાસિકપર્વ, મૌસલપર્વ, મહાપ્રસ્થાનપર્વ અને સ્વર્ગારોહણપર્વ આપોઆપ ખરી પડે છે, તો પછી ‘હરિવંશ’નું તો સ્થાન જ ક્યાં રહી શકે? અને ‘હરિવંશ’ તો ‘ઇતિહાસ’ નથી, પણ ‘પુરાણ’ જ છે. આદિપર્વના પર્વસંગ્રહઉપપર્વમાં જુઓ :

हरिवंशस्तथा पर्व पुराणं खिलसंज्ञितम् । भविष्यत्पर्व चाप्युक्तं खिलेष्वेवाद्भुतं महत् ॥

[ આદિપર્વ, ૨.૬૯ ]

આદિપર્વથી લઈ આશ્વમેધિકપર્વના ૯૧મા અધ્યાય સુધીમાં પણ સહેજ ઊંડે ઊતરતાં એક વસ્તુનો અનુભવ થાય છે. સ્ત્રી પર્વને અંતે ઉદકક્રિયા પછી રાજા યુધિષ્ઠિર ગંગાના પાણીમાંથી બહાર આવ્યાનું કહેવાયું છે; જેમ કે—

ततः कुरुपतिर्धीमान्............ । २३ क

............प्रेतकृत्यमनन्तरम् । २४ ब

कृत्वोत्ततार गङ्गायाः सलिलादाकुलेन्द्रियः ॥ २४ कड

[ સ્ત્રીપર્વ, અ. ૨૭ ]

શાંતિપર્વ અને અનુશાસનપર્વના મળી ૧૭,૩૯૨ શ્લોક વટાવ્યા પછી આશ્વમેધિકપર્વના આરંભમાં એનું સીધું અનુસંધાન મળે છે; જેવું કે—

कृतोदकं तु राजानं धृतराष्ट्रं युधिष्ठिरः । पुरस्कृत्य महाबाहुरुत्ततराकुलेन्द्रियः ॥ १
[ આશ્વમેધિક, અ. ૧ ]

ધ્યાનમાં રાખવા જેવું તો એ છે કે શાંતિપર્વના આરંભમાં એક માસનો શોક પાળ્યાનું અને નગરની બહાર રહ્યાનું વિધાન થયેલું છે; જેવું કે—

कृतोदकास्ते सुहृदां सर्वेषां पाण्डुनन्दनाः । विदुरो धृतराष्ट्रश्च सर्वाश्च भरतस्त्रियः ॥ १

तत्र ते सुमहात्मानो न्यवसन् कुरुनन्दनाः । शौचं निवर्तयिष्यन्तो मासमेकं बहिः पुरात् ॥ २

कृतोदकं तु राजानं धर्मात्मानं युधिष्ठिरम् । अभिजग्मुर्महात्मानः सिद्धा ब्रह्मर्षिसत्तमाः ॥ ३

—જેમાં વ્યાસ, નારદ વગેરે છે. એ પછી શ્લો. ૯ થી ૧૨માં નારદ વિજય માટે અભિનંદન આપે છે. આ પછી અનુશાસનપર્વને અંતે ભીષ્મને અગ્નિદાહ આપ્યા પછી સૌ ભાગીરથીને તીરે ગયા, જ્યાં વ્યાસ, નારદ, અસિત, કૃષ્ણ, ભરતસ્ત્રીઓ, પૌરો, સૌ પાછળ ગયાં અને ઉદકક્રિયા કરી, ત્યારે જલમાંથી રુદન કરતાં ભાગીરથીદેવી પ્રગટ થઈ બહાર આવ્યાં અને પુત્રના મરણનો શોક વ્યક્ત કર્યો. એ સમયે 'દામોદર વિભુ' શ્રીકૃષ્ણે એમને આશ્વાસન આપ્યું ત્યારે આશ્વાસન પામી ભાગીરથીદેવી પાછાં જલમાં ઊતરી ગયાં, અને અંતે—

सत्कृत्य ते तां सरितं ततः कृष्णमुखा नृपाः । अनुज्ञातास्तया सर्वे न्यवर्तन्त जनाधिपाः ॥ ३४

—એમ ભાગીરથીએ રજા આપી છે તેવા કૃષ્ણ વગેરે રાજવીઓ પાછા ફર્યા. આ તદ્દન પૌરાણિક પ્રકારના પ્રસંગનો આશ્વમેધિકપર્વના ૧લા શ્લોક સાથે કશો મેળ નથી. શંકા થાય કે સ્ત્રીપર્વના છેલ્લા શ્લોકોમાં 'ધૃતરાષ્ટ્ર'નું સૂચન નથી અને આશ્વમેધિકપર્વના આરંભમાં તો ઉદકક્રિયા કરી ચૂકેલા ધૃતરાષ્ટ્રને આગળ કરી નદીમાંથી બહાર આવ્યાનું કહે છે! છેલ્લાની પૂર્વના એટલે કે સ્ત્રીપર્વના ૨૬મા અધ્યાયનો છેલ્લો શ્લોક જોવાથી ધૃતરાષ્ટ્રની ઉદકક્રિયા કરવા માટેની હાજરી સ્પષ્ટ થશેઃ

कारयित्वा क्रियास्तेषां कुरुराजो युधिष्ठिरः । धृतराष्ट्रं पुरस्कृत्य गङ्गामभिमुखोऽगमत् ॥ ३४

અને પછી ૨૭મા અધ્યાયમાં સૌ ભેળાં મળી ઉદકક્રિયા કરે છે અને રાજા ધૃતરાષ્ટ્ર જલમાંથી બહાર આવે છે, જેના અનુસંધાનમાં આશ્વમેધિકપર્વના આરંભમાં એ જ વાતનું પુનરાવર્તન ધૃતરાષ્ટ્ર સાથે છે એ રીતે કરે છે.

શાંતિપર્વના આરંભમાં અને અનુશાસનપર્વના અંતમાં 'નારદ' ઋષિની હાજરી બંને પર્વોને પુરાણકોટિમાં મૂકી દે છે; એનું ઇતિહાસતત્ત્વ ત્યાં ખતમ થઈ જાય છે. સંક્ષિપ્ત સ્વરૂપની 'જયસંહિતા'નો તો એ પ્રામાણિક ભાગ બની શકતો નથી, પણ ચોવીસ હજાર શ્લોકોના અંદાજવાળી 'ભારતસંહિતા'નો પણ એ, એ બંને પર્વોના મળી ૧૭,૩૯૨ શ્લોકો જેટલા પૂરને કારણે, ભાગ બની શકતો નથી.

અહીં ધ્યાનમાં લેવા જેવી વસ્તુ તો એ છે કે ઉદ્યોગપર્વના ૧૫૪ મા અધ્યાયમાં સેનાપતિ તરીકે ભીષ્મનો અભિષેક થયા પછી રુક્મીની બેમાંથી કોઈ પણ પક્ષને સહાય આપવાની તૈયારી અને એની માગણીનો અસ્વીકાર નિરૂપાય છે, ત્યાં યુદ્ધની ભૂમિકા તૈયાર થઈ ગઈ હોય છે. ૧૫૬મા અધ્યાયમાં જનમેજય પ્રશ્ન કરે છે કે :

तथा व्यूढेष्वनीकेषु कुरुक्षेत्रे द्विजर्षभ । किमकुर्वन्त कुरवः कालेनाभिप्रचोदिताः ॥ १

અને વૈશંપાયન જવાબ આપતાં કહે છે કે :

तथा व्यूढेष्वनीकेषु यत्तेषु भरतर्षभ । धृतराष्ट्रो महाराज संजयं वाक्यमब्रवीत् ॥ २

एहि संजय मे सर्वमाचक्ष्वमानवशेषतः । सेनानिवेशे यद् वृत्तं कुरुपाण्डवसेनयोः ॥ ३

અને અહીંથી જ ધૃતરાષ્ટ્ર-સંજયનો સંવાદ શરૂ થાય છે. આ સંવાદ સૌપ્તિકપર્વના ૯મા અધ્યાયના ૫૮મા શ્લોકે પૂરો થાય છે. અર્થાત્ ઉદ્યોગપર્વના બાકીના ૧૧૦૨, ભીષ્મપર્વના ૫૪૦૨, દ્રોણપર્વના ૮૧૪૨, કર્ણપર્વના ૩૬૭૧, શલ્યપર્વના ૩૩૧૫, અને સૌપ્તિક પર્વના ૯મા અધ્યાય સુધીના ૫૧૫ એ સૌ મળી ૨૨,૧૪૭ શ્લોક, જનમેજય—વૈશંપાયનના થોડા ઉપક્રમાત્મક કોટિના શ્લોકો જતાં, ધૃતરાષ્ટ્રના નાનામોટા પ્રશ્નોના ઉત્તરમાં સંજયના મુખથી જ નિરૂપિત થતા જોવા મળે છે. આ સંખ્યા પણ એટલી મોટી છે કે ટૂંકી સંખ્યાવાળી ‘ જયસંહિતા ’ને તો યુદ્ધના સમાચારને લગતા થોડા શ્લોકોથી જ સંતોષ માનવો પડે; ‘ ભારત-સંહિતા ’ પણ આવડી મોટી સંખ્યાને બરદાસ્ત કરી શકે નહિ. જેમ ‘ જયસંહિતા ’ પણ બુદ્ધિગમ્ય ઇતિહાસવૃત્તને જ બરદાસ્ત કરી શકે, તે પ્રમાણે ‘ ભારતસંહિતા ’ પણ મુખ્યત્વે ઇતિહાસવૃત્તને બરદાસ્ત કરી શકે. આમ છતાં યુદ્ધનાં વિશાળ અને દિવ્ય અસ્ત્રોથી, બુદ્ધિમાં સર્વથા ન ઊતરે તેવાં, લડાતાં દ્વંદ્વયુદ્ધો અને સંકુલ યુદ્ધોને બાદ કરી કવિતાના ઓપવાળાં વર્ણનોનો એ વિવેકપુરઃસર સમાદર કરી શકે. આદિપર્વના ૫૫મા અધ્યાયમાં આપેલા પ્રસંગોનાં શીર્ષકોને ધ્યાનમાં રાખીને જ ‘ જયસંહિતા ’ને માટે ૮,૮૦૦ શ્લોકોની અને ‘ ભારતસંહિતા ’ને માટે ૨૪,૦૦૦ શ્લોકોની ક્ષમતા તારવવાની રહે. એ દૃષ્ટિએ વિચારતાં, હકીકતે, ‘ જયસંહિતા ’ને માટે તો ભીષ્મ-દ્રોણ-કર્ણ-શલ્ય પર્વોના આરંભમાં યુદ્ધના સંક્ષિપ્ત વર્ણનના શ્લોક છે તે જ કામ લાગે. એને ઉદ્યોગપર્વના ૧૫૬મા અધ્યાયથી ૧૯૭મા છેલ્લા અધ્યાય સુધીનું જેમ કાંઈ પણ કામનું નથી તે પ્રમાણે, શલ્યપર્વના આરંભે સૌપ્તિકપર્વ સુધીની વિગતો સંક્ષેપમાં અપાઈ ગયેલી હોઈ, સૌપ્તિકપર્વ આખું પણ કશા કામનું નથી. આ ઉપર બતાવેલા ૨૨,૧૪૭ શ્લોકોમાંથી ‘ જયસંહિતા ’ને ભીષ્મપર્વમાંથી અ. ૧લામાંથી ૨૫ અને ૧૪મામાંથી ૧૦ મળી ૩૫ શ્લોક, દ્રોણ-પર્વમાંથી અ. ૧લામાંથી ૩૯, ૪થામાંથી ૩, ૫ મામાંથી ૩૩, ૬ઠ્ઠામાંથી ૨૪ અને ૭મામાંથી ૨૪ મળી ૧૨૩, કર્ણપર્વમાંથી અ. ૧લામાંથી ૯, અ. ૩જાના ૧૪ અને ૪થામાંથી ૧૦૬ મળી ૧૨૯, અને શલ્યપર્વમાંથી અ. ૧લામાંથી ૪૭ અને ૬૧મામાંથી માત્ર ૧૧ મળી ૫૮—એ બધા મળી માત્ર ૩૪૫ શ્લોક જ કામના છે, જે આદિપર્વના ૫૫મા અધ્યયમાંના युद्धमवर्तत, ततस्ते सर्वमुत्साद्य हत्वा दुर्योधनं नृपं એની ઇતિહાસાત્મક તપસીલ આપી રહે છે. સ્ત્રીપર્વમાં ૫૩૦ શ્લોક છે તેમાંના ઇતિહાસાત્મક ૧૧૯ જ મળી આવે છે.

આદિપર્વથી લઈ ઉદ્યોગપર્વના ૧૫૫મા અધ્યાય સુધીની વસ્તુ ‘ જયસંહિતા ’ અને ‘ ભારતસંહિતા ’ બેઉ માટે સમાન છે, તેમ છેલ્લા આવી રહેતા આશ્વમેધિકપર્વના વિષયમાં

પણ સમાન છે. આશ્વમેધિકપર્વના બધા મળી ૨,૭૪૩ શ્લોક છે, જેમાં અ. ૧૬ થી ૫૦ની 'અનુગીતા' છે. એના જેમ ૯૯૬ શ્લોક નિરુપયોગી છે તે પ્રમાણે યુધિષ્ઠિરના અશ્વમેધને અંતે હસ્તિનાપુરના પ્રવેશ પછીના અ. ૯૨ થી ૯૬ના ૨૦૦ શ્લોક પણ કામના નથી, એટલે ૯૯૬+૨૦૦=૧,૧૯૬ શ્લોક બાદ જતાં જે ૧,૫૪૭ શ્લોક બાકી રહે છે તેમાંથી પણ ઇતિહાસાત્મક શ્લોક તો માત્ર ૬૨૨ છે અને એ બેઉ સંહિતાઓને કામના છે.

અહીં 'જયસંહિતા'ની આવડા વિશાળ—મહાકાય ગ્રન્થમાંથી માત્ર ૮,૮૦૦ જેટલા શ્લોકોની તારવણી કરવામાં કયા સિદ્ધાંતોનો આશ્રય કરવો જોઈએ એ ઉચ્ચ વિવેચનની દૃષ્ટિએ વિચારવું પ્રાપ્ત થાય છે. અહીં એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે શક્ય પ્રયત્ને આપણે કોઈ એક "ઇતિહાસગ્રંથ" આમાંથી તારવવાનો છે અને તેથી કાવ્યાંશને પણ વિવેકપુરઃસર બરદાસ્ત કરવાનો થશે. એ રીતે આ સિદ્ધાંતો :

૧ 'ભારતસંહિતા'ને માટે उपाख्यानैर्विना ની વાત કરી છે એ વાત નજરમાં રાખી નાનામાં નાનાંથી લઈ મોટામાં મોટાં ઉપાખ્યાનો;

૨ કલ્પનામાં ઊતરી ન શકે તેવાં શ્લોકથી લઈ અધ્યાયોમાં માલૂમ પડી આવતાં દંતકથામૂલક વર્ણનો;

૩ એવાં દંતકથામૂલક બધાં જ વિશેષણો, જેમ કે વ્યાસજીનાં सत्यवतीसुत કે सत्यवत्यात्मज એવાં વિશેષણ, યુધિષ્ઠિરને માટે धर्मपुत्र-धर्मसुत-धर्मात्मज-धर्मज-धर्मसूनु જેવાં, ભીમને માટે वायुपुत्र-वायुसुत-मारुतात्मज-मारुति જેવાં, અર્જુનને માટે पाकशासनि-वासवि-ऐन्द्रि જેવાં, કર્ણને માટે सूर्यपुत्र-सूर्यात्मज-सूर्यसूनु જેવાં, દ્રોણાચાર્યને માટે कुम्भयोनि જેવાં, કૃપાચાર્ય માટે शरस्तम्बમાંથી ઉત્પન્ન થયેલ જેવાં, ધૃષ્ટદ્યુમ્નને માટે वेदीजात વગેરે, તો દ્રૌપદી માટે वेदीजाता-- भूमिपुत्री જેવાં ;

૪ દિવ્ય અસ્ત્રો અને દિવ્ય અસ્ત્રોની સંપ્રાપ્તિ જેવા પ્રસંગો ;

૫ ઇતિહાસયુગમાં જે જાતિઓ, જે સ્થાનો, જે પ્રસંગોની શક્યતા છે તેવાં સ્થાનો ;

૬ સાહિત્યિક યુગમાં જે વૃત્તોનો ઉપયોગ વિકસ્યો છે તેવાં વૃત્તોમાં અપાયેલાં નાનાંમોટાં વર્ણનો ;

૭ પાંડવ-કૌરવના સમયમાં જે ઋષિઓ વગેરેના અસ્તિત્વની કોઈ શક્યતા નથી તેવા ઋષિઓને લગતા પ્રસંગો, દૈવી પાત્રોની હાજરીના પ્રસંગો;

૮ યક્ષ-ગંધર્વો જેવાં અર્ધદૈવી પાત્રો સાથેના પ્રસંગો;

૯ 'વિદુરનીતિ' 'સનત્સુજાત' વગેરે જેવા ઉપદેશાત્મક મોટા ખંડો—

આટલી વસ્તુઓ દૂર કરવામાં આવે, અને એ દૂર કરી શકાય એમ છે. આમ થતાં સિલસિલાબંધ 'ઇતિહાસ'ની સંપ્રાપ્તિ અશક્ય નથી. હા, ઉપર ૩માં આપેલાં વિશેષણોમાંથી થોડા પરિવર્તનમાત્રથી-સામાન્ય રીતે ભિન્ન ભિન્ન વાચનાઓમાં વિશુદ્ધ રૂપ મળતાં હોય અથવા

સરળતાથી વિશુદ્ધ બનાવી શકાતાં હોય તો પાદ, શ્લોકાર્ધ કે શ્લોકને જતા ન કરવા. એ જ રીતે વૈદિક ત્રિષ્ટુભ્-જગતી વૃત્તોના શ્લોકોમાં ક્વચિત્ નિયમિત ત્રિષ્ટુભ્-જગતીના શ્લોક સંગત રીતે બંધબેસતા હોય અને તૂટતા સાંધાને માત્ર પકડી રાખવા બરદાસ્ત કરી શકાતા હોય તેવા વિરલ પ્રસંગે જ રાખી શકાય; અન્યથા, કાવ્યદષ્ટિએ ભલેને ઉત્તમનમૂના હોય, અને જતા જ કરવા પડે. ૮,૮૦૦ શ્લોક એ આપણો માનદંડ છે, તેથી પસંદગીનું ધોરણ ખૂબ જ કડક રાખવું અનિવાર્ય બની રહે છે.

સાવધાની કેવી જરૂરી છે એનું નમૂના તરીકે એક જ ઉદાહરણ લઈએ : ૫૫મા અધ્યાયના ૩૧મા શ્લોકમાં **ततो निमित्ते कस्मिंश्चित्** યુધિષ્ઠિરે અર્જુનને વનવાસ માટે મોકલી આપ્યો એની મુદત ૩૨મા શ્લોકમાં **संवत्सरं पूर्णं मासं चैकं**—પૂરું એક વર્ષ અને ઉપર એક માસની કહી છે, ત્યારે ૨૦૪થા અધ્યાયમાં—

**द्रौपद्या नः सहासीनमन्योन्यं योऽभिदर्शयेत्। स नो द्वादश वर्षाणि ब्रह्मचारी वने वसेत् ॥ २८**

—'આપણે દ્રૌપદી પાસે બેઠા હોઈએ ત્યારે જો એકબીજાને જોઈએ તો જોનારે બ્રહ્મચારીના રૂપમાં બાર વર્ષ વનમાં રહેવું.'

દક્ષિણના પાઠમાં કેટલીક પ્રતોમાં **मासान्-मासानि** એવાં પાઠાન્તર, કાશ્મીરી બેક અને દક્ષિણના સમગ્ર પાઠમાં **व्रतचारी** એવું પાઠાંતર મળે છે. સ્વાભાવિક રીતે જ તેથી 'બાર માસ' જ સ્વીકારવા અનિવાર્ય બને છે અને ૨૦૫મા અધ્યાયમાં—

**सोऽभ्यनुज्ञाप्य राजानं ब्रह्मचर्याय दीक्षितः। वने द्वादश वर्षाणि वासायोपजगाम ह ॥ ३०**

—એમ બ્રહ્મચર્યવ્રતની દીક્ષા લઈ બાર વર્ષ માટે વનવાસમાં ચાલ્યો ગયો—જ્યાં **मासानां-मासानि** એવાં પાઠાંતર ઉપર બતાવેલી કેટલીક પ્રતોનાં છે જ—એટલે **ब्रह्मचारी-व्रतचारी** રહેવાની પ્રતિજ્ઞા સાથે અર્જુન એક વર્ષ માટે વનવાસ-તીર્થયાત્રામાં નીકળી ગયો છે. આવી સ્પષ્ટ પરિસ્થિતિમાં અ. ૨૦૬માનો નાગકન્યા ઉલૂપી સાથેનો, ત્યાં ૨૫મા શ્લોકમાં પોતાની બાર વર્ષની બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞાની યાદ આપીને સહવાસ, અને અ. ૨૦૭માં મણલૂરેશ્વરના ચિત્રવાહનની કન્યા ચિત્રાંગદા સાથે લગ્ન કરી ત્રણ વર્ષનો વાસ અને અ. ૨૦૯માં બભ્રૂવાહનની એમાં ઉત્પત્તિ—આ કોઈ રીતે ટકી શકતું નથી. અ. ૨૧૦-૨૧૨માં અર્જુને કરેલું સુભદ્રાનું હરણ હકીકતે બાર માસ પૂરા થયા પછીના તેરમા મહિનાનું પણ નહિ, કેટલોક સમય પસાર થઈ ગયા પછીનું હોઈ એના બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞાને બાધક ન નીવડતાં પ્રમાણિત બની રહે છે.

અ. ૧૫૭થી ૧૭૩નો ચૈત્રરથ-પેટાપર્વનો ભાગ 'પ્રક્ષેપ' હોવા વિશેનો ડૉ. વી. એસ. સુખ્થનકરનો અભિપ્રાય આ પૂર્વે સૂચિત થઈ ગયો છે. હકીકતે ગંધર્વોને લગતો એ ભાગ હોઈને જ ઇતિહાસનો વિષય બનતો નથી, તો એ જ પરિસ્થિતિ અ. ૨૧૪થી ૨૨૫ સુધીના 'ખાંડવદાહ-પેટાપર્વ'ની છે, જેમાંથી અ. ૨૧૪ના ૩૨ શ્લોક ગ્રાહ્ય છે—એમાંના જલવિહારને કારણે અને અંત ભાગમાં માત્ર 'विप्र'ના સૂચિત આગમનને કારણે. ૨૧૫માં અધ્યાયમાં. ૧ થી ૪

અને ૧૦મો બ્રાહ્મણ પોતે અર્જુન-કૃષ્ણની મદદથી ખાંડવવન બાળે એટલા પૂરતો, ૨૧૬મા અધ્યાયનો ૩૦મો શ્લોક બેઉ જણા વળતે દિવસે મદદ કરશે એટલા પૂરતો, શ્લોક ૩૧માનો પૂર્વાર્ધ અને ૩૨માનો ઉતરાર્ધ બ્રાહ્મણે ખાંડવવન સળગાવ્યાનો—૩૩મો-૩૪મો શ્લોક વન સળગી ઊઠ્યાનો, પછી છેક ૨૧૯મા અધ્યાયના શ્લોક ૩૫, ૩૭માનો ઉતરાર્ધ, ૩૮મો-૩૯મો શ્લોક મય અસુરને બચાવી લેવાનો, અને છેક છેલ્લે ૨૨૫મા અધ્યાયના શ્લોક ૧૫મો, ૧૮માનો ઉત્તરાર્ધ અને ૧૯મો—આટલો ભાગ માત્ર ગ્રાહ્ય બને છે; આમ 'ખાંડવદાહ-પેટાપર્વ'ના ૩૪૪ શ્લોકોમાંથી માત્ર ૪૬ શ્લોક જ 'જયસંહિતા'ને ગ્રાહ્ય બને શકે એવા છે. આ જ કારણે અ. ૫૫માનો ૩૭મો શ્લોક અગ્નિએ પાર્થ-અર્જુનને ગાંડીવ ધનુષ, અક્ષય બાણો સાથેના બે ભાથા અને કપિધ્વજ રથ આપ્યાની વાત પણ ઊડી જાય છે. અ. ૫૫માના ૧૨મા શ્લોકમાં ભીમને કાળેતરા સર્પો કરડાવ્યા એમાંથી બચી જવાનો અને ૩૪મા શ્લોકમાં પૌરાણિક પદ્ધતિની કૃષ્ણ સાથે 'શ્રી' = લક્ષ્મીના મેળાપની ઉપમા છે એ વિગતનો—એમ બેઉ શ્લોક પણ સ્થાન નભાવી શકતા નથી. હકીકતે આદિપર્વના ૬,૨૦૫ શ્લોકમાંથી ગ્રાહ્ય અંકિત શ્લોક ૧,૬૪૩ માત્ર બની રહે છે. ચમત્કારમૂલક પૌરાણિક પ્રકારની બધી વસ્તુઓ સર્વથા જતી કરવી પડે છે—માત્ર 'ઇતિહાસ' જ અણીશુદ્ધ સાચવી શકાય છે. એ રીતે ૫૪મા અને ગદ્યાત્મક ૯૦મા અધ્યાયમાંથી પણ અસંભાવ્ય જતું કરવું પડ્યું છે; અ. ૫૬મામાંથી પણ જનમેજયની પૃચ્છાના જ શ્લોક માત્ર રાખી ત્યાંથી ૮૯મા અધ્યાય સુધીનું જતું કરવું પડે છે.

આ પર્વમાં હિડિંબ અને બક રાક્ષસનો વિનાશ જરા આશ્ચર્ય ઉપજાવે. આર્યેતર કોઈ જાતિના આ સભ્યો છે. કવિએ—ખાસ કરી મહાભારતના સંકલનકારે—એને આપેલું સ્વરૂપ કવિ-પ્રતિભાનો વિષય છે. એનો ઇતિહાસ-અંશ સરળતાથી તારવી શકાય છે અને એ તારવતાં અસંભાવ્ય અંશ જતો કરી નાખવાનો રહે છે.

**સભાપર્વ**:—ઉપરના નવ સિદ્ધાંતોની દૃષ્ટિએ સાહિત્યિક ઉપજાતિ–ત્રિષ્ટુભ્ વગેરે વૃત્તના શ્લોક જતા કરવાના છે, તો શ્રીકૃષ્ણના માહાત્મ્યબોધક શ્લોક પણ પૌરાણિક કોટિના હોઈ 'જયસંહિતા'ની શ્લોકમર્યાદામાં સ્થાન પામી શકતા નથી. ૪થા અધ્યાયના ૭મા શ્લોકથી ૧૧મા અધ્યાયના અંત સુધીમાં ઋષિઓ અને પછી રાજાઓની યુધિષ્ઠિરની સભામાં હાજરી, અને એ પછી ભિન્ન ભિન્ન સભાઓનું વર્ણન પૌરાણિક પ્રકારનું હોઈ 'ઇતિહાસ'નો વિષય બની શકતું નથી. ૧૬મા અધ્યાયના ૧૦મા શ્લોકથી જરાસંધની પૌરાણિક પ્રકારની ઉત્પત્તિ અને એવી વિગત ૧૭મા અધ્યાયના અંત સુધી હોઈ અગ્રાહ્ય બની રહે છે.

રાજસૂય યજ્ઞની પૂર્વતૈયારીરૂપે ચારે દિશાઓનો વિજય કરવા ચાર પાંડવો નીકળે છે અને વિજય કરે છે, અને ૨૩મા અધ્યાયના ૧૦મા શ્લોક સુધીના ૮ શ્લોકોમાં એ સૂચવાઈ જાય છે. શ્લોક ૧૧માથી ૨૯મા અધ્યાયના અંત સુધીનો ચારે ભાઈઓનો દિગ્વિજય પૌરાણિક પ્રકારનો તેમજ દિશાઓનાં સ્થાનોની અવ્યવસ્થા સાથે દેશોનાં—સ્થાનોનાં—નગરોનાં નામોમાં મોડેનાંઓનો પણ નિર્દેશ સર્વથા ત્યાજ્ય બની રહે છે. ઉ. ત. अरवीं ( * अन्तारवीं ) चैव रोमां च यवनानां पुरं तथा (૨૮-૪૯), જેમાં ઍંતિયોક તો ઈ. પૂ. ૩૦૦માં સ્થપાયેલ અને રોમ નગરી ઈ. પૂ. ૮મી સદીમાં સમૃદ્ધ થયેલ—આને ક્યાં સમાવવાં? હકીકતે આ વિજયની વિગતો મોડેથી

દાખલ થઈ છે એમ અભિપ્રાય આપવામાં સંકોચ થતો નથી અને અ. ૨૩માના ૧૦મા શ્લોકનો સીધો સંબંધ ૩૦મા અધ્યાય સાંધી આપે જ છે.

અધ્યાય ૪૦મો શિશુપાલની અસ્વાભાવિક ઉત્પત્તિ વિશેનો હોઈ ઇતિહાસનો વિષય નથી. અ. ૪૫માના ૩૬મા શ્લોકથી ૫૮મા સુધીનો વૃત્તાંત અ. ૫૨માં વધુ સંગત રીતે અપાયેલો હોઈ જતો કરવો પડે. ૪૭મો-૪૮મો અધ્યાયો ઉપાયનને લગતા છે. તેઓમાં ઈ. પૂ. ૬ઠ્ઠી સદીની આ બાજુની યવનો જેવી જાતિઓનો નિર્દેશ આવે તેવાં સ્થાન દૂર કરવાં અનિવાર્ય બની રહે છે. પાણિનિના 'ગણપાઠ'માં यवन शक (૪-૧-૧૭૫) જેવી જાતિવાચક સંજ્ઞાઓ મળે છે; એમ ઈ. પૂ. ૬ઠ્ઠી સદી એ પૂર્વરેખા છે.

જે અધ્યાયો સ્વીકારાવાને પાત્ર છે તેમાંના સંખ્યાબંધ શ્લોકોમાં જ્યાં જ્યાં પૌરાણિક પદ્ધતિએ શ્રીકૃષ્ણનું માહાત્મ્ય, શ્રીકૃષ્ણના બાલચરિતને લગતાં શિશુપાલના મુખમાં વગેરે સૂચનો અને એવા જ 'ઇતિહાસ'માં બંધ ન બેસે તેવા શ્લોકો શ્લોકાર્ધો કે શ્લોકસમૂહો એ ત્યાજ્ય બને છે. સભાપર્વના ૭૧ અધ્યાયોના બધા મળી ૨,૩૯૦ શ્લોક છે તેમાંથી ઇતિહાસતત્ત્વ બાધિત ન થાય તેવા ૧,૫૨૭ શ્લોક નીકળી આવે છે. ક્વચિત્ પાઠાન્તરોની મદદથી યા સરળતાથી પાઠ સંસ્કાર થઈ શકતો હોય તો એમ કરી શ્લોકોને સાચવી પણ લેવામાં આવ્યા છે.

**આરણ્યકપર્વ** : મહાભારતનાં પર્વોમાં આરણ્યકપર્વ 'ઉપાખ્યાનો'થી જેમ ભરેલું છે તેમ ચમત્કારમૂલક કથનકોથી પણ ભરેલું છે. ભીમનાં યક્ષો સાથેનો પ્રસંગ કે ગંધર્વો સાથેની અથડામણો, અર્જુનનું-અસ્ત્ર લેવા જવા કિરાતરૂપ મહાદેવ સાથેનું યુદ્ધ, ઇંદ્રલોકાભિગમન, ઉર્વશી સાથેનો અર્જુનનો પ્રસંગ અને શાપ, આવી આવી દંતકથાઓના રૂપની પૌરાણિક વસ્તુઓ 'જયસંહિતા'નો જેમ વિષય નથી બનતી તેમ 'ભારતસંહિતા' નો પણ વિષય નથી બનતી.

આરણ્યકપર્વમાં ૨૯૯ અધ્યાય છે. જેમાંથી અ. ૧, ૫ થી ૧૫, ૨૩, ૨૫, ૨૮ થી ૩૮, ૪૯, ૧૫૪, ૧૫૫, ૧૬૧, ૧૭૯-૧૮૦, ૨૨૨, ૨૨૪, ૨૪૮, ૨૫૦, થી ૨૫૬, ૨૯૫ અને ૨૯૯ એ સરવાળે ૪૩ અધ્યાય જ ગ્રાહ્ય કોટિના છે. એ અધ્યાયોમાંથી પણ પૌરાણિક કોટિનો ખ્યાલ આપતા શ્લોક જતા કરવા પડે છે.

અ. ૨થી ૪માં બ્રાહ્મણોના ભોજનને મુશ્કેલી ન આવે માટે યુધિષ્ઠિરનો પ્રયત્ન—સૂર્યનાં નામોનો જપ અને અક્ષયપાત્રની પ્રાપ્તિ વગેરે પૌરાણિક પ્રકારનાં હોઈ શુદ્ધ ઇતિહાસના પ્રસંગ નથી. અ. ૧૬ થી ૨૩માં 'સૌભદ્રવધોપાખ્યાન' છે. એ નીકળી જતાં ૧૫મા અધ્યાયના ૨૨મા શ્લોકનું ૨૩માના ૪૨મા શ્લોક સાથે અનુસંધાન બરોબર મળી રહે છે. અ. ૨૩માના ૪૯થી ૫૧ અને ૨૪મો અધ્યાય સાથેના બ્રાહ્મણોના સમાદર અને વિદાયનો અપ્રસ્તુત છે; બ્રાહ્મણો લાંબે સુધી સાથે રહ્યા જ છે; જુઓ અ. ૨૫માનો ૧૩મો શ્લોક. આ અધ્યાયમાં નારદનો નિર્દેશ અને શુદ્ધ ઉપજાતિના શ્લોક—એ સ્વતઃ ખરી પડે છે. અ. ૩૯થી ૪૮ અર્જુનના કિરાતયુદ્ધના અને બીજી અસ્વાભાવિક વાતોથી ભરેલા હોઈ જતા કરવાના. અ. ૫૦માથી ૭૮માના ૧૩મા શ્લોક સુધીનો ભાગ 'નલોપાખ્યાન'નો હોઈ અગ્રાહ્ય બને છે. અ. ૭૯થી ૧૫૩ સુધીના અધ્યાયોમાં અર્જુનના ઇન્દ્રલોકાભિગમનને ઉદ્દેશી અર્જુનનો વિયોગ બતાવતો એક અધ્યાય અને ૮૦થી ૮૩મા અધ્યાયમાં

પાંડવો પાસે આવી નારદ તીર્થોનું વર્ણન ભીષ્મ-પુલસ્ત્યના સંવાદમાં કરે છે એ 'ઇતિહાસ-કાવ્ય'નો વિષય નથી. અ. ૮૩માને અંતે લોમશ ઋષિ આવે છે; ૮૪મામાં વન બદલવાનું, ૮૫મામાં ઋષિઓનું આગમન; ૮૫મા અધ્યાયથી ધૌમ્યના મુખથી યાત્રા-સ્થાનોનું વર્ણન; અ. ૮૯મામાં ફરી લોમશ ઋષિનું આગમન—એમના મુખથી ૯૪મા અધ્યાયથી ૧૫૩મા અધ્યાય સુધી અગસ્ત્યોપાખ્યાન, ઋષ્યશૃંગોપાખ્યાન, પાંડવોની યાત્રા આગળ ચાલુ, કાર્તવીર્યોપાખ્યાન, તીર્થયાત્રા ચાલુ, સુકન્યોપાખ્યાન, માંધાત્રુપાખ્યાન, જંતૂપાખ્યાન, તીર્થયાત્રા ચાલુ, અષ્ટાવક્રીય ઉપાખ્યાન, યવક્રીતોપાખ્યાન, તીર્થયાત્રાનો અંત અને સૌગંધિકાહરણ—આટલાં કથાનક નીકળી જાય છે. આમાં યક્ષોના આવતા પ્રસંગ પૌરાણિક કોટિના જ કહી શકાય. એ કારણે 'સૌગંધિકાહરણ' રદ જાય છે; હનુમાન સાથેનો પ્રસંગ પણ. એ રીતે અ. ૧૫૬મામાં આર્ષ્ટિષેણના આશ્રમમાં નિવાસ પૌરાણિક પ્રકારનો હોઈ અને અ. ૧૫૭માથી ૧૬૦ સુધીનામાં મણિમાનનો વધ, ધનદના યક્ષો સાથે યુદ્ધ, વૈશ્રવણ—ધનદ સાથે વાર્તાલાપ, ધનદના સદ્મનું દર્શન—એ બધાં પણ પૌરાણિક પ્રકારનાં જ હોઈ ગ્રાહ્ય નથી બનતાં. ૧૬૧મા અધ્યાયમાં અર્જુનના આગમન વિશેના માત્ર ચાર શ્લોક (૧, ૧૩ અબ, ૧૯ કડ, ૨૦ કડ, ૨૧ અને ૨૨) જ ગ્રાહ્ય થવા પાત્ર છે. ૧૬૨થી ૧૭૮મા સુધીમાં ઇન્દ્રનું આગમન, અસ્ત્રપ્રાપ્તિના પ્રકારનો અર્જુને આપેલો હેવાલ, નિવાતકવચો સાથેનું યુદ્ધ અને એમાં અર્જુનનો વિજય, હિરણ્યપુર ઉપર વિજય, અસ્ત્રોની પ્રાપ્તિથી યુધિષ્ઠિરનો આનંદ, અસ્ત્રપ્રયોગોનું અર્જુનનું પ્રદર્શન, ધનદે આપેલા સ્થાનમાં પાંડવોનો નિવાસ, કૈલાસ-દર્શન, ભીમે કરેલો અજગર તરફથી આવેલા ભયમાંથી બચાવ—આ બધું પૌરાણિક પ્રકારનું હોઈ ઇતિહાસ માટે અસ્વીકાર્ય બની રહે છે.

૧૭૯મા અધ્યાયથી ૨૨૧મા સુધીમાં માર્કંડેયસમાસ્યા પેટાપર્વ છે. તેમાં માર્કંડેયના આગમનને લગતો આગ્રાહ્ય ભાગ અ. ૧૮૦મામાં સાહિત્યિક ઉપજાતિના ૧૩ થી ૩૮મા શ્લોક સુધીના, અને બાકીના અનુષ્ટુભ્‌ના પણ માર્કંડેયના આગમનને લગતા અગ્રાહ્ય. અ. ૧૮૧મા થી માર્કંડેય સાથેનો પ્રસંગ, જેમાં અ. ૧૮૫મામાં મત્સ્યોપાખ્યાન, ૧૯૦મા અ. માં મંડૂકોપાખ્યાન, ૧૯૧મામાં ઇંદ્રદ્યુમ્નોપાખ્યાન, ૧૯૨માથી ૧૯૫મા અધ્યાય સુધીમાં ધુંધુમારોપાખ્યાન, ૧૯૬મા અ.માં પતિવ્રતોપાખ્યાન, ૧૯૮માંથી ૨૦૬ઠ્ઠા અધ્યાય સુધીમાં બ્રાહ્મણવ્યાધ સંવાદ, અને ૨૦૭મા અધ્યાયથી ૨૨૧મા સુધીમાં આંગિરસ (ઉપાખ્યાન)—આ એની મેળે ખરી પડે છે. માર્કંડેયનું પાંડવોનું સમકાલીનત્વ સ્પષ્ટ રીતે પૌરાણિક પ્રકારનું કહી શકાય. ૨૨૩મો અધ્યાય સાહિત્યિક ઉપજાતિમાં દ્રૌપદીનાં વચન રજૂ કરતો હોઈ ગ્રાહ્ય થઈ શકતો નથી. ૨૨૪મો અધ્યાય માર્કંડેયના ઉલ્લેખવાળા ૧લા શ્લોક સિવાયનો ગ્રાહ્ય છે. ૨૨૫મા અધ્યાયથી ૨૪૩મા અધ્યાય સુધી ઘોષયાત્રા-પર્વ છે અને ૨૪૪મા અધ્યાયમાં મૃગસ્વપ્નભય છે. વળી ૨૪૫માંથી ૨૪૭ અધ્યાય સુધીમાં વ્રીહિદ્રૌણિક છે. આ અધ્યાયો પણ કેવળ પૌરાણિક પ્રકાર આપતા હોઈ ગ્રાહ્ય થવા પાત્ર નથી. ૨૪૯મો અધ્યાય આખો અને ૨૫૦મા અધ્યાયના ૯ શ્લોકોમાંથી જે સાહિત્યિક ઉપજાતિના પાંચ શ્લોક છે તે અગ્રાહ્ય. અ. ૨૫૨ થી ૨૫૪મા અધ્યાય સુધીમાં જેટલા સાહિત્યિક ઉપજાતિના શ્લોક છે તે જતા કરવાના રહે છે. ૨૫૬મા અધ્યાયમાં ૨૪મા શ્લોકના ઉત્તરાર્ધથી ૩૦માના પૂર્વાર્ધ સુધીનું જયદ્રથના તપનું અને વરદાન મળવાનું પણ નિરર્થક. અ. ૨૫૭માથી ૨૭૬મા અધ્યાય સુધીમાં રામોપાખ્યાન, ૨૭૭માથી ૨૮૩મા અધ્યાય સુધીમાં સાવિત્ર્યુપાખ્યાન, અ. ૨૮૪

થી ૨૯૪મા અધ્યાય સુધી બ્રાહ્મણરૂપે આવેલા ઇંદ્રે કર્ણ પાસે કરેલી કુંડળો અને કવચની માગણી, એના બદલામાં ઇંદ્ર પાસેથી કર્ણને ' શક્તિ ' (સાંગ)ની પ્રાપ્તિ—એમ કેવળ પૌરાણિક કોટિનો પ્રસંગ. આ બધું ઇતિહાસનો વિષય બની શકતું નથી. ૨૯૫મા અધ્યાયમાં પહેલા ચાર જ શ્લોક ગ્રાહ્ય છે, બાકી યક્ષ—યુધિષ્ઠિરના સંવાદવાળો, ત્યાંથી શરૂ કરી ૨૯૮મા અધ્યાય સુધીનો ' આરણેય પેટા-પર્વ 'નો ભાગ પણ પૌરાણિક પ્રકારનો હોઈ ગ્રાહ્ય બની શકતો નથી. ૨૯૯મા અધ્યાયના ૧લા શ્લોકનો પૂર્વાર્ધ જતો કરવામાં આવે તો ૨૯૫મા અધ્યાયનો ૪થો શ્લોક ઉત્તરાર્ધ સાથે તદ્દન એકાત્મક બની રહે છે. આમાંથી શ્લોક ૧૧ થી ૧૯ સુધીના પૌરાણિક કોટિના કાઢી નાખવા જોઈએ.

આરણ્યકપર્વમાં અંકિત ૧૨,૩૧૮ શ્લોક છે. આમાંથી ઉપર બતાવ્યા પ્રમાણે બધાં ઉપાખ્યાનો અને કેવળ પૌરાણિક પ્રકારના પ્રસંગો, શ્લોકો, શ્લોકાર્ધો બાદ જતાં માત્ર ૯૯૦ શ્લોક જ ' જયસંહિતા ' તેમ જ ' ભારતસંહિતા 'ને કામના તરી આવે છે.

**નોંધ :**—' જયસંહિતા ', ' ભારતસંહિતા ' અને ' મહાભારત 'નો સમયાંકનની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો પહેલી બે સંહિતાઓની રચના વાલ્મીકીય રામાયણની પહેલાંના સમયમાં થયેલી કહી શકાય, જ્યારે મહાભારતનું સંકલન એ રામાયણ પછીનું પકડાય છે. આરણ્યકપર્વના રામોપાખ્યાનનો મૂળ આધાર ' રામાયણ'માંની રામની કથા છે. ડૉ. વી. એસ. સુખ્થનકરે આ અભિપ્રાય આપ્યો છે. ( Sukthankar Memorial Edition, Vol. I, pp. 387–465 ) અને એમણે જે સામ્ય તારવી બતાવ્યાં છે તેના આધારે ' રામોપાખ્યાન 'નો આધાર લઈ ' રામાયણ 'ની રચના કરવામાં આવી હોય એમ કહેવાને બદલે ' રામાયણ 'ની વસ્તુનો જ સંક્ષેપ ' રામોપાખ્યાન 'ના રૂપમાં કરવામાં આવ્યો એ વધુ યોગ્ય છે. મહાભારતમાં મોટા પ્રમાણમાં સાહિત્યિક ઉપજાતિ વૃત્તના શ્લોક જોવા મળે છે. તેઓની પાછળ રામાયણના સાહિત્યિક ઉપજાતિનું અનુકરણ થયું કહેવું અયોગ્ય તો નથી જ.

આ પર્વમાં અર્જુનનું દિવ્ય અસ્ત્રો માટેનું ઇંદ્રલોક તરફ પ્રયાણ વગેરે અસ્વાભાવિક છે. કવિએ ' મહાભારત 'ના સંકલનમાં આ રીતે ઘટાવ્યું છે, પણ ' ઇતિહાસ 'ની દૃષ્ટિએ જોવામાં આવે તો અર્જુનનું ભારતવર્ષની બહારના રાજાઓની યુદ્ધમાં સહાય મેળવવાનું વચન લેવાને માટે તેમ જ યુદ્ધમાં જરૂરી શસ્ત્રસરંજામ અને અન્ય પુરવઠો વ્યવસ્થિત મળ્યા કરે એને માટે જ જવાનું બંધ બેસે. ' જયસંહિતા ' અને ' ભારતસંહિતા ' એના, ભાઈઓથી છૂટા પડવા સિવાય, બીજા કોઈ પણ પ્રકારમાં પડી શકે નહિ. આ પર્વમાં કિર્મીરનો વધ અને જટાસુરનો વધ એ બે અમાનુષીય જેવા પ્રકાર છે. એ સમયે ' રાક્ષસ ' સંજ્ઞાથી કોઈ આર્યેતર જાતિ હતી તેમાંના આ લોક હતા. એમની ભયાનકતા વગેરે કવિપ્રતિભાની વસ્તુ માત્ર છે. યક્ષ-ગંધર્વો જેવી કલ્પનામૂલક આ જાતિ નહોતી. રામાયણમાં તો રાવણને આર્યસંસ્કારથી વિભૂષિત પણ કહ્યો છે.

**વિરાટપર્વ :** આ પર્વ સભાપર્વની જેમ રમણીય છે. કેટલાક વિવેચકો આને મોડેથી દાખલ થયાનું માને છે અને કહે છે કે ભારત–યુદ્ધની નાની આવૃત્તિ ગોગ્રહનાં બેઉ યુદ્ધોના સ્વરૂપમાં આમાં અપાઈ છે ( વિન્તર્નીઝ—Indian Literature, Vol. I, p 458 ). મને એવું જોવા મળ્યું નથી. બેશક, એકલે હાથે કૌરવોના વિશાળ સૈન્યને મોહમાં નાખે, મોહમાં પડેલાઓનાં

વસ્ત્ર કાઢી આવે, એ વગેરે અસ્વાભાવિક છે. કેટલુંક નાટકીય તત્ત્વ આ પર્વમાં મહાભારતના સંકલનકારને હાથે વિકસ્યું છે તે જતું કરવાથી 'ઇતિહાસ' વિશુદ્ધ સ્વરૂપમાં તારવી શકાય એમ છે. ઉ૦ત૦ ૬ઠ્ઠા અધ્યાયથી ૧૧મા અધ્યાય સુધીમાં પાંડવો અને દ્રૌપદીનો વિરાટનગરમાં પ્રવેશ વર્ણવાયો છે તે નાટકીય અને મોડાનો છે. એમાં અત્રતત્ર આવતા સાહિત્યિક ઉપજાતિવૃત્તના —અ૦ ૬, ૭, ૯માના કેટલાક, ૧૦, ૧૧—એ એની સારી એવી ઉત્તરકાલીનતાની ચાડી ખાય છે. આ સમગ્ર પર્વમાં અન્યત્ર પણ સંખ્યાબંધ સાહિત્યિક ઉપજાતિના શ્લોક છે તે બધા જ એ રીતે નીકળી જવા પાત્ર છે. અ૦ ૧૩—૧૪મામાં પૌરાણિક કોટિનું ચમત્કારતત્ત્વ જાળવતા શ્લોક પણ નીકળી જવા પાત્ર છે. આ રીતે આવા હવે પછીના અધ્યાયોમાંથી દૂર કરવા પાત્ર બની રહે છે. ૩૬મા અધ્યાયમાં ( શ્લો. ૨૭થી ૩૬ ) કૌરવ યોદ્ધાઓ ઉત્તરની પાછળ પડેલા અર્જુનને એના પવૈયાના વેશમાં અટકળી શકે અને પછી એને પડકારે નહિ, એ નાટકીય ઢબનું હોઈ ત્યાજ્ય બની રહે છે. અ૦ ૩૭ મો આખો અગ્રાહ્ય એ રીતે છે કે એમાં ભીષ્માદિનો ભય અને અપશુકનો, અર્જુનનાં વખાણ અને કર્ણનો ભીષ્મને એનો જવાબ—આ અસંભવિત છે. અ૦ ૩૮મામાં ૨૦ થી ૫૮ સુધીના શ્લોકોની વિગત પણ સર્વથા અસંભાવ્ય કોટિની છેઃ ધનુષો વિશેના ઉત્તરના પ્રશ્ન અને અર્જુનનો એનો જવાબ.

૪૨મા અધ્યાયથી ૪૭મા સુધીમાં કૌરવ સેનાના અગ્રણીઓની 'અર્જુન સામે લડવું કે નહિ' એ વિશેની ચર્ચા છે અને અંતે ભીષ્મ લડવાની તૈયારી કરાવે છે. આ સમગ્ર પ્રસંગ મોડેથી ઉમેરાયો લાગે છે. કારણ કે ૪૧મા અધ્યાયના છેલ્લા શ્લોકમાં દ્રોણ व्यूढानीकाः થઈ લડવાની સજ્જતા બતાવે છે અને ૪૮મા અધ્યાયના પહેલા શ્લોકમાં સૈનિકો व्यूढानीक છે તેની સામે અર્જુન ધસી જાય છે. પછી યુદ્ધમાં અર્જુનના રથ ઉપરના વાનરની ગર્જના, અર્જુનનાં બાણ દ્રોણાચાર્યનાં ચરણોમાં નમસ્કાર માટે પડે, અર્જુનના ધ્વજમાંનાં ભૂતોની વાત, આવું આવું પણ નીકળી જવા પાત્ર છે.

અધ્યાય ૪૯, ૬૦, ૬૧ સાહિત્યિક ઉપજાતિવૃત્તના છે અને વચ્ચેના અધ્યાયો સહિત આ અધ્યાયો કૌરવોની સેના સામેના અર્જુનના યુદ્ધના છે, જ્યાં અર્જુન મોહાસ્ત્ર નાખતાં સમગ્ર સૈન્ય ઘોર નિદ્રામાં પડે છે અને અર્જુન એમનાં કિંમતી વસ્ત્ર ઉતરાવી લે છે. હકીકતે તો ૪૮મા અધ્યાયના અંતમાં જ ગાયો છૂટી કરાઈ અને ચાલી ગઈ એ બતાવ્યું જ છે એટલે યુદ્ધને જ અવકાશ નથી. આમ અ. ૪૯થી ૬૧ તદ્દન નકામા બની જઈ દૂર થવા પાત્ર છે.

કૌરવોનો આશય તો વિરાટનગરમાં અજ્ઞાતવાસમાં છે તે પાંડવો જ છે કે અન્ય એ જાણવાને માટે જ ગોગ્રહ કરવાનો હતો. યુદ્ધમાં એ લોકોને માલૂમ પડ્યું કે સામે લડવા આવનારો અર્જુન જ છે, એટલે પછી લડ્યા વિના જ પાછા વળી ગયા છે. નિરૂપકે અહીં ઉત્તરકુમાર અને અર્જુન બેને જ લડવા આવ્યા બતાવ્યા છે; સંભવ તો એ છે કે અહીં એમની સાથે એમનું સૈન્ય પણ હશે જ, જે વિશે નિરૂપકે મૌન જ રાખ્યું છે.

અ. ૬૨થી ૬૭મા સુધીમાં સંખ્યાબંધ અસંભાવ્ય કોટિની વાત કહેતા કે અગાઉના એવા અસંભાવ્ય પ્રસંગોનું અનુસંધાન આપતા અને સાહિત્યિક ઉપજાતિવૃત્તના શ્લોક દૂર થવાને પાત્ર બની રહે છે.

**ઉદ્યોગપર્વ** : ૧લા અધ્યાય થી ૫માઅધ્યાયના ૧૦મા શ્લોક સુધીમાં વિરાટના દરબારમાં કૃષ્ણ-બલરામ-સાત્યકિ-દ્રુપદની ચર્ચા-વિચારણા અપાઈ છે તેમાં પહેલા બે અધ્યાય તો સાહિત્યિક ઉપજાતિવૃત્તના છે, જે સમગ્ર પ્રસંગને મોડાનો ઉમેરો કહી જાય છે. ઉદ્યોગપર્વ, હકીકતે, અ. ૫ માના ૧૧મા શ્લોકથી જ શરૂ થાય છે. અ. ૮મામાં શલ્ય–યુધિષ્ઠિર વચ્ચે નક્કી કરવામાં આવેલું, કર્ણને વારંવાર નાહિંમત કરવાની યુક્તિ લડાવવાનું, દગાનું કાવતરું અને અ. ૯થી ૧૮ સુધીનું ઇંદ્રવિજયોપાખ્યાન એની મેળે જ ખસી જાય છે.

આ પર્વમાં આવેલી સેનાઓમાં ઈ. પૂ. ૬ઠ્ઠી સદી થી ભારતવર્ષ સાથે સંપર્કમાં આવેલા વિદેશીઓની વાત જ્યાં જ્યાં આવે તે ભાગ સ્વતઃ જ આગ્રાહ્ય બની રહે છે: શકો—યવનો વગેરેની વિગતો. તો શ્રીકૃષ્ણના કે ભવિષ્યમાં શ્રીરુદ્રના માહાત્મ્યના જ્યાં ક્યાંય પ્રસંગ આવે તે પણ એની મળે જુદા ખસી જાય છે. સભાપર્વ વગેરેમાં આપણે આ જોયું જ છે. એ સાચા છે કે ખોટા એ પ્રશ્ન કરતાં એ 'ઇતિહાસ'નો વિષય છે કે નહિ, એ જ જોવાનું છે; 'જયસંહિતા' અને 'ભારત-સંહિતા' એ માત્ર 'ઇતિહાસ'ને જ પ્રાધાન્ય આપે છે; તો જ એની નિયત શ્લોકસંખ્યાની તારવણી ફલિત થઈ શકે છે.

અ. ૩૩થી ૪૦માં 'વિદુરનીતિ' આપવામાં આવેલી છે. આમાંથી માત્ર ૬૨ શ્લોક પ્રસંગાનુરૂપ હોઈ તારવ્યા છે. એનાથી કદાચ ઓછા હશે, પણ વધુ તો નહિ જ. ૪૧માથી ૪૫મા અધ્યાય સુધીના સનત્સુજાત-પેટાપર્વના છે અને 'વિદુરનીતિ'ની જેમ ઉપદેશાત્મક અને પૌરાણિક પ્રકારના હોઈ 'ઇતિહાસ'ને માટે કશા ઉપયોગના નથી; એ જ કારણે ૪૬મા અધ્યાયનો ૧લો એના અનુસંધાનનો શ્લોક પણ છૂટો પડે છે. એના શ્લોક ૧૨ થી ૧૪માં સંજય સીધો યુધિષ્ઠિર પાસેથી આવતો બતાવ્યો છે. આમ હોય તો ૩૨મો અધ્યાય જ નકામો થઈ પડે, પણ આગલી સાંજે આવેલો અને ધૃતરાષ્ટ્રને સમાચાર આપી, આરામ લઈ, સવારે રથમાં બેસી દરબારમાં આવ્યો એમ માનવું વધારે બંધબેસતું થઈ પડે છે.

૪૬મા અધ્યાયથી ૬૦મા સુધીમાં પણ અસંગત અને અસ્વાભાવિક પ્રકારની વાતો આપનારા શ્લોક દૂર કરવા પડે એમ છે. ઉ. ત. ઇંદ્રની સહાય અને ઇંદ્ર પાસેથી કૃષ્ણની સહાય. નરનારાયણના અવતારની પૌરાણિક કથા અને એના અનુસંધાનમાં ભીષ્મની ધારણા, પરશુરામનો કર્ણને થયેલો શાપ, શિખંડીના સ્ત્રીત્વમાંથી પુરુષત્વની વાત, દ્રોણ અને કૃપની ઉત્પત્તિ, કર્ણનાં સહજ કવચ-કુંડળ, અર્જુનના ઘોડા અને ધ્વજનું વર્ણન, દુર્યોધનની દેવોથીયે અધિકતાની બડાઈ—આ વગેરે ટુકડાઓ અને બીજા પણ પૂર્વાપર અસંગતિઓવાળા શ્લોક દૂર કરવાના રહે છે. ૬૧મો અધ્યાય તો આખો જ સાહિત્યિક ઉપજાતિવૃત્તમાં હોઈ ત્યાજ્ય બની રહે છે. ૬૨મા અધ્યાયનો આગળપાછળ મેળ નથી; ૬૦મા અધ્યાયનું સીધું અનુસંધાન ૬૩મામાં સરળતાથી સચવાઈ જાય છે. ૬૪મા અધ્યાયના છેલ્લા ચાર શ્લોકમાં શ્રીકૃષ્ણના ચતુર્ભુજત્વની વાત હોઈ પૌરાણિક, અને તેથી 'ઇતિહાસ'નો વિષય નહિ. અધ્યાય ૬૫માથી ૬૯ સુધીના ચાર અધ્યાય શ્રીકૃષ્ણના પૌરાણિક પ્રકારના માહાત્મ્યબોધક હોઈ 'ઇતિહાસ'નો વિષય નથી. ઋષિઓના મેળાપની જ્યાં જ્યાં વાત છે તે જતી કરવી જોઈએ, તેવી જ શુકનોની પણ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી દૂર કરવી જોઈએ.

અધ્યાય ૮૩માથી ૮૬ સુધીના તો ચોખ્ખા ઉપરથી દાખલ કરેલા અનુભવાય છે; ૮૨મા અધ્યાયના અંતનું સીધું અનુસંધાન ૮૭માના ૧લા શ્લોકમાં સરળતાથી જોવા મળે છે. ૮૭મા અધ્યાયથી ૯૩મા સુધીમાં આવતાં પૌરાણિક પ્રકારના અને અસંભાવ્ય વસ્તુવાળા શ્લોક જતા કરવા જોઈએ. કૌરવ-પાંડવના યુગની ક્યાંય પૂર્વે થયેલા ઋષિઓનાં આગમન માત્ર પૌરાણિક કોટિ આપે. ૯૪મા અધ્યાયથી ધૃતરાષ્ટ્રની સભામાં જામદગ્ન્ય રામ વગેરે ઋષિઓની ઉક્તિઓ અને ૧૦૪મા અધ્યાયથી ૧૨૧મા સુધીમાં 'ગાલવચરિત'–ઉપાખ્યાનાત્મક હોઈ ચાલુ પ્રવાહમાંથી ખસી જાય છે. ૧૨૨મા અધ્યાયથી ૧૩૦મા સુધીમાં જ્યાં ક્યાંય અસંગત શ્લોકો હોય તે પણ ખસી જવા પાત્ર છે. ૧૩૧-૧૩૨-૧૩૩ એ ત્રણ અધ્યાય વિદુરાપુત્રાનુશાસન-ઉપાખ્યાનના હોઈ ખસી જાય છે; ૧૩૪માના પણ છેલ્લા ત્રણ જ શ્લોક ગ્રાહ્ય કોટિના છે, બાકીના અગ્રાહ્ય. ૧૩૫મા અધ્યાયના ૯મા શ્લોકમાં ઉપરના ત્રણ શ્લોકોનું અનુસંધાન હોઈ શ્લોક ૧થી ૮ અર્જુનના જન્મ સમયની આકાશવાણીના છૂટા પડે છે. પછીના કર્ણના સાથના પણ અગ્રાહ્ય.

૧૩૮મા અધ્યાયથી ૧૪૪મા સુધીનું 'કર્ણોપનિવાદ-પેટાપર્વ' પણ અસંભાવ્ય કોટિનું છે. ૧૪૫મા અધ્યાયથી ૧૪૮મા સુધીનામાંથી માત્ર ૧૭ જેટલા જ શ્લોક ગ્રાહ્ય કોટિના છે: ધૃતરાષ્ટ્રના દરબારમાં શું શું થયું એની વિગત ૧૪૮મા અધ્યાયમાંથી લીધેલા શ્લોકોમાં શ્રીકૃષ્ણ આપે જ છે, તેથી લંબાણથી અપાયેલી વિગત સ્વતઃ નિરર્થક બને છે. આવી પુનરુક્તિઓ હવે પછી આવે તે પણ જતી કરવાની રહે છે. ઉ. ત. ૧૫૧મો અધ્યાય જ એવી પુનરુક્તિનો છે, અને ૧૫૦મા અધ્યાયનું અનુસંધાન સીધું ૧૫૨મા અધ્યાયમાં મળી જ રહે છે. દિવ્ય અસ્ત્રોની વાત પણ 'ઇતિહાસ'નો વિષય નથી, તેથી જ્યાં ક્યાંય આવે ત્યાંથી દૂર કરવાની રહે છે. 'ભારતસંહિતા' માટેના યુદ્ધ વર્ણનમાં આ બધે નડે છે અને ખસેડવાથી સંગતિ વધુ સુશ્લિષ્ટ બની રહે છે. ૧૫૪મા અધ્યાયમાં ધૃષ્ટદ્યુમ્નની અગ્નિમાંથી ઉત્પત્તિ થયાનો શ્લોક આપોઆપ ખરી પડે છે. માત્ર ૧૫૫મા અધ્યાયમાં 'રુક્મી'નું આગમન બાધક નીવડતું નથી

'જયસંહિતા' અને 'ભારતસંહિતા'નો સમાન અંશ અહીં પૂરો થાય છે. ૧૫૬મા અધ્યાયથી ધૃતરાષ્ટ્ર-સંજયનો સંવાદ શરૂ થાય છે, અને એ, આ પૂર્વે બતાવ્યું છે તે પ્રમાણે, સૌપ્તિકપર્વના ૯મા અધ્યાયના ૫૮મા શ્લોક સુધી ચાલે છે. આ 'જયસંહિતા'નો વિષય સર્વથા નથી; હકીકતે, ભીષ્મપર્વ-દ્રૌણપર્વ-કર્ણપર્વ–શલ્યપર્વના આરંભમાં આવતાં સંક્ષિપ્ત યુદ્ધવર્ણન —માત્ર સાદી વિગત સંજય આવીને કહે છે અને એનું વૈશંપાયન આગળપાછળ સાચવી આપે છે તેટલું જ ગ્રાહ્ય છે. અને એ, આ પૂર્વે બતાવ્યું તે પ્રમાણે, થોડા જ શ્લોક સ્વીકારી શકે એમ છે. જેમ કે ભીષ્મપર્વમાંથી ૩૫, દ્રૌણપર્વમાંથી ૧૨૩, કર્ણપર્વમાંથી ૧૨૯, શલ્યપર્વમાંથી ૫૮, અને પછી સ્ત્રીપર્વમાંથી પણ માત્ર ૧૧૯ જ સ્વીકારી શકે એમ છે. (ડૉ. બેલ્વેલકરે દ્રોણ-કર્ણપર્વમાંનાં સંક્ષેપાત્મક આ યુદ્ધવર્ણનો ક્ષિપ્ત હોવાનો મત આપ્યો છે. એમના દિવ્ય દષ્ટિવાળા અંગ્રેજી લેખમાં પૃ. ૩૨૩-૩૨૬. આનો વિવેક કરવાનો હું જરૂરી માનું છું.)

**સ્ત્રીપર્વ** : 'ભારતસંહિતા'ની દષ્ટિએ વધુ વિસ્તાર સ્વીકાર્ય છતાં 'જયસંહિતા'-ની દષ્ટિએ તો નીચેના અસ્વીકાર્ય બની રહે છે.

અધ્યાય ૧લાના ૩૭ શ્લોકોમાંથી પણ ૩૩ સિવાયનામાં અશ્વત્થામાનું કર્મ અને સામસામા શાપ (શ્લો. ૩), જામદગ્ન્ય રામ અને નારદની શિખામણ (શ્લો. ૧૩) વગેરે બંધબેસતા

નથી. છેલ્લો વિદુરની કહેવાની તૈયારી પણ એ પછીના અ૦ ૨જાથી ૪થા સુધીના ધૃતરાષ્ટ્ર–વિદુરના અહીં બંધ ન બેસતા સંવાદની વાતના ઉપક્રમના હોઈ અગ્રાહ્ય બની રહે છે.

અધ્યાય ૫થી ૮ સુધીમાં બ્રાહ્મણવિષયક કાલ્પનિક વાર્તા—ધૃતરાષ્ટ્રને વ્યાસના ઉપદેશની—વધી પડે છે. ૯મા અધ્યાયનો ૧લો શ્લોક વ્યાસનો સંબંધ આપતો હોઈ છૂટી પડે છે. ૧૧મા અધ્યાયના ૧૩મા શ્લોકથી ધૃતરાષ્ટ્રે ભીમને ભેટવાની કરેલી તરફાબને કારણે કૃષ્ણે લોઢાના ભીમ સાથે ધૃતરાષ્ટ્રને ભેટાવી દીધા વગેરે નાટકીય; ૧૨મા અ૦માં એનુંજ અનુસંધન, તેથી એટલો ભાગ અગ્રાહ્ય બની રહે છે.

૧૩મા અધ્યાયમાંથી ૧લો જ શ્લોક ગ્રાહ્ય, બાકીના ગાંધારીના શોકના અને અ૦ ૧૪માના ભીમને ગાંધારીના ઠપકાના નાટકીય–પૌરાણિક ઢબના હોઇ અગ્રાહ્ય, ૧૫મા અ૦નો ૧લો શ્લોક એના જ અનુસંધાનનો હોઈ સ્થાન ટકાવી શકતો નથી. ૧૬મા અ૦માં ૧લા શ્લોકના બીજા ચરણથી ૯મા શ્લોકના ૧લા ચરણ સુધી ગાંધારી દિવ્ય દૃષ્ટિથી રણાજિર જુએ છે એ અસ્વાભાવિક. એવી જ ભૂત-પિશાચ-રાક્ષસો અને બીજા નિશાચરોથી ખવાતા દેહોનો ભક્ષ વગેરે અગ્રાહ્ય.

૧૭મા અધ્યાયના ૧૧મા શ્લોકથી ૨૫મા અધ્યાયના ૨૯મા શ્લોકનાં ત્રણ અર્ધોમાંથી બીજા અર્ધ સુધીનું—ગાંધારી ભિન્ન ભિન્ન યોદ્ધાઓના મૃત દેહોને જોઈ તે તેની પ્રશસ્તિ કરે છે એ બધો ભાગ ' જયસંહિતા 'નો ભાગ બની શકતો નથી; ' ભારતસંહિતા 'માં આવી શકે, એ રીતે કે ગાંધારી પ્રત્યક્ષ જોઈ દુઃખ વ્યક્ત કરતી હોય તે પ્રમાણે. ' જયસંહિતા 'નેતો સીધું ઇતિહાસ-નિરૂપણ જ અપેક્ષિત છે. ૨૫મા અધ્યાયના ૩૫થી ૪૬ કૃષ્ણને ગાંધારીના શાપ—યદુકુલનાશ વગેરેના અગ્રાહ્ય છે. સ્ત્રીપર્વના વિદ્વાન સંપાદકે ૨૫મા અધ્યાયના ૩૬મો, ૩૭મો એ શ્લોક પ્રક્ષિપ્ત માન્યા જ છે ( ટિપ્પણ, પૃ. ૧૨૦, બીજી કટાર ). ૨૬મા અધ્યાયમાંથી ૨૨ જેટલા જ શ્લોક ગ્રાહ્ય કોટિના છે; ' ભારતસંહિતા 'માં ભલે ૩૪ જેટલા ગ્રાહ્ય હોય.

૨૭મા અધ્યાયમાં ૬ઠ્ઠા શ્લોકથી ૨૧મા શ્લોક સુધીમાં કુંતીએ કર્ણના વિષયમાં કરેલો ખુલાસો અને યુધિષ્ઠિરે કર્ણને આપેલી અંજલિ એ અનૈતિહાસિક હોઈ વર્જ્ય છે. કર્ણ કુંતીનો સૂર્યથી થયેલો પુત્ર હતો એ વાત જ અનૈતિહાસિક—અસ્વાભાવિક છે. તેથી ' જયસંહિતા ' તેમ જ ' ભારતસંહિતા 'માં જ્યાં જ્યાં કર્ણને કુંતીનો પુત્ર, સૂર્યનો પુત્ર, પાંડવોનો મોટો ભાઈ વગેરે જાતનાં વિધાન કરવામાં આવ્યાં છે તે અગ્રાહ્ય કોટિનાં છે. સ્ત્રીપર્વના છેલ્લા અધ્યાયમાંથી ૭ શ્લોક ( ૧૫ અર્ધ ) જ ગ્રાહ્ય બને તેવા છે. છેલ્લા બે શ્લોકોમાંથી ૨૩મા શ્લોકનાં ૧લું-૨જું-૪થું ચરણ, અને ૨૪મા શ્લોકનું ૧લું ચરણ જતાં કરી સંગત સ્વરૂપ આપવું પડયું છે.

આમ, ઉપર કહ્યું તેમ, માત્ર ૧૧૯ શ્લોક જ ગ્રાહ્ય બન્યા છે.

**આશ્વમેધિકપર્વ :**—અધ્યાય ૨જાના ૯મા શ્લોકથી ૧૪મા અધ્યાયના ૧૨મા શ્લોક સુધી કેવળ પૌરાણિક પ્રકારનું નિરૂપણ હોઈ ગ્રાહ્ય બની શકતું નથી; ૧૩મા શ્લોકે ૨જા અધ્યાયના ૮મા શ્લોકનો સીધો મેળ મળી જ રહે છે. ૧૫મા અ.ના ૭મા શ્લોકમાં કૃષ્ણાર્જુનને **पुराणावृषिसत्तमौ** એ વિશેષણ પુરાણ કોટિમાં લઈ જાય છે.

આ પર્વમાં ૧૬મા અધ્યાયથી ૫૦મા અધ્યાય સુધીનો ' અનુગીતા 'નો સમગ્ર ખંડ જુદો પડી જાય છે. મજા એ છે કે ૧૫મા અધ્યાયના છેલ્લા ૩૧મા શ્લોકનો ૫૦મા અ.ના છેલ્લા

બે શ્લોકો સાથે સીધો મેળ બેસી જાય છે. 'અનુગીતા'નો પ્રવેશ મહાભારતની સંકલનામાં ભીષ્મ-પર્વમાં ગીતાના પ્રવેશ પછી પણ સારો એવો સમય ગયા બાદ થયેલો કહી શકાય એમ છે. રચના પણ પૌરાણિક પ્રકારની બોદી અને ઢીલી છે. આ પર્વમાં બીજે પણ જ્યાં ક્યાંય શ્રીકૃષ્ણનું પૌરાણિક કોટિનું માહાત્મ્ય હોય તે ઇતિહાસનો વિષય બનતું નથી.

૫૨મા અધ્યાયના ૪થા શ્લોકથી ૫૮મા અધ્યાયના ૨જા શ્લોક સુધીનો શુકનો તેમ જ ઉત્તંકનો પૌરાણિક પ્રસંગ હોઈ જતો કરવાનો છે. ૫૨મા અ.નો ૪થો શ્લોક ૫૮મા અ.ના ૩જા શ્લોક સાથે સીધેસીધો જોડાઈ જાય છે.

૬૧મા અધ્યાયનો ૩જો શ્લોક ૬૦ લાખ બ્રાહ્મણોના ભોજનવાળો જતો કરી ૯મા શ્લોકથી લઈ ૬૪મા અધ્યાયના અંત સુધીનું, વ્યાસજીનુ આગમન વગેરે, વળી અશ્વમેધની તૈયારી માટે ઉત્તર દિશામાંથી દ્રવ્ય લાવવાનું, ત્ર્યંબકને નૈવેદ્ય વગેરે પૌરાણિક પ્રકારનું હોઈ ગ્રાહ્ય બની શકતું નથી. ૬૫મા અધ્યાયમાં ૮મા શ્લોકથી બ્રહ્માસ્ત્રથી ઉત્તરાના ગર્ભનું પીડન વગેરે છેલ્લા ૨૯મા શ્લોક સુધીનો ભાગ પણ સ્વીકાર્ય થઈ શકે એમ નથી.

અધ્યાય ૬૬મો અને ૬૭મો, ઉપરાંત ૬૮મો—પૃથાનો શોક, ઉત્સાહ, એ પણ જતું કરવાનું. ૬૯માનો ૧૧મો શ્લોક અ. ૬૫ના ૮મા શ્લોકનું અનુસંધાન સાચવી આપતો હોઈ જાળવી રાખવાનો છે. ૭૦મા અધ્યાયના આરંભમાં કૃષ્ણ વગેરે નગર સમીપ આવ્યાનું વગેરે નિરર્થક છે; ૧૦-૧૧-૧૨ ત્રણ જ શ્લોક ગ્રાહ્ય છે. ૭૧મા અ.નો ૧લો શ્લોક દૂર થતાં અનુસંધાન બરોબર મળી રહે ૭૨માથી ૯૧મા અધ્યાય સુધીમાં પણ અસ્વાભાવિક અને અસંભવિત પ્રકારનાં વિધાનો, નાના પ્રસંગો વગેરે–છેક ૯૧માં વ્યાસજી પૂત્રવધૂને મળ્યા અને પોતાનો હિસ્સો કુન્તીને બક્ષિસ આપ્યો વગેરે વાતો પણ અસંગત–તેમ જ બભ્રૂવાહનને લગતાં વિધાન પણ અસંગત.

આ રીતે તારવણી કરતાં 'જયસંહિતા'માં નીચે પ્રમાણે શ્લોકસંખ્યા વ્યક્ત થાય છે:

| પર્વ | અંકિત શ્લોક | પંક્તિઓ | દ્વિપંક્તિ શ્લોક |
|---|---|---|---|
| ૧ આદિ | ૧,૬૪૩ | ૩,૩૫૯ | ૧,૬૭૯ ૧/૨ |
| ૨ સભા | ૧,૫૨૭ | ૩,૧૦૭ | ૧,૫૫૩ ૧/૨ |
| ૩ આરણ્યક | ૯૯૦ | ૨,૦૪૩ | ૧,૦૨૧ ૧/૨ |
| ૪ વિરાટ | ૧,૦૬૩ | ૨,૧૮૬ | ૧,૦૯૩ |
| ૫ ઉદ્યોગ | ૨,૩૧૦ | ૪,૬૮૭ | ૨,૩૪૩ ૧/૨ |
| ૬ ભીષ્મ | ૩૫ | ૭૦ | ૩૫ |
| ૭ દ્રોણ | ૧૨૩ | ૨૪૯ | ૧૨૪ ૧/૨ |
| ૮ કર્ણ | ૧૨૯ | ૨૬૭ | ૧૩૩ ૧/૨ |
| ૯ શલ્ય | ૫૮ | ૧૨૩ | ૬૧ ૧/૨ |
| ૧૧ સ્ત્રી | ૧૧૯ | ૨૫૧ | ૧૨૫ ૧/૨ |
| ૧૪ આશ્વમેધિક | ૬૨૨ | ૧,૨૭૬ | ૬૩૮ |
| | ૮,૬૧૯ | ૧૭,૬૧૮ | ૮,૮૦૯ |

# ૨. ભારતસંહિતા

'ભારતસંહિતા'ની દૃષ્ટિએ વિચાર કરતાં ભીષ્મપર્વમાં શું ગ્રાહ્ય અને શું અગ્રાહ્ય એનો નિશ્ચય કરવાનું ઉપસ્થિત થાય છે. ૪૨મા અધ્યાયમાં નજર નાખતાં જોવા મળે છે કે યુદ્ધનો આરંભ ત્યાંથી જ થાય છે, જેમ કે—

धृतराष्ट्र उवाच ।

एवं व्यूढेष्वनीकेषु मामकेष्वितरेषु च । के पूर्वं प्राहरंस्तत्र कुरवः पाण्डवास्तथा ॥ १

संजय उवाच ।

भ्रातृभिः सहितो राजन् पुत्रो दुर्योधनस्तव । भीष्मं प्रमुखतः कृत्वा प्रययौ सह सेनया ॥ २

तथैव पाण्डवाः सर्वे भीमसेनपुरोगमाः । भीष्मेण युद्धमिच्छन्तः प्रययुर्हृष्टमानसाः ॥ ३

અને યુદ્ધ શરૂ થઈ ગયું, જ્યાં—

तस्मिंस्तु तुमुले युद्धे वर्तमाने महाभये । अति सर्वाण्यनीकानि पिता तेऽभिव्यरोचत ॥ ३०

ઉપરના આરંભનો વિચાર કરતાં ઉદ્યોગપર્વના ૧૫૬મા અધ્યાયનો, આ પૂર્વે સૂચિત થયેલો, જનમેજયની ઉક્તિનો તથા व्यूढेष्वनीकेषु कुरुक्षेत्रे द्विजर्षभ એ શ્લોક જેમ યાદ આવે છે તે પ્રમાણે ભીષ્મપર્વના આરંભનો, ૧લા અધ્યાયનો, જનમેજયની ઉક્તિનો—

कथं युयुधिरे वीराः कुरुपाण्डवसोमकाः । पार्थिवाश्च महाभागा नानादेशसमागताः ॥ १

એ જિજ્ઞાસાત્મક શ્લોક અને ૨૨મા અધ્યાયના છેલ્લા નીચેના શ્લોક પણ યાદ આવે છે:

धृतराष्ट्र उवाच ।

केषां प्रहृष्टास्तत्राग्रे योधा युध्यन्ति संजय । उदग्रमनसः केऽत्र के वा दीना विचेतसः ॥ १७

के पूर्वं प्राहरंस्तत्र युद्धे हृदयकम्पने । मामकाः पाण्डवानां वा तन्ममाचक्ष्व संजय ॥ १८

कस्य सेनासमुदये गन्धमाल्यसमुद्भवः । वाचः प्रदक्षिणाश्चैव योधानामभिगर्जताम् ॥ १९

संजय उवाच ।

उभयोः सेनयोस्तत्र योधा जहृषिरे मुदा । स्रग्धूपपानगन्धानामुभयत्र समुद्भवः ॥ २०

संहतानामनीकानां व्यूढानां भरतर्षभ । संसर्पतामुदीर्णानां विमर्दः सुमहानभूत् ॥ २१

वादित्रशब्दस्तुमुलः शङ्खभेरीविमिश्रितः । कुञ्जराणां च नदतां सैन्यानां च प्रहृष्यताम् ॥ २२

અહીં संहतानामनीकानां व्यूढानां (શ્લો. ૨૧)નો જો બરોબર ખ્યાલ કરવામાં આવે તો ૪૨મા અધ્યાયના આરંભનો एवं व्यूढेष्वनीकेषु (શ્લો. ૧)નું જેમ અનુસંધાન મળી રહે છે તેનાથી પણ વિશેષ ઉપરના के पूर्वं प्राहरंस्तत्र...मामकाः पाण्डवानां वा (શ્લો. ૧૮) એ શ્લોકના પ્રશ્નની પુનરુક્તિ સ્પષ્ટ રીતે માલૂમ પડી આવે છે. આ પરિસ્થિતિમાં કાં તો ૪૨મા અધ્યાયનો ૧લો શ્લોક જતો કરવો પડે યા તો ૨૨મા અધ્યાયના ૧૭ થી ૨૨ શ્લોક જતા કરવા પડે. ગંધમાલ્યના

સમુદ્દભવ વિશેની જિજ્ઞાસા યુદ્ધને ટાંકણે કાંઈ જચતી નથી એટલે આ શ્લોકો જતા કરી શકાય એમ છે; કારણ એ પણ છે કે ૨૨મા અધ્યાયના ૧ થી ૪ શ્લોકમાં યુધિષ્ઠિરનું સૈન્ય પણ ગોઠવાઈ ગયેલું છે અને એના જ અનુસંધાનમાં ૪૨મા અધ્યાયના ૧લા શ્લોક **एवं व्यूढेष्वनीकेषु**થી શરૂ થતો યુદ્ધપ્રસ્તાવ બરોબર બંધ બેસી રહે છે.

અહીં એ વસ્તુ પણ ધ્યાનમાં લેવા જેવી છે કે ૪૧મા અધ્યાયમાં તો રાજા યુધિષ્ઠિર પોતાના ગુરુજનો–વડીલો પાસે આશીર્વાદ લેવા જાય છે, અર્થાત્ હજી યુદ્ધારંભ થયો જ નથી, અને નોંધપાત્ર તો એ છે કે દક્ષિણની વાચનાઓમાં આ ૪૧મો અધ્યાય ભગવદ્ગીતાના આરંભની પહેલાં જોવા મળ્યો છે ('ભીષ્મપર્વ'ની ભાં. ઓ. રિ. ઈન્સ્ટિટ્યૂટની અધિકૃત વાચના, પૃ. ૧૧૩ની પાદટીપ : After adhy. 22, S reads adhy. 41, followed by the Bhagavadgītā, adhy. 6.23-40. ). ઉત્તર અને દક્ષિણની વાચનાઓ જે કોઈ યુગમાં જુદી પડી ત્યારે 'ભગવદ્ગીતાનું કોઈ પણ સ્વરૂપ હજી ભીષ્મપર્વમાં આમેજ નહોતું થયું' એમ કહી શકાય ખરું ? ૪૨મા અધ્યાયનો આરંભનો શ્લોક ગીતાના પહેલા શ્લોક સાથે સંગતિ સાધી આપી શકે ખરો ? એનાથી પણ વિશેષ, ગીતાના પહેલા અધ્યાયનો (ભીષ્મપર્વના ૨૩મા અધ્યાયનો) **प्रवृत्ते शस्त्रसंपाते**—શસ્ત્રસંપાત શરૂ થઈ ચૂકયો હતો અર્થાત્ યુદ્ધનો આરંભ થઈ ચૂકયો હતો એનો, ૪૨મા અધ્યાયમાં યુદ્ધ હજી શરૂથાય છે: **तस्मिंस्तु तुमुले युद्धे वर्तमाने** (શ્લોક ૩૦)—યુદ્ધ શરૂ થઈ રહ્યું છે, એની સાથે મેળ મળે છે ખરો ? દક્ષિણ કે ઉત્તરની કોઈ પણ વાચના આ પ્રશ્નનો હકારમાં જવાબ આપવા શક્તિમાન નથી. અને મહાભારતના ભીષ્મપર્વ ઉપરની અર્જુનમિશ્રની ટીકામાં ભગવદ્ગીતા ઉપર ટીકા મળતી નથી; એને સ્થાને લહિયાઓએ શ્રીધરની ટીકા દાખલ કરી લીધેલી છે (ભીષ્મપર્વ—અ. ૨૩માની પાદટીપ, પૃ. ૧૧૪). આમાંથી ફલિત તો એ થાય છે કે દક્ષિણ અને ઉત્તરની વાચનાઓના બે પ્રકાર અલગ થયા પછી ભગવદ્-ગીતાનો સમગ્ર પાઠ—કોઈ જૂના ઉપનિષદો ના સમૂહરૂપે કોઈ એક સ્વરૂપમાં હતો તે—વચ્ચે ગોઠવી લેવામાં આવ્યો. એમ કરતી વેળા ગીતાના ૧લા અધ્યાયના ૧થી ૧૯ સુધીના—ધૃતરાષ્ટ્રના પ્રશ્નનો પહેલો શ્લોક અને સંજયના ૨થી ૧૯ સુધીના—આરંભે અને ૧૮મા અધ્યાયના અંત-ભાગના સંજયના ૭૪થી ૭૮ એ પાંચ શ્લોક સાંધા તરીકે રચી લેવામાં આવ્યા. ગીતા આજના સ્વરૂપમાં છે તેવી જ હતી કે એમાં પરિવર્તન—ઉમેરણ જેવું કાંઈક થયું છે એ વિષે પશ્ચિમના તેમ જ પૂર્વના વિદ્વાનોએ ઘેરી વિચારણા કરી છે. એવા કોઈ ઊંડાણમાં ન ઊતરતાં અહીં સ્વ. ડૉ. બેલ્વેલકરના નીચેના શબ્દ જ ધ્યાનમાં લઈએ તો સૂચક ખ્યાલ આવી શકશે જ; એ શબ્દો :

To turn to the first, it will clarify issues if we admit at the outset that the poem may have undergone elaborations in part. Thus the first 19 verses of introduction, or the last 5 verses of the conclusion, or the second at least of the two 'vibhūtivarṇas' *viz.* in stanzas VII. 8-II and again more elaborately in the last 30 verses or so of Chapter X, or the doctrine of the Devayāna and Pitṛyāṇa paths in VIII. 23-27,or the symbolical application of the "Sattva-Rajas-Tamas" division of the formula *Oṁ tat sat* in the last six verses of Chapter XVII, and even a large number of other "Paurāṇic" passages from the poem may have been subsequently inserted into it" (Basu Mallik a Lecturers on Vedānta, 1925 : Lecture III, Vadānta in the Bhagavadgītā, p. 93 ).

ડૉ. બેલ્વેલકરનો કહેવાનો આશય એ છે કે —

| | | |
|---|---|---|
| અ. | ૧લાના | ૧ થી ૧૯ = ૧૯ શ્લોક |
| અ. | ૭માના | ૮ થી ૧૧ = ૪ શ્લોક |
| અ. | ૮માના | ૨૩ થી ૨૭ = ૫ શ્લોક |
| અ. | ૧૦માના | ૧૨ થી ૪૨ = ૩૧ શ્લોક |
| અ. | ૧૭માના | ૨૩ થી ૨૮ = ૬ શ્લોક |
| અ. | ૧૮માના | ૭૪ થી ૭૮ = ૫ શ્લોક |
| | | ૭૦ |

આ ૭૦ ઉપરાંત 'પૌરાણિક' પ્રકારના બીજા મોટી સંખ્યાના શ્લોક પણ પ્રક્ષિપ્ત હોય. કયા એ એમણે તારવ્યા નથી; આપણે પણ અહીં તારવવાનું કોઈ પ્રયોજન નથી. મહાભારતના ભીષ્મપર્વમાં ભગવદ્‌ગીતાનો પ્રવેશ કરતી વેળા સંપાદકે જે કાંઈ કર્યું તે રૂપ દક્ષિણ-ઉત્તર બંનેની વાચનાઓમાં સ્વીકારવામાં આવ્યું, અને કાશ્મીરી વાચનામાં તો વળી પણ કેટલુંક વિશેષ ઉમેરણ થયું, પરંતુ આવી વિશિષ્ટ ચર્ચા અહીં અપ્રસ્તુત છે. (મારા "શ્રીમદ્‌ભગવદ્‌ગીતાઃ તાત્ત્વિક અભ્યાસ" એ મુદ્રિત થયે જતા ગ્રંથમાં આ વિશે વિશદતાથી જાણવા મળશે.)

એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે ગીતાના પ્રથમના ૧૯ શ્લોકોમાંના ૧૨થી ૧૯ના શંખધ્વનિકરણવાળા શ્લોક થોડા જ પાઠભેદથી ભીષ્મપર્વના ૪૭મા અધ્યાયના ૨૨થી ૨૯માં પુનરાવર્તનના રૂપમાં જોવા મળે છે. હકીકતે તો એ ૪૭મા અધ્યાયમાં એ સ્થળે બંધ બેસતા શ્લોક ગીતાના નવસંસ્કરણ વખતે ગીતામાં આમેજ કરી લેવામાં આવ્યા છે.

ત્યારે ભીષ્મપર્વના અ. ૧થી ૪૧ સુધીનો વિવેચનના ધોરણે સિદ્ધાંતોની દૃષ્ટિએ વિચાર કરતાં 'ભારતસંહિતા'ને નિમિત્તે, 'જયસંહિતા'માં લેવા પાત્ર, ઉપર યથાસ્થાન બતાવેલા, ૩૫ શ્લોકો ઉપરાંત શું લેવું અને શું છોડી દેવું એ વિચારવું સ્વાભાવિક બને છે.

આ પૂર્વે એ બતાવ્યું છે કે ઉદ્યોગપર્વના ૧૫૬મા અધ્યાયમાં ધૃતરાષ્ટ્ર-સંજયનો યુદ્ધવર્ણન વિશેનો સંવાદ શરૂ થઈ જાય છે. 'જયસંહિતા'ની દૃષ્ટિએ એ ૧૫૬મા અધ્યાયથી ઉદ્યોગપર્વના અંત સુધીનું કશા કામનું ન હોવા છતાં 'ભારતસંહિતા'ની દૃષ્ટિએ કેટલુંક લેવું જરૂરી બને એમ છે, અને 'ભીષ્મપર્વ' સાથે એનો કયા પ્રકારનો મેળ છે એ પણ નક્કી કરવાનું પ્રસ્તુત થઈ પડે છે. આ રીતે અહીં આપણે પ્રથમ વ્યાસે સંજયને આપેલી **દિવ્યદૃષ્ટિ** વિશે વિચારી લઈએ.

એ ધ્યાનમાં રાખવા જેવું છે કે ઉદ્યોગપર્વના ૧૯૪મા અધ્યાય સુધી સંજય ધૃતરાષ્ટ્રને ઉલૂકયાન, રથાતિરથસંખ્યા અને અંબોપાખ્યાન કહે છે તેમાં 'દિવ્યદૃષ્ટિ'નો કોઈ પ્રસંગ ઊભો થતો નથી. (૧૯૫થી ૧૯૭ એ ત્રણ અધ્યાય તો વૈશંપાયનની સ્વતંત્ર ઉક્તિઓના છે એટલે એનો કોઈ વિચાર પ્રસ્તુત નથી. ભીષ્મપર્વનો ૧લો અધ્યાય પણ જનમેજયના પ્રશ્ન અને એના વૈશંપાયનના જવાબનો છે એટલે એ પણ પ્રસ્તુત નથી.) 'દિવ્યદૃષ્ટિ'નો પ્રસંગ ઊભો થાય છે

ભીષ્મપર્વના ૨જા અધ્યાયથી. ધૃતરાષ્ટ્ર અને સંજય પૂર્વવત્ બેઠા છે ત્યાં વ્યાસજી આવી પહોંચે છે અને 'આ કાલકૃત વિનાશ તરફ રાજાઓ દોટ મૂકી રહ્યા છે એના પરિણામ વિશે તારે શોક કરવાનો નથી. સંગ્રામ જોવાની તારી ઇચ્છા હોય તો હું તને 'ચક્ષુ' આપું' એમ કહે છે (શ્લોક. ૪ થી ૬). ધૃતરાષ્ટ્ર જ્ઞાતિવધ નજરે જોવા તૈયાર નથી, પણ સાંભળવા માટે ઉત્સુક હોવાનું કહે છે (શ્લોક. ૭), એટલે પછી વ્યાસજી 'दिव्येन चक्षुषा બધું એ જોઈ શકશે અને તને કહેશે' એ રીતે સંજયને દિવ્યદૃષ્ટિ આપે છે. આ પછી પ્રસંગને તદ્દન અસંગત એવાં જંબૂખંડ-વિનિર્માણ (અપશકુન અને પછી જંબૂખંડના દેશોનું વર્ણન, અ. ૨ થી ૧૧) અને ભૂમિપર્વ (દ્વીપોની વિગત, અ. ૧૨ અને ૧૩) એ બે પેટાપર્વ શરૂમાં વ્યાસના મુખથી અને પછી સંજયના મુખથી અપાયાં છે. ૧૪મા અધ્યાયથી 'ભગવદ્ગીતા' પેટાપર્વ શરૂ થાય છે, જ્યાં આરંભમાં જ प्रत्यक्षदर्शी सर्वस्य અને भूतभव्यभविष्यविद् સંજય યુદ્ધમાંથી આવી ભીષ્મના હનનના માઠા સમાચાર આપે છે. એ સાંભળી ૧૫મા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની માનસિક બળતરા અને ૧૬માથી સંજયના મુખથી યુદ્ધના પ્રસંગોના વર્ણનનો આરંભ થાય છે, જે સૌપ્તિકપર્વના ૯મા અધ્યાયના ૫૮મા શ્લોકે પૂર્ણ થાય છે—જે બધું જ 'દિવ્યદૃષ્ટિ'ના જોર ઉપર જ સંજય કહે છે એમ સમજી લેવાનું રહે છે. સૂચક એ છે કે સંજય અઢારે દિવસના યુદ્ધમાં એક યોદ્ધા તરીકે ભાગ લઈ રહેલો નિરૂપાયો છે અને ચાર ટુકડે આવી ધૃતરાષ્ટ્રને યુદ્ધનાં વર્ણન કહે છેઃ

૧. ભીષ્મ હણાયા પછી ૧૦મા દિવસની રાતે, ૨. દ્રોણ હણાયા પછી ૧૫મા દિવસની રાતે, ૩. કર્ણ હણાયા પછી ૧૭મા દિવસની રાતે, અને ૪. શલ્ય હણાયા પછીથી લઈ ભીમને હાથે દુર્યોધનનો વધ અને એ છેલ્લા અઢારમા દિવસની રાતે અશ્વત્થામા–કૃપાચાર્ય–કૃતવર્માને હાથે ધૃષ્ટદ્યુમ્ન વગેરે સમગ્ર યોદ્ધાઓ—દ્રૌપદીના પાંચે પુત્રો સહિતનાઓ—ની કરપીણ હત્યા પણ પતી ગયા પછી ૧૯મા દિવસના સવારમાં. (ડૉ. બેલ્વેલકરે ભાં. ઓ. રિ. ઇન્સ્ટિટ્યૂટના 'એનાલ્સ'–ગ્રન્થ ૨૭, પૃ. ૩૧૦-૩૩૧માં 'સંજયની દિવ્ય દૃષ્ટિ' ઉપર વેધક પ્રકાશ પાડતો અંગ્રેજી લેખ છપાવ્યો છે તેમાં 'દિવ્ય દૃષ્ટિ'ની અનાવશ્યકતા તરફ ખાસ ધ્યાન દોર્યું છે.) કહેવાની જરૂર નથી કે 'ભારતસંહિતા'ના સંકલયિતાને તો આવી કોઈ 'દિવ્ય દૃષ્ટિ'નો ખ્યાલ હશે નહિ, કેવળ પોતાની વિશિષ્ટ કોટિની પ્રતિભાના બળ ઉપર જ અસંભવ કોટિનાં દ્વંદ્વ અને સંકુલયુદ્ધોનું કાવ્યમય વર્ણન જ પ્રસ્તુત કર્યું હશે; મહાભારતનું સ્વરૂપ આપનારા કવિએ આવાં વર્ણનો અને યોદ્ધાઓના સંવાદો તેમ જ પ્રસંગોની ઝીણામાં ઝીણી વિગતો, એકાંતમાં થતાં સંવાદો અને મસલતો વગેરેને 'એ તદ્દન સાચાં છે' એવી વિશિષ્ટ પ્રકારની છાપ ઊભી કરવા 'દિવ્ય દૃષ્ટિ'નું આયોજન કર્યું. હકીકતે તો સંજયના પાત્ર દ્વારા 'ભારતસંહિતા'ના સંકલયિતાએ પોતાની જ કવિપ્રતિભાનો પ્રબળ ચમત્કાર કાવ્યના રૂપમાં મૂક્યો છે, જેમાં સંજયને ધૃતરાષ્ટ્ર સમક્ષ વર્ણન કરતો બતાવ્યો છે, અને એ પણ યુદ્ધમાં જાતે ભાગ લેતો અને એમાંથી આવી ધૃતરાષ્ટ્રને કહી જતો નિરૂપ્યો છે. એ સંકલયિતાની પોતાની પ્રબળ કલ્પનાત્મક કવિપ્રતિભાને પૌરાણિક સ્પર્શ આપવાના મોહમાં 'મહાભારત'ના એ સંકલયિતાએ 'દિવ્ય દૃષ્ટિ' ઉમેરી આપી કે જે પ્રસંગ જ્યાં અપાયો છે ત્યાં અસંગત હોય એવો જ અનુભવ થાય છે.

ઉદ્યોગપર્વના ૧૫૬મા અધ્યાયમાં ધૃતરાષ્ટ્ર-સંજયનો સંવાદ શરૂ થતાં સંજય त्वद्युक्तोऽयमनुप्रश्नः (શ્લો. ૮થી ૧૨માનો પૂર્વાર્ધ) વગેરે કહે છે તેના તે ભીષ્મપર્વના ૧૬મા અધ્યાયના

આરંભમાં (શ્લો. ૧થી ૫માનો પૂર્વાર્ધ) જોવા મળે છે. ઉદ્યોગપર્વમાં ત્યાં (૧૨મા શ્લોકનો) ઉત્તરાર્ધ वैशसं समरे वृत्तं यत् तन्मे शृणु सर्वशः। એ પ્રકારે મળે છે, તો ભીષ્મપર્વમાં ત્યાં (૫મા શ્લોકનો) ઉત્તરાર્ધ प्रत्यक्षं यन्मया दृष्टं दृष्टं योगबलेन च। એવો મળે છે અને ત્યાં સંજય નવું મંગલાચરણ કરી વર્ણન શરૂ કરે છે; જેમ કે

नमस्कृत्वा पितुस्तेऽहं पाराशर्याय धीमते। यस्य प्रसादाद् दिव्यं मे प्राप्तं ज्ञानमनुत्तमम्॥ ૭

—અત્યંત સ્પષ્ટ છે કે ૧૫મા અધ્યાયના છેલ્લા શ્લોકમાં ધૃતરાષ્ટ્ર यथा तदभवद् युद्धं कुरुपाण्डवसेनयोः (૧૫-૭૫) એમ જાણવા ચાહે છે તેનો સીધો જવાબ ૧૬મા અધ્યાયના शृणु मे विस्तरेणेदं ...महद् युद्धं (૧૬-૧૦) એ શબ્દોથી શરૂ થાય છે, અને ૧થી ૯ શ્લોક નિરર્થક થઈ પડે છે.

ભીષ્મપર્વમાં એક બીજો પ્રસંગ આવે છે: ત્રીજા દિવસના યુદ્ધમાં અને પછી દસમા દિવસના યુદ્ધમાં ભીષ્મે ગુસ્સે કરેલા કૃષ્ણ ભીષ્મનો સંહાર કરવા ધસી જાય છે. એ. ૫૫મા અધ્યાયના ૩૪થી ૬૬ સુધીના શ્લોક અધ્યાય ૧૦૨ના ૨૪થી ૫૨ (૪ ઓછા છે) તેના તે છે. ડૉ. બેલ્વેલકરે સબળ રીતે બતાવ્યું છે કે એ પ્રસંગ દસમા દિવસના યુદ્ધને જ બંધ બેસે છે (ડૉ. બેલ્વેલકર: Mahābhārata Text Transmission: Problem No. 3. Annals of B.O.R.I., vol. XXVI, pp. 106–119).

ઉદ્યોગપર્વના ૧૫૬મા અધ્યાયથી સ્ત્રીપર્વના અંતસુધીમાં, યુદ્ધના સમગ્ર પ્રસંગને સમાવી લઈને, ઇતિહાસને અણીશુદ્ધ રીતે સાચવી રાખતો શ્લોકસમૂહ તારવવામાં આવ્યો છે એ અત્રતત્ર થોડી વિગત સાથે અહીં આપવાનો પ્રયત્ન છે.

**ઉદ્યોગપર્વ**: 'જયસંહિતા' અને 'ભારતસંહિતા'ને માટે ૧૫૫મા અધ્યાય સુધીની તારવણી બાદ અ. ૧૫૬થી ૧૬૯ તારવી લેવામાં આવ્યા છે, જેમાં ૩૪૭ શ્લોકો છે તેમાંથી ૩૨૫ વિશુદ્ધ શ્લોક મળે છે.

અ. ૧૭૦થી ૧૯૩ તો અંબોપાખ્યાન છે એને કારણે એ 'ભારતસંહિતા'નો ભાગ બની શકતું નથી. ૧૯૪મા અધ્યાયમાં દિવ્ય અસ્ત્રોના પ્રતાપની વાત છે અને ૧૯૫મામાં ૧૯૪મા અધ્યાયની વિગતનો પ્રત્યાઘાત છે, જ્યારે ૧૯૬–૧૯૭ સૈન્યોની જમાવટ, શિબિરની જમાવટ વગેરે વધારા પડતી વાતો આપનાર હોઈ વધી પડે છે.

**ભીષ્મપર્વ**: ૧લો અધ્યાય જનમેજયના પ્રશ્નના જવાબરૂપે છે તેના ૩૪ શ્લોકમાંથી અસંગત શ્લોક જતાં ૨૫ બચે છે. એ પછી ૨થી ૧૩ સુધીના, ઉપર બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે, 'જંબૂખંડવિનિર્માણ' અને 'ભૂમિપર્વ'ના અસંગત છે. ૧૪મા અધ્યાયના ૧લા શ્લોકનો ઉત્તરાર્ધ સંજયને प्रत्यक्षदर्शी सर्वस्य અને भूतभव्यभविष्यविद् કહે છે અને ૭મો ભીષ્મને જમદગ્નિના પુત્ર પરશુરામની સાથે થયેલા યુદ્ધની ઐતિહાસિક વાત કહેતો હોઈ એમ દોઢ શ્લોક જતો કરવો પડે છે. ૧૫માના ધૃતરાષ્ટ્રના ઉદ્‌ગારોના ૭૫ શ્લોકમાંથી છૂટાછવાયા ૧૫ જ ગ્રાહ્ય છે. ઉપર બતાવ્યું છે તેમ ૧૬માના ૧ થી ૯ ઉદ્યોગપર્વના ૧૫૬ના શ્લોકોથી બેવડાય છે તેથી સ્વીકાર્ય નથી બનતા; બાકીના ૪૬ સુધીના સ્વીકાર્ય છે. ૧૭,૧૮,૧૯,૨૦,૨૧માંથી ૧૨૩ અને ૨૨માના તો શરૂના માત્ર ૪ શ્લોકો જ સંગત છે. ગીતાના ૨૩થી ૪૦ અને ૪૧મો પણ અગ્રાહ્ય. આ રીતે

ભીષ્મપર્વના ૧થી ૪૧ અધ્યાયોના ૧,૫૫૩ શ્લોકમાંથી 'ભારતસંહિતા'ને માટે માત્ર ૨૧૫ શ્લોક જ ગ્રાહ્ય કોટિના છે. ભીષ્મપર્વના ૪૨મા અધ્યાયથી છેલ્લા ૧૧૭મા અધ્યાય સુધીના બાકીના ૩,૮૪૯ શ્લોકમાંથી અસ્વાભાવિક અને અસંગત શ્લોકો બાદ જતાં ૩,૦૫૮ ગ્રાહ્ય બને છે, જે સમગ્ર ભીષ્મપર્વમાંથી ૩,૨૭૩ શ્લોક લાવી આપે છે. જે આખા ને આખા પ્રસંગો નીકળી જાય છે તે અ. ૬૧થી ૬૪ છે, જેમાં પાંડવોના અવધ્યપણાની વાત ભીષ્મ પૌરાણિક પ્રકારે કહી બતાવે છે. આ 'ઇતિહાસ'નો વિષય સર્વથા નથી. અ. ૮૧મો સાહિત્યિક યુગના ઉપજાતિ-વૃત્તનો હોઈ પ્રાચીન નથી, અને અ.૧૧૬મો ભીષ્મની બાણશય્યાને લગતો તેમ જ દિવ્યાસ્ત્રના ચમત્કારને લગતો હોઈ અસંગત છે અને તેથી બેઉ જતા કરવા લાયક છે.

**દ્રોણપર્વ :**—અધ્યાય ૧લામાં ૪૯માંથી ૩૯ શ્લોક ગ્રાહ્ય છે. ૩૪થી ૪૧ અને ૪૩, ૪૪ એ ૧૦ શ્લોક કર્ણનું ભીષ્મે અપમાન કર્યા વિશેના અહીં નિરર્થક છે. અ. ૨જો-૩જો કર્ણની કૌરવો પાસે આવી અગ્રત્વ લેવાની સજ્જતા અને બાણશય્યા ઉપર સૂતેલા ભીષ્મના આશીર્વાદ લેવા આવવું, અને ૪થામાં કર્ણને ભીષ્મના આશીર્વાદ. ભીષ્મપર્વના છેલ્લા અધ્યાયોમાં આ વસ્તુ આવી ગયેલી હોઈ અહીં નિરર્થક છે. માત્ર ૪થા અધ્યાયના છેલ્લા ત્રણ જ શ્લોક કામના છે. ૫મા અધ્યાયના ૪૦માંથી ૩૩, ૬ઠ્ઠા અધ્યાયના ૪૩માંથી ૨૪ (છેલ્લો ૪૩મો તો 'માલિની' વૃત્તનો હોઈ સર્વથા અગ્રાહ્ય), અને ૭મા અ.ના ૩૬માંથી ૨૪ ગ્રાહ્ય છે. આમ અ. ૧થી ૭ સુધીના શ્લોક ૨૪૩માંથી માત્ર ૧૩૧ લેવા યોગ્ય છે. ૮-૯-૧૦ એ ત્રણ અધ્યાય ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસા અને વાસુદેવનાં દિવ્ય કર્મનું વર્ણન આપતા હોઈ અપ્રસ્તુત છે. અ. ૨૨-૨૩ રથનાં ચિહ્ન અને અશ્વો વિશેના, ધૃતરાષ્ટ્રની શ્રવણજિજ્ઞાસા અપ્રસ્તુત છે. અ. ૫૩થી ૬૦ સુધીમાં અર્જુને જયદ્રથને સૂર્યાસ્ત પહેલાં મારવાની પ્રતિજ્ઞાની ભયંકરતા કૃષ્ણે બતાવી એ અંગે પ્રતિજ્ઞા લેવાની વગેરે વાતો સર્વથા પૌરાણિક પ્રકારની હોઈ એ આઠે અધ્યાય જતા કરવા પાત્ર. અ. ૬૧માના બે શ્લોક (૧–૨) રાખી આખો અધ્યાય અને ૬૨મો અધ્યાય ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસા અને સંજયના ખુલાસાના અપ્રસ્તુત છે. અ. ૮૦મો ધ્વજોના વર્ણનનો વચ્ચે આડખીલીરૂપ છે. ૮૯મા અધ્યાયમાં ભીષ્મપર્વના ૭૨મા અધ્યાયના ૧–૧૮ શ્લોક વાળો ભાગ ૧ થી ૧૪ માં બેવડાય છે; ૨૧થી છેલ્લા ૪૩ સુધીના અસંગત છે; એ પ્રમાણે અ. ૯૦ના શરૂના ૫ શ્લોક સંજયની શિખામણના પણ અપ્રસ્તુત છે. અ. ૯૪મો સાહિત્યિક ઉપજાતિનો હોઈ અગ્રાહ્ય છે. ૧૧૯ મા અધ્યાયમાં સાત્યકિની દૈવી ઉત્પત્તિની કથા હોઈ અને ૧૭૩મા અધ્યાયમાં વ્યાસના મુખે શિવમાહાત્મ્યકથન હોઈ બંને પૌરાણિક કોટિએ અગ્રાહ્ય.

દ્રોણપર્વના ૧૧મા અધ્યાયથી છેલ્લા ૧૭૩મા અધ્યાય સુધીના ૭,૭૩૬ શ્લોકોમાંથી અસંગત, પૌરાણિક પ્રકારના અને સાહિત્યિક ઉપજાતિના શ્લોકો નીકળી જતાં બાકી ૫,૭૨૪ ગ્રાહ્ય કોટિના છે, જે અ. ૧થી ૭ના લીધેલા ૧૩૧ શ્લોકો સાથે મળી દ્રોણપર્વમાંથી ૫,૮૫૫ ગ્રાહ્ય કોટિના રહે છે.

**કર્ણપર્વ :** ૧લો અને ૨જો અધ્યાય ઉત્તર-દક્ષિણની વાચનાઓમાં સદંતર જુદો પાઠ ધરાવે છે અને તેથી એ પાછળથી સાંધો મેળવવા ભિન્ન ભિન્ન રીતે ઉમેરાયેલ છે. આમ છતાં કથાનો દોર મેળવવા ૧લા અધ્યાયના ૨૫ થી ૩૦, ૩૨, ૩૩ અને ૪૯ એ શ્લોકનો સમાદર કરવો

જરૂરી બને છે, સંજય આવે છે માટે. બાકીના નીકળી જતાં ચાલુ વાર્તાપ્રવાહ વિક્ષુબ્ધ થતો નથી. આરંભ ૩જા અધ્યાયથી થાય છે. અ. ૩જો ૧૪ શ્લોકનો આખો અને અ. ૪થાના ૧૦૮માંથી ૧૦૬ સ્વીકારવા પાત્ર છે. ૫મા અધ્યાયમાંથી ૧૦૮-૧૦૯ એ બે જ શ્લોક ગ્રાહ્ય બને છે. આ પછી ૧૦મો અધ્યાય એક વાર મરાઈ ગયેલા ચિત્રસેન અને ચિત્રની સાથેના યુદ્ધને લગતો છે, ૧૩મામાં અસ્વાભાવિક 'માયાયુદ્ધ'ની વાત છે, અધ્યાય ૨૪મામાં દુર્યોધન અને મદ્રરાજ વચ્ચેની પૌરાણિક કોટિની વાત છે, ૨૯મા-૩૦મા અધ્યાયો કર્ણ-શલ્યના સંવાદના અસ્વાભાવિક છે, અ. ૪૬થી ૫૪ સુધીનામાં યુધિષ્ઠિર અને અર્જુન વચ્ચેના કર્ણના વધ-અવધને લગતા સંવાદના, ભાર્ગવાસ્ત્રના અનુસંધાનના જ હોઈ બેસતા નથી; યુધિષ્ઠિરનાં વચનોથી કુપિત અર્જુન યુધિષ્ઠિરને મારવા જાય, કૃષ્ણ આડા પડે, અને કૃષ્ણ મૃગવ્યાધની કથા કહે, અર્જુન ગાંડીવની નિંદા કરનારાનો વધ કરવાની વાત કરે, કૃષ્ણ સમાધાન કરે, અર્જુન ૫૦મા અધ્યાયમાં કર્ણને મારી નાખવા માટેની પ્રતિજ્ઞા કરે, આ વગેરે નાટકીય રીતે મુકાયેલું છે; ૬૪મો અધ્યાય સાહિત્યિક ઉપજાતિનો છે;—આ ૧૦, ૧૩, ૨૪, ૨૯-૩૦, ૪૬—૫૪ અને ૬૪ અધ્યાયો આ રીતે 'ભારતસંહિતા'ને કામના નથી. આ ઉપરાંત ભિન્ન ભિન્ન અધ્યાયોમાં મરાયેલાઓ સાથેનાં ફરી યુદ્ધો અને દિવ્યાસ્ત્રોનાં યુદ્ધો વગેરેના અસ્વાભાવિક પ્રકારના શ્લોક જતા કરવા પડે છે. કર્ણ-પર્વના બધા મળી ૩,૮૭૧ શ્લોક છે તેમાં ૨,૨૩૦ શ્લોક ગ્રાહ્ય બને છે.

**શલ્યપર્વ :** અધ્યાય ૨જામાં ધૃતરાષ્ટ્રનો વિલાપ બંધબેસતો નથી. આખા અધ્યાયમાંથી ૪૯-૫૦ બે જ શ્લોક કામના છે. અધ્યાય ૩૪થી ૫૩માં બલરામની તીર્થયાત્રાનું જનમેજય વૈશંપાયનના સંવાદમાં વર્ણન તદ્દન અપ્રસ્તુત છે; ત્યાં સુધી સંજય ચિત્ર બહાર છે. ૫૫મો અધ્યાય ભીમ-દુર્યોધનના વાગ્યુદ્ધનો આ સ્થળે અસ્વાભાવિક છે. ૬૨મા અધ્યાયનો મોટો ભાગ સાહિત્યિક વૃત્તોનો હોઈ અગ્રાહ્ય છે. શલ્યપર્વના બધા મળી ૩,૩૧૫ શ્લોક છે તેમાંથી 'ભારત-સંહિતા'ને માટે યોગ્ય ૧,૮૫૩ જણાયા છે.

**સૌપ્તિકપર્વ :** ૬ઠ્ઠો અને ૭મો અધ્યાય અનુક્રમે શિબિરના દ્વાર ઉપર કોઈ મહાકાય 'ભૂત'નાં દર્શન અને પછી રુદ્રની એની પ્રાર્થના અને રુદ્ર તરફથી ખડ્ગની એને પ્રાપ્તિ, એ ઇતિહાસનો વિષય નથી.

૯મા અધ્યાયના ૫૮મા શ્લોકમાં સંજય કહે છે કે :

तव पुत्रे गते स्वर्गं शोकार्तस्य ममानघ । ऋषिदत्तं प्रनष्टं तद् दिव्यदर्शित्वमद्य वै ॥

'દિવ્યદૃષ્ટિ' એ 'ભારતસંહિતા'નો વિષય નથી, તેથી અનેક શ્લોકોની જેમ આ શ્લોક પણ નિરર્થક છે. સંજયનું પાત્ર પણ અહીંથી અદર્શન પામે છે અને જનમેજય—વૈશંપાયનનો સંવાદ જારી રહે છે.

૧૨મા અધ્યાયમાંથી ૧લા શ્લોકનો પૂર્વાર્ધ જ કામનો છે અને ૧૩મા અધ્યાયના ૧લા શ્લોકના પૂર્વાર્ધનું એ સ્થાન લઈ લે છે. ૧૪મો—૧૫મો અધ્યાય બ્રહ્માસ્ત્રવિષયક અને તદ્દન અસ્વાભાવિક હોઈ અગ્રાહ્ય છે. ગર્ભનો બચાવ વગેરે પૌરાણિક પ્રકાર માત્ર છે.

સૌપ્તિકપર્વમાં ઘણું અસ્વાભાવિક છે અને એ 'ભારતસંહિતા'ની ઇતિહાસમૂલક દૃષ્ટિને અનુરૂપ નથી જ. સૌપ્તિક પર્વના બધા મળી ૭૭૨ શ્લોક છે તેમાંથી ૪૬૯ ગ્રાહ્ય છે.

**સ્ત્રીપર્વ :** આ પર્વના ૨૭ અધ્યાય છે તેમાં ૫ થી ૮ એ ચાર અધ્યાય વિદુર અને વ્યાસનાં પૌરાણિક પ્રકારનાં કથન હોઈ ગ્રાહ્ય બની શકતા નથી. અ. ૮માને અંતે 'વ્યાસ ત્યાં જ અંતર્ધાન પામ્યા' એવું અસ્વાભાવિક કથન જ આ અધ્યાયોની ઇતિહાસમૂલકતાને બાધક નીવડે છે. ૧૧માના ૧૩મા શ્લોકથી લઈ ૧૨મો આખો ધૃતરાષ્ટ્રે કૃષ્ણ તરફથી ધકેલેલા ભીમના લોખંડના પૂતળાને ભીંસી નાખ્યાનો અને કૃષ્ણના ધૃતરાષ્ટ્રને ભીમ તરફના રોષને નિષ્કારણ કહ્યાનો પ્રકાર આપતા હોઈ અગ્રાહ્ય બની રહે છે. ૧૪મામાં દુઃશાસનનું ભીમે લોહી પીધું ને એ માટે ગાંધારીનો રોષ, એની સામે ભીમે કરેલો લોહી ગળે ન ઊતર્યાનો ખુલાસો વગેરે ઇતિહાસનો વિષય નથી. સ્ત્રીપર્વના બધા મળી ૫૩૦ શ્લોક છે. તેમાંથી ૪૮૨ ગ્રાહ્ય બનવાપાત્ર છે. 'જયસંહિતા'ની દૃષ્ટિએ તો માત્ર ૧૧૯ જ ગ્રાહ્ય છે, એ આ પૂર્વે બતાવ્યું જ છે.

**આશ્વમેધિકપર્વ :** આના ૧,૦૬૨ શ્લોકોમાં ૬૨૨ શ્લોક જ ગ્રાહ્ય છે એ વિષે આ પૂર્વે 'જયસંહિતા'નો વિચાર આપતાં કહેવામાં આવ્યું જ છે.

**'ભારતસંહિતા'ની ગ્રાહ્ય શ્લોકસંખ્યા :**—ઉપર પ્રમાણે 'ઇતિહાસમૂલકતા'ને કેંદ્રમાં રાખી, 'જયસંહિતા'ની શુદ્ધ કહી શકાય તેવી ઇતિહાસવત્તાને તારવી લઈ, કવિએ યુદ્ધનું ધૃતરાષ્ટ્ર-સંજયના સંવાદમાં સ્વપ્રતિભોત્થ કાવ્યાત્મક સર્જન કર્યું છે તેને સ્વીકાર્ય ગણી, માનવ-બુદ્ધિને ચમત્કારમય લાગે તેવાં અસ્ત્રયુદ્ધો–દિવ્ય અસ્ત્રોના પ્રસંગો વગેરે દૂર કર્યા પછી જે એક સળંગ પ્રવાહ તારવી શકાય એમ છે તે આંકડાની દૃષ્ટિએ નીચે પ્રમાણે ફલિત થાય છે. અહીં નીચે સ્વીકારવામાં આવેલા અંકિત શ્લોકોની સંખ્યા, એની પંક્તિઓની સંખ્યા અને એ બે પંક્તિઓનો એક શ્લોક એ ગણિતે થતી શ્લોકસંખ્યા બતાવવામાં આવી છે :

| | પર્વ | અંકિત શ્લોક | પંક્તિઓ | દ્વિપંક્તિ શ્લોક |
|---|---|---|---|---|
| ૧. | આદિ | ૧,૬૪૩ | ૩,૩૫૯ | ૧,૬૭૯½ |
| ૨. | સભા | ૧,૫૨૭ | ૩,૧૦૭ | ૧,૫૫૩½ |
| ૩. | આરણ્યક | ૯૯૦ | ૨,૦૪૩ | ૧,૦૨૧½ |
| ૪. | વિરાટ | ૧,૦૬૩ | ૨,૧૮૬ | ૧,૦૯૩ |
| ૫. | ઉદ્યોગ | ૨,૬૩૫ | ૫,૩૫૨ | ૨,૬૭૬ |
| ૬. | ભીષ્મ | ૩,૨૭૩ | ૬,૮૧૦ | ૩,૪૦૫ |
| ૭. | દ્રોણ | ૫,૮૫૫ | ૧૨,૦૧૫ | ૬,૦૦૭½ |
| ૮. | કર્ણ | ૨,૨૪૦ | ૪,૬૮૭ | ૨,૩૪૩½ |
| ૯. | શલ્ય | ૧,૮૫૩ | ૩,૮૬૮ | ૧,૯૩૪ |
| ૧૦. | સૌપ્તિક | ૪૬૯ | ૯૭૧ | ૪૮૫½ |
| ૧૧. | સ્ત્રી | ૪૮૨ | ૯૮૪ | ૪૯૨ |
| ૧૨. | આશ્વમેધિક | ૬૨૨ | ૧,૨૭૬ | ૬૩૮ |
| | | ૨૨,૬૫૨ | ૪૬,૬૫૮ | ૨૩,૩૨૯ |

આ રીતે તારવણી કરતાં ' ભારતસંહિતા ' ના અંકિત શ્લોક ૨૨,૬૫૨ થાય છે, જ્યારે એની અર્ધશ્લોકી પંક્તિઓ ૪૬,૬૫૮ અને એના દ્વિપંક્તિ શ્લોક ૨૩,૩૨૯ થાય છે. એ ખરું કે એની આદિપર્વના અનુક્રમણી પેટાપર્વમાં કહ્યા મુજબ ૨૪,૦૦૦ની પૂરી સંખ્યા થતી નથી. ' જયસંહિતા 'ની તારવણી કરતાં તો દ્વિપંક્તિ શ્લોકની સંખ્યા ૮,૮૦૯ આવે છે, જે ૮,૮૦૦ની સંખ્યાની તદ્દન નજીક જઈ ઊભી રહે છે. નવેક શ્લોક ક્યાંકથી કાઢી નાખી શકાય, પણ એનો નિર્ણય હું સરળતાથી હજુ સુધી તો કરી શક્યો નથી, અને ' ભારતસંહિતા 'ના દ્વિપંક્તિ ૨૪,૦૦૦ શ્લોક સાધવા પ્રયત્ન કરવામાં આવે તો એને હું તદ્દન અશક્ય કોટિમાં મૂકતો નથી, પણ અત્યાર સુધીની, વારંવાર વિચાર-મનન કરીને સાધેલી સંખ્યા તો આ જ છે.

**ઉપસંહાર :** મહાભારત પોતામાં ' ભારત ' અને ' મહાભારત ' બે ગ્રંથ હોવાનું સ્પષ્ટ માલૂમ પડી આવ્યું છે એ આપણે શરૂઆતમાં જ જોયું છે. આવા બે ગ્રંથો હતા એવો તટસ્થ પુરાવો પણ જાણવામાં આવ્યો છે. યુરોપીય વિદ્વાનોએ આ તરફ આદર બતાવ્યો પણ છે. ભારતીય સાહિત્યમાં આવું વિધાન ઈ. પૂ. ત્રીજી-ચોથી સદીના સામાન્ય રીતે સ્વીકારવામાં આવેલા ' આશ્વલાયન ગૃહ્યસૂત્ર'માં આ રીતે મળે છે :

प्राचीनावीती-सुमन्तु-जैमिनि-वैशंपायन-पैल-सूत्र-भाष्य-**भारत-महाभारताचार्याः** ॥ ( ३-४-४)

ઉત્તર અને દક્ષિણની વાચનાઓના જુદા પ્રવાહ પડ્યા એની પૂર્વના નજીકના સમયનું આ વિધાન વ્યાસજીનાં ઉપરના શિષ્યોના નામનિર્દેશથી થયેલું કહી શકાય એમ છે. 'જયસંહિતા'-નો અન્યત્ર ઉલ્લેખ જાણવામાં આવ્યો નથી. जयो नामेतिहासः આ શબ્દો બંને પ્રકારની વાચનાઓમાં સામાન્ય છે; ततो जयमुदीरयेत् એ મંગલાચરણનો नारायणं नमस्कृत्यवाळो શ્લોક ઉત્તરની પ્રતોમાં મુખ્યત્વે વિકસેલો છે; પરંતુ એ ઉત્તરના દેશોમાં આવી કોઈ ' જયસંહિતા ' હશે એવી અનુશ્રુતિના બળ ઉપર આ વિધાન અસ્તિત્વમાં આવ્યું હશે એમ કહેવામાં કશું દુઃસાહસ નથી. ૮,૮૦૦ શ્લોક તારવી શકાયા છે એ એની પ્રતીતિ કરાવી શકે એમ છે.

આ લેખમાં જે કાંઈ સર્વ કાઢી નાખ્યું છે તેમ જ પાઠસુધારનો પણ પ્રયત્ન કર્યો છે એનો સંપૂર્ણ ખ્યાલ આપી શકાયો નથી. એનું લેખરૂપે પ્રકાશન ઘણાં પાનાં રોકે અને વાચકોને પણ કંટાળો આપે. એ વાચનાના સંપૂર્ણ પ્રકાશનના પરિશિષ્ટરૂપે જ અપાય—અને ત્યાં જ શોભે.

# શ્રીકૃષ્ણની રાસલીલા : એક અધ્યયન

જયન્ત ઠાકર

[ ગતાંક પૃષ્ઠ ૧૭૭થી ચાલુ ]

## '**દેવીભાગવત**'માં :

હવે આટલા વિકસિત થયેલા આ રાસક્રીડાકાણ્ડને '**દેવીભાગવત**'માં કંઈક નવો જ ઝોક મળે છે. તે પુરાણના નવમા સ્કન્ધના દ્વિતીય અધ્યાયમાં એની વિગત આપેલી છે. સ્પષ્ટ શબ્દોમાં શ્રીકૃષ્ણને ત્યાં આત્મા તેમ જ પરબ્રહ્મ તરીકે ઓળખાવેલા છે એટલું જ નહિ, પરન્તુ 'કૃષ્ણ' શબ્દના બે વિશિષ્ટ અર્થ પણ આપવામાં આવ્યા છે : ( ૧ ) '**कृषि**' ભક્તિવાચક છે અને '**न**' દાસ્યવાચક છે, તેથી ભક્તિ તથા દાસ્યના પ્રદાતાને '**कृष्ण**' કહ્યા છે. ( ૨ ) '**कृषि**' 'સર્વ'નો અર્થ દર્શાવે છે અને '**न**'કાર બીજવાચક છે, તેથી '**कृष्ण**'ને બધાના—સમસ્ત વિશ્વના બીજરૂપ કહ્યા છે.[૫૦] સૃષ્ટિની ઇચ્છા થતાં તે પરબ્રહ્મ સ્વેચ્છાએ દ્વિધા બને છેઃ વામ અંશ સ્ત્રીરૂપ અને દક્ષિણ અંશ પુરુષરૂપ.[૫૧] પછી તે બંનેની રાસક્રીડા થાય છે,[૫૨] જેને પરિણામે સૃષ્ટિ ઉદ્ભવી. દેવીનો નિઃશ્વાસવાયુ સર્વ જીવોનો વિશ્વાસવાયુ બની ગયો![૫૩] તે વાયુના પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ પુત્રો થયા. બ્રહ્મતેજથી પ્રજ્વલતી તે દેવીએ—પરમાત્મા શ્રીકૃષ્ણની તે ચિત્‌શક્તિએ—શત મન્વન્તર પર્યન્ત ગર્ભ ધારણ કરીને સુવર્ણ-અણ્ડને

---

૪૯ ( પૃ. ૧૭૭ ઉપરની પાદટીપ )
**पूर्णराससम्भूते रासमण्डले ॥** એ જ, **२७.** ૧૧૪ ગદ્ય.

૫૦ स चात्मा स परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ।
कृषिस्तद्भक्तिवचनो नश्च तद्दास्यवाचकः ॥
भक्तिदास्यप्रदाता यः स च कृष्णः प्रकीर्तितः ।
कृषिश्च सर्ववचनो नकारो बीजमेव च ॥
—દેવીભાગવતપુરાણ, સ્કન્ધ ૯, અધ્યાય ૨, શ્લોક ૨૪-૨૫.

૫૧ स्वेच्छामयः स्वेच्छया च द्विधारूपो बभूव ह ।
स्त्रीरूपो वामभागांशो दक्षिणांशः पुमान्स्मृतः ॥ એ જ, શ્લોક ૨૭.

૫૨ दृष्ट्वा तां तु तया सार्द्धं रासेशो रासमण्डले ।
रासोल्लासे सुरसिको रासक्रीडां चकार ह ॥ એ જ, શ્લોક ૩૬.

૫૩ महाक्रमणक्लिष्टाया निःश्वासश्च बभूव ह ।
तदा वक्त्रे श्रमजलं तत्सर्वं विश्वगोलकम् ॥
स च निःश्वासवायुश्च सर्वाधारो बभूव ह ।
विश्वासवायुः सर्वेषां जीविनां च भवेषु च ॥ એ જ, શ્લોક ૪૦-૪૧.

જન્મ આપ્યો. દુઃખની મારી તેણે તેનો ત્યાગ કર્યો–બ્રહ્માણ્ડગોલકજલમાં તેને ફેંકી દીધું. આથી કૃષ્ણે તે તેમ જ તેના અંશરૂપે થનારી સર્વ દેવીઓ અનપત્યા જ રહે તેવો શાપ ઉચ્ચાર્યો (૫૦-૫૧). આ દરમ્યાન તે દેવીના જિહ્‌વાગ્રમાંથી શુકલવર્ણા મનોહરા કન્યા ઉત્પન્ન થઈ (૫૨-૫૩). કાલાન્તરે તે દ્વિધારૂપ થઈઃ વામાર્ધાંગમાંથી ઉદ્‌ભવી કમલા અને દક્ષિણાર્ધાંગમાંથી રાધિકા (૫૪). ઇત્યાદિ ઇત્યાદિ.[૫૪]

---

૫૪ જૈન સાહિત્યમાં પણ, સ્વાભાવિક રીતે જ, શ્રીકૃષ્ણની રાસલીલાનું વર્ણન પ્રાપ્ત થાય છે. ઉ. ત. આચાર્ય હેમચન્દ્રરચિત त्रिषष्टिशलाकापुरुषचरितमहाकाव्यના આઠમા પર્વના પાંચમા સર્ગના શ્લોક ૧૫૫ થી ૧૬૯ જુઓ :

गच्छतो मत्तवृषभान् पुच्छे जग्राह केशवः ।
रामो भ्रातृबलं जानन्नुदासीन इवैक्षत ॥ १५५
यथा यथा हि ववृधे कृष्णस्तत्र तथा तथा ।
गोपीनां मान्मथो जज्ञे विकारस्तन्निरीक्षणात् ॥ १५६
तं मध्येकृत्य हल्लीसं चक्रुर्गोपालयोषितः ।
भ्रमन्त्यः परितोऽम्भोजं भ्रमर्य इव निर्भरम् ॥ १५७
तं पश्यन्त्यो यथा गोप्यो नयने न ह्यमीलयन् ।
कृष्ण कृष्णेति जल्पन्त्यस्तथैवौष्ठपुटे अपि ॥ १५८
कृष्णे गतमनस्कत्वात् पतिता अपि दोहनीः ।
अजानन्त्यो गवां दोहं भुवि चक्रुः कदापि ताः ॥ १५९
कृष्णं पराङ्मुखं यान्तं सन्मुखीकर्तुमाशु ताः ।
अस्थानेऽनाटयंस्त्रासं त्रस्तत्राणपरो हि सः ॥ १६०
सिन्दुवारादिदामानि ग्रथित्वा गोपिकाः स्वयम् ।
स्वयंवरस्रज इव निदधुः कृष्णवक्षसि ॥ १६१
स्खलितं गीतनृत्यादौ चक्रुस्ता बुद्धिपूर्वकम् ।
कृष्णाच्छिक्षापदेशेन प्रसादालापलिप्सवः ॥ १६२
येन येन प्रकारेण जजल्पुः पस्पृशुश्च तम् ।
अगोपितविकारास्ता गोपेन्द्रं गोपयोषितः ॥ १६३
मयूरपिच्छाभरणः कृष्णो गोपालगुर्जरीः ।
गोपालीभिरविच्छिन्नं पूर्यमाणश्रुतिर्जगौ ॥ १६४
कृष्णोऽत्यगाधवारिस्थान्यपि पद्मानि लीलया ।
तरन् हंस इवोद्धृत्य गोपीभ्योऽदत्त याचितः ॥ १६५
दृष्टो हरति नश्चित्तमदृष्टो जीवितं पुनः ।
भवद्भ्रातेत्युपालम्भं ददू रामाय गोपिकाः ॥ १६६
गिरिशृङ्गस्थितो वेणुं वादयन्मधुरस्वरम् ।
नृत्यंश्च हासयामास रामं रामानुजो मुहुः ॥ १६७

## સમગ્રાવલોકન :

આ રીતે સમગ્રાવલોકન કરતાં જણાય છે કે '**હરિવંશ**'માં જે વર્ણન છે તે **પ્રાથમિક** ભૂમિકા પૂરી પાડે છે. તે તદ્દન સાદું અને સરળ આલેખન સમયના વહન સાથે વિસ્તાર અને અલંકાર પામતું ગયું. ત્યાં '**हल्लीस**' શબ્દ **પ્રયોજાયો** છે; પરંતુ '**બ્રહ્મપુરાણ**'માં 'રાસ' શબ્દનો **પ્રયોગ** ત્રણ વખત થયો છે. તેમાં આધ્યાત્મિકતા સ્પષ્ટ તરી આવે **છે.** તેની સાથે પ્રબળ શબ્દસામ્ય ધરાવતા '**વિષ્ણુપુરાણ**'માં ચાર વખત 'રાસ' શબ્દ યોજાયો છે. તેમાં ગોપીઓના ભાવની ઉત્કટતા—તન્મયતા સરસ રીતે વ્યક્ત થઈ છે. '**ભાગવત**'માં 'રાસલીલા'ના વર્ણનની મધુરતા પરાકાષ્ઠાએ પહોંચી છે. 'રાધા'ના નામોલ્લેખ વિના એક વિશિષ્ટ ગોપીનું ચિત્રણ તેમાં રજૂ થયું છે. તે પછી '**પદ્મપુરાણ**'માં 'રાધા'નો સ્પષ્ટ નામોલ્લેખ મળે છે. '**બ્રહ્મવૈવર્તપુરાણ**'માં સ્થૂલ વર્ણનની જટિલતા દૃષ્ટિગોચર થાય છે. તેમાં તો 'રાધિકા'ની ૩૩ સખીઓનાં નામ તથા તે દરેકની અલગ અલગ સહસ્રશઃ આલીઓનું આલેખન પણ કરાયું છે. અન્તે '**દેવીભાગવત**'માં સૃષ્ટિની પુરોગામી લીલા તરીકે 'રાસલીલા'નું ચિત્રણ થયું છે.

એક જ સ્વરૂપ વડે તથા અનેક સ્વરૂપ ધારણ કરીને રમવાની 'રાસલીલા'ની બેઉ પરમ્પરાઓ આ વર્ણનવિભ્રમમાં સ્થાન પામી છે. '**બ્રહ્મપુરાણ**' અને '**વિષ્ણુપુરાણ**' શ્રીકૃષ્ણને સર્વવ્યાપી આત્મસ્વરૂપે વિલસી રહેલ ઇશ્વર તરીકે નિરૂપે છે. '**ભાગવત**'માં પણ તે 'ભગવાન્' છે; તે પોતે જ કબૂલ કરે છે કે પ્રાણીઓ તેમને ચાહે છે અને જાહેર કરે છે કે તેમના પરનો ખરો ભાવ સન્નિકર્ષ દ્વારા નહિ પરન્તુ શ્રવણ, દર્શન, ધ્યાન તથા અનુકીર્તન દ્વારા વ્યક્ત થઈ શકે. તેમને અહીં 'આત્મારામ' અને 'યોગેશ્વરેશ્વર' કહ્યા છે. ગોપીઓ તેમને દેહધારીઓના પ્રેષ્ઠ બન્ધુ અને આત્મા તરીકે ઓળખે છે. રાસની રમઝટમાં પડતા શ્રીકૃષ્ણને કવિએ અહીં "**મન્મથમન્મથ**" અર્થાત્ કામદેવ પર પણ વિજય મેળવનાર 'પુરુષ' લેખ્યા છે અને ગોપીઓને તે 'પુરુષ'ની 'શક્તિ'ઓ તેમ જ 'શ્રુતિ'ઓની ઉપમા આપી છે. '**પદ્મપુરાણ**' પણ 'શ્રુતિ'ઓની ઉપમા આપે છે. અહીં પણ 'રાસલીલા'ને પરમાત્માના નિજના વિલાસ તરીકે લેખી છે. તે પુરુષ-પ્રકૃતિની ક્રીડા છે. '**દેવીભાગવત**' પણ શ્રીકૃષ્ણને 'આત્મા' તથા 'પરબ્રહ્મ' કહે છે.

આ બધા ઉદ્‌ગારો અત્યન્ત સૂચક છે. આલંકારિકોએ શબ્દની ત્રિવિધ શક્તિ ગણાવી છેઃ અભિધા, લક્ષણા તથા વ્યઞ્જના. વ્યઞ્જના દ્વારા પ્રાપ્ત થતો વ્યંગ્યાર્થ 'ધ્વનિ' તરીકે પણ ઓળખાય છે, જે ઉત્તમ કાવ્યમાં સ્થાન પામે છે. અભિધા દ્વારા મળતો વાચ્યાર્થ અર્થહીન જણાય ત્યાં લક્ષણાનો—લક્ષ્યાર્થનો—આશ્રય લેવાય છે, જે એક પ્રકારનું વૈચિત્ર્ય—ચમત્કૃતિ—ઉત્પન્ન કરે છે; અને તેનાથી પણ પર છે વ્યઞ્જના, જે કલ્પનાને સારી રીતે ઉત્તેજે છે. આપણા પ્રાચીન સાહિત્યમાં

---

गायन्तीषु च गोपीषु कृष्णगोपे च नृत्यति ।
**हस्ततालं ददौ रामो** रङ्गाचार्य इवोद्भटः ॥ १६८
एवं च क्रीडतोस्तत्र गोपयो **रामकृष्णयोः** ।
एकादश समा जग्मुः सुषमाकालवत् सुखम् ॥ १६९

(જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરની આવૃત્તિ, વિ. સં. ૧૯૬૪, પત્ર ૮૪ब, ૮૫अ)

શબ્દની આ ત્રિવિધશક્તિ દર્શાવતું પ્રચલિત ઉદાહરણ છે 'गङ्गायां घोषः' એ વાક્ય. આ વાક્યનો 'ગંગા ઉપર (કે માં) નેસડો છે' એવો વાચ્યાર્થ લઈ શકાય જ નહિ, કેમ કે પ્રવાહમાં નેસડો કેવી રીતે રહી શકે? (કે તેને નૌકાગૃહમાં સ્થિત કલ્પવાનો છે?) આમ વાચ્યાર્થ બાધિત થતાં લક્ષ્યાર્થ તરફ વળવું પડે છે. આથી 'गङ्गायाम्' શબ્દનો લક્ષ્યાર્થ 'गङ्गातटे' 'ગંગાને કિનારે' એવો લેવો જોઈએ; અને તે સાથે વ્યઞ્જના દ્વારા 'गङ्गायाम्' એ પ્રયોગનું મહત્ત્વ સમજવું જોઈએ, કેમ કે એ પ્રયોગ ગંગાના પવિત્રતા તથા શીતળતા જેવા ગુણોને ઘોષ-નેસડા-સાથે જોડી દે છે.

કૃષ્ણ-ગોપીની આ 'રાસલીલા'ને પણ સ્થૂલ વાચ્યાર્થમાં જ સ્વીકારવી તે, હવે, સંસ્કૃતિના આટલા વિકાસ પછી તો, તે લીલાનું જ અપમાન કરવા જેવું ગણાય. કેવળ અભિધાનું આલમ્બન અધમ કાવ્યનું લક્ષણ છે. માટે લક્ષણા અને વ્યઞ્જના શક્ય છે કે કેમ તે પણ જોવું જોઈએ.

**'બ્રહ્મપુરાણ'** અને **'વિષ્ણુપુરાણ'**માં શ્રીકૃષ્ણને કિશોર વયના, અમેયાત્મા તેમ જ ગોપીઓ, તેમના પતિઓ, સર્વ પ્રાણીઓમાં–સર્વત્ર–વ્યાપી રહેલ ઈશ્વર કહ્યા છે.[૫૫] **શ્રીધરસ્વામીએ** આ શ્લોકનો અર્થ સ્થૂલ દૃષ્ટિએ સમજાવ્યો છે તે આપણે જોઈ ગયા. પરસ્ત્રી સાથે ક્રીડા કરવી તે અહીં દોષ નથી એમ કહેવા માટે કેવળ ઈશ્વરભાવ કે સર્વવ્યાપિત્વ રજૂ કરવું તે પૂરતું નથી. પરન્તુ આ શ્લોકને વારંવાર વાંચતાં તથા તેના પર મનન કરતાં તેમાંથી સૂક્ષ્મ અર્થ પણ નીકળતો લાગે છે. શ્રીકૃષ્ણ પરમાત્મા, તો ગોપી જીવાત્મા જીવાત્મા અને પરમાત્માનું જોડાણ–એકતા–એમાંથી દ્યોતિત થાય છે, અને તે પછીના પુરાણગ્રન્થોમાંની વિગતો આપણા આ અર્થને પુષ્ટિ અર્પે છે.

સાંખ્યસિદ્ધાન્ત અનુસાર પુરુષ અને પ્રકૃતિનો યોગ સૃષ્ટિનો કારણભૂત છે. પ્રધાન-પ્રકૃતિનું પ્રથમ તત્ત્વ છે મહત્–બુદ્ધિ. તેની સાથે યોગ થતાં તે સંબંધ વિકસે છે. આ સાંખ્યદર્શનના સિદ્ધાન્તનું અહીં નિરૂપણ છે. 'આત્મા' એ પુંલિંગી શબ્દ છે, જ્યારે 'પ્રકૃતિ' અને 'બુદ્ધિ' એ સ્ત્રીલિંગી શબ્દો છે.

પુરાણ-સાહિત્ય બહુધા સમાજના નીચલા સ્તરના નયન માટે રચાયેલું નીતિ–સાહિત્ય છે. તે લોકોને માટે વિષય રસપૂર્ણ રીતે સરળ અને ગમ્ય બને તે અર્થે આ પુરુષ-સ્ત્રી–ભાવના સંબંધનું રૂપક ગોઠવી દેવાયું છે. પરંતુ તેમાંથી સમયના વહન સાથે જે અનેક ફણગા ફૂટ્યા—અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા, તેથી તેમાં જટિલતા આવી ગઈ છે. મુખ્ય ગોપી રાધા એટલે પ્રકૃતિનું પ્રથમ ચેતનતત્ત્વ. તેની આઠ સખીઓ કાં તો અષ્ટધા પ્રકૃતિનાં સ્વરૂપો ગણાય, અથવા તો અષ્ટધા ભક્તિ! ભક્તિમાર્ગમાં આ રૂપકને વિકસાવીએ તો અન્ય ગોપીઓ વેદની ઋચાઓના અવતારરૂપ ગણાય. તેમને પ્રકૃતિના ગુણો તેમ જ તેની શક્તિઓનાં વ્યક્ત રૂપો લેખાય. એ રીતે જોઈ શકાય છે કે ગોપીપ્રેમ એ તદ્દન નિષ્કામ પ્રેમ છે. રાસમાં આત્માભિમુખ બનેલા મનના ભાવોને પ્રકટ થતા માની શકાય. બીજી રીતે કહીએ તો શ્રીકૃષ્ણ આત્મા છે અને ગોપી હૃદય છે. જુદાં જુદાં હૃદયોને ધારણ કરનાર ઘણા આત્માઓની જેમ એક આત્મા રમ્યો અને હૃદયોએ તે એક જ આત્માનો અનુભવ કર્યો.

---

૫૫ જુઓ પાદટીપ ૧૯.

યમુના એ જીવન-સરિતા છે. તેને તટે આ લીલા થઈ. ઈશ્વરની શોધમાં નીકળેલા જીવો વચ્ચે એક પ્રકારનો મૌલિક સંબંધ છે એવું આ ' રાસલીલા ' દર્શાવે છે. વ્યક્તિઓનો પરસ્પરનો સંબંધ ઈશ્વર દ્વારા રહેલો છે એમ બે-બે ગોપી વચ્ચે કૃષ્ણની ભાવનાથી સ્પષ્ટ થાય છે. તે જ રીતે દરેક ગોપીની બંને બાજુએ કૃષ્ણ રહેલા છે તેવું આલેખન ભક્તને ભગવાનનું સતત રક્ષણ મળે છે એવું પણ સૂચવે છે. શ્રીકૃષ્ણની બંસીનો નાદ માનવો માટે સર્વસ્વનો ત્યાગ કરી પરમ પ્રિયતમને શરણે જવાનો સાદ છે. માનવમાં રહેલી કામનાઓ તથા આસક્તિઓ, અહંકાર તેમ જ શોક—એ સર્વ આ ' રાસલીલા ' દ્વારા દૂર થઈ જાય છે, શેષ રહે છે કેવળ પરમ આનન્દ. પરમાત્મા દરેક વ્યક્તિમાં હોવા છતાં સર્વથી પર પણ છે, એક અદ્વિતીય છે, એ ' રાસલીલા 'માં વ્યક્ત થતો સિદ્ધાંત વિશ્વૈક્યની અને સર્વસમતાની ભાવનાનો પોષક છે એમ નિર્વિવાદ રીતે કહી શકાય.

**' ભાગવતપુરાણ '**ની રાસપંચાધ્યાયીના શ્રીકૃષ્ણની વાણી શ્રીમદ્**ભગવદ્ગીતા**ના શ્રીભગવાન્‌નું સ્મરણ કરાવે છે. તે સ્પષ્ટ કહે છે કે " प्रीयन्ते मयि जन्तवः ". વળી તેમને "श्रेष्ठो भवांस्तनुभृतां किल बन्धुरात्मा " કહ્યા છે તે પણ આપણે ઉપર જોઈ ગયા. ગોપીઓ સાથે રાસ રમતા શ્રીકૃષ્ણને પોતાની ચારે બાજુ પડતાં પોતાનાં પ્રતિબિમ્બોમાં અટવાઈ જતા અર્ભક સાથે સરખાવ્યા છે.[૫૬] આ ઉપમા પણ સૂચક છે. અર્ભક એ બિમ્બ છે, તેમ શ્રીકૃષ્ણ અસલ બિમ્બ છે, પરમાત્મતત્ત્વ છે અને ગોપીજનો તેમનાં પ્રતિબિમ્બો છે, જીવાત્માઓ છે. **' ભાગવત '**નું ગોપીગીત (૧૦.૩૧) પરમાત્મામાં ભળી જવાની—તેની સાથે એકત્વ સાધવાની—જીવાત્માની ઉત્કટ ઇચ્છાને વ્યક્ત કરે છે. ગોપીઓએ શ્રીકૃષ્ણને આપેલો ઉત્તર પણ આ ભાવનાનો પોષક છે. કૃષ્ણવિયોગે ઝૂરતી ગોપીઓ પરસ્પરને કહે છે, " **असौ अहम् तु** ", " असौ अहम् तु " !—[૫૭] " હું તો તે છું ", " હું તો તે છું ". એટલે કે ગોપીઓ વિરહની ઉત્કટતાને લીધે ક્રમશઃ તન્મનસ્ક, તદાલાપ, તદ્વિચેષ્ટિત અને તદાત્મિકા બની ગઈ છે તેથી તેઓ કૃષ્ણમય થઈ હોવાનો અનુભવ કરે છે. તેમનો અહંકાર દૂર કરવા માટે શ્રીકૃષ્ણ અદૃશ્ય થયા હતા. જ્યારે તેઓ નિરભિમાન, નિર્મલમાનસ બની ગઈ, તન્મય થઈ ગઈ, ત્યારે શ્રીકૃષ્ણે દર્શન દીધાં. જીવાત્મા સ્થૂલ-સૂક્ષ્મ બન્ધનોથી મુક્ત થઈ " अहं ब्रह्मास्मि "[૫૮] કે " तत्त्वमसि "[૫૯] કે " अयमात्मा ब्रह्म "[૬૦] જેવાં ઉપનિષદોનાં મહાવાક્યોમાં વ્યક્ત થતી એકતાનો સાક્ષાત્કાર કરે ત્યારે તેને પરમાત્મસાક્ષાત્કાર થાય છે—અપરોક્ષાનુભૂતિ થાય છે. આ જ હકીકત આ પ્રસંગમાંથી પ્રકટ થાય છે.

---

૫૬ જુઓ પાદટીપ ૨૮.

૫૭ જુઓ પાદટીપ ૩૪.

૫૮ બૃહદારણ્યક ઉપનિષદ્ ૧. ૪. ૧૦; શુકરહસ્ય ઉપનિષદ્ ૨. ૨.

૫૯ છાન્દોગ્ય ઉપનિષદ્ ૬. ૮. ૭; ૬. ૯. ૪.

૬૦ માણ્ડૂક્ય ઉપનિષદ્ ૨; નૃસિંહપૂર્વતાપિની ઉપનિષદ્ ૪. ૨; નૃસિંહોત્તરતાપિની ઉપનિષદ્ ૧.૨; શુકરહસ્ય ઉપનિષદ્ ૨. ૪.

કિશોર વયનો નિર્દેશ અનેક સ્થળે થયો છે તે પણ કેવળ સ્થૂળ અર્થ લેવા સામે લાલબત્તીની ગરજ સારે છે. **રાજા પરિક્ષિત**નો પ્રશ્ન અને તેની દષ્ટિને અનુરૂપ રીતે **શુકદેવજી**એ આપેલ ઉત્તર આપણે ઉપર જોઈ ગયા. એ ભૂમિકાથી કંઈક ઊંચે ચઢવાનો પ્રયત્ન કરીશું તો આ પ્રસંગ પાછળની સૂક્ષ્મ ભાવનાનાં દર્શન કરી શકાશે. અને એ રીતે વિચારતાં આ સર્વ ચર્ચાનો નિષ્કર્ષ એટલો જ નીકળે છે કે આ ' રાસલીલા ' એ પ્રાણીમાત્રની જીવનસાધનાનું જ રૂપક છે. આપણી આસપાસની, જેને **ગોવર્ધનરામ** ' પ્રકટેશ્વર ' કહે છે તે, સમસ્ત પ્રકટ સૃષ્ટિમાં જીવનસાધનાની આ ' રાસલીલા ' સદૈવ વિલસી રહી છે. પ્રાણીમાત્રને આસપાસની સૃષ્ટિ વિષે પોતપોતાની કક્ષા અનુસાર કુતૂહલ રહે છે, જેને ઉકેલવાનો દરેકનો પ્રયત્ન ચાલતો હોય છે. આ મહાસાધનામાં પ્રયત્નની ઉત્કટતા પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત થાય છે, અને એમાંથી જ જગતનાં વિવિધ ધર્મો, સમ્પ્રદાયો, તથા દર્શનો ઉદ્દભવ્યાં છે. આત્મા એક છે કે અનેક છે, અથવા તો પરમાત્મા અને જીવાત્મામાં ભેદ છે કે અભેદ છે એવા વિવાદને આ ' રાસલીલા 'માં અવકાશ રહ્યો છે. જીવાત્મા મુમુક્ષુ છે, તેને પરમાત્મતત્ત્વપર્યન્ત પહોંચવું છે, તેની સાથે એકતા–અભેદ–સાધવો છે, તન્મય બની જવું છે, તે એક પરમતત્ત્વમાં તેને ભળી જવું છે. કોઈને એક જ જન્મમાં આ ઇષ્ટસિદ્ધિ સાંપડે છે, કોઈને અનેક જન્મ પર્યન્ત સાધના લંબાવવી પડે છે. જ્યારે તેનો સાક્ષાત્કાર થાય છે ત્યારે સર્વ સ્થૂલ બાહ્ય બન્ધનો સરી જાય છે. જ્યારે તેની કૃપા ઊતરે છે ત્યારે વસ્ત્રાદિ બન્ધનોથી અને અંતે દેહના બંધનમાંથી તે જ મુકત કરી દે છે અને પોતાનામાં ભેળવી દે છે. ગોપીવસ્ત્રાહરણનો પ્રસંગ પણ આ રીતે જ ઘટાવવો જોઈએ.

સંક્ષેપમાં કહીએ તો કૃષ્ણ-ગોપીની ' રાસલીલા ' એ એક સનાતન પ્રક્રિયાનું રૂપક માત્ર છે, વૈવિધ્યમાંથી ઐક્ય પ્રતિ પ્રયાણનો એ વિશિષ્ટ પથ છે. જેમ અસંખ્ય સરિતાઓ વહેતી વહેતી પોતાનાં નામ અને રૂપ પણ છોડીને સમુદ્રમાં ભળી જાય છે, તેવું જ આ જીવલોકનું છે.

' રાસલીલા 'નો કેવળ ભૌતિક અર્થ લેવા સામે **શુકદેવજી**એ તેમના ઉત્તરમાં આડકતરી ચેતવણી ઉચ્ચારી છે જ. એ ચેતવણીને લક્ષમાં ન લેવાથી આપણો સમાજ અનેકવિધ અનિષ્ટનો ભોગ બન્યો છે. પવિત્ર આર્ષ વાણી જીવનના ઉન્નયન અર્થે જ હોઈ શકે, અધોનયન માટે કદી નહિ, કદી નહિ !

* * *

# પરિશિષ્ટ

## રાધા

શ્રીકૃષ્ણની ' રાસલીલા 'માં ' રાધા 'નું પાત્ર અત્યન્ત મહત્ત્વનું છે. આપણે જોયું કે **' ભાગવત '**-માં વિશિષ્ટ ગોપીનું રોચક અને મહત્ત્વપૂર્ણ વર્ણન આપેલું હોવા છતાં તેમાં ' રાધા 'નો નામોલ્લેખ કરેલો નથી. ઈ. સ.ના પ્રથમ શતકમાં થઈ ગયેલા નાટકકાર **ભાસ**ના **' બાલચરિત '** નામના નાટકના તૃતીય અંકમાં હલ્લીસક નૃત્યનું સુન્દર આલેખન છે, જેમાં શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે નૃત્ય કરે છે અને ગોપમંડળી વાદ્ય વગાડે છે. આ આખા પ્રસંગમાં ક્યાંય ' રાધા 'નો ઉલ્લેખ નથી આવતો. છતાં બીજી કેટલીયે પ્રાચીન સાહિત્યકૃતિઓમાં ' રાધા 'નો ઉલ્લેખ આવે છે.

જયદેવકૃત **'ગીતગોવિન્દ'** (બારમું શતક), **શ્રીધરદાસનું 'સદુક્તિકર્ણામૃત'** (ઈ. સ. ૧૨૦૫), **આનન્દવર્ધન**કૃત અલંકારગ્રન્થ **'ધ્વન્યાલોક'** (નવમું શતક), **ભટ્ટનારાયણ**વિરચિત **'વેણીસંહાર'** (આઠમો સૈકો) અને **'પંચતન્ત્ર'** (પાંચમી સદી) જેવા મહાગ્રન્થોમાં આવતા ઉલ્લેખોની વિગતમાં આપણે અહીં નહિ ઊતરીએ. પરંતુ એથી પણ પ્રાચીનતર સાહિત્યકૃતિઓમાં આવતા કેટલાક ઉલ્લેખોની નોંધ આપણે લેવી જોઈએ.

**'ગાહાસત્તસઈ'** અર્થાત્ **'ગાથાસપ્તશતી'** એ **પ્રતિષ્ઠાન**ના રાજા કવિવત્સલ **હાલે** પૂર્વકાલીન સાહિત્યમાંથી ઈ. સ.ના પ્રથમ શતકમાં સંગૃહીત કરેલ પ્રાકૃતભાષાનો એક અતિ મહત્ત્વપૂર્ણ મુક્તક-સંગ્રહ છે. તેમાં 'રાહિઆ' **અર્થાત્** 'રાધિકા'નો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે :

मुहमारुएण तं कह्ण गोरअं **राहिआएँ** अवणेन्तो ।
एताणँ बल्लवीणं अण्णाण वि गोरअं हरसि ॥ (१-८९)

અર્થાત્ 'હે કૃષ્ણ, મુખના વાયુ વડે **રાધિકાની** (મુખ ઉપરની) ગોરજ દૂર કરીને આ બીજી સર્વ ગોપીઓનું ગૌરવ (અથવા ગૌરત્વ) તું હરી લે છે.'

એ જ પ્રમાણે, **'ગાથાસપ્તશતી'**ની સંકલના પછી બે-ત્રણ શતકમાં જ જેની સંકલના થઈ હોવાનો સંભવ છે તે પ્રાકૃત સુભાષિતસંગ્રહ **'વજ્જાલગ્ગ'**માંની કેટલીક ગાથાઓમાં પણ 'રાધા'નો ઉલ્લેખ કરેલો છે. ગુજરાતના અગ્રગણ્ય સંશોધક ડૉ. **ભોગીલાલ સાંડેસરા**એ તેમના લેખસંગ્રહ **'સંશોધનની કેડી'** (અમદાવાદ, ૧૯૬૧)ના પૃ. ૨૭૩–૨૭૫ ઉપર આ **'વજ્જાલગ્ગ'**માં **'કણ્હવજ્જા' ('કૃષ્ણપદ્ધતિ')** એ શીર્ષક નીચે આપેલી સોળ ગાથાઓ, ગુજરાતી અનુવાદ સાથે, એ ગ્રન્થમાંથી ઉતારી છે. આ ગાથાઓમાં 'રાધા' ઉપરાન્ત 'વિશાખા'નો પણ નામનિર્દેશ મળે છે. તેમાંથી ૧૨મી ગાથા જોઈએ :

'केसव पुराणपुरिसो सच्चं चिय तं सि जं जणो भणइ ।
जेणं **विसाहियाए** भमसि सया हत्थलग्गाए ॥'

અર્થાત્—'હે કેશવ, લોકો જે તને પુરાણપુરુષ (વૃદ્ધ પુરુષ) કહે છે તે તું ખરેખર છે, જેથી **વિશાખાને** હાથે વળગાડીને (શાખાથી દૂર કરેલી યષ્ટિ લઈને) તું સદા ફરે છે.' [**સંશોધનની કેડી**, પૃ. ૨૭૪]

આમાંની ૧૪મી ગાથામાં **'રાસ'**નો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે :

'विहडउ मंडलिबंधो भज्जउ **रासो** ण मुच्चए कण्ह ।
नवसियसएहि लद्धो तुह हत्थो मज्झ हत्थेण ॥'

અર્થાત્—'મંડળનો બંધ ભલે તૂટો, **રાસ** ભલે તૂટો, પણ કૃષ્ણને નહિ મુકાય. (હે કૃષ્ણ,) તારો હાથ મારા હાથમાં અનેક મુશ્કેલી પછી આવ્યો છે.' [**સંશોધનની કેડી,** પૃ. ૨૭૫]

આ અવતરણો સાથે ડૉ. **સાંડેસરા**એ **વાક્‌પતિરાજ**ના ઈ.સ. ૭૦૦ અને ૭૨૫ની વચ્ચે રચાયેલ પ્રાકૃત મહાકાવ્ય **'ગઉડવહો'**માંથી પણ એક મંગલપદ્ય ઉતાર્યું છે, જેમાં 'રાધા'નો ઉલ્લેખ છે. તે પણ અહીં જોઈ લેવું અસ્થાને નહિ લેખાયઃ

'णहलेहा **राहा**कारणाओं करुणं हरन्तु वो सरसा ।
वच्छत्थलम्मि कोत्थुह-किरणाअन्तीओं कण्हस्स ॥'

અર્થાત્—'કૃષ્ણના વક્ષઃસ્થલમાં **રાધા**એ કરેલી કૌસ્તુભકિરણાયમાન આર્દ્ર નખરેખા તમારા સંસાર-દુઃખનો નાશ કરો.' [**સંશોધનની કેડી,** પૃ. ૨૭૧ ]

**પં. બલદેવ ઉપાધ્યાય** (**'भारतीय वाङ्मय में श्रीराधा'** પટણા, ૧૯૬૩, પૃ. ૨૪) પણ માને છે કે **'રાધા'**નો પ્રાચીનતમ સાહિત્યિક ઉલ્લેખ **હાલની 'ગાહાસત્તસઈ'**માં છે. તેઓની માન્યતા મુજબ 'રાધા'નો આ પ્રથમ આવિર્ભાવ ઉત્તર મહારાષ્ટ્ર કે ગુજરાતમાં થયો, કેમ કે વિન્ધ્ય, નર્મદા અને ગોદાવરીનો પરિચય આ ગ્રન્થમાં પ્રાપ્ત થાય છે; ત્યાર પછી અહીંથી ૧૨મા સૈકામાં આ કલ્પના શ્રી**નિમ્બાર્ક**ની **'દશશ્લોકી'**માં પ્રથમ વાર ધાર્મિક જગત્‌માં કૃષ્ણની સહચરીના રૂપમાં ઉલ્લેખ પામી.

**'રાધોપનિષદ્‌', 'રાધિકાતાપિની ઉપનિષદ્‌'** તથા **'સામરહસ્યોપનિષદ્‌'**માં 'રાધા'ની કથા મળે છે, પરન્તુ આ **ઉપનિષદો** તો બહુ મોડા—૧૭મી સદી જેટલા મોડા—હશે. **'રાધોપનિષદ્‌'** 'રાધા—રાધિકા'ને આ રીતે સમજાવે છેઃ

'कृष्णेन आराध्यते इति **राधा** । कृष्णं समाराधयति सदा इति **राधिका गान्धर्वी**ति व्यपदिश्यते ।'

આ 'ગાન્ધર્વી' શબ્દ **'ગોપાલોત્તરતાપિની ઉપનિષદ્‌'**માં આવે છે અને ત્યાં તેને વ્રજસ્ત્રીઓમાં શ્રેષ્ઠ કહી છેઃ 'तासां मध्ये हि श्रेष्ठा गान्धर्वी ह्युवाच ।' (૧.૧૫)

ડૉ. **શશિભૂષણ દાસગુપ્ત**ના ગ્રન્થ **'રાધા કા ક્રમવિકાસ'** (વારાણસી, ૧૯૫૬) માં 'રાધાનો આવિર્ભાવ જ્યોતિષતત્ત્વમાંથી થયો' એવો એક મત સમજાવવામાં આવ્યો છે (પૃ. ૧૦૧-૧૦૪). આ મતની રજૂઆત મૂળ **શ્રી યોગેશચંદ્ર રાય**ના એક નિબન્ધ (**ભારતવર્ષ પત્રિકા,** માઘ ૧૩૪૦ બંગાબ્દ)માં કરવામાં આવી છે. તે પ્રમાણે વિષ્ણુ સૂર્ય છે. **વેદ**માં પણ વિષ્ણુ શબ્દ એ અર્થમાં વપરાયો છે જ. કૃષ્ણ તેના અવતાર એટલે તેના તેજનું પ્રતિબિમ્બ. ગોપીઓ એ તારાઓ છે. શ્રીકૃષ્ણની બધી અલૌકિક લીલાઓ સૂર્યના પ્રતિબિમ્બ તથા તારાઓને અનુલક્ષીને છે. 'રાધા' એ વિશાખા નક્ષત્રનું મૂળ નામ છે. આ નક્ષત્રમાં શારદ વિષુવ થતું હતું અને વર્ષના બે વિભાગ ત્યાંથી થતા. આ તો તેમના કથનાનુસાર ઈ. સ. પૂર્વે ૨૫૦૦ની વાત છે. તે પહેલાં પ્રાયઃ નક્ષત્રનું નામ 'રાધા' હતું. કાર્તિકી પૂર્ણિમાએ સૂર્ય વિશાખાભિમુખ, વિશાખામાં, રહે છે; 'રાધા' સાથે સૂર્યનું અદૃશ્ય મિલન થાય છે. પ્રાચીન કાળના લોકોની માન્યતા હતી કે સૂર્યના તેજથી જ તારાઓ ચમકતા અને ચન્દ્રની ચન્દ્રિકા હતી. 'ગો' એટલે

રશ્મિ; 'ગોપ' એટલે કૃષ્ણ; 'ગો-પી' એટલે તારા. કવિએ કૃષ્ણ–સૂર્ય–ને રાસમધ્યસ્થ અને ગોપી–તારા–ને મણ્ડલાકારમાં સજાવી છે. 'વૃષભાનુ' એટલે વૃષભમાં રહેલ ભાનુ. કૃત્તિકા વૃષભ રાશિમાં છે. તેથી 'રાધા'ની માતાનું નામ 'કૃત્તિકા' રાખવું જોઈતું હતું. '**પદ્મપુરાણ**'માં 'કીર્તિદા' નામ આવે છે ખરું.— આ રીતે આ આખું જ્યોતિષ તત્ત્વનું રૂપક છે. પછીના કાળમાં આ રૂપકને જ સત્ય માની લેવાયું.

'રાધા'ની સખીઓનાં નામ અનુરાધા (લલિતા), જ્યેષ્ઠા, ચિત્રા, ભદ્રા, આદિ આ દૃષ્ટિએ સૂચક છે. વસુદેવની પત્નીનું નામ 'રોહિણી' અને બલદેવની પત્નીનું નામ 'રેવતી' પણ સૂચક બની જાય છે. **શ્રી રૂપગોસ્વામી**નાં નાટકો **'લલિતમાધવ'** તથા **'વિદગ્ધમાધવ'** પણ 'રાધા'ના તારારૂપ વિષે તેમના પરિચયને વ્યક્ત કરે છે, તેનાં કેટલાંક ઉદાહરણો શ્રી **શશિભૂષણ દાસગુપ્તે** તેમના ગ્રન્થમાં આપ્યાં છે (જુઓ પૃ. ૧૦૩–૧૦૪).

# મહાકવિ ભાસની વાસવદત્તા

મીનળ મંગળદાસ વોરા

સંસ્કૃત નાટ્યસાહિત્યના ક્ષેત્રમાં કાલિદાસનું નામ લઈએ અને વિરહવ્રતધારિણી શકુન્તલાની મૂર્તિ માનસચક્ષુ સમક્ષ ખડી થાય; ભવભૂતિનું નામ લઈએ અને ઉત્તરરામચરિતની ' करुणस्य मूर्तिः ' જેવી સીતાની મૂર્તિ ખડી થાય; તે રીતે ભાસનું નામ લઈએ તો શકુન્તલા અને સીતાની હરોળમાં બેસે તેવી કારુણ્યમૂર્તિ વાસવદત્તા નજર સમક્ષ તરી રહે.

આરંભમાં નાટકનું વસ્તુ સંક્ષેપમાં જોઈએ જેથી ભાસે યોજેલા અવનવા પ્રસંગોની ગૂંથણીમાંથી વાસવદત્તાનું પાત્ર શી રીતે ઊપસી આવે છે તે જોવાનું સરળ બને.

અવન્તિરાજકન્યા વાસવદત્તા સાથે ગાંધર્વલગ્ન કર્યા પછી ઉદયન તેનામાં એટલો આસક્ત બને છે કે તે રાજકાજ પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ સેવે છે. પરિણામે તેના રાજ્યને આરુણિ નામે શત્રુ પચાવી પાડે છે. ઉદયન અને વાસવદત્તા વત્સદેશ છોડીને લાવાણક ગામે જઈ વસે છે. જ્યોતિષીઓના આદેશ અનુસાર જો ઉદયનનું લગ્ન મગધરાજ દર્શકની બહેન પદ્માવતી જોડે થાય તો ઉદયનને એનું ગુમાવેલું રાજ્ય પાછું મળે. પણ ઉદયનને વાસવદત્તા ઉપર એટલો ગાઢ પ્રેમ છે કે તેની હયાતીમાં બીજી કોઈ સ્ત્રી સાથે પરણવાની કલ્પના પણ ન કરે. આથી એનો મંત્રી યૌગન્ધરાયણ વાસવદત્તાની સંમતિથી એક યોજના ઘડે છે અને તે પ્રમાણે એક વખત ઉદયન મૃગયા કરવા જાય છે ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઈને લાવાણક ગામને આગ લગાડે છે. વાસવદત્તાને લઈને એ ગામમાંથી નાસી જાય છે. અફવા એવી ફેલાવે છે કે વાસવદત્તા આગમાં બળી ગઈ છે, અને તેને બચાવવા જતાં પ્રધાનમંત્રી યૌગન્ધરાયણ પણ આગમાં જ નાશ પામ્યો છે. વસ્તુતઃ તો વાસવદત્તા અપૂર્વ સ્વાર્થત્યાગ કરે છે. એ રાજીખુશીથી અજ્ઞાતવાસમાં રહેવા તૈયાર થાય છે અને ઉદયનનું ગુમાવેલું રાજ્ય પાછું મેળવવાની યોજનામાં મહત્ત્વનો ફાળો આપે છે. પરિવ્રાજકના વેશમાં રહેલો યૌગન્ધરાયણ વાસવદત્તાને લઈને મગધ દેશ તરફ વળે છે. માર્ગમાં જ એક તપોવનમાં પોતાની માતાને મળવા આવેલી મગધદેશની રાજકુમારી પદ્માવતી તેમને મળે છે. યૌગન્ધરાયણ વાસવદત્તાને પોતાની બહેન ગણાવીને થાપણ તરીકે સાચવવા પદ્માવતીને વિનવે છે અને પદ્માવતી સંમત થાય છે. આ રીતે ભવિષ્યમાં પદ્માવતી જ વાસવદત્તાના ચારિત્ર્યની સાક્ષી આપી શકે તેવી યૌગન્ધરાયણે કરવા ધારેલી યોજના સફળ થાય છે. સમય જતાં દુઃખી મનોદશામાં ઉદયન મગધ દેશમાં આવી પહોંચે છે. સંજોગવશાત્ તેના વિવાહ પદ્માવતી જોડે નક્કી થાય છે. આમ છતાં ઉદયન વાસવદત્તાને ભૂલી શકતો નથી. એક પ્રસંગે તે તન્દ્રાવસ્થામાં વાસવદત્તાને પ્રત્યક્ષ જોઈ કે સ્વપ્નમાં એ દ્વિધામાં પડે છે અને અત્યંત ખેદ અનુભવે છે. વાસવદત્તા પોતાનો ભેદ ગુપ્ત રાખવા સકારણ ત્યાંથી જતી રહે છે. આ દરમિયાન મગધરાજની મદદથી ઉદયન જીતે છે અને પોતાનું રાજ્ય પાછું મેળવે છે. વાસવદત્તા તથા યૌગન્ધરાયણ સઘળો ભેદ પ્રગટ કરે છે અને બધાનું સુખદ મિલન સર્જાય છે.

હવે આપણે વાસવદત્તાના પાત્રનો વીગતવાર પરિચય કરીએ તે પહેલાં કયા સંજોગોમાં ઉદયન અને વાસવદત્તાનું મિલન અને ત્યારબાદ લગ્ન થયું તે જોવું આવશ્યક બને છે. કૌશામ્બીનરેશ ઉદયનનાં રૂપ, ગુણ, શીલ અને કીર્તિનાં વખાણ સાંભળીને અવન્તિરાજ પ્રદ્યોતચંડ મહાસેનને પોતાની પુત્રી વાસવદત્તાનાં લગ્ન તેની સાથે કરવાની ઇચ્છા છે, પરંતુ અભિમાની ઉદયન એમ વાસવદત્તાનું માગું સામેથી મોકલે તેવો નથી. ઘોષવતી વીણાથી મત્ત હાથીઓને પણ વશ કરવાની ઉદયનની શક્તિ મહાસેન જાણે છે. આનો લાભ લઈ તે બનાવટી હાથી જંગલમાં મુકાવીને ઉદયનને પકડે છે. તેને માનપૂર્વક નગરમાં લઈ જઈ આરામમાં રહે તેવા મહેલમાં તેને કાળજીપૂર્વક રાખે છે અને વાસવદત્તાને વીણા શીખવાડવાનું ગુરુપદ પણ ઉદયનને ઇરાદાપૂર્વક સોંપે છે. બંને એકબીજા પ્રત્યે આકર્ષાય છે, પરંતુ લગ્ન કર્યા પહેલાં જ ઉદયનના મંત્રી યૌગન્ધરાયણની યોજના મુજબ પોતાના રાજ્યમાં વાસવદત્તાને તેની સંમતિથી ઉપાડી જાય છે, અને પોતાની રાજધાનીમાં આવીને તેની સાથે પરણે છે.

સ્વપ્નવાસવદત્તામાં ત્યાર પછીના પ્રસંગો વણાયા છે. ઉદયન પરના અગાધ પ્રેમને કારણે વાસવદત્તા અજ્ઞાતવાસ ભોગવવા તત્પર તો થાય છે; પરંતુ સુખચેનમાં ઊછરેલી આ રાજકુમારીને સામાન્ય માનવીની પેઠે ધક્કામુક્કીમાં સંડોવાવું પડે તેનાં આઘાત અને વ્યથા નાટકના પ્રારંભમાં જ વ્યક્ત કરાયાં છે. પદ્માવતી રાજકુમારી છે એમ સાંભળતાં જ વાસવદત્તાને તેના પ્રત્યે સ્નેહની લાગણી સ્ફુરે છે. પદ્માવતીના દર્શનથી તે બોલી ઊઠે છે, "આનું રૂપ તેના ઊંચા કુળને છાજે તેવું છે". અને પદ્માવતીનાં વચનો સાંભળીને તેની વાણીની શિષ્ટતાથી વાસવદત્તા મુગ્ધ થાય છે. તાપસી અને ચેટીના સંવાદ દ્વારા જ્યારે તે જાણે છે કે પોતાના ભાઈ માટે પદ્માવતીનું માગું મોકલાયું છે ત્યારે તે મનમાં બોલી ઊઠે છે, "भवतु भवतु, एषा चात्मीयेदानीं संवृत्ता ।" "સરસ, સરસ, તો તો એ અમારી જ થઈ ચૂકી." વાસવદત્તાના હૃદયની કેવી સરલતા! પદ્માવતી પોતાની થવાની છે એ બીચારીને અત્યારે શી ખબર!

યૌગન્ધરાયણ પોતાની બહેન તરીકે વાસવદત્તાને પદ્માવતીના હાથમાં થાપણ તરીકે સોંપે છે ત્યારે પદ્માવતી પણ "भवतु भवतु एषा चात्मीयेदानीं संवृत्ता ।" એ જ શબ્દોથી વાસવદત્તાને આવકારે છે, અને બ્રહ્મચારી જેવો અજાણ્યો માણસ આવી ચડતાં સ્વાભાવિક રીતે જ વાસવદત્તાને સંકોચ પામતી જોઈને પદ્માવતી તેની કુલીન શિષ્ટતાથી પ્રભાવિત થાય છે.

વાસવદત્તાના વિયોગથી દુઃખ પામેલા અને તેથી અગ્નિમાં પ્રાણ હોમી નાખવા ઇચ્છતા ઉદયનની કરુણ સ્થિતિ બ્રહ્મચારી પાસેથી જાણીને વાસવદત્તાનું હૃદય કકળી ઊઠે છે, પણ પોતા પ્રત્યેના પતિના પ્રેમની વાત સાંભળીને તે બોલી ઊઠે છે,

"जानामि जानाम्यार्यपुत्रस्य मयि सानुक्रोशत्वम् ।"

"જાણું છું, પતિદેવની મારા પરની ઊંડી મમતા હું જાણું છું." અને યૌગન્ધરાયણ પ્રત્યે ગુસ્સો ઠાલવે છે, "सकाम इदानीमार्ययौगन्धरायणो भवतु ।" "હવે આર્ય યૌગન્ધરાયણની ઇચ્છા પૂરી થઈ હશે"—આમ બંન્ને વચ્ચે વિયોગ કરાવીને.

સમય જતાં પદ્માવતી અને વાસવદત્તા વચ્ચેનો સંબંધ ગાઢ અને અંતરંગ બનતો જાય છે. દડાની રમતથી પદ્માવતીના હાથ રાતા બની ગયા છે અને મુખ પર પણ શ્રમનો પ્રભાવ દેખાય છે તે જોઈને વાસવદત્તા અભિજાત ટીખળ વૃત્તિથી શ્લેષયુક્ત વાણીમાં કહે છે,

" हला, अतिचिरं कन्दुकेन क्रीडित्वाधिकसंजातरागौ परकीयाविव ते हस्तौ संवृत्तौ ।"

" સખી, બહુ સમય સુધી દડે રમતાં તારા હાથ તો પરકીય જેવા થઈ ગયા છે."

પદ્માવતી પોતાની મજાક ન કરવાનું વિનવે છે ત્યારે પણ વાસવદત્તાની હળવી મજાક કરવાની વૃત્તિ મ્હોરી ઊઠે છે અને તે કહે છે, " एषास्मि तूष्णीका, भविष्यन्महासेनवधु ।" "લ્યો ત્યારે, હું નહિ બોલું—પ્રદ્યોતચંદ્ર મહાસેનની ભાવિ પુત્રવધૂ!" પણ હસવામાંથી ખસવું થઈ પડે તેવી કરુણ પરિસ્થિતિમાં વાસવદત્તા તરત જ મુકાઈ જાય છે, કારણ કે પદ્માવતી તો વત્સરાજ ઉદયનને પરણવા ઝંખે છે એમ ચેટી કહે છે. વાસવદત્તા વિચારે છે, " ત્યારે આ પદ્માવતી પણ મારી પેઠે જ મુગ્ધ થઈ હશે?" આ ક્ષણે તેના મનમાં કેવાં કેવાં અને કેટલાં કેટલાં વિચારવમળો ઊઠયાં હશે? ચેટી પદ્માવતીને પ્રશ્ન કરે છે, " કદાચ ઉદયન બેડોળ હશે તો? ત્યાં તો વાસવદત્તા વચ્ચે બોલી ઊઠે છે, " ના, ના, તે તો સુંદર છે." બોલતાં તો બોલાઈ ગયું પણ પછી તરત જ ફેરવી બાંધે છે, " ઉજ્જયિનીનાં માણસો એમ કહે છે."

અહીં પ્રણયત્રિકોણનો પ્રારંભ થઈ ચૂકેલો આપણે જોઈએ છીએ. વાસવદત્તા પદ્માવતીના ઉદયન માટેના આ પ્રેમભાવથી ચકિત થઈ હશે! દુઃખી થઈ હશે! કંઈક રોષ પામી હશે! આટલું જાણે કે બસ ન હોય તેમ એ જ ક્ષણે ધાત્રી આવીને હર્ષથી વધામણી આપે છે. " રાજકુમારીનું વેવિશાળ થયું છે." વાસવદના તરત જ પૂછે છે. " કોની સાથે?" ધાત્રી ઉત્તર વાળે છે, " વત્સરાજ ઉદયન સાથે." અહીં માનવસ્વભાવનું આલેખન કરવાની સૂક્ષ્મદૃષ્ટિવાળા નાટયકાર ભાસે વાસવદત્તાને મોંએ ઉપરાઉપરી પ્રશ્નો પુછાવ્યા છે. તે જ્યારે જાણે છે કે વત્સરાજ કોઈ કામ પ્રસંગે રાજગૃહ આવ્યા અને મહારાજ દર્શકે જ પદ્માવતીનું વેવિશાળ તેની સાથે આગ્રહપૂર્વક કર્યું છે ત્યારે તેના હૃદયનું મર્મવિદારક દુઃખ કેટલેક અંશે હળવું થાય છે અને વત્સરાજ ઉદયને પોતે પાદ્મવતી સાથે સંબંધનું માગુ કર્યું નથી તેથી પોતા પ્રત્યેનો ઉદયનનો પ્રેમ પૂર્વવત્ ગાઢ અને ઉષ્માવાળો છે એમ પોતાના મનમાં નિશ્ચય કરી તે કહે છે, " एवम् । अनपराद्ध इदानीमत्रार्यपुत्रः ।" " એમ, તો તો પતિદેવનો કશો અપરાધ ન કહેવાય."

" दुखं दुःखानुबन्धि ।" " દુઃખ આવે ત્યારે સામટાં આવે" એ ન્યાયનો પ્રયોગ ભાસે વાસવદત્તાની બાબતમાં છૂટથી કર્યો હોય એમ લાગે છે. બે ઘડીમાં જ ચેટી આવીને ફરી વધામણી આપે છે. " त्वरतां त्वरतां तावदार्या । अद्यैव किल शोभनं नक्षत्रम् । अद्यैव कौतुकमङ्गलं कर्तव्यमित्यस्माकं भट्टिनी भणति ।" " જલદી કરો, આર્યા, આજે જ શુભ નક્ષત્ર છે. લગ્નનો મંગલ પ્રસંગ પણ આજે જ ઉજવવાનો છે, એમ મહારાણી કહે છે." વાસવદત્તાનો ઉદ્ગાર મિતાક્ષરી છે: " यथा यथा त्वरते, तथा तथान्धीकरोति मे हृदयम् ।" જેમ જેમ ઉતાવળ થાય છે તેમ તેમ મારા હૃદયમાં અંધકાર વધતો જાય છે." અસહ્ય કષ્ટમાં આવી પડેલું અભિજાત સ્ત્રીહૃદય આ સિવાય બીજી કઈ રીતે પોતાની વ્યથા વ્યક્ત કરે?

વાસવદત્તાની સ્થિતિ કારુણ્યભરેલી છે. વિવાહની ધાંધલધમાલ અને આનંદોત્સવ તેના હૃદયને અકળાવી મૂકે છે. કંઈક શાંતિ મેળવવા તે પ્રમદવનમાં જાય છે. ત્યાં બેસીને વિચારે છે, " ચક્રવાકીને પણ ધન્ય છે કે તે પોતાના સાથીના વિરહમાં જીવતી નથી. મારા તો પ્રાણ પણ જતા નથી. આર્યપુત્રને ફરી મળી શકીશ એવી આશાએ મન્દભાગ્યવાળી હું જીવતી છું." ત્યાં તો અહીં પ્રમદવનમાં પણ ચેટી ફૂલથી ભરેલી ટોપલી લઈ દોડતી આવીને મહારાણીનો સંદેશો કહે છે: "તમે જ પદ્માવતી માટે વરમાળા ગૂંથી આપો." વિધિની ક્રૂરતાને પણ હદ હોવી જોઈએને!

વાસવદત્તા મનમાં બોલી ઊઠે છે, "**एतदपि मया कर्तव्यमासीत् । अहो, अकरुणाः खल्वीश्वराः ।**" "આ પણ મારે કરવાનું સરજાયું હશે અરે, દેવો પણ કેટલા કરુણાહીન છે!" વાસવદત્તાના આ ઉદ્‌ગારોમાં કેવી ઊંડી આહ ભરી છે!

વિધિની વક્રતાની પરાકાષ્ઠા તો આવે છે, જ્યારે ચેટી સપત્નીમર્દન માટે અમુક પાંદડાંઓ વરમાળામાં ગૂંથવાનું સૂચવે છે. વાસવદત્તા એ ગૂંથવાની ના પાડે છે અને સમજાવે છે, "ઉદયનની પ્રથમ પત્ની વાસવદત્તા તો ગુજરી ગઈ છે એટલે ગૂંથવાની જરૂર નથી." વિધિની નિષ્ઠુરતા અને નાટ્યકારની વક્રતા બંનેનો એકસામટો પ્રહાર બિચારી વાસવદત્તાએ ઝીલવો રહ્યો!

નાટકમાં પછીનું દૃશ્ય પ્રમદવન-ઉદ્યાનમાં યોજાયું છે. પદ્માવતી વાસવદત્તાને સમજાવે છે કે શેફાલિકા ફૂલોની સમૃદ્ધિ જોઈને મહારાજ મારા પ્રત્યે સમ્માન દાખવશે. અહીં વાસવદત્તા સીધો પ્રશ્ન પૂછે છે, "**हला, प्रियस्ते भर्ता ।**" "સખી, પતિ તને વહાલા છે ખરા?" પદ્માવતી ઉત્તર આપે છે, "એ તો હું જાણતી નથી, પણ એમના વિરહમાં હું આકુળતા અનુભવું છે." અને પ્રશ્ન કરે છે, "**यथा ममार्यपुत्रस्तथैवार्याया वासवदत्ताया इति ।**" "આર્યપુત્ર મને જેટલા વહાલા છે તેટલા આર્યા વાસવદત્તાને હશે?" પળ વાર પણ વિચાર કર્યા વિના વાસવદત્તા જવાબ આપી દે છે, "**अतोऽप्यधिकम्**" "તારા કરતાં પણ વધારે!" અને પછી વાતને વાળી લેવાનો પ્રયત્ન કરતાં કહે છે, "જો વાસવદત્તાનો ઉદયન પ્રત્યેનો સ્નેહ અલ્પ હોત તો પોતાના સ્નેહીજનોને છોડીને તે નાસી જાત ખરી?" આવી નાની દેખાતી વીગતો દ્વારા નાટ્યકારે પદ્માવતી અને વાસવદત્તા બંનેના ભાવોનું સૂક્ષ્મ અને કોમળ નિરૂપણ કર્યું છે.

તરત જ વીણાવાદનની વાત નીકળે છે. પદ્માવતી કહે છે કે 'વાસવદત્તાની પેઠે મને પણ વીણા શીખવો' એમ મેં મહારાજ ઉદયનને વિનંતી કરી પણ મહારાજ કંઈ પણ બોલ્યા વિના નિસાસો નાખી મૂંગા જ રહ્યા. "વાસવદત્તાના ગુણો સાંભરી આવવાથી કેવળ શિષ્ટતાને ખાતર આંસુ સારતા નથી," એમ જ્યારે પદ્માવતીએ ઉમેર્યું, ત્યારે વિરહદગ્ધ અને સપત્નીભાવથી આઘાત પામેલું વાસવદત્તાનું હૃદય કોઈક ઊંડી શાતા મેળવે એ સ્વાભાવિક છે. એ બોલી ઊઠે છે, "**धन्या खल्वस्मि, यद्येतं सत्यं भवेत् ।**" "જો આ સત્ય જ હોય તો ખરેખર હું ધન્ય છું."

એટલામાં રાજા અને વિદૂષક આવી પડે છે અને લતામંડપની બહાર બેસીને એકાન્તમાં વાતે વળગે છે; તે મંડપની અંદર રહ્યાંરહ્યાં પદ્માવતી વાસવદત્તા અને ચેટી ત્રણે સાંભળે છે. એકાંતનો લાભ લઈ વિદૂષક પ્રશ્ન પૂછે છે, "**का भवतः प्रिया, तदानीं तत्रभवती वासवदत्ता इदानीं पद्मावती वा ।**", બેમાંથી તમને કોણ વધારે પ્રિય? પહેલાંની રાણી વાસવદત્તા કે અત્યારની

પદ્માવતી ?" અને ઉમેરે છે, "स्वैरं स्वैरं भणतु भवान् । एकोपरता, अपरासंनिहिता ।" "આપ સંકોચ વિના બોલી દો: એક ગુજરી ગઈ છે અને બીજી અહીં હાજર નથી !"

કેટલીય આનાકાની પછી રાજાનો ઉત્તર વાસવદત્તા પ્રત્યેના પક્ષપાત પર ઢળે છે. તે મનની વાત કહેતાં બોલે છે,

"पद्मावती बहुमता मम यद्यपि रूपशीलमाधुर्यैः ।
वासवदत्ताबद्धं न तु तावन्मे मनो हरति ॥"

"રૂપ, શીલ અને મીઠાશને લીધે પદ્માવતી પ્રત્યે મને બહુમાન છે પણ વાસવદત્તામાં જડાયેલા મારા મનને એ હરી શકતી નથી.," વાસવદત્તાના પ્રેમની આથી વધારે શી ધન્યતા હોય ? તે બોલી ઊઠે છે, "भवतु, भवतु, दत्तं वेतनमस्य परिखेदस्य । अहो, अज्ञातवासोऽप्यत्र बहुगुणः संपद्यते ।" "સારું, સારું ! મારા આ ખેદનો બદલો મળી ચૂક્યો. અહો, આ અજ્ઞાતવાસ પણ કેટલો લાભદાયક નીવડ્યો !"

હવે રાજા વિદૂષકને આ બાબતમાં પોતાનો અભિપ્રાય આપવાનું સૂચવે છે. વિદૂષકની પસંદગી પદ્માવતી પર ઢળતી જોઈને પૂર્વના સંસ્કારથી ઉદયન બોલી ઊઠે છે, "भवतु, भवतु, वसन्तक, सर्वमेतत् कथयिष्ये देव्यै वासवदत्तायै ।" "સારું, સારું, આ બધું રાણી વાસવદત્તાને કહી દઈશ." તરત જ વાસવદત્તા ખાત્રીપૂર્વક કહે છે, "भवतु, भवतु, विश्वस्तास्मि । अहो, प्रियं नाम ईदृशं वचनमप्रत्यक्षं श्रूयते ।" "સરસ, હવે મને ખાત્રી થઈ. અહોહો, એવો મીઠો બોલ પરોક્ષમાં સાંભળવા મળે એ કેટલું ગમે છે!" વાસવદત્તા સાંભરી આવવાથી રાજાનું દુઃખ તાજું થતું જાય છે અને વિવશ બનેલો રાજા આંસુ સારે છે. વાસવદતા આ સહી શકતી નથી અને પદ્માવતીને રાજાને સાન્ત્વન આપવા મોકલી આપે છે.

અહીં ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં યોજેલા છાયાસીતાના પ્રસંગોનું સ્મરણ સ્હેજે થઈ આવે. બારબાર વર્ષના વિરહ દરમ્યાન સીતા પ્રત્યેનો ગાઢ પ્રેમ હૃદયમાં ધારતા રામ પંચવટીનાં દૃશ્યો જોઈને વ્યથાથી ભાંગી પડે છે અને મૂર્છિત થાય છે તે ક્ષણે અદૃશ્ય રીતે સીતા હાજર છે છતાં રામને કશી સાહાય્ય આપી શકતી નથી. તેના જેવી જ વિષમ અને કરુણ પરિસ્થિતિમાં અહીં વાસવદત્તા મુકાઈ છે. પોતા પ્રત્યેના આવેશમય પ્રેમને લીધે વિરહમાં ઉત્કટ હૃદયવ્યથા ભોગવતા ઉદયનને વાસવદત્તા પોતે કશી મદદ કરી શકતી નથી. પદ્માવતીને રાજાને સાન્ત્વન આપવા માટે સૂચન કરીને તે પદ્માવતીના ધર્મનું અને પોતાના ધર્મનું એમ બંને ધર્મનું ગર્ભિત રીતે પાલન કરે છે.

પછીના દૃશ્યમાં સવિશેષ નોંધપાત્ર તો એ છે કે પદ્માવતી સપત્ની હોવા છતાં પણ વાસવદત્તા તેની પ્રત્યે ઈર્ષ્યા કે દ્વેષને બદલે ગાઢ સખીભાવ સેવે છે. અસ્વસ્થ પદ્માવતીની કોઈ સંભાળ લેનાર હાજર નથી એ જોઈને તે કહે છે, "अहो परिजनस्य प्रमादः । अस्वस्थां पद्मावतीं केवलं दीपसहायां कृत्वा परित्यजति ।" "પરિજનો પણ કેવાં પ્રમાદી છે! પદ્માવતીને અહીં દીવાને ભરોંસે એકલી જ છોડીને ચાલ્યાં ગયાં છે !"

અને પદ્માવતીને સૂતેલી જોઈ તેના પોતા પ્રત્યેના સ્નેહને છાજે તેમ કલ્પીને તેના જ શયનમાં સૂએ છે. પણ પદ્માવતીને સ્થાને સૂતેલા રાજા ઉદયનને ઉંઘમાં "हा वासवदत्ते ।" એમ બોલતો સાંભળીને વાસવદત્તા ચમકી ઊઠે છે. રાજા ઉંઘમાં આગળ બોલે છે, "हा प्रिये, देहि मे प्रतिवचनम् ।", "હે પ્રિયે મને ઉત્તર આપ" વાસવદત્તા ત્યાંથી ખસી શકતી નથી. તે કહે છે "आलपामि भर्तः आलपामि ।" "બોલું છું સ્વામી! બોલું છું." અને આ રીતે રાજા સ્વપ્નમાં જ વાસવદત્તાને સંબોધતો રહે છે અને અંતે વાસવદત્તા રાજાનો પલંગ પરથી ખસી ગયેલો હાથ પાછો મૂકીને ત્વરાથી ચાલી જાય છે. અને રાજા ઝબકીને જાગી જતાં સાચી વાસવદત્તાને જ જોઈ છે એમ માને છે પણ પાછળથી ત્યાં આવેલા વિદૂષક સાથેની વાતચીતમાં એ પોતાની ભ્રાન્તિ પણ હોય એમ માનતો થાય છે.

નાટકના અંતમાં ઉજ્જયિનીથી મહાસેને મોકલેલી વાસવદત્તા અને ઉદયનની પ્રતિકૃતિ ઉપરથી પદ્માવતી વાસવદત્તાને ઓળખી જાય છે. એટલામાં યૌગન્ધરાયણ પણ છતો થાય છે અને પદ્માવતી વાસવદત્તાના શીલની સાક્ષીરૂપ બની રહે છે.

આમ 'સ્વપ્નવાસવદત્ત' નાટકમાં વાસવદત્તાનું પાત્ર અભિજાત, વિનયશીલ, બુદ્ધિચાતુર્ય અને વિનોદવૃત્તિવાળું તથા સપત્ની પ્રત્યે પણ સખીભાવ સેવે તેવી ઉદારવૃત્તિવાળું નિરૂપાયું છે. પણ એ પાત્રની ઉપર ઘેરી કરુણતાની છાયા છે. પતિના ઉત્કર્ષ માટે રાજીખુશીથી વિયોગ વહોરી લેનારી અને સપત્ની લાવવામાં પણ સહાયભૂત બનનારી સ્ત્રીના હૃદયની કરુણતા કલ્પવી જ રહી.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં શકુન્તલા, સીતા અને વાસવદત્તાની કારુણ્યની ત્રિમૂર્તિ છે, તેમાં પણ વાસવદત્તાની મૂર્તિ મધ્યમાં છે.

---

# અદ્યયાવત્ અપ્રસિદ્ધ કવિ હલરાજકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ'—એક પરિચય*

કનુભાઈ વ્રજલાલ શેઠ

## ૧ પ્રાસ્તાવિક

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં જ વિવિધ કાવ્યપ્રકાર ખેડાયેલા છે. એમાં વસંતના વર્ણને એક વિશિષ્ટ કાવ્યપ્રકાર સર્જાયો છે : તે છે ફાગુ. ફાગુ કાવ્યમાં કંઈક ઇતિવૃત્તનો આધાર લઈ પ્રકૃતિની—ખાસ કરીને વસંતઋતુની [જૈન ફાગુમાં વસંતઋતુને સ્થાને વર્ષાઋતુની] ભૂમિકામાં 'માનવભાવ અને પ્રકૃતિનું સમન્વિત' નિરૂપણ હોય છે. વસંતવર્ણન ઉપરાંત ફાગુમાં વસંતક્રીડા પણ હોય છે. પ્રો. ડૉ. હરિવલ્લભ ભાયાણીના શબ્દોમાં કહીએ તો 'ફાગુના વિષય હતા વસંતવર્ણન [પ્રકૃતિ અને લોકવ્યવહાર] અને શૃંગારનિરૂપણ [વિપ્રલંભ તેમ જ સંભોગ : નાયિકાનાં રૂપ ને વેશભૂષા, વિરહ ને વિલાપ, વસંતક્રીડા ને મદનક્રીડા]"[1] રચનાપદ્ધતિ અંગે એમ કહી શકાય કે 'વસંતવર્ણન અને શૃંગારનિરૂપણના વાણેતાણે ફાગની ગૂંથણી થતી"[2]. ગુજરાતી સાહિત્યમાં પ્રારંભમાં પ્રાપ્ત થતા મોટા ભાગના ફાગુઓ જૈન છે, જ્યારે જૈનેતર કૃતિઓ પ્રમાણમાં અલ્પ છે. એના કારણમાં જૈન જ્ઞાનભંડારની સંઘટિત વ્યવસ્થાને ગણાવી શકાય. હિન્દુપરંપરામાં આવી કોઈ વ્યવસ્થા નહીં હોવાને કારણે અલ્પ પ્રમાણમાં કૃતિઓ પ્રાપ્ત થાય તે સ્વભાવિક છે. 'ફાગુ' કાવ્યપ્રકાર જૈનોની જ મૌલિક સર્જના નથી, પણ ધર્મોપદેશના એક સાધન તરીકે સાહિત્યને અપનાવતા જૈનોએ અન્ય સાહિત્યપ્રકારની માફક આ પ્રકાર પણ લોકપરંપરામાંથી અપનાવ્યો છે. જૈન ફાગુઓમાં નેમિનાથ, સ્થૂલિભદ્ર, અને જંબૂસ્વામી જેવાના ચરિત્રનું નિરૂપણ કરતા ફાગુઓ ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આવા ફાગુમાં શૃંગારનું નિરૂપણ કરીને અંતે તો શીલના વિજય સાથે સંસારિક વિષય–ભોગના ત્યાગને કેન્દ્રિત કરવામાં આવ્યો છે. આમ અન્ય સાહિત્યપ્રકારની જેમ જૈન કવિઓ એ ફાગુકાવ્યને પણ ધર્મોપદેશનું એક વાહન બનાવી દીધો છે. અત્રે સં. ૧૪૦૯ [ઈ. સ. ૧૩૫૩] જેવા પ્રાચીનકાળના **કવિ હલરાજકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ'** કાવ્યનો પરિચય કરાવ્યો છે.

## ૨ પ્રતવર્ણન અને સંપાદનપદ્ધતિ :

આ કૃતિનું સંપાદન લાલભાઈ દલપતભાઈ, ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદના હસ્તપ્રત ગ્રંથભંડારમાંથી પ્રાપ્ત બે પ્રત પરથી કરેલ છે.

---

૧ શોધ અને સ્વાધ્યાય, ડૉ. હરિવલ્લભ ભાયાણી, મુંબઈ, ૧૯૬૪, પૃ. ૩૭

૨ એજન, પૃ. ૩૭

* ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૫મા સંમેલનમાં [જૂનાગઢ]માં વાંચેલો નિબંધ.

**પ્રત ક :** પ્રસ્તુત પ્રત મૂળે શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈની છે. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં એની ફોટોસ્ટેટ કોપી મળે છે. એનો પ્રસ્તુત સંપાદનમાં ઉપયોગ કર્યો છે. લા. દ. ભા. સં. વિદ્યામંદિરમાંના લાલભાઈ દલપતભાઈ સંગ્રહમાં પ્રતનો ક્રમાંક ૭૩૩૮ છે. પ્રતમાં બે પત્ર છે. કુલ કડીઓ ૩૬ છે. સમગ્ર પ્રત દેવનાગરી લિપિમાં લખાયેલી છે. પ્રતનો લેખન-સમય પ્રાપ્ત થતો નથી પણ લેખનપદ્ધતિ પ્રમાણે તે પંદરમી શતાબ્દીની હોવાનું અનુમાન કરી શકાય. પ્રત મુનિ દેવાણંદે લખી છે. કાવ્યના અંતમાં આ પ્રમાણે પુષ્પિકા પ્રાપ્ત થાય છે.

ઇતિ શ્રી થૂલભદ્દ ફાગુ સમાપ્તમિતિ : મુનિ દેવાણંદ લિખિતં શુભં ભૂયાતુ કલ્યાણમંસ્તુ ॥ ૭: ॥ શ્રી : ॥ ૭: ॥

**પ્રત ખ :** પ્રસ્તુત પ્રત લા. દ. ભા. સં. વિદ્યામંદિર, અમદાવાદના હસ્તપ્રત ગ્રંથભંડારના શ્રી પુણ્યવિજય ગ્રંથ સંગ્રહમાંથી પ્રાપ્ત થઈ છે. ત્યાંના ભંડારમાં એનો ક્રમાંક ૬૨૧૦ છે. પ્રતમાં કુલ ૩ પત્ર છે. પત્રનું કદ ૨૬ × ૫ × ૧૧ : ૫ સે. મી. છે. પ્રત્યેક પાના પર આશરે ૧૧-૧૨ પંક્તિ છે. કુલ ૩૬ કડીઓ છે. પાતળા કાગળની આ સમગ્ર પ્રત દેવનાગરી લિપિમાં કાળી શાહીથી લખાયેલી છે, પણ શ્લોકના ક્રમાંક લાલ કરેલા છે અને તે જમણી બાજુએ દર્શાવ્યા છે. કોઈ કોઈ સ્થાને પડી માત્રા પણ મળે છે. પ્રતનો લેખનસંવત પ્રાપ્ત થતો નથી પણ લેખનપદ્ધતિ અનુસાર તે અનુમાને સોળમા શતકનો હોય એમ લાગે છે.

પ્રતને અંતે નીચે પ્રમાણે લખાણ પ્રાપ્ત થાય છે : ઇતિ શ્રી સ્થૂલિભદ્ર મહામુનિ ફાગ સમાપ્તઃ શ્રી ગુરાઈ પઠનાર્થેઃ શ્રીઃ

## ૩ કાવ્યનો કર્તા : કવિ હલરાજ :

પ્રસ્તુત ફાગુની રચના મેવાડ દેશના આઘાટ નગરમાં થઈ છે, એ એની 'પ્રશસ્તિ'ના નીચેના ઉલ્લેખ પરથી સ્પષ્ટ થાય છે :

ચઉદહ–સઇ વિક્રમ સમઇ નઉકઇ સંવછરિ,
વૈશાખહ સુદિ તેરમિ એહુ ફાગુ નવલિ કરિ,
મેદપાટ આઘાટિ–નયરિ શ્રીપાસ પ્રસાદો,
કીયઉં કવિત હલરાજ ભણઇ અમ્હિ મનિ આણંદો. ૩૫

આ કવિ **હલરાજ** વિષે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી. 'શ્રી પાસ પ્રસાદો'-વાળા ઉલ્લેખ અને સમગ્ર કાવ્યમાં દેખાતી જૈન પરંપરા પરથી કવિ હલરાજ ચોક્કસપણે જૈન હોય એમ લાગે છે. પ્રારંભમાં કવિએ પરંપરા પ્રમાણે સરસ્વતીને પ્રણામ કર્યા છે.

## ૪. સ્થૂલિભદ્ર ફાગુ : એક કાવ્ય તરીકે

'સ્થૂલિભદ્ર ફાગુ' એ ૩૬ કડીનું એક નાનું ફાગુ કાવ્ય છે. વર્ણ્ય વિષય જૈન ઇતિહાસમાં પ્રસિદ્ધ એવા આચાર્ય સ્થૂલિભદ્રનો છે. સ્થૂલિભદ્રના જીવનની મુખ્ય ઘટના આ પ્રમાણે છે :

સ્થૂલિભદ્ર એમના પૂર્વાશ્રમમાં મગધદેશની રાજધાની પાટલિપુત્રના નંદરાજાના મંત્રી શકટાલના બે પુત્રમાંના મોટા પુત્ર હતા. બીજા પુત્રનું નામ શ્રીયક. યુવાન સ્થૂલિભદ્ર રાજ-

વારાંગના કોશાના પ્રેમમાં પડી, એના મોહપાશમાં બાર વર્ષ સુધી એને ત્યાં જ રહે છે. આ નંદરાજાની રાજસભાનો એક પંડિત વરરુચિ નિત્ય નવા નવા શ્લોક બનાવી લાવી દરરોજ ૧૦૦ સોનામહોર દાનરૂપે નંદરાજા પાસેથી મેળવતો. મંત્રી શકટાલને રાજલક્ષ્મીનો આ નિરર્થક વ્યય ગમતો ન હતો એટલે અંતે એણે યુક્તિથી આ દાનપ્રવાહ અટકાવ્યો. પરિણામે શકટાલ અને વરરુચિ વચ્ચે વૈરભાવ થયો. એક વાર પોતાના પુત્ર શ્રીપાદના લગ્ન-પ્રસંગ અર્થે મંત્રી શકટાલ આભૂષણો-શસ્ત્રો વગેરે તૈયાર કરાવતો હતો એ સમાચાર વરરુચિને મળતા વૈરભાવથી પ્રેરાઈને તેણે વિદ્યાર્થીઓના સમૂહ દ્વારા નગરમાં એવા સમાચાર વહેતા કર્યા કે—'રાજાને ખબર નથી કે મંત્રી શકટાલ શું કરશે, નંદરાજાને મારીને તે શ્રીયકને રાજગાદી પર સ્થાપિત કરશે.' નંદરાજાને પણ આ સમાચાર મળ્યા. અંગત ગુપ્તચર પાસે તપાસ કરાવતાં શકટાલને ત્યાં આભૂષણો અને શસ્ત્રો બને છે, એમ જાણવા મળ્યું. આથી રાજાનો વહેમ પાકો થયો અને તે શકટાલ પર ક્રોધે ભરાયો. આ સર્વ બાબતની શકટાલને પણ ખબર પડી ગઈ એટલે રાજકોપથી કુટુંબને બચાવવા ખાતર શકટાલે પોતાના પુત્ર શ્રીયકના હાથે હત્યા વહોરી લીધી. રાજાએ શ્રીયકની સૂચનાથી સ્થૂલિભદ્રને કોશાના ઘેરથી બોલાવ્યા અને પોતાના રાજ્યનું મંત્રીપદ સ્વીકારવા જણાવ્યું, પણ પિતાના અકાળ મૃત્યુ પરત્વે વિચાર કરતાં પ્રથમ તેમને પિતાનું મૃત્યુ કરાવનાર પર વૈર લેવાનું મન થયું. પણ પછીથી વિચાર કરતાં એમને સંસાર તરફ વિરક્તિ થઈ એટલે પોતાના હાથે 'લોચ' કરી, સાધુવેશ બનાવી રાજસભામાં જઈ 'ધર્મલાભ' ઉચાર્યો અને અંતે ગુરુ સંભૂતિવિજય પાસે જઈ દીક્ષા લીધી. પછીથી ચાતુર્માસ આવતાં સંયમની કસોટી કરવા, ચાતુર્માસ ગાળવા ગુરુઆજ્ઞા લઈ સ્થૂલિભદ્ર કોશા વૈશ્યાને ત્યાં જ આવ્યા. સ્થૂલિભદ્રને પાછા આવેલા જોઈ કોશા ખૂબ આનંદમાં આવી ગઈ. કોશાએ અનેક પ્રકારના હાવભાવ અને પ્રેમથી એમને જીતવા બધા પ્રકારના પ્રયત્નો કર્યા, પણ એનાં અનેક પ્રલોભનો છતાં સ્થૂલિભદ્ર અણનમ રહ્યા. પોતે સંયમ પાળ્યો અને કોશાને પણ પ્રતિબોધ પમાડી કોશાના ગૃહે નિયત સમય સુધી રહી તથા પોતાનો અભિગ્રહ પૂર્ણ કરી, કામવિજય પ્રાપ્ત કરીને પાછા ફરેલા સ્થૂલિભદ્રને ગુરુ સંભૂતિ-વિજયે 'દુષ્કર દુષ્કરકારક'ના બહુમાનથી સત્કાર્યા. પ્રસ્તુત ભાવક્ષમ ઘટનાઓનો વિનિયોગ કરી સ્થૂલિભદ્ર–કોશાને અનુલક્ષીને અનેક કાવ્યો પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં રચાયાં છે. એમાંથી ઇષત્ કથાતંતુનો ઉપયોગ કરી કેટલાંક ફાગુકાવ્યો પણ રચાયાં છે તે નોંધપાત્ર છે.

કવિ હલરાજે પણ પ્રસ્તુત સ્થૂલિભદ્રવિષયક સામગ્રીનો ઔચિત્યપૂર્ણ વિનિયોગ કરી 'સ્થૂલિભદ્ર ફાગુ'ની રચના કરી છે તે નોંધપાત્ર છે.

વિષયપૃથક્કરણ આ પ્રમાણે કરી શકાય [ વિષયનિર્દેશની બાજુમાં કડીનો ક્રમાંક છે ]: સરસ્વતીને પ્રણામ અને વસ્તુનિર્દેશ (૧). પાટલિપુત્રનો રાજા નંદ અને તેનો મંત્રી શકટાલ (૧). સ્થૂલિભદ્રનો કોશાગૃહે નિવાસ (૨). નવીન ગાથા સર્જક પંડિત વરરુચિ (૨). રાજા નંદનું દ્રવ્યદાન (૩). શકટાલનો તે પ્રત્યે અણગમો (૩). વરરુચિનો યુક્તિ-પ્રપંચ (૩). ભય-ગ્રસ્ત નંદરાજા અને દૂતપ્રેષણ (૪). શકટાલ પ્રતિ રાજાનું તેડું (૫). શકટાલનું મૃત્યું (૫). સ્થૂલિભદ્રને રાજાનું મંત્રીપદ માટે નિમંત્રણ (૫–૬). સ્થૂલિભદ્રની સંસાર તરફ વિરક્તિ અને દીક્ષાગ્રહણ (૭–૮). ગુરુ પાસે સ્થૂલિભદ્ર દ્વારા ચાતુર્માસ અંગે આજ્ઞા માગવી (૯–૧૦). કોશાગૃહે આગમન (૧૦). કોશા શણગાર વર્ણન (૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬). કોશાનું ચિત્ર-

શાલાએ આગમન (૧૭). વર્ષાવર્ણન (૧૮–૧૯). કોશાનું નૃત્ય (૨૦). કોશા-સ્થૂલિભદ્ર મિલન અને સંવાદ (૨૧–૨૨–૨૩–૨૪). સ્થૂલિભદ્ર-કામદેવ સંવાદ અને યુદ્ધ (૨૫–૨૬–૨૭-૨૮–૨૯–૩૦–૩૧). સ્થૂલિભદ્રનો કામવિજય અને દેવો દ્વારા ધન્યવાદ (૩૨). કોશાનું પ્રતિબોધ પામવું (૩૨). સ્થૂલિભદ્રનું ગુરુ પાસે પુનરાગમન (૩૩). ગુરુ દ્વારા બહુમાન (૩૩-૩૪). કાવ્યપ્રશસ્તિ અને સમાપ્તિ (૩૫–૩૬).

આ પરથી જોઈ શકાય છે કે કવિએ સ્થૂલિભદ્રના પૂર્વવૃત્તાન્તનો પૂર્વપીઠિકા તરીકે પ્રયોગ કર્યો છે. કવિએ સ્થૂલિભદ્ર–કોશાના મિલન પ્રસંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એટલે કુલ ૩૬ કડીમાંથી ૧૨ કડીમાં પૂર્વવૃત્તાન્તને સમાવી લીધો છે અને પછીની કડીઓમાં સ્થૂલિભદ્ર–કોશાના પ્રસંગને વર્ણવ્યો છે અને એ જ પ્રધાનપણે નિરૂપ્ય વિષય છે.

આમ કવિએ સ્થૂલિભદ્ર–કોશાના મિલન પ્રસંગ પર પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું હોવા છતાં તે પહેલાંનો પૂર્વવૃત્તાન્ત કવિ અતિ સંક્ષિપ્તમાં નિરૂપીને કાવ્યનો પ્રારંભ કરે છે, તે નોંધપાત્ર છે. વળી સ્થૂલિભદ્ર કોશાને ત્યાં ચાતુર્માસ ગાળી, સંયમમાં અડગ રહી, કોશાને પ્રતિબોધ પમાડી કામવિજેતા તરીકે પાછા ફરે તે અંતના વૃત્તાન્તનો પણ કવિએ કલાપૂર્ણ ઉપયોગ કર્યો છે તે એમના પ્રમાણભાનને લક્ષિત કરે છે.

૩૬ કડીના સંક્ષિપ્ત વિસ્તાર-ફલકમાં પણ કવિએ કથાતત્ત્વ, ભાવનિરૂપણ અને વર્ણનની ઔચિત્યપૂર્ણ રજૂઆત કરી છે. જેના ફલરૂપ કાવ્યનાં સર્વ અંગો સપ્રમાણ ભાસે છે. શકટાલ અને વરરુચિના પ્રસંગની પ્રારંભિક ભૂમિકા, સ્થૂલિભદ્રની સંસાર તરફ વિરક્તિ અને દીક્ષાગ્રહણ, કોશાગૃહે તેમનું આગમન, કોશાનાં સૌન્દર્ય અને અંગપ્રસાધનનું વર્ણન, વર્ષાવર્ણન, સ્થૂલિભદ્રનો કોશાના સાથેનો નાટ્યાત્મક વાર્તાલાપ, સ્થૂલિભદ્રની સંયમમાં અડગતા અને એનો મહિમા એમ સર્વ અંગો સહજ અને સપ્રમાણપણે ગૂંથાયેલાં છે.

ઉપર જોયું તેમ શકટાલ અને વરરુચિના પ્રારંભના પ્રસંગમાં તથા અંતના પ્રસંગમાં કવિનું વસ્તુ ને સંક્ષેપમાં રજૂ કરવાનું કથનકલાકૌશલ જોવા મળે છે. પણ કવિ હલરાજ પાસે માત્ર કથનકલા જ નથી, કવિત્વ પણ છે. એમણે કરેલ કોશાના અંગપ્રસાધન અને શણગારના વર્ણનમાં રૂઢ ઉપમા–ઉત્પ્રેક્ષાનો પ્રયોગ સારા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. છતાં એમાં કલ્પનાનું અને ઉક્તિનું વૈવિધ્ય કવિ સાધી શક્યા છે. તે આસ્વાદ્ય છે. કવિની ચિત્રાત્મક વર્ણનશક્તિનો પરિચય નીચેની પંક્તિઓ કરાવે છે :

પહિરિ પટઉલી કસમસી એ કંડિલંકિ સુકુંઅલીય,
ઓઢણિ આછઉ ચીરુ લીયઉં દક્ષિણની ફાલી.
દાડિમ-ફુલી કંચુલી એ ઉરિ કસણ ધરેઇ, ૧૩
વેણીય દંડસુ લહલહએ સિરિ ખૂંપ ભરેઇ,
ચંપક કરણી કેતકી એ ચૂનડીઅ સુરંગી,
કસથૂરી મઇવટ્ટ કરઇ ચચ્ચર તિહિ અંગી. ૧૪

સિરિ સઇંથઉ સીંદૂર ભરવિ પીયલિ કરિ રોલઇ,
નયણુ સુપૂરિઆં કાજલિઇં મુખ ભરીયઉં તંબોલઇ,
કાને કુંડલ ઝલહલઇ ગલિ મોતી–હારો,
નાગોદર લહરીયઉં કંઠિ તસુ કિય શણગારો. ૧૫

પદાર્થને ચિત્રરૂપે નિરૂપવા અર્થે કવિ અકૃત્રિમ રવાનુકરણ શબ્દનો કૌશલપૂર્ણ પ્રયોગ કરી આપણી સમક્ષ વર્ષાનું વાતાવરણ પ્રત્યક્ષ ખડું કરી દે છે.

આસાઢહ ધુરી ઊપનઉ એ ઉત્તર દિસિ મેહો,
ઝબઝબ ઝબકઇ વીજલી એ ઉલટઇ સનેહો,
કમલ સકોમલ સીયલી એ વાઉલિ વાજંતે,
મોર મધુર સરિ સાદ કરઇ કોઇલિ વાસંતે. ૧૮
ઊંડઉ ગાજઇ ગુહિર-સાદિ ઝિરમિરિ વરસંતે,
થરહર કંપઇ વિરહિણી એ પ્રીય પ્રીય સમરંતે. ૧૯

રવાનુકારી શબ્દના સપ્રમાણ પ્રયોગને પરિણામે કવિએ અત્રે મધુરતા આણી છે. કવિએ પ્રકૃતિવર્ણનનો માનવભાવ સ્ફુટ કરવા અર્થે કરેલો ઉપયોગ કવિની કલા-સૂઝનો દ્યોતક છે. પાંચ પંક્તિમાં વર્ષાનું વાતાવરણ આલેખી, તે પછી તરતની છઠ્ઠી પંક્તિમાં કવિ તે વાતાવરણ-સંદર્ભમાં વિરહિણીના ચિત્તની જે અવસ્થા થાય છે એનું વર્ણન કરે છે. પરિણામે આ સમગ્ર વર્ષા-વર્ણન વિપ્રલંભશૃંગારની પીઠિકારૂપ બની રહે છે.

કોશા–સ્થૂલિભદ્રના મિલન પ્રસંગને કવિએ નાટ્યાત્મક રીતે રજૂ કર્યો છે. પ્રારંભમાં જ કોશા પોતાની ભોગેચ્છા પ્રગટ કરે છે.

કોશ ભણઇ સુણિ સ્થૂલિભદ્ર મુઝુ ભણીયું કીજઇ,
ભમર ભમઇ પંખડીય કમલિ તિમ ભોગ રમી જઇ. ૨૧
સ્થૂલિભદ્ર એનો પ્રત્યુત્તર આપતા જણાવે છે:
"ગહિલી કોશા બાપુડી એ મોરું હૃદય ન ભીજઇ" ૨૧

માત્ર બે–ત્રણ પંક્તિમાં રજૂ થયેલ આ સંવાદ ટૂંકો હોવા છતાં તે સ્થૂલિભદ્ર અને કોશાના વ્યક્તિત્વનો દ્યોતક છે.

સંયમની ઊંચતા દર્શાવવા અને રાગ-વિરાગ વચ્ચેના વિરોધને સ્ફુટ કરવા સ્થૂલિભદ્ર દષ્ટાંન્તપરંપરા યોજે છે. તે કહે છે:

કિમ વયરાગર ઠીક મૂંકિ કિમ કાય ગ્રહીજઇ, ૨૧
કિમ રયણાયર છંડિય એ કિમ છીલરિ સેવા,
કિમ કલપતર દૂર કરવિ કઇરહ લેવા,
કિમ ચિંતામણિ લખીય એ કિમ પત્થર લીજઇ,
કિમ અરિહંત ઉવેખીયઇ કિમ યક્ષ નમીજઇ. ૨૨

પરસ્પરથી વિષમ મૂલ્ય ધરાવતી વસ્તુઓને એકબીજાની પડખે મૂકીને કવિએ અહીં ટૂંકી અને ચોટદાર ઉક્તિઓ દ્વારા રાગ-વિરાગની વિભિન્નતાને આકર્ષક અભિવ્યક્તિ આપી છે, તે લક્ષપાત્ર છે.

સ્થૂલિભદ્ર અને મયણરાય વચ્ચે કવિએ યોજેલ નાટ્યાત્મક સંવાદમાં કવિની ઓજસ્વી વાણીનું સામર્થ્ય પ્રગટ થાય છે. મયણરાયની ગર્વોક્તિ જુઓ :—

મયણ ભણઇ સુણિ થૂલિભદ્દ અમ્હ સરિસ મ મંડે,
આગઇ ઇણિ ઘરિ નંદિષેણ ગયઉ આયુધ છંડે,
બ્રહ્મા ઇશ્વર ઇંદ્ર ચંદ્ર ગોવિંદહ પ્રમુખઇ,
ગૌત્તમ ઝખિરા (?) સુર એ પહુ અછઇ અસંખહ. ૨૫
એ સવિ સેવ મનાવીયા એ તું કવણહ લેખઇ,
જઇ બલુ છઇ તઉ મંડિ રહે તું કહઉ વિશેષઇ, ૨૬

સ્થૂલિભદ્ર પણ તેનો ચોટદાર પ્રત્યુત્તર વાળે છે :

મુંછિ મોડીય થૂલિભદ્ર ઇમ બોલઇ વાત,
કિમ કંપાવસિ મેરુ સિહરિ કિમ સાયર સાત,
રહીયઉ સિહ–કિસોર જેમ નવિ મંડઇ નેહો,
નવી ભિજ્જઇ નવિ ચલઇ ચિત્તસુ અકલ અબીહો. ૨૭
રે રે મયણ મગવ્વુ કરસિ તુઝ કિસિઉ પરાણ,
રમલિ કરંતઇ નેમિકુમરિ તુઝ મલિયઉં માણ,
જંબુકુમાર નઇ સિવકુમરિ તું હારિ મનાવ્યઉ,
નાંવ જાણઇ સંસદ્ધા મૂઢ કિમ આગલિ આવ્યઉ. ૨૮

વળી એ બન્ને વચ્ચેનાં યુદ્ધ–પ્રસંગને પણ કવિએ ઉચિત શબ્દયોજના કરી એના નાદ-વ્યંજન દ્વારા સુંદર આભવ્યક્તિ અર્પી છે તે નોંધપાત્ર છે.

બે બલવત્તર બેઉ સબલ એકો નવિ ભાજઇ,
હયવર હીસારવ કરઇં જિમ અંબર ગાજઇ,
આઠ મદ ગયવર ગુડીય પંચ પંચેદ્રીય પાખરિયા,
સાસવ્ય(?) ન પાઇક અભંગ તસુ દલિ પરવરિયા. ૨૯

અને છેવટે સ્થૂલિભદ્ર કામદેવ પર વિજય મેળવી, એની પાસે પોતાની આણ મનાવે છે. કોશાને પ્રતિબોધ પમાડી, ચાતુર્માસ પૂર્ણ થતાં ગુરુ પાસે પાછા ફરે છે. ગુરુ એમને 'દુષ્કર દુષ્કરકારક' તરીકે બહુમાન આપી સત્કારે છે તે વીગત કવિ અતિ સંક્ષિપ્તાથી અંતની કડીઓમાં નિરૂપે છે. તે કવિની આયોજનપદ્ધતિની કુશળતા દર્શાવે છે.

કાવ્યને અંતે 'કાવ્ય–પ્રશસ્તિ' આપી 'પાર્શ્વનાથના પ્રસાદ'નો મહિમા વર્ણવી કવિ કાવ્ય પૂર્ણ કરે છે.

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં 'ફાગુ–કાવ્યો'ની રચનાની બે મુખ્ય પરિપાટીઓ મળી આવે છે. પ્રથમ પરિપાટીમાં કાવ્યને 'ભાસ'માં વિભક્ત કરીને પ્રત્યેક 'ભાસ'માં એકાદ દુહો

અને કેટલાક રોળા છંદ મૂકવામાં આવે છે. તો બીજી પરિપાટીમાં આંતરપ્રાસ કે આંતરયમકવાળા દુહામાં આખું કાવ્ય રચવામાં આવે છે. કવિ હલરાજ અહીં પ્રથમ પરિપાટીને અનુસર્યા છે. ૩૬ કડીના આ કાવ્યને કવિએ 'ભાસ'માં વિભકત કર્યું છે. આમ તો આ કાવ્યનો પદબંધ મુખ્યત્વે રોળા છંદથી બંધાયેલો છે. પણ 'ભાસ'ને અંતે એક-બે પંક્તિની ગાથા પ્રાપ્ત થાય છે. આ દોહાના વર્ગના છંદની પંક્તિનું માપ ૧૩ + ૧૦ માત્રાનું છે. દોહા છંદનું સામાન્ય માપ ૧૩ + ૧૧ માત્રાનું છે. પણ આવા સામાન્ય માપના દોહાથી એકાદ માત્રા ઓછી કે વધતી હોય એવી પંક્તિ ધરાવતા છંદની રચના પ્રાચીન ગુજરાતીના અન્ય ફાગુ-કાવ્યમાં પણ મળે છે. એટલે અહીં કવિ હલરાજ તે જ પ્રાચીન પરંપરાને અનુસરે છે એમ કહેવું જોઈ એ.

કાવ્યનો રચનાકાળ સંવત ૧૪૦૯[ ઈ. સ. ૧૩૫૩–૫૪ ]નો હોવા છતાં એનું ભાષા-સ્વરૂપ [ પંદરમી તથા સોળમી સદીમાં લખાયેલી હસ્તપ્રતોને આધારે પ્રાપ્ત થતી એની વાચનામાં ] તેટલું પ્રાચીન નથી પણ પ્રમાણમાં તે અર્વાચીન છે તે લક્ષપાત્ર છે.

વસ્તુપસંદગીમાં, પ્રસંગવર્ણનમાં, અલંકારોમાં અને ભાવનિરૂપણની રીતિમાં કવિ પરંપરાને અનુસરતા હોવા છતાં કથનકલા અને કવિત્વની સ્વકીય શક્તિ વડે કવિ હલરાજે પ્રસ્તુત કાવ્યને વિશિષ્ટ વ્યક્તિતા અર્પી છે.

## કવિ હલરાજકૃત સ્થૂલિભદ્ર ફાગુ

સરસતિ સામિણિ વીનવઉ બે કર જોડેવી,
થૂલિભદ્ર મુનિવર ચરિત્ર કહસ્યઉ ગુણ કેવી,
નંદરાય પાડલીય નયરિ તહિ રાજ કરેઇ,
તાસુ તણઇ અધિકારિ વિપ્ર સગડાલ ભણેઇ. ૧
તસુ નંદન ભડ થૂલિભદ્દ નામિઇ પભણીજઇ,
કોશ તણઇ ઘરિ રમલિ કરઇ તહિ ભોગ રમીજઇ,
તિણિ નયરી પંડિતુ એક વરરુચિ આવેઇ,
પ્રહિ ઊગમતઇ પંચસઇ ગાહ નવીઅ કરેઇ. ૨
દ્રવ્યદાન રાજા દિયએ મુહંતા નવિ ભાવઇ,
દાઉ ધરિ પંડિત રહઇ તહિ છાત્ર ભણાવઇ,
"રાઉ ન જાણઇ મુગધ જં તુ સિગડાલ કરેસ્યઇ,
નંદરાય મારેવિ પાટિ સિરીયઉં પરિઠેસ્યઇ." ૩

---

૧ ૧ ખ. વાનવું એ. ૨ ખ. ચરિત કહિસું.
૩ ખ. પાડલીઅ. ખ. તિહાં. ૪ ખ. તણ, ક. અધિકાર.
૨ ૧ ખ. નામિઇ. ૨ ખ. કોસિ. ખ કરઇ. ખ. તિહા.
૩ ખ પંડિત. ખ. વરુરુચિ. ૪ ક. પ્રહ ઊગમે સઇ પંચ. ક. નવી નવી કરેઇ.
૩ ૧ ખ. મહુતા. ૨ ખ. દાવ ધરિ. ખ.. રહઇ એ તિહા. ખ. પઢાવઈ
૩ ખ. મુગ્ધ જં જિ સગડાલ. ખ. કરેસ્યઇ. ૪ ખ. સિરીઉ પરંઠેસિઈ.

તાણુ સ વયણુ સંભલીય રાય મનિ ભઇ આકંપિયઉ,
છાનાં ચર મોકલ્યા રાય તહિ જોઇ સરૂપો,
દૂત ભણુઇ સુણિ નંદરાઉ એ ભલઉં ન હોસ્યઇં,
જઉ જીવઇ સગડાલ મંત્રિ એહુ રાજુ હરેસ્યઇં. ૪

નંદરાય સગડાલ ભણી તહિ તેડઉ દીધઉ,
રાય તણુઇ પડિગાહિ કરી સિરિયઇં સિરુ લીધઉ,
તિણિ અવસરિ સગડાલ મંત્રિ પરલોકિ પહૂતઉ,
આઇસ હુઉં થૂલિભદ્દ રાઉલિ તેડંતઉ. ૫

"પહિરિ મુદ્રા વ્યાપાર તણી તુમ્હ હૂઅઉ પસાઉ,
તું સમવડિ નવિ ગિણું કોઇ બોલઇં નંદરાઉ,"
પડિખઉ સ્વામી ઘડીય દુન્નિ આલોચ કરેસ્યું,
જાં મનિ માનઇ આપણુઇ અગ્હિ તં જિ કરેસ્યું. ૬

આઇસ માગીય થૂલિભદ્દ નંદનવનિ જાઇ,
પંચેંદ્રી આલોચીયઉ એ મૂનિ આણિઉ ઠાઇ,
રાગ દ્વેષ ડર અરઇ સીહ ઊદ્યમતે દમિયા,
પંચ મહાવ્રત પંચમેર પંચઇ આંગમીયા. ૭

---

૪ ૧ ખ. તાસ વયણ સંભલીઅ. ૨ ખ. છાંના. ખ. મોડલીઅ રાય તિહાં.
ક. ભય. ખ. આકંપો. ક. જોય સરૂપ. ખ. રૂપો.
૩ ખ. નંદરાય એ ભલં ન હોસી. ૪ ખ. જાં. ખ. સહૂ રાજ હરેસિઇ.

૫ ૧ ખ. તિહાં તેડઉં દીધઉ. ૨ ક. તણુય પડિગાહ.
ખ. સિરીઇ સિર લીધઉં.
૩ ક. અવસર. ક. પરલોગ પરહૂતઉ. ૪ ક. આયસ હૂઉં.

૬ ૧ ક. પહિર. ખ. મુદ્ર. ૨ ખ. ગણુઇ. ખ. બોલઇ.
ખ. તુઝ હૂઉં પસાઉ.
૩ ખ. પડિખઉ. ખ. ઘડીઅ. ૪ ખ. જં. ક. એમનિ જ.
ખ. કરેસિઉં.

૭ ૧ ખ. આયસ માગી થૂલિભદ્ર. ૨ ખ. પાંચેઇંદ્રી આલોચિઅ.
ખ. નંદનવન બન જાએ. ક. મન આણે ઠાએ.
૩ ખ. રાગ દોષ રઇ. ખ. દુદ્યમતે. ૪ ખ. પંચમેર ક. આગમીયા.

ચારિત્ર અંગીકરીય રહ્યઉ એ તહિ ધ્યાન ધરેઇ,
નયરલોગ સહૂ બૂઝવઇ એ પણિ મૌન કરેઇ,
સુહગુરુ સિરિ-સંભૂયવિજઇ તહિ ચલણે લાગઇ,
બે કર જોડી થૂલિભદ્દ આલોયણુ માગઇ. ૮

તાસુપદેસિ વિહાર કરઇ મહીયલિ બોહંતઉ,
અન્ન દિવસિ પાડલીય-નયરિ આવીયઉ તુરંતઉ,
મુનિવર સુહગુરુ પાય પડીય ચઉમાસિ મંગાવઇં,
જં જં હીયડઇ ભાઉ ધરઇ ત્તં ગુરુ મન્નાવઇ. ૯

" એક ભણઇ હૂં કૂઆ-કંઠિ બીજઉં બિલ-વિસહરિ,
ત્રીજઉ ઇક ચિંતિ વીનવઇં મો સીહ તણુઇ ઘરિ,
ચઉથઉ ચઉથઉ-વ્રત ધરવિ માંગઇ ગુરુ પાસે,
થૂલિભદ્દ મુનિવર ઇમ ભણુઇ મો કોસ-અવાસિ." ૧૦

છહ વિગઇ આહાર કરિસુ પાલિસુ ચારિત્ર,
ગુરુ-વયણે ઉપયોગ કરી ચાલ્યઉ ઇક ચિત્ત,
લેઇ અભિગ્રહ ગુરુહ પાસિ તિણિ તોરણિ આવીય,
દીઠઉ દાસી થૂલિભદ્દ કોશા વધાવીય. ૧૧

તુહ્મ બારંતરિ થૂલિભદ્દ પહુતઉ મુનિરાઉ,
કોશ વેસ સિણગાર કરી મનિ અતિહિ ઉચ્છાહો. ૧૨

---

૮ ૧ ખ. કરીઅ રહિઉ તિહાં ધ્યાન. ૨ ખ. લોક ખ. સોન.
૩ ખ. સંભૂઇ વિજય. ખ તાસુ. ૪ ક. અલોયણુ માગી. ખ. આલોઅણ.
ક. લાગી.

૯ ૧ ક. તાસુ ઉપદેસી. ૨ ક. અન્નિ. ખ. પાડલીઅ.
ખ. મહીયલિ બોહંતઉં, ખ. આવીઉ
૩ ખ. મુણિવર ખ. પડી. ૪ ખ. જંજ સ હીઅડઇ ધરઇ ભાવતં.
ખ ચઉમાસિ મંગાવઇ. ખ. મનાવઇ.

૧૦ ૧ ખ. બીજઉ બિલ-વિસહર. ૨ ક. એક ચિંતિ. ખ. વીનવઇ એ મઝ.
૩ ખ. ચઉથું-વ્રત ધરે ઈ માગઇ. ૪ ખ. મુનિવર ભણઇ મઝ કોસિ અવાસ.
ક. પાસહ.

૧૧ ૧ ક. છહાં. ક. કરવિસુ. ક. પાલિસ. ૨ ખ. ચાલિઉ. ક. એકચિત્તા.
ખ. ચારિત્રં.
૩ ખ. તિહિં. ખ. આવીય. ૪ ખ. વધાવી.

૧૨ ૧ ક. તહ્મ દ્વારં. ૨ ક. કરઇ. ક. અતિ. ખ. આણંદ.
ક. ઉછાહહો.

## ભાસ

આણવિ નિરમલ નીર પાસિ પકખાલઇ અંગ,
બાવંન્ના સિરખંડ તણી ઊગટિ કરિ ચંગ,
પહિરિ પટઉલી કસમસી એ કંડિલંકિ સુકુંઅલીય,
ઓઢણિ આછઉ ચીરુ લીયઉં દક્ષિણની ફાલી. ૧૩

દાડિમ–હુલી કંચુલી એ ઉરિ કસણુ ધરેઇ,
વેણીયદંડસુ લહલહએ સિરિ ખૂંપ ભરેઇ,
ચંપક કરણી કેતકી એ ચૂનડીઅ સુરંગી,
કસથૂરી મઇવટ્ટ કરઇ ચરચઇ તિહિ અંગી. ૧૪

સિરિ સઇંથઉ સીંદૂર ભરવિ પીયલિ કરિ રોલઇ,
નયણ સુપૂરિઆં કાજલિઇં મુખ ભરીયઉં તંબોલઇ,
કાને કુંડલ ઝલહલઇ ગલિ મોતી–હારો,
નાગોદર લહરીયઉ કંઠિ તસુ કિય શણગારો. ૧૫

કરિયલિ કંકણુ જિગિમિગએ બહિરખા ધરેઇ,
રાતી ચૂડીય ચીરમીએ બહુરંગ ધરેઇ,
ચંપક–કલીય અંગુલીય જિસી મુંદ્રડીયઉ ઠવંતી,
પાએ નેઊર રુણઝુણએ ચાલઇ ચમકંતી. ૧૬

સોલવન્નુ બીડઉ લિયઉ એ નવજોવન બાલી,
કોસ વેસ સિણગાર કરી પહુતી ચિત્રશાલી. ૧૭

---

૧૩ ૧ ખ. પરકાલી ૨ ખ. બાવનઉ. ખ. કરીં ઉગટ કીઅ ચંગ.
૩ ક. પડિર પટોલી ઘિસિમિસિ એ કડિલંક. ૪ ક. આછઇ. ખ. ચીર લીઉ.
ખ. સુકુંઅલી.

૧૪ ૧ ખ. કંચલી. ૨ ખ. વેણી દંડ સ લહલહઇ.
૩ ક. કરુણીય. ક. સોનડીય સચંગો. ૪ ખ. કસ્તૂરી મુહવટ્ટિ. ક. અંગે.-

૧૫ ૧ ક. ગૂથી સિદૂર. ખ. પીયલિ. ૨ ક. તે ભરિયાં કજલ એ.
ખ. રોલ. ખ. મુખ ભરીઉં તંબોલ.
૩ ખ. સીસિ મુકુટ ગલઇ નવસર હાર. ૪ ખ. લહરીઆં. ખ. તસુ લિઇ સિણગારો.

૧૬ ૧ ખ. કરીયલિ ખ. ઝગમગઇ. ૨ ખ. ચૂડી ખ. બહુરંગ કરેઇ.
ક. બહરખા.
૩ ખ. ચંપકલી અંગુલીઅ. ખ. મૂંદ્રડીઅ. ૪ ખ. નેઉર ઝગમગઇ એ ચાલઇ.
ક. ઠવાંનીય.

૧૭ ૧ ખ. સોલવનું બીડઉં લિઉં એ નવયૌવન. ૨ ખ. ચિત્રસાલી.
ખ. ભાષા

## ભાસ

આસાઢહ ધુરિ ઊનયઉ એ ઉત્તર દિસિ મેહો,
ઝબઝબ ઝબકઇ વીજુલી એ ઉલટઇ સનેહો,
કમલ સકોમલ સીયલી એ વાઉલિ વાજંતે,
મોર મધુર સરિ સાદ કરઇ કોઇલિ વાસંતે. ૧૮

ઊંડઉ ગાજઇ ગુહિર-સાદિ ઝિરિમિરિ વરસંતે,
થરહર કંપઇ વિરહિણી એ પ્રીય પ્રીય સમરંતે,
કોશ વેસ સન્નાહ કરીય આવી સમરંગણિ,
બારાં વરસ તણઉ નેહ જગાવિસુ તતક્ષણિ. ૧૯

અઉઠ હાથ અંતરિ રહીય આલવઇ મધુર-સરિ,
વેણુ વંસ કંસાલ તાસ નચ્ચઇ નટ્ટારસિ,
હાવભાવ નવનવઇ રંગિ તસુ બોલઇ વયણ,
ધ્યાન ધરીય મુનિવર રહિઉ એ નવિ જોવઇ નયણ. ૨૦

કોશ ભણઇ સુણિ થૂલિભદ્દ મુઝ ભણીયું કીજઇ,
ભમર ભમઇ પંખુડીય કમલિ તિમ ભોગ રમીજઇ,
"ગહિલી કોશા બાપુડી એ મોરું હૃદય ન ભીજઇ,
કિમ વયરાગર ઠીક મુંકિ કિમ કાચ ગ્રહીજઇ. ૨૧

કિમ રયણાયર છંડિય એ કિમ છીલરિ સેવા,
કિમ કલપતર દૂરિ કરવિ કઇરહ લેવા,
કિમ ચિંતામણિ લંખિય એ કિમ પત્થર લીજઇ;
કિમ અરિહંત ઉવેખીયઇં કિમ યક્ષ નમીજઇ." ૨૨

---

૧૮ ૧ ક. અસાઢાં. ખ. ઉનયઉ ઉત્તર. ૨ ખ. જબ જબ કરઇ વીજલી એ ઊલટઇ.
૩ ક. કુઅલ. ૪ ખ. મધુર સાદ. ક. કોઇલ.

૧૯ ૧ ક. ગુહિર-સરે. ખ. ઝિરમર. ૨ ક. થિરહર. ક. વિરહણી. ખ. પ્રિય પ્રિય.
૩ ખ. વેસ સનાહ કરી. ૪ ક. બાર વરસાં. ક. જગવિસુ.

૨૦ ૧ ક. અહુઠ. ખ. રહી. ૨ ખ. વીણા-વંસ. ખ. નાચઇ નાટારસિ.
૩ ક. નવનવય. ૪ ખ. ધરી. ખ. રહિઉ.

૨૧ ૧ ખ. મહ ભણીઉં. ૨ ખ. પંખડીઅ જેમ તિમ.
૩ ખ. બાપડી એ. ક. મોરુઉં ખ. હૃદય. ૪ ખ. રયણાયર. ખ. મૂંકિ.

૨૨ ૧ ખ. છંડીય. ખ. છીલર. ૨ ખ. કલ્પતર વીઢ. ક. કિમ કરઇ બસેવા.
૩ ખ. લંખીય. ખ. પાથર. ૪ ખ. ઊવેખીઇ. ખ. જખ્ય.

કોશ ભણઇ સુણિ થૂલિભદ્દ તુ કિંપિ ન જાણઇ,
છંડિ અભિગ્રહ સયલ દૂરિ કિમ ભોગ સમાણઇ,
નવજોવણ નવરંગ ચંગ નવ નેહ ધરીજઇ,
પાવસિ–કાલિ પલિંક–સેજિ સુખિ રમલિ કરીજઇ. ૨૩

મઝસિઉ વિલસી બાર કોડિ અન લાખ પંચાસ,
હિવ પવિત્તીય હાથ કરી મઇં મૂકિ નિરાસ,
નીઠર વયણે બુઝવઇ સો કિમઇ ન બૂઝઇ,
મયણરાય ભડ થૂલિભદ્દ સમરંગણિ ઝૂઝઇ. ૨૪

મયણ ભણઇ સુણિ થૂલિભદ્દ અહ્મ સરિસ મ મંડે,
આગઇ ઇણિ ઘરિ નંદિષેણ ગયઉ આયુધ છંડે,
બ્રહ્મા ઈશ્વર ઈંદ્ર ચંદ્ર ગોવિંદહ પ્રમુખઇ,
ગોત્તમ ઝખિરા(?)સુર એ પહુ અછઇ અસંખહ. ૨૫

એ સવિ સેવ મનાવીયા એ તું કવણહ લેખઇ,
જઇ બલુ છઇ તઉ મંડિ રહે તું કહઉ વિશેખઇ. ૨૬

## ઢાલિ

મુંછિ મોડીય થૂલિભદ્દ ઇમ બોલઇ વાત,
કિમ કંપાવસિ મેરુ સિહરિ કિમ સાયર સાત,
રહીયઉ સિહકિસોર જેમ નવિ મંડઇ નેહો,
નવી ભિજજઇ નવિ ચલઇ ચિત્ત સુઅકલ અગીહો. ૨૭

---

૨૩ ૧ ખ. ડોસિ. ખ. તઉ કિંપિ. ૨ ખ. દૂરિઅ.
૩ ખ. નવયોવન નવ નેહ ભણીજઇ. ૪ ખ. પાવસકાલ પલ્યંક-સેજ.

૨૪ ૧ ક- મુઝ સિઉ. ખ. નઇ. ૨ ખ. હિવ મઇ પવિત્તીયઅ. નાથ કરવિ.
ક. લખ પચ્ચાસી.
૩ ક. નીઠર. ખ. બૂઝવઇ. ૪ ખ. સૂણિ થૂલિભદ્દ.
ખ. કિમ. ક. બૂજઝઇ.

૨૫ ૧ ખ. સરિસઉ મ માંડે. ૨ ખ. આગ ઇણિ. ખ. ગયુ, ક. છાંડી
૩ ખ. ગોવિંદ પ્રમુખ. ૪ ખ. ... ખ. જે અછઇ અસંખ.

૨૬ ૧ ખ. આણ મનવીઆ. ૨ ખ. જઇ તૂં બલિ મંડિ રહિઉ કરું વિસેખઇ.

પ્રત ખમાં 'ઢાલિ' નથી.

૨૭ ૧ ક. મૂંછ. ખ. મરોડી. ૨ ખ. કેમ કંપાવિસુ. ખ. સિહર. ક. સત્ત.
૩ ક. રહીય સિંય-કિસોર ૪ ખ. ભીજઇ. ખ. ચિંતિત સુ અકમ.

રે રે મયણુ મ ગવ્વુ કરસિ તુઝ કિસિઉ પરાણુ,
રમલિ કરંતઇ નેમિકુમરિ તુઝ મલિયઉ માણુ,
જંબુકુમારિ નઇ સિવકુમારિ તું હારિ મનાવ્યઉ,
નવિ જાણુઇ સંસણા મૂઢ કિમ આગલિ આવ્યઉ. ૨૮

બે બલવત્તર બેઉ સબલ એકો નવિ ભાજઇ,
હયવર, હીસારવ કરઇં જિમ અંબર ગાજઇ,
આઠ મદ ગયવર ગુડીય પંચ પંચેદ્રીય પાખરિયા,
સાસવ્ય(?) ન પાઇક અભંગ તસુ દલિ પરવરિયા. ૨૯

ઝલકઇ સબલ સેલ ફરી સિંગિણિ ગુણુ વાજઇ,
જે કામાતુર પુરિખ સબલ તે સહૂઅઇ ભાજઇ,
રોસિ ચડઉ ભડ જુડઇં સુહડ સમરંગણિ સૂરા,
જે દઢ–કચ્છા સીલવંત રિણિ ઝૂઝઇ ધીરા. ૩૦

ત્રિણિ ભૂવનિ આકંપ હુઅ એ સૂર કુતિગ મિલિયા,
નયણુ બાણુ સંવેગ દેખિ કાયર ખલભલિયા,
મયણુરાય ભડ થૂલિભદ્દ બિહું હૂઅઉ સંગ્રામ,
બ્રહ્માઉધ મૂકેવિ બાણુ રણિ જિતઉ કામ. ૩૧

---

૨૮ ૧ ખ. ગવ્વ. ક. કરે તુજ કિસું. ૨ ક. નેમિકુંઅરિ તુજ. ખ. મલીયઉ.
૩ ક. જંબુકુમર. ક. સિ(વ) કુમાર. ક, તુઆ. ખ. મનાવિઉ. ૪ ખ. સાંસહિ સમૂઢ. ખ. આવિઉ.

૨૯ ૧ ખ. ૨ ખ. હંસારવ કરઇ એ.
૩ ખ. આઠઇ ગય ગડીય. ક. પંચદ્રીય. ખ. પંચઇંદ્રીખ્યા પાખરીયા. ૪ ખ. —પંક્તિ નથી.

૩૦ ૧ ખ. કલકઇ સબલસુ સિંગણિ. ૨ ખ. જં. ક. કામાતરુ. ખ. પ્રુરુખ સબલે
૩ ક. રોસ રડઇં. ખ. જડઇ. ૪ ક. દઢ-કાચ્છા. ખ. સીલ સબલ. ક. રિણ ખ. ધીર.

૩૧ ૧ ક. ત્રિણ ભૂવણ. ખ. હૂયઉ. ક. સુખ ઉત્તિમિ. ખ. મિલીયા. ૨ ખ. ખલભલીઆ.
૩ ક. બિંહુ. ખ. હૂઉ. ૪ ખ. વ્રત-આયુધ. ખ. મુકેવિ. ક. રિણુ. ખ. જીતઉ.

ધનુ ધનુ મુનિવર થૂલિભદ્દ તુઝ સમઉ ન કાએ,
મયણુ તણુઉ જિણુ મિલ્યઉ માણુ જાણઇ સૂર લોએ,
આણુ મન્નાવીય મયણુરાય નવિ લાગી વાર,
કોસ વેસ પ્રતિબોધ દીયઇં સમક્તિ વ્રત–બાર. ૩૨

ચારિત્ર નિરમલ પાલીયઉ પૂગી ચઉમાસિ,
મુનિવર વેગઇં ચાલિયઉ એ પહુતઉ ગુરુ પાસિ,
ભગતિ ભાવિસુ જિ સીસ સધર ગુરુ નામઇં સીસ,
દુક્કર દુક્કર દુન્નિવાર ગુરુ દિપઇ આસીસ. ૩૩

જાં તારાયણુ ચંદ સૂર જાં મહીયલિ સોહઇં,
તાં મુનિવર તું સ્થૂલિભદ્દ ભવયણુ મન મોહઇ,
ચઉદહ પુરવ પઢીય સુખરિ પ્રભુ પાટિ બઇઠઉ,
ચઉરાસી ચઉવીસી લગઇ ઉદ્યોત કરંતઉ. ૩૪

ચઉદહ–સઇ વિક્રમ સમઇ નઉકઇ સંવચ્છરિ,
વૈશાખહ સુદિ તેરમિ એહુ ફાગુ નવલિ કરિ,
મેદપાટ આઘાટિ–નયરિ શ્રી પાસ પ્રસાદો,
કીયઉં કવિત **હલરાજ** ભણઇ અમ્હિ મનિ આણુંદો. ૩૫

---

૩૨ ૧ ખ. ધન ધન. ખ. કોઇ    ૨ ખ. જિણિ મિલિઉ. ખ. જાણિઉ. ક. સૂરલોય.
૩ ખ. મનાવિઉ.    ૪ ખ. પ્રતિબૂઝવીઅ.

૩૩ ૧ ખ. પાલીઅઉં. ક. મૂંકી ચઉમાસે.    ૨ ખ. ચાલીઉ. પહુતઉ. ક. પાસે.
૩ ક. ભાવસુ જ. ખ. ધરઇ નામઇ.    ૪ ખ. દુષ્કર દુષ્કર. ખ. દિઇ.

૩૪ ૧ ખ. ચંદ. ખ. મહીઅલિ. ખ. સોહઇતં.    ૨ ખ. તું. ખ. મુનિવર થૂલિભદ્દ તિહુઅણ.
૩ ખ. પઢીઅ. ખ. સાર.

૩૫ ૧ ખ. સમએ નઊકઇ સંવત્સરિ.    ૨ ખ. તેરસિદિં કિઅ ફાગ નવલ પરિ.
૩ ક. આઘાટ-નયરિ. ખ. પ્રસાદે.    ૪ ખ. કિઊં. ખ. અમ્હ. ખ. આણંદિઇ.

વરતરણી મિલિ દિઇં રાસ એહુ ફાગુ મેલાવઇં,
તસુ અંગણિ નવનિદ્ધિ રમઇં સંપતિ ઘરિ આવઇં. ૩૬
ઇતિ શ્રી થૂલિભદ્દ ફાગુ સમાપ્તમિતિઃ
મુનિ દેવાણંદ લિખિતં, શુભં ભૂયાતુ, કલ્યાણમસ્તુ,
છઃ, શ્રી, છઃ.

*　*　*

## કઠિન શબ્દાર્થ

[કડી-સંખ્યા પછીના અંક ૧, ૨, ૩, ૪ ચરણના સંકેત છે. સં. = સંસ્કૃત; પ્રા. = પ્રાકૃત; અપ. = અપભ્રંશ; હિં = હિંદી; દે = દેશ્ય.]

| | | |
|---|---|---|
| અઉઠ | ૨૦·૧ | સાડા ત્રણ [ सं. अर्धचतुर्थ, प्रा. अद्धुट्ठ ] |
| અબીહો | ૨૭·૪ | અભય, જેને ભય નથી તે. |
| આઇસ | ૫·૪ | આદેશ, આજ્ઞા. |
| આકંપિયઉ | ૪.૧ | કંપ્યો. |
| આલવઇ | ૨૦·૧ | બોલે [ सं. आ + लप् ] |
| આલોચ | ૬·૩ | મનન, ચિંતન. |
| આલોયણ | ૮·૪ | આલોચના, દોષોની કબૂલાત કરીને પ્રાયશ્ચિત્ત લેવું તે. |
| ઊગટિ | ૧૩·૨ | સુગંધી પદાર્થોનો લેપ. |
| ઊધમતે | ૭·૩ | ઉધમાત કરતા, ઉત્પાત કરતા. |
| ઊન્નયઉ | ૧૮·૧ | ઊંચે તોળાઈ રહેલો. |
| કઇર | ૨૨·૨ | કેરડો. [ सं. क्रकर, प्रा. कयर ] |
| કંડિલંક | ૧૩·૩ | કેડનો લાંક—વળાંક. |
| કંસાલ | ૨૦·૨ | એક વાદ્ય. |
| કરિયલિ | ૧૬·૧ | હાથમાં [ सं. करतल ] |

---

૩૬ ૧ ક. વરુતરુણી. ખ. મિલી. ૨ ખ. નિધિઋદ્ધિ સંપદ. ખ આવઇ.
ક. દિયઇં. ક. એ. ખ. ફાગ.
ક. ખેલાવઇં.

ઇતિ શ્રી સ્થૂલિભદ્ર મહા મુનિ ફાગ સમાપ્તઃ, શ્રી ગુરાઇ પઠનાર્થં૭,

ક. વસ્ત. થૂલિભદ્દઃ થૂલિભદ્દઃ વરસ દહઅઠ,
બાલપણિ ક્રીડા રમઇં વરિખ બાર કોસ્યાહ મંદિરિ.
તિહિં સંજમ આદરીય, વરિસ તામ ચઉવીસ મુનિવર,
યુગપ્રધાન પટ્ટધરણ પંચગ્ગલિ ચાલીસ,
આયુ નવાણૂં વરિસ તહિ એય પણમઉ સવિદિસ.

પ્રત ‘ ખ ’માં આ નથી.

| | | |
|---|---|---|
| કસણુ | ૧૪.૧ | તંગ કસીને. |
| ખૂંપ | ૧૪.૨ | માથા ઉપરનો પુષ્પનો શણગાર. |
| ગાહ | ૨.૪ | ગાથા. |
| ગુડીય | ૨૯.૩ | [ હાથીને ] બખતર પહેરાવ્યું. |
| ગુહિર-સાદિ | ૧૯.૧ | ગંભીર અવાજે. |
| ચૂનડીઅ | ૧૪.૩ | ચૂંદડી, સ્ત્રીનું એક જાતનું ભાતીગર રેશમી વસ્ત્ર. |
| છહવિગઇ | ૧૧.૧ | છ પ્રકારની વિકૃતિ—વિકારકારક આહાર |
| છીલર | ૨૨.૧ | ખાબોચિયું [ દે. छिल्लर. ] |
| જિગિમિગએ | ૧૬.૧ | ઝગમગે. |
| ઝૂઝઇ | ૨૪.૪ | લડે છે. |
| ઠ્વંતી | ૧૬.૩ | સ્થાપે છે, |
| તારાયણુ | ૩૪.૧ | તારાગણુ |
| તાસુ | ૧.૪ | તેનું |
| થરહર | ૧૯.૨ | થરહર. |
| દાઉ | ૩.૨ | લાગ |
| દાડિમ-ફુલી | ૧૪.૧ | એક પ્રકારનું ઉત્તમ કીમતી વસ્ત્ર. |
| દુકુર | ૩૪.૪ | દુષ્કર, મુશ્કેલ. |
| નટ્ટારસિ | ૨૦.૨ | નૃત્યના રસમાં. |
| નાગોદર | ૧૫.૪ | કંઠનું એક આભૂષણુ. |
| નીઠર | ૨૪.૩ | કઠોર. |
| નેઉર | ૧૬.૪ | નૂપુર, ઝાંઝર. |
| પંખુડીય | ૨૧.૨ | પાંખડી. |
| પંચમેર | ૭.૪ | પાંચમેરુ, પાંચ મર્યાદારૂપી મેરુ. |
| પડિખઉ | ૬.૩ | વાટ જોવી [ सं. प्रति + ईक्ष् ] |
| પડિગાહિ | ૫.૨ | ગ્રહણુ કરીને [ सं. प्रति + ग्रह् ] |
| પભણીજઇ | ૨.૧ | કહેવાય છે. |
| પવિત્તીય | ૨૪.૨ | દર્ભની વીંટી, પવિત્ર શબ્દો પાડેલી કે ભરેલી રેશમી પટ્ટી [ प्रा. पवित्तय ] |
| પસાઉ | ૬.૧ | પ્રસાદ, કૃપા. |
| પાખરિયા | ૨૯.૩ | પાખર્યા. |
| પીયલિ | ૧૫.૧ | પીપળ, કપાળમાં લગાડવામાં આવતી અર્ચા. |
| પ્રહ | ૨.૪ | પ્રભાત. |
| ફાલી | ૧૩.૪ | સાડી. |
| બાવંન્ના સિરખંડ | ૧૩.૨ | ઉત્તમ પ્રકારનું ચંદન. |
| બૂઝવઇ | ૮.૨ | કદર કરે છે. |

| | | |
|---|---|---|
| બોહંતઉ | ૯.૨ | બોધ કરતા. |
| બ્રહ્માઉધ | ૩૧.૪ | બ્રહ્મચર્યરૂપ બ્રહ્માસ્ત્ર |
| મઇવટ્ટ | ૧૪.૪ | ? |
| મહીંયલિ | ૯.૧ | પૃથ્વીતલ પર [ सं. महीतल ] |
| મુંદ્રડીયઉ | ૧૬.૩ | મુદ્રિકા, વીંટી. |
| રમલિ | ૨.૨ | રમત, ક્રીડા. |
| રયણાયર | ૨૨.૧ | રત્નાકર. |
| રાઉલિ | ૫.૪ | રાજમહેલમાં. |
| રુણઝુણુએ | ૧૬.૪ | રણઝણે. |
| રોલઈ | ૧૫.૧ | કુંકુથી [ સરખાવો हिं. रोरी के रोली = કુંકુમ ] |
| લહરીયઉ | ૧૫.૪ | એક આભૂષણ. |
| વંશ | ૨૦.૨ | વાંસળી. |
| વાઉલિ | ૧૮.૩ | વંટોળ [ सं. वायु, प्रा. वाउ+लि ] |
| વિસહર | ૧૦.૧ | સાપ. |
| સઇથઉ | ૧૫.૧ | સેંથો. |
| સંસહચા | ૨૮.૪ | સહ્યા. |
| સમાણુઇ | ૨૩.૨ | આદરે, સ્વીકારે. |
| સયલ | ૨૩.૨ | સકલ, સર્વ |
| સામિણિ | ૧.૧ | સ્વામિની [ प्रा. अप. सामिणी ] |
| સિંગિણિ | ૩૦.૧ | ધનુષ્ય. [ सं. शृङ्गिणी, प्रा. सिंगिणी ] |
| સિરીયઉ | ૩.૪ | શ્રીયકને, સ્થૂલિભદ્રનો નાનો ભાઈ. |
| સિહર | ૨૭.૨ | શિખર. |
| સીયલી | ૧૮.૩ | શીતલ. |
| સુકુંઅલીય | ૧૩.૩ | સુકોમળ. |
| સુખરિ | ૩૪.૩ | ઉત્તમ [ સરખાવો, सखरा મારવાડી ] |

# રાઠવા—એક ઐતિહાસિક પાર્શ્વભૂમિકા

**અરવિંદ ભટ્ટ**

ગુજરાતના આદિવાસીઓમાં રાઠવા આદિવાસી જાતિ સામાજિક તેમ જ ધાર્મિક દૃષ્ટિએ ઘણું જ વૈવિધ્ય અને આગવાં સાંસ્કૃતિક લક્ષણો ધરાવે છે. ૧૯૬૧ના વસતીગણતરી અહેવાલ અનુસાર ભારતમાં આ આદિવાસીજાતિ મુખ્યત્વે ગુજરાત અને મહારાષ્ટ્રમાં નોંધાયેલી જોવા મળે છે. ગુજરાતની કુલ સત્તાવીસ જેટલી આદિવાસી જાતિઓની સાડાસત્તાવીસ લાખ જેટલી વસ્તી-માંથી રાઠવાઓની વસતી ૧,૩૫,૭૩૦ એટલે ૪.૯૨ ટકા જેટલી છે. આ રીતે ગુજરાતમાં આદિવાસી જાતિઓમાં વસતીના ક્રમમાં રાઠવાઓ છઠ્ઠા નંબરે આવે છે. ૧૯૬૧ની વસતી-ગણતરી અનુસાર ગુજરાતમાં આ જાતિની વસતી મુખ્યત્વે વડોદરા અને પંચમહાલ જિલ્લામાં છે. આ આખોયે વિસ્તાર ઉત્તરે મહી અને દક્ષિણે નર્મદા નદીની વચ્ચે સમાઈ જાય છે. ગુજરાતનો આ વિસ્તાર પહેલાં રેવાકાંઠા તરીકે ઓળખાતો હતો. આ આખોયે વિસ્તાર સાતપૂડા અને વિંધ્યાચળની ટેકરીઓ અને જંગલોથી છવાયેલો છે. સાતપૂડાની પર્વતમાળાઓ નર્મદાને ઉત્તર-કાંઠેથી છોટાઉદેપુર સુધી પથરાયેલી છે; અને વિંધ્યાચળની પર્વતમાળાઓ મધ્યપ્રદેશમાંથી પશ્ચિમ તરફ છોટાઉદેપુરની ઉત્તરે રતનમાલ નામે ઓળખાઈ દેવગઢબારિયામાં થઈ છેક પાવાગઢ સુધી પહોંચે છે. નર્મદાની ઉત્તરે આવેલી સાતપૂડાની છોટાઉદેપુરની ટેકરીઓમાંથી મેણ અને હેરણ નદીઓ નીકળે છે; અને પશ્ચિમે થઈ નર્મદાને મળે છે. ઓરસંગ નદી મધ્યપ્રદેશના વિંધ્યાચળ અને રતનમાલની ટેકરીઓમાંથી નીકળી છોટાઉદેપુર થઈ ચાંદોદ આગળ નર્મદાને મળે છે. છોટાઉદેપુરનો આ આખોયે પહાડી વિસ્તાર "પાલ"[૧] તરીકે ઓળખાતો હતો. છોટાઉદેપુરના ઉત્તર-પૂર્વના વિસ્તારમાં રાઠવાઓના વસવાટને પરિણામે તે વિસ્તાર આજે "રાઠ" તરીકે ઓળખાય છે. રેવાકાંઠાના પંચમહાલ અને વડોદરાના આ પહાડી વિસ્તારમાં રાઠવાઓની સાથે ભીલ, પટેલિયા, ધાનકા, નાયકા વગેરે આદિવાસીઓ વસે છે. રાઠવાઓ આ વિસ્તારમાં ક્યાંથી અને કઈ રીતે આવ્યા તે વિષે ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ કશી માહિતી મળતી નથી.

ભારતની આદિવાસી જાતિઓ સંબંધી લખાયેલા જૂના સંદર્ભોમાંના મહત્ત્વના ગણાય તેવા ગેઝેટિયર[૨] જેવા ગ્રંથોમાં રાઠવા જાતિ વિષે કશા જ ઉલ્લેખો મળતા નથી. આ બાબત અજાયબી પમાડે તેવી છે. મુંબઈ ગેઝેટિયર (૧૮૨૫) નોંધે છે તેમ રાઠવાઓ મધ્યપ્રદેશના

---

૧ "પાલ" એટલે પહાડ, પાણી અને પાન સિવાય ત્યાં કશું જ ઉત્પન્ન થતું નથી તેવો વિસ્તાર, રેવાકાંઠા ડિરેક્ટરી; પુસ્તક II, પાન. ૩.

2 Central Province Gazetteer (1870); Tribes and Castes of Bombay Presidency (1901): Tribes and Castes of Central Province (1916) અને Ethnology—by Sir Athelstane (1912).

માળવા નજીક અલિરાજપુર પાસેના "રાઠ" વિસ્તારમાંથી આવ્યા છે, એટલે રાઠવાઓનું મૂળ વતન "રાઠવિસ્તાર" છે તેમ કહી શકાય. તો આ રાઠવિસ્તાર કયો અને કેટલો ?

જી. એ. ગ્રિયરસન રાઠવા વિષે ઉલ્લેખ કરતાં જણાવે છે કે રાઠવાઓ રેવાકાંઠા એજન્સીના બારિયા રાજ્યની દક્ષિણે અને છોટાઉદેપુર રાજ્યની ઉત્તરે આવેલા જંગલ વિસ્તારમાં વસતી એક આદિવાસી જાતિ છે. લોકવાયકા અનુસાર તેઓ અલિરાજપુરમાં આવેલા "રાઠ" વિસ્તારના વતની છે.[3]

અલિરાજપુર ગેઝેટિયરમાં નોંધ્યા પ્રમાણે અલિરાજપુર રાજ્યનો વિસ્તાર આશરે ૮૩૬-૬૩ ચો. મા. જેટલો હતો. જેમાં ૩૨૫ જેટલાં ગામો હતાં. આ રાજ્ય ઉત્તરે પંચમહાલ જિલ્લાના બારિયા સ્ટેટ સુધીનું અને પૂર્વમાં ગ્વાલિયર, ઈન્દોર, ઝાબુઆ અને જોબટની સરહદ સુધીનું વિસ્તરેલું હતું. આ રાજ્ય જુદાં જુદાં પાંચ પરગણાંઓમાં વહેંચાયેલું હતું : (૧) રાઠ, (૨) ભાબરા, (૩) નાનપુર, (૪) છકતલા, (૫) ચાંદપુર. તેમાં રાઠ પરગણું ૨૩૭ ચો.મા. વિસ્તારનું અને ૧૩૪ ગામોવાળું હતું. અલિરાજપુરની કોર્ટ ત્યારે "રાઠકોર્ટ" તરીકે ઓળખાતી હતી.

ઉપરના આ બન્ને સંદર્ભો "રાઠવિસ્તાર"ને અલિરાજપુર રાજ્યના એક ભાગ તરીકે બતાવે છે તથા અલિરાજપુર ગેઝેટિયર પ્રમાણે "રાઠવિસ્તાર" ઘણો નાનો છે તેમ દેખાય છે. છતાં આ સંદર્ભો એટલું જરૂર સ્પષ્ટ કરે છે કે "રાઠવિસ્તાર" અલિરાજપુર રાજ્ય અને તેની આજુબાજુના વિસ્તાર સાથે સંકળાયેલો એક ભાગ છે.

A Memoir of Central India પુસ્તકમાં નોંધ્યા પ્રમાણે "હિન્દુ પરિભાષા પ્રમાણે "રાઠ" નામે ઓળખાતો વિસ્તાર માળવાની દક્ષિણનો તેંદલાહ અને નર્મદા સુધીનો વિંધ્યાચળની પર્વતમાળાઓનો એ વિસ્તાર છે; જેમાં ઝાબુઆ, આલિ (અલિરાજપુર), ભાબરા, જોબાટ અને બીજાં અન્ય તાબાના વિસ્તારોનો સમાવેશ થાય છે."[4]

---

3 Linguistic Survey of India, 1907, Vol. IX, Part III page 60, " The Rāthavās are a tribe living in the forest in the southern part of Baria and the northern part of Chhota Udepur in the Rewakantha Agency. They are said to be settlers from RATH, a district in Alirajpur. "—

4 " From the Vindhya range on the Western extremity of Nimar, there extends in North a hilly tract separating Malwa from Guzerat, whose general breadh is from fifty to seventy miles, and which is terminated by the Southern and Western boundaries of Mewar. The Southern portion of this tract, which lies between Tandlah and the Narbadda, constitutes what the Hindus term " RATHA ", and contain the several petty states of Jabooah, Ally, Babra, Jobut and the land of their several dependent chiefs, the great praportion of whose subject are Bheel. "—A Memoir of Central India including Malwa and adjoining provinces; Vol. I, (1824), page 16—by. Major General Sir John Malcolm, (Second Edition), London.

આ અનુસાર "રાઠ" વિસ્તારમાં ઝાબુઆ, જોબહ, આલિ (અલિરાજપુર) અને ભાબરા એમ ચાર જૂનાં દેશી રાજ્યોનો સમાવેશ થાય છે. આ આખો વિસ્તાર ગુજરાતની પૂર્વ સરહદે અને મધ્યપ્રદેશની પશ્ચિમ સરહદે આવેલી છેક નર્મદા સુધીની પર્વતમાળાઓવાળો વિસ્તાર છે તેમ સ્પષ્ટ થાય છે.

"રાઠ વિસ્તાર"ની વધુ સ્પષ્ટતા "મધ્યપ્રદેશની આદિવાસી જાતિનો આર્થિક સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ" પુસ્તકમાં જોવા મળે છે. પુસ્તકમાં નોંધ્યા પ્રમાણે "માત્ર ઝાબુઆ જિલ્લામાં સમાતા માળવાના સમગ્ર પર્વતીય વિસ્તારને "રાઠ વિસ્તાર" તરીકે ઓળખવામાં આવે છે."[૫] અગાઉના બન્ને સંદર્ભો કરતાં આ બન્ને સંદર્ભો રાઠ વિસ્તારનો પ્રાદેશિક વ્યાપ ઘણો છે તેમ સૂચવે છે.

"રાઠ" નામ શાથી પડ્યું તે વિષેના કશા ઉલ્લેખો મળતા નથી. ક્ષેત્રતપાસ દરમ્યાન અલિરાજપુરના મહેસુલખાતામાં કામ કરતા તલાટી શ્રી ઇન્દ્રગિરિ—કે જેના કુટુંબને જૂના અલિરાજપુર રાજ્યના વખતમાં વંશપરંપરાગત રાજગુરુની ગાદી મળેલી હતી.—તેના કહ્યા અનુસાર 'અલિરાજપુર રાજ્યની મૂળ રાજધાની આજના અલિરાજપુરથી દક્ષિણે દસેક માઈલ દૂર આવેલા "આલિ" સ્થળે હતી. એ રાજ્યનો મૂળ સ્થાપક રાજા આનંદદેવ રાઠોડ વંશનો હતો. તેણે આ રાજ્ય ઈ. સ. ૧૪૩૭માં સ્થાપ્યું હતું.[૬] પોતાના વંશના આધારે "રાઠોડ રાજ્ય" અને તેમાંથ "રાઠવા વિસ્તાર" કે "રાઠ વિસ્તાર" એમ સંભવ્યું હોય તેમ બને.'

જેમ "રાઠ" શબ્દ વિષે કશા સ્પષ્ટ આધારો મળતા નથી તેમ "રાઠવા જાતિ" વિષે પણ કશા ઐતિહાસિક ઉલ્લેખો મળતા નથી. છતાં રાઠવા નામ પ્રાદેશિક વસવાટ "રાઠ"માં રહેનાર રાઠવા એમ સંભવ્યું હશે તેમ અનુમાન કરી શકાય.

શ્રી વાય. વી. એસ. નાથ રાઠવાઓ વિષે નોંધતાં જણાવે છે કે "કેટલીક પ્રણાલિકાઓ અનુસાર તેઓ સાતપૂડાના મહાદેવ કોળીનું પેટાજૂથ છે તેમ લાગે છે.[૭] શ્રી. નાથ રાઠવાઓને મહાદેવ કોળીના પેટાજૂથ તરીકે કયા લક્ષણોને આધારે ગણાવે છે તેની કશી સ્પષ્ટતા તેમણે કરી નથી. ઉપરાંત પ્રો. ઘુર્યેએ લખેલા "Mahadev kolis" પુસ્તક રાઠવાઓ વિષે કશો જ ઉલ્લેખ કરતું નથી એટલું જ નહીં પણ એ વિસ્તારના કોઈ પણ આદિવાસી જૂથ સાથે કશી સાંસ્કૃતિક સામ્યતા બતાવતું નથી.

---

૫ "Only the whole of Jhabua district lies in the mountainous region of Malwa is known as RāTH."—Socio-Economic Conditions of Primitive tribes in Madhya Pradesh (1963); Pub. National Council of Applied Economic Research; New Delhi.

૬ જુઓ Ali-Rajpur State Gazetteer: Completed by C. E. Luard-- Bombay; 1908.

૭ "According to same traditions, they seem to be a sub-section of Mahadev Kolis of Satpura who migrated north during the late 17th Century"—by—Y. V. S. Nath; 'Bhils of Ratanmal', (196J) page 60.

શ્રી નાથ પોતાના એ જ પુસ્તકના પાન ૭૪ ઉપર ફૂટનોંધમાં શ્રી વેન્કટાચાર અને હીરાલાલ તથા રસેલ્સનાં પુસ્તકોનો સંદર્ભ આપીને જણાવે છે કે "રાઠવી પ્રણાલિકાગત રીતે ભીલ છે. તેઓ પહેલાં અલિરાજપુરની ઉત્તરે આવેલા "રાષ્ટ્ર" અથવા "રાઠ" નામે ઓળખાતા વિસ્તારમાં વસતા હતા."[૮] આમ શ્રી નાથ રાઠવાઓને એક બાજુ ભીલ જૂથના ગણાવે છે તો બીજી બાજુ મહાદેવ કોલીના પેટાજૂથ તરીકે બતાવે છે. આમ આ બન્ને બાબતો પરસ્પર વિરોધી છે અને કશા સમર્થન વિનાની છે.

શ્રી. જી. એ. ગ્રિયરસન તેમના પુસ્તક Linguistic Survey of India (1907), Vol. IX, part III પાન ૫૧ ઉપર રાઠવા બોલી વિષે અને રાઠવા વિષે ઉલ્લેખ કરતાં નોંધે છે કે "ભીલાલાઓ અડધા રજપૂત અને અડધી ભીલજાતિનું મિશ્રણ છે; અને રાઠવાઓ તેનું નાનું પેટાજૂથ છે."[૯] આમ ગ્રિયરસનના મતે રાઠવાઓ ભીલાલાનું એક નાનું પેટાજૂથ છે.

ઓસ્ટ્રિયા દેશના વિયેના યુનિવર્સિટીના પ્રજાતિશાસ્ત્ર વિભાગના વડા પ્રો. હેકલ રાઠવા વિષે જણાવે છે કે "......ભીલાલાનાં બે પેટાજૂથો છે જેમાંનું એક રાઠવા છે, જેઓ ગુજરાતના વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં વસે છે અને જેમની કશી માહિતી મેળવાઈ નથી. અને બીજું જૂથ બરેલા કે જેઓ મધ્યપ્રદેશના સાતપૂડાની પર્વતમાળાઓમાં વસે છે જેમને વિષેની કેટલીક માહિતી મેળવાઈ છે.[૧૦]" પ્રો. હેકલના મત અનુસાર રાઠવાઓ ભીલાલાનું પેટા જૂથ છે, પણ તે કયાં કારણોસર છે તે વિષેની કશી જ સ્પષ્ટતા તેમાં મળતી નથી. તે અંગેનો તેમનો અભ્યાસ અધૂરો છે તેમ જણાવે છે. મારી ક્ષેત્રતપાસ દરમ્યાન ૧૯૬૭-૬૮માં પ્રો હેકલ ફરી પોતાના રાઠવાના સંશોધનકાર્ય અંગે આવેલા ત્યારે ક્ષેત્રમાં જ તેમની જોડે "રાઠવાઓ કયા કારણસર ભીલાલાનું પેટા જૂથ છે" તે સંબંધી તેમની સાથે મેં ચર્ચા કરી હતી. તેમણે ત્યારે જણાવેલું કે "તે સંબંધમાં તેમની પાસે હજુ કશી જ સ્પષ્ટતા નથી."

---

૮ "Rathvi (lit. of Rath) are traditionally Bhils who formerly inhabited an area known as rāṣṭra or rāth to north of Alirajpur."—by Y. V. S. Nath; Bhils of Ratanmal–as quoted, 1960. Page 74. **નોંધ :** શ્રી નાથે હીરાલાલ અને રસેલ્સના અંગ્રેજી પુસ્તક The Tribes and Castes of Central Province, IV, પાન ૨૦૧નો જે સંદર્ભ રાઠવા વિષે નોંધ્યો છે તે મૂળ સંદર્ભપુસ્તક જોતાં તેમાં મળતો નથી. એટલે લેખકની સંદર્ભનોંધમાં ભૂલ લાગે છે. આવું રાઠવા વિષેના તેમણે નોંધેલા બધા સંદર્ભોમાં પણ તેમાં છે નહીં. એટલે શ્રી. નાથની "રાઠવા" વિષેના સંદર્ભોની નોંધમાં ક્યાંક શરતચૂક લાગે છે—લેખક.

૯ "The Bhilalas are a mixed tribe, half Bhil and half Rajput, and the Rathava's are one of the minor sub-divisions among them."

૧૦ "........two Bhilala sub-tribes, namely...among the Rathwa in Chhota Udaipur Taluka (Baroda Dist., Gujarat), a group which had till then not been investigated, and among the insufficiently known Barela in the Satpura Hills in Barwani area, Madhya Pradesh."—by Prof. Josef Hackel, "Cultic Aspect the House among the Bhilalas" (Artical for the fourth conference of research worker for Gujarāt; 20th October,( 1962 ).



છોટાઉદેપુરના રાઠ પરગણાના લંગોટીવાળા રાઠવા (વડોદરા જિલ્લો), ફોટો : અરવિંદ ભટ્ટ



છોટાઉદેપુરના રાઠ પરગણાના રાઠવા (જિ. વડોદરા),
ફોટો : આદિવાસી કેન્દ્રના સૌજન્યથી



રાઠવા પુરુષો (દેવગઢ બારિયા તાલુકો, જિ. પંચમહાલ) ફોટો : અરવિંદ ભટ્ટ



રાઠવા છોકરીઓ (દેવગઢ બારિયા તાલુકો, જિ. પંચમહાલ) ફોટો : અરવિંદ ભટ્ટ

રાઠવા જાતિ વિષેના ઉપર નોંધેલા બધા ઉલ્લેખો રાઠવાની ઉત્પત્તિ, સ્થળાંતર અને તેમનાં સાંસ્કૃતિક જીવન વિષે કશી ઝાઝી સ્પષ્ટતા કરતા નથી. આ અંગેનાં મારાં નિરીક્ષણો અને તારણો નીચે પ્રમાણે છે :

મારી તપાસ દરમ્યાન રાઠવાઓ પોતાને જુદા જુદા વિસ્તારોમાં જુદા જુદા સહનામે ઓળખાવતા માલૂમ પડ્યા છે. (૧) જે રાઠવાઓ પહાડી અને જંગલ વિસ્તારમાંથી સપાટ પ્રદેશો તરફ વસ્યા છે તથા પહેરવેશ અને ખેતીવાડીની દૃષ્ટિએ વધુ વિકસિત છે તેઓ પોતાને પ્રથમ પરિચયે કેટલીક વખત "રાઠવા કોળી" તરીકે ઓળખાવે છે. કોળીઓ આ વિસ્તારમાં અન્ય આદિવાસી જાતિઓ કરતાં સામાજિક અને આર્થિક દૃષ્ટિએ ઊંચું સ્થાન ધરાવે છે. ઇતિહાસની વિગતો અનુસાર આ વિસ્તારના કોળીઓ એક કાળે ઘણા શક્તિશાળી હતા અને નાના નાના વિસ્તારો ઉપર હકૂમત ચલાવતાં હતા. રાઠવાઓનો કોળીઓ સાથેનો ઘણો લાંબો અને નિકટનો સંપર્ક તથા અન્ય વિસ્તારની આદિવાસી જાતિઓ કરતાં પોતાને ઊંચા ગણાવાનો લોભ એવી બે બાબતોને લીધે રાઠવાઓએ પોતાની જાતિના નામ સાથે "કોળી" શબ્દપ્રયોગ અપનાવ્યો હોય તેમ બને. ગુજરાતમાં આદિવાસી જાતિઓની યાદી તૈયાર કરવામાં આવી ત્યારે જે રાઠવાઓએ પોતાને "રાઠવા કોળી" તરીકે ઓળખાવ્યા તેમને આદિવાસી જાતિ તરીકેના મળતા વિશેષ લાભોથી વંચિત રહેવું પડ્યું હતું.[૧૧]

(૨) મોટા ભાગના રાઠવાઓ આજે સપાટ અને મેદાની વિસ્તારો કરતાં પાવાગઢ, વિંધ્યાચળ અને સાતપૂડાની ટેકરીઓમાં રહે છે. આ વિસ્તાર મહદ્ અંશે મધ્યપ્રદેશ અને ગુજરાત રાજ્યનો સરહદી વિસ્તાર છે. આ વિસ્તારમાં રહેનારા રાઠવાઓ મધ્યપ્રદેશમાં રહેતા ભીલાલાઓ સાથે ઘણા નિકટના સંબંધોમાં આવેલા છે. આ વિસ્તારના રાઠવાઓ પોતાને "રાઠવા ભીલાલા" તરીકે ઓળખાવે છે. વિશેષે ગુજરાતના વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકાનો ઉત્તર-પૂર્વ વિસ્તાર આઝાદી પહેલાં છોટાઉદેપુર રાજ્યમાં "સુરસી" અથવા "દોર" પરગણા તરીકે ઓળખાતો હતો. આ આખું પરગણું ૩૩ ગામોનું હતું, જે મૂળે અલિરાજપુર રાજ્યનો એક ભાગ હતો, પરંતુ ઈ. સ. ૧૮૦૭માં અલિરાજપુર રાજ્યને નાણાભીડ પડતાં છોટાઉદેપુર રાજ્યને ત્યાં નાણાના બદલામાં ગીરો મૂક્યું, જે પાછળથી અલિરાજપુર રાજ્યના રાજાની નબળી આર્થિક સ્થિતિને કારણે પાછું લઈ શકાયું નહીં[૧૨] અને તે વિસ્તાર છોટાઉદેપુર રાજ્યનો ભાગ બન્યું. આ વિસ્તાર આજે છોટાઉદેપુર તાલુકામાં "રાઠપરગણા" તરીકે ઓળખાય છે. આ વિસ્તારના રાઠવાઓ પોતાને ઘણે અંશે "ભીલાલા" તરીકે પણ ઓળખાવતા માલૂમ પડે છે. આ વિસ્તારનો મોટીસડલી ગામનો ચીલીયો બડવો જે તે વિસ્તારનો મોટો બડવો ગણાય છે તેના કથન અનુસાર "અમે ભીલાલા છીએ.

---

૧૧ કેટલાક અભ્યાસીઓ તેમને રાઠવા કોળી તરીકે ઓળખાવવાનું આજે પણ ચાલુ રાખે છે તે બરોબર નથી. રાઠવાઓ બધે રાઠવા કોળી તરીકે ઓળખાતા જ નથી. ઉપરાંત તેઓમાં રાઠવા, રાઠવા કોળી વગેરે કોઈ જ સામાજિક સ્તરરચનાની દૃષ્ટિએ ભેદ કે સ્તરણ નથી. એટલે "રાઠવા કોળી" શબ્દપ્રયોગ અયોગ્ય છે. "રાઠવા જાતિ" તરીકે જ ઓળખવા યોગ્ય છે.

૧૨ રેવાકાંઠા ડિરેક્ટરી

અમારા પૂર્વજોનું મૂળ વતન હાલના ઝાબુઆ જિલ્લામાં જોબાટ પાસેનું કનાસ ખંડાળું ગામ છે. ” તે વધુમાં કહે છે કે “ મૂળ રાઠવા તો મધ્યપ્રદેશના રાઠ વિસ્તારના, ત્યાંના ભીલાલા નામે ઓળખાવતા લોકોને અમે “ રાઠિયા ” પણ કહીએ છીએ ”. રાઠવા અને ભીલાલામાં શો ભેદ એ પ્રશ્નના ઉત્તરમાં તે કહે છે કે “ આઝાદી પછી મધ્યપ્રદેશ અને ગુજરાત રાજ્યની સરહદો નક્કી થતાં અમે ગુજરાતમાં આવ્યા; જોકે આ વિસ્તાર બહુ પહેલાં અલિરાજપુર રાજ્યમાં સમાતો હતો. રાઠ વિસ્તારના રહેવાસી તરીકે અમને “ રાઠિયા ” કે “ રાઠવા ” નામે ઓળખવામાં આવ્યા જ્યારે, મધ્યપ્રદેશમાં તેઓ ભીલાલા તરીકે ઓળખાય છે. મધ્યપ્રદેશના ભીલાલા નામે ઓળખાતા લોકો સાથે અમારો પરસ્પર રોટી અને બેટી વ્યવહાર છે. આમ રાઠવા અને ભીલાલા બન્ને એક જ છે. ”

( ૩ ) ક્ષેત્રતપાસ દરમ્યાન છોટાઉદેપુર વિસ્તારના રાઠવાઓ મધ્યપ્રદેશના કઠ્ઠીવાડા, અલિરાજપુર, ઝાબુઆ અને જોબટ વગેરે વિસ્તારોમાં “ ભીલાલાઓ ” સાથે કન્યાની આપલે બેટીવ્યવહારનાં સંખ્યાબંધ ઉદાહરણો મળે છે. સામાન્યતઃ કોઈ આદિવાસી જાતિ પોતાનાથી ભિન્ન એવી બીજી આદિવાસી જાતિ સાથે સમાજમાન્ય એવા બેટી વ્યવહારથી સંકળાયેલી હોય તેવું જોવા મળતું નથી.

( ૪ ) ક્ષેત્રતપાસ દરમ્યાન ગુજરાતના રાઠવાનાં ગોત્રોનાં સ્વરૂપ, અને સંખ્યા સાથે મહદ્અંશે સરખાપણું માલૂમ પડે છે.

( ૫ ) ગુજરાતના રાઠવાઓનાં દેવદેવીઓનાં સ્વરૂપો, પ્રકારો, ધાર્મિક દંતકથાઓ, પીઠોરો, ઇંદ, કે પાણગુપૂજા, પિતૃપૂજા જેવા મહત્ત્વના ધાર્મિક પ્રસંગો અને તેનાં સ્વરૂપો વગેરે મધ્યપ્રદેશના કઠ્ઠીવાડા તથા અલિરાજપુર વિસ્તારના ભીલાલાઓનાં ધાર્મિક સ્વરૂપોમાં ઘણી બધી સામ્યતા જોવા મળે છે.

( ૬ ) સામાજિક દૃષ્ટિએ ભીલાલા અને રાઠવાઓ બન્ને એક જ સરખો દરજ્જો ધરાવે છે. કોઈ એકબીજાથી ચઢતો કે ઊતરતો દરજ્જો ધરાવતું જોવા મળતું નથી. આ સંદર્ભમાં શ્રી વાય. વી. એસ. નાથ પણ “ રતનમાલના ભીલો ” પુસ્તકમાં નોંધતાં લખે છે કે :

“ Bhilala, Rathia and Koli ( have similar status with reference to Bhill and the Patelia )—may eat the flesh of goats and game animals such as the wild boar, deer etc. ”

આ બધાં કારણો અને પરિબળો રાઠવાઓ અને ભીલાલાઓ વચ્ચે ઘણું સાંસ્કૃતિક સામ્ય છે તેમ બતાવે છે.

( ૭ ) આદિવાસી જાતિઓના થયેલા અભ્યાસોમાં કે વસતીગણતરી અહેવાલોમાં રાઠવાનો એક આદિવાસી જાતિ તરીકેનો ઉલ્લેખ ઘણો મોડો મળે છે. ૧૯૦૭ના ગ્રિયરસનના બોલીઓના અભ્યાસમાં રાઠવાનો એક આદિવાસી જાતિ તરીકેનો સૌ પ્રથમ ઉલ્લેખ જોવા મળે છે. એ સમયનું ૧૯૦૮નું અલિરાજપુર ગેઝેટિયર અલિરાજપુર વિસ્તારમાં વસતી આદિવાસી જાતિઓનો ઉલ્લેખ કરે છે પણ રાઠવા જાતિનો ઉલ્લેખ તેમાં ક્યાંય જોવા મળતો નથી. ભારતના

૧૯૦૧, ૧૯૧૧, ૧૯૨૧ વગેરે વસતીગણતરી અહેવાલોમાં પણ રાઠવાનો એક આદિવાસી જાતિ તરીકેનો કશો જ ઉલ્લેખ જોવા મળતો નથી. ગ્રિયરસન પછી છેક ૧૯૩૦ના સ્ટાર્ટ કમિશન અહેવાલમાં રાઠવાનો એક આદિવાસી જાતિ તરીકેનો તથા તે પછી ૧૯૩૧ના વસતીગણતરી અહેવાલથી તેનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે.

આ બધી વિગતો જોતાં એમ કહી શકાય કે રાઠવાનો એક આદિવાસી જાતિ તરીકેનો ખયાલ ઘણો મોડો આવ્યો છે. આ અંગે કેટલાંક નીચે પ્રમાણેનાં અનુમાન કરી શકાય. (૧) રાઠવાઓ પોતાના મૂળ વતન "રાઠ" વિસ્તારમાંથી નીકળ્યા પછી કોઈ પણ જગ્યાએ એક જથ્થે સ્થાયી ન થયા હોય અને વારંવાર સ્થળાંતર કરતા રહ્યા હોય પરિણામે તેઓને સ્પષ્ટ જાતિ તરીકે કોઈએ ન ઓળખાવ્યા હોય. રાઠવાઓની સ્થળાંતરપ્રવૃત્તિ વિષે શ્રી ગ્રિયરસન નોંધે છે કે :

"They do not settle for long time in one time in one place, but more from one tract to another.'[૧૩]

આમ રાઠવાઓ વારંવાર સ્થળાંતર કરતા રહ્યા છે. તેમની આ સ્થળાંતર પ્રવૃત્તિને પરિણામે તેમને સ્પષ્ટ જાતિ તરીકે ઓળખાવાનું શક્ય ન બન્યું હોય.

(૨) અગાઉ નોંધ્યું છે તે મુજબ સૌથી મહત્ત્વનું એ છે કે રાઠવાઓ અને ભીલાલાઓ વચ્ચે સામાજિક, ધાર્મિક તથા લગ્નના પરસ્પરના વ્યવહારો વગેરે પાસાંઓમાં, જે સાંસ્કૃતિક સામ્યતા જોવા મળે છે તે રાઠવાઓ વિષે એમ અનુમાન કરવા પ્રેરે છે કે રાઠવાઓ પહેલાં ભીલાલાને નામે જ ઓળખાતા હશે;' અથવા તો તેઓ ભીલાલાનું પેટાજૂથ હશે. વર્ષોથી રાઠ વિસ્તારમાં રહેવાને પરિણામે સ્થળાંતર કરીને તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં જે તે વિસ્તારના લોકોએ તેઓ ક્યાંથી આવ્યા તે પ્રશ્નના સંદર્ભમાં "રાઠ વિસ્તારમાંથી" તેમ ગણી તેમના મૂળ વતન "રાઠ"ને આધારે "રાઠ"માં રહેનાર તે "રાઠિયા" કે "રાઠવા" તરીકે સંબોધ્યા હશે તેમ બને, જે પાછળથી ચાલુ રહ્યુ હોય. કેટલાએ ભીલાલાઓ પોતાને આજે પણ રાઠ વિસ્તારના મૂળ વતની છે તેમ ઓળખાવે છે, અને માનસિક સંબંધે જોડાયેલા જણાય છે. ગુજરાતમાં આજે જેઓ રાઠવા તરીકે ઓળખાય છે તેઓ મધ્યપ્રદેશના ઝાબુઆ વિસ્તારના ભીલાલા તરીકે ઓળખાતા ભીલાલાઓને "રાઠિયા" તરીકે ઓળખાવે છે. તેમને "મૂળ રાઠવા" પણ કહે છે.

---

૧૩. Linguistic Survey of India—Vol. IX, Part III (1907), page. 60.

# રૂપેણ-કાંઠાનાં લોકગીતો

સંપાદક : **પ્રવીણકુમાર ખે. ગઢવી**

કવિ શ્રી ઉમાશંકર જોષીએ ગુજરાતની આરાધના કરતાં કરતાં ગાયું છે:

'રૂદ્રમાળ,' વડનગર-તોરણો, કુંભારિયા, મોઢેરા,
મસ્જિદ મ્હેલે ડભોઈ દ્વારે, સુંદરતાના ડેરા.
ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી,
કૃષ્ણચરણ-રજ પુનિત ધરા આ ગાંધીગિરા ગુજરાતી !'

—આ સ્તોત્રમાં જે 'મોઢેરા' ગવાયું છે તે 'મોઢેરા' તો એના સૂર્યમંદિર માટે ભારતભરમાં પ્રસિદ્ધ છે. જૂની ગૌરવગાથાને પેટાળમાં સંઘરીને એ મોઢેરા પુષ્પાવતી નદીને કાંઠે વસેલું છે. પુષ્પાવતીને મળવા અધીરી બનીને વહેતી રૂપેણ નદીનો કાંઠાપ્રદેશ તે આજના મહેસાણા જિલ્લાનો ચાણસ્મા તાલુકો. આ રૂપેણ કાંઠામાં અઢારે વર્ણ વસે છે.

રૂપેણ કાંઠાની જોબનવંતી નારીએ મનભરીને ગીતો ગાયાં છે. એ ગીતોમાં એણે શૃંગાર ભાવોને ગૂંથ્યા છે તો વળી સંસાર-ભાવોને વણ્યા છે. ચોતરફ લહેરાતી આછી કુદરતનાં પણ એણે મીઠાં ઓવારણાં લીધાં છે. એણે તો જે જે જોયું, અનુભવ્યું તે સઘળું લોકગીતોમાં ગાયું છે.

મારા વતન મોઢેરામાંથી મને મળેલાં સ્ત્રીસહજ ભાવનાં કેટલાંક લોક-ગીતો અત્રે પ્રસ્તુત કરું છું.

## ૧

ચાંદો–સૂરજ દાડી દાડી[૧] ઊજિયા[૨] રે,
મોર લીલી વરિયાળીનો રંગ-રસિયો રે...
મારી મોજડીમાં તે રંગ લાજિયો[૩] રે,
મોર લીલી વરિયાળીનો રંગ-રસિયો રે...
મારી ઝાંઝરીમાં તે રંગ લાજિયો રે,
મોર લીલી વરિયાળીનો રંગ=રસિયો રે...
મારી હાંહડીમાં તે રંગ લાજિયો રે,
મોર લીલી વરિયાળીનો રંગ–રસિયો રે...
મારી નથડીમાં તે રંગ લાજિયો રે,
મોર લીલી વરિયાળીનો રંગ-રસિયો રે...
મારી ચૂંદડીમાં તે રંગ લાજિયો રે,
મોર લીલી વરિયાળી રંગ-રસિયો રે...
ચાંદો—સૂરજ દાડી નોદાડી ઊજિયા રે,
મોર લીલી વરિયાળીનો રંગ-રસિયો રે..

---

૧—દિનપ્રતિદિન; ૨-ઊગ્યા; ૩-લાગ્યો.

## ૨

સાયબા, ઇંટ પડી મારગડે, કે મોલ ચણાવજો રે લોલ !
સાયબા, એક વાર કડી શે'ર જાજો, કે કડલાં લાવજો રે લોલ !
સાયબા, લાવો તો બે જોડ લાવજો, કે ઝગડો લાગશે રે લોલ !
ઘેર સે હિંદવાણીનો ઝગડો, કે ઝગડો પૂરો નૈ પડે રે લોલ !
સાયબા, ઇંટ પડી મારગડે, કે મોલ ચણાવજો રે લોલ !
સાયબા, એક વાર વાલમ શે'ર જાજો કે વાંળિયું લાવજો રે લોલ !
સાયબા, લાવો તો બે જોડ લાવજો, કે ઝગડો લાગશે રે લોલ !
ઘેર સે હિંદવાણીનો ઝઘડો, કે ઝગડો પૂરો નૈં પડે રે લોલ !
સાયબા, ઇંટ પડી મારગડે, કે મોલ ચણાવજો રે લોલ !
સાયબા, એક વાર હાંહલ શે'ર જાજો, કે હાંહડી લાવજો રે લોલ !
સાયબા, લાવો તો બે જોડ લાવજો, કે ઝગડો લાગશે રે લોલ !
ઘેર સે હિંદવાણીનો ઝગડો, કે ઝગડો પૂરો નૈં પડે રે લોલ !
સાયબા, ઇંટ પડી મારગડે, કે મોલ ચણાવજો રે લોલ !
સાયબા, એક વાર પાટણ શે'ર જાજો, કે પટોળાં લાવજો રે લોલ !
સાયબા, લાવો તો બે જોડ લાવજો, કે ઝગડો લાગશે રે લોલ !
ઘેર સે હિંદવાણીનો ઝગડો, કે ઝગડો પૂરો નૈં પડે રે લોલ !

## ૩

સાંમા શેઢે વેલડી આવે, મીં[૧] આવતાં દીઠી વાલમિયા !
ઘડી એક ઊભો રે'જે, હું કલ્લાં[૨] પે'રૂં વાલમિયા !
કડલાં પેરાવનાર ના આયો, નેનો વાલમિયા !
ઘડી એક ઊભો રે'જે, હું સાંકળાં પે'રૂં વાલમિયા !
સાંકળાં પેરાવનાર ના આયો, નેનો વાલમિયા !
ઘડી એક ઊભો રે'જે, હું ચૂડલો પે'રૂં વાલમિયા !
ચૂડલો પેરાવનાર ના આયો, નેનો વાલમિયા !
ઘડી એક ઊભો રેંજે, હું હાંહડી પે'રૂં વાલમિયા !
હાંહડી પેરાવનાર ના આયો, નેનો વાલમિયા !
ઘડી એક ઊભો રે'જે, હું ઝૂમણાં પે'રૂં વાલમિયા !
ઝૂમણાં પેરાવનાર ના આયો, નેનો વાલમિયા !
ઘડી એક ઊભો રે'જે, હું નથડી પે'રૂં વાલમિયા !
નથડી પેરાવનાર ના આયો નેનો વાલમિયા !

---

૧ મેં; ૨ કડલાં.

૪

પાલણપરી[1] આંબો–આંમલી[2] મારૂજી,
વીજાપર લેંબોડી[3]નું ઝાડ ઝેણા[4] વાઘજી મારૂજી !
પિત્તળ-લોટા જળના મારૂજી,
દાતણ કોબો આપણ ઘેર ઝેણા વાઘજી મારૂજી !
તાંબા . તે કુંડીયું મારૂજી,
નાવણ કરો આપણ ઘેર ઝેણા વાઘજી મારૂજી !
સાવે સુંવાળી લાબસી મારૂજી,
ભોજન જમોં આપણ ઘેર ઝેણા વાઘજી મારૂજી !
પાન–સોપારીને એલચી મારૂજી,
મકવાસ કરો આપણ ઘેર ઝેણા વાઘજી મારૂજી !
સાગ–શીશમના ઢોલિયા મારૂજી,
પોઢણ પોઢો આપણ ઘેર ઝેણા વાઘજી મારૂજી !

૫

કોરો ઘડો કુંભારી લાય, દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
સાંમાં સોનીડાનાં હાટ ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
સાંમાં તે કડલાં દીઠાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
એ રે કડલે મન મોયાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
મન મોયાં ન્ દલ રિઝયાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
કોરો ઘડો કુંભારી લાય, દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
સાંમાં મણિયારીનાં હાટ ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
સાંમા તે ચૂડલા દીઠા ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
એ રે ચૂડલે મન મોયાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
મન મોયાં ન્ દલ રિઝયાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
કોરો ઘડો કુંભારી લાય, દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
સાંમાં મોચીડાનાં હાટ, ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
સાંમી તે મોજડી દીઠી ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
એ રે મોજડીએ મન મોયાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !
મન મોયાં ન્ દલ રિઝયાં ’લ્યા દીવડા, આમ ફરું ’લ્યા ફૂદડી !

[ એમ ‘ દોશીડાનાં હાટ ’ પણ પ્રણાલિકા પ્રમાણે ગવાય છે ]

---

૧. પાલણપુર; ૨. આંબલી; ૩. લીંબોડી; ૪. ઝીણા.

૬

વીરા, મારા વાડામાં ચણોઠડી,
વીરા, ચણોઠડી વઢાવો, તીનાં[1] પાટિયાં પડાવો,
વેલડી ઘડાવો, મારા આણુલે આવો!
વીરા, કલ્લાં પે'રૂં તો શરમું લાગે,
મારૂ સાંકળાંની જોડ, સાંકળાંની જોડ,
વીરા, મારા આણુલે આવો!
વીરા, હાંહડી પે'રૂં તો શરમું લાગે,
મારૂ ટૂપિયાંની જોડ, ટૂપિયાંની જોડ,
વીરા, મારા આણુલે આવો!
વીરા નથડી પે'રૂં તો શરમું લાગે,
મારૂ દામણીની જોડ, દામણીની જોડ,
વીરા મારા આણુલે આવો!
વીરા, મારા વાડામાં ચણોઠડી,
વીરા ચણોઠડી વઢાવો, તીનાં પાટિયાં પડાવો,
વેલડી ઘડાવો, મારા આણુલે આવો!

૭

મા, વનમાં ઊગી રોહડી, રોહડીએ રાતાં ફૂલ રે,
મા કેમ વિસરે રે?
મારી માના ઘેર ઝોટડી,[2] મુંને દો'તાં વાણું વાય રે,
મા કેમ વિસરે રે?
મારી સાસુને ઘેર ગધાડાં; મુંને દામણુ દેતાં વાણું વાય રે,
સાસુ કેમ સાંભરે રે?
મા, વનમાં ઊગી રોહડી, રોહડીએ રાતાં ફૂલ રે?
મા કેમ વિસરે રે?
મારી માના ઘેર લાપસી, મુંને ખાતાં વાણું વાય રે,
મા કેમ વિસરે રે?
મારી સાસુના ઘેર રાબડી, મુંને પીતાં વાણું વાય રે,
સાસુ કેમ સાંભરે રે?
મા, વનમાં ઊગી રોહડી, રોહડીએ રાતાં ફૂલ રે,
મા કેમ વિસરે રે?

---

૧. તેનાં; ૨ ભેંસ.

૮

હું તો સુંખી વેણવા જૈ'તી, લાલ સુંખી લ્યો !
હું તો સુંલ્લો[1] ભરી વેણી લાવી, લાલ સુંખી લ્યો !
મીં તો ઘેર ઘેર વપરાઈ, લાલ સુંખી લ્યો !
મારી સાસુ એવી ભૂંડી, લાલ સુંખી લ્યો !
ઘેર ઘેરથી પાછી લાઈ, લાલ સુંખી લ્યો !
અમે. રે ચાલ્યાં રંગ–રૂસણે, લાલ સુંખી લ્યો !
હાથમાં બસકો ને પગમાં પગરખાં, લાલ સુંખી લ્યો !
ઝાલી મહિયરાંની વાટચો, લાલ સુંખી લ્યો !
ચોરે-ચકલે બેઠા દાદોજી બોલ્યા, લાલ સુંખી લ્યો !
ડોબાં[2]નો ચારનાર આયો, લાલ સુંખી લ્યો !
સાંગા-માંચી બેઠાં માતાજી બોલ્યાં, લાલ સુંખી લ્યો !
કામનો કટકો આયો, લાલ સુંખી લ્યો !
ઢેંગલે-પોતીયે રમતાં બેનીબા બોલ્યાં, લાલ સુંખી લ્યો !
પાંણીડાંનો ભરનાર આયો, લાલ સુંખી લ્યો !
ઘોડીલા ખેલવતા વીરોજી બોલ્યા, લાલ સુંખી લ્યો !
રૂપિયાનું ખરચ આપું, લાલ સુંખી લ્યો !
બેટડો ધવરાવતાં ભાભીજી બોલ્યાં, લાલ સુંખી લ્યો !
કજિયા કરામણી આઈ, લાલ સુંખી લ્યો !

૯

મીં તો હંબોર બોયડી વાઈ, 'લ્યા બોયડી રણુંકે સે !
હું તો બોરાં ખાવા જૈ'તી, 'લ્યા બોયડી રણુંકે સે !
મન્...કૉર કાંટો વાજ્યો, 'લ્યા બોયડી રણુંકે સે !
મારા સસરાને તેડાવો, 'લ્યા બોયડી રણુંકે સે !
મારા સસરા વૈદડા લાયા, 'લ્યા બોયડી રણુંકે સે !
મારા સસરાના વૈદડા ખોટા, 'લ્યા બોયડી રણુંકે સે !
મીં તો હંબોર બોયડી વાઈ, 'લ્યા બોયડી રણુંકે સે !
હું તો બોરાં ખાવા જૈ'તી, 'લ્યા બોયડી રણુંકે સે !
મન્...કૉર કાંટો વાજ્યો, 'લ્યા બોયડી રણુંકે સે !
મારા દાદાને તેડાવો, 'લ્યા બોયડી રણુંકે સે !
મારા દાદા વૈદડા લાયા, 'લ્યા બોયડી રણુંકે સે !
મારા દાદાના વૈદડા સાચા, 'લ્યા બોયડી રણુંકે સે !

---

૧. સુંડલો; ૨. ભેંસો કે ઢોર.

## ૧૦

[ દેવ–દેવીઓ તો લોક–જીવન સાથે ગૂંથાઈ ગયેલાં છે. સ્ત્રીની દેવ–દેવીઓ પરની અગાધ—અપાર શ્રદ્ધા લોકગીતોમાં પરિણમી છે. નારીએ સહજ ભાવથી અને પ્રેમથી દેવ-દેવીઓને આરાધ્યાં છે. ]

વાડી માંયલો વખડો વઢાવજો, મારી શીતળામા રે !
ઈની તે વેલડી ઘડાવજો રે, મારી શીતળામા રે !
વેલે બેસીને વે'લાં આવજો રે, મારી શીતળામા રે !
થાળ ભરીને મોતી લાવજો રે, મારી શીતળામા રે !
પે'લું મુઢેરું[1] વધાવજો રે, મારી શીતળામા રે !
મુઢેરામાં અમી-છાંટણાં નાંખજો રે, મારી શીતળામા રે !

[ રૂપેણ–કાંઠાની નારીએ મર્માળ ભાવો પણ લોકગીતોમાં ગાયા છે. વિનોદ-ગીતોમાંથી નારીનો માત્ર નિર્મળ પ્રેમ જ ઝરે છે. દિવસભર કાળી-મજૂરી કરતી આ કાંઠાની નારીને રાતે ઢોલ સાથે હસતી કૂદતી જોઈએ છીએ ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું નથી. ]

## ૧૧

આ એસા ભગત રંગતાળી સે...

આ ઉતારા ઓરડા મારા સે,
આ ભાંગલું છાપરું તારું ! ઊંહૂં !...
આ એસા ભગત રંગતાળી સે !

આ દાતણ દાડમી મારાં સે,
આ બાવળનું ઠુંઠું તારું ! ઊંહૂં !...
આ એસા ભગત રંગતાળી સે !

આ ભોજન લાબસી મારાં સે,
આ ઢાઢાના ટૂકડા તારા ! ઊંહૂં !...
આ એસા ભગત રંગતાળી સે !

આ મકવાસ એલચી મારી સે !
આ પેંપેર[2]નાં પાંદાં તારાં ! ઊંહૂં !..
આ એસા ભગત રંગતાળી સે !

આ પોઢણઢોલિયા મારા સે !
આ ભાગલી માંચી[3] તારી ! ઊંહૂં !...
આ એસા ભગત રંગતાળી સે !

---

૧. 'મોઢેરા'નું ગામઠી ઉચ્ચારણ; ૨. પીંપળ; ૩. ખાટલી.

## ૧૨

ઐસી લડી રે કોરટિયા[૧]મેં કામદાર !
સાસુ બી હાર ગઈ, સસરો બી હાર ગયો !
હાર ગયો રે છોટિનો નાવલિયો... ઐસી.
જેઠાણી બી હાર ગઈ, જેઠ બી હાર ગયો !
હાર ગયો રે છોટિનો નાવલિયો... ઐસી.
દેરાણી બી હાર ગઈ, દેર બી હાર ગયો !
હાર ગયો રે છોટિનો નાવલિયો... ઐસી.
નણદલ બી હાર ગઈ, નણદોઈ બી હાર ગયો !
હાર ગયો રે છોટિનો નાવલિયો .. ઐસી.

## ૧૩

વનમાં પીલુ પાચ્યાં[૨] રે ધનબૈ, તાંદળા લ્યો રે !
હું ને મારી બૈજી રે ધનબૈ, તાંદળા લ્યો રે !
પીલુ ખાવા જ્યાં'તાં રે ધનબૈ, તાંદળા લ્યો રે !
બૈજીની ડાળ ઉંસી[૩] રે ધનબૈ, તાંદળા લ્યો રે !
મારી ડાળો નેંસી[૪] રે ધનબૈ, તાંદળા લ્યો રે !
બૈજીની ડાળો ભાગી રે ધનબૈ, તાંદળા લ્યો રે !
બૈજી હેઠાં પડ્યાં રે ધનબૈ, તાંદળા લ્યો રે !
હેઠે પડી'તી ઠીકરી રે ધનબૈ, તાંદળા લ્યો રે !
રોશે ઈની દીચરી[૫] રે ધનબૈ, તાંદળા લ્યો રે !

## ૧૪

[ લોકોનું રોજિંદું જીવન પ્રકૃતિના પ્રાંગણમાં જ પાંગરેલું હોય છે. એટલે લોક-કવિ પ્રકૃતિને ગાયા વિના શેનો રહે ? રૂપેણ-કાંઠાની નારીએ તો મન ભરીને મીઠી કુદરતને માણી છે.]

હું સેંગોડા તળાય પાણી જૈ'તી,
કે મુંને સેંગોડાની મોરસા[૬] લાગી !
મારા પગનાં કલ્લાં મેલ્યાં રે,
કે મુંને સેંગોડાની મોરસા લાગી !
મારા હાથનો ચૂડલો મેલ્યો રે,
કે મુંને સેંગોડાની મોરસા લાગી !
મારી કોટની હાંહડી મેલી રે,
કે મુંને સેંગોડાની મોરસા લાગી !
હું સેંગોડા તળાય પાણી જૈ'તી,
કે મુંને સેંગોડાની મોરસા લાગી !

---

૧. કૉર્ટ (અં. Court)નું ગામઠી રૂપાન્તર; ૨. પાકયાં; ૩. ઊંચી; ૪. નીચી; ૫. દીકરી; ૬. માયા-મૂર્છા.

## ૧૫

પાછો જા વાયરા, આઘો જા વાયરા!
આઘો જા વાયરા, પાછો જા વાયરા!
શિનો બન્યો સે મસ્તાંન?

પગ પરમાંણે કુલ્લાંની જોડ્યો,
એ તો મારા અંગે સોહાય, વાયરા!

પાછો જા વાયરા, આઘો જા વાયરા!
કેડયે પરમાંણે ચણિયાની જોડ્યો,
એ તો મારા અંગે સોહાય, વાયરા!

પાછો જા વાયરા, આઘો જા વાયરા!
ડોક પરમાંણે હાહડીની જોડ્યો,
એ તો મારા અંગે સોહાય, વાયરા!

પાછો જા વાયરા, આઘો જા વાયરા!
શિનો બન્યો સે મસ્તાંન?

—આ ગીતોમાંનો ઉલ્લાસ તો શબ્દથી આલેખી શકાય તેમ નથી. આજે 'ઈંટ-ચૂનાની સંસ્કૃતિ' ઝડપથી વન્ય સંસ્કૃતિને ભરખી રહી છે તો યે રૂપેણ આવા લોક-સૂરોથી ગૂંજતા રહે છે તે આપણાં મહાભાગ્ય! આકરા જીવન-સંઘર્ષમાં જીવતા વન્ય સંસ્કૃતિના માનવીઓના આ અવર્ણનીય ઉલ્લાસનું મૂળ આપણે 'સુધરેલા' એમના અજ્ઞાનમાં જોઈએ છીએ—તે ઠીક નથી.

કવિશ્રી. જયંત પાઠક લખે છે કે, "પળે પળે જીવન-મરણનાં જંગમાં ઝૂઝી રહેલાં લોકનો સ્વાભાવિક ઉલ્લાસ છે. એમનાં સહજોત્થ ગીતોને કોઈ સરકારી સર્ટિફિકેટની કે નૃત્યને કોઈ આચાર્યના ઉત્તેજનની પડી નથી.[૧]'

---

૧. 'વનાંચલ'- જયંત પાઠક (પૃ. ૩૯)

# ભારતીય ઇતિહાસનિરૂપણમાં સિક્કાઓની કેટલીક મર્યાદા

રસેશ જમીનદાર

ભારતીય ઇતિહાસના નિરૂપણનાં અનેક સાધનોમાં સિક્કાઓનું પણ આગવું મહત્ત્વ છે. જે દેશના પ્રાચીન સમયમાં ઐતિહાસિક ઇતિવૃત્ત નિયમિત મળે છે ત્યાં સિક્કાઓનું મહત્ત્વ ઓછું છે; પરન્તુ જ્યાં નિયમિત ઇતિવૃત્ત ઉપલબ્ધ નથી ત્યાં ઇતિહાસના નિરૂપણમાં સિક્કાઓની ઉપયોગિતા અનિવાર્ય છે, એનું વિશિષ્ઠ મહત્ત્વ છે. ખાસ કરીને ભારતના પ્રાચીન ઇતિહાસના આલેખન માટે તો સિક્કાઓ અતિ મૂલ્યવાન સાધન તરીકે ઉપયોગી બન્યા છે.

આપણે સહુ જ્ઞાત છીએ જ કે જો સિક્કાઓ પ્રાપ્ત ન થયા હોત તો ૩૭ જેટલા ભારતીય-ગ્રીક રાજાઓની માહિતી આપણને પ્રાપ્ત ન થઈ હોત; કેમ કે સાહિત્યમાંથી તો માત્ર ચારેક ભારતીય-ગ્રીક રાજાઓની જ જાણકારી શક્ય બની હતી. સિક્કાઓની સહાયથી જ કુષાણ વંશના કણિષ્ક પૂર્વેના આરંભના બે રાજાઓ-કુજુલ કદફિશ અને વીમ કદફિશ-ની માહિતી પ્રાપ્ત થઈ ત્યાં સુધી કણિષ્ક જ કુષાણ વંશનો સ્થાપક હતો એમ સ્વીકારીને ઇતિહાસનાં પૃષ્ઠો લખાયાં. પશ્ચિમી ક્ષત્રપ રાજાઓની સળંગ સાલવારી અને વ્યવસ્થિત વંશાવળી આપણને પ્રાપ્ત થઈ તેય સિક્કાઓને કારણે. સિક્કાઓના અભાવે તો આ વંશના ૩૨ જેટલા રાજાઓમાંથી માત્ર ત્રણચારની માહિતી મેળવી શકયા હતા.

આમ ભારતના ઇતિહાસના આલેખનમાં સિક્કાઓની ઉપયોગિતા વિશે બે મત નથી જ નથી. આ સિક્કાઓ ભારતીય ઇતિહાસનાં અધૂરાં પ્રકરણોને પૂરાં કરવામાં કે ખૂટતી કડીઓને સાંકળી આપવામાં અનિવાર્ય પૂરવાર થઈ શકયા છે.

છતાં ઇતિહાસ-આલેખનમાં સિક્કાઓના ઉપયોગમાં કેટલીક સાવચેતી રાખવી જરૂરી છે. આ લેખમાં સાધન તરીકે સિક્કાઓ વિશેની કેટલીક મર્યાદાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આરંભમાં સિક્કાઓ ઉપરનાં પ્રતીકોના ઉપયોગની કેટલીક મર્યાદાનો ખ્યાલ કરીએ.

આપણા સૌથી પ્રાચીન ઉપલબ્ધ સિક્કાઓ છે પંચમાર્ક્ડ. આપણને પંચમાર્ક્ડ સિક્કાઓ સમગ્ર ભારતમાંથી ઘણી મોટી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. આ સિક્કાઓ ઉપર આશરે ૩૦૦થી ય વધુ પ્રતીકો-ચિહ્નો પંચ કરેલાં જોવા મળે છે, જેમાં માનવ, પ્રાણી, પક્ષી, વૃક્ષ, પર્વત, નદી, સૂર્ય, ચંદ્ર, વગેરેનો સમાવેશ થાય છે. આ ચિહ્નો ઉપરથી એનું નિશ્ચિત મહત્ત્વ જાણી શકાતું નથી, ત્યારે એનો ઉપયોગ કરતી વેળાએ અનેક પૂર્વાપર સંબંધોની માહિતી મેળવવી જરૂરી બને છે. વળી આ ચિહ્નોથી સિક્કા પડાવનારા રાજા કે રાજ્યના ધર્મ વિશે અનુમાન કરવામાં પણ મુશ્કેલી પડે છે. ઉપર્યુક્ત ચિહ્નોમાંનાં મોટાભાગનાં ચિહ્નો સનાતન તત્ત્વો જેવાં છે. આથી એના વપરાશથી કોઈ ચોક્કસ ધર્મની માહિતી તારવી શકાતી નથી.

પંચમાર્ક્ડ સિક્કાઓ પરનાં પ્રતીકો વિશે બીજી પણ એક સાવચેતી જરૂરી છે. આરંભમાં આ સિક્કાઓ ઉપર એક બાજુ ઉપર ચિહ્નો પંચ થતાં હતાં. સમયના વહેવા સાથે બીજી બાજુ પર પણ ચિહ્નો પંચ થવા લાગ્યાં અને ઉત્તરોત્તર ચિહ્નોની સંખ્યા વધતી ગઈ. આથી એક જ સમયના ભિન્ન પ્રદેશોના કે એક જ પ્રદેશના પંચમાર્ક્ડ સિક્કા ઉપરનાં પ્રતીકોની ઓછીવત્તી સંખ્યા ઉપરથી અનુમાન તારવતાં ધ્યાન રાખવું પડે છે. ઘણીવાર એવું બનતું કે એક જ પેઢીના સિક્કાઓમાંથી જેનો વપરાશ વધારે તેના ઉપરનાં પ્રતીકોનું પ્રમાણ વધારે જોવા મળશે અને જેનું ચલણ ઓછું તેના ઉપરનાં પ્રતીકોની સંખ્યા ઓછી હશે. આથી ઓછાં ચિહ્નોવાળા સિક્કા સમયના સંબંધમાં પહેલા આવે અને વધારે પ્રતીકોવાળા સિક્કાનું સ્થાન પછી આવે એવું અનુમાન કરી શકાય નહીં. આ ઉપરાંત ક્યારેક એવું પણ બન્યું હોય કે જેના ઉપર એકેય પ્રતીક ના હોય તે કાં તો સમયની દૃષ્ટિએ અતિ પ્રાચીન ગણાય એવી અટકળ પણ સાવચેતી માગી લે છે. અર્વાચીન સિક્કાના દાખલા સાથે આ મુદ્દાને વધારે સ્પષ્ટ કરીએ. ૧૯૫૭માં દશાંશ પદ્ધતિના નવા સિક્કાઓ પાડવામાં આવ્યા હતા. આમાં દશ પૈસાનો એક સિક્કો પણ હતો. શરૂઆતમાં એની નવીનતાથી આકર્ષાઈ કોઈ સિક્કાસંગ્રહશોખીન એમાંના કેટલાક સિક્કાઓનો સંગ્રહ કરે તે સ્વાભાવિક છે. પરંતુ સમય પસાર થતાં જ્યારે ચલણમાં એનું પ્રમાણ વિશેષ જણાય ત્યારે પેલા સંગ્રહિત કરેલા સિક્કામાંથી નમૂના માટે થોડાક રાખી શેષનો વપરાશ શરૂ કરવામાં આવે ત્યારે તેના વપરાશના અભાવને લીધે એનો ચળકાટ વગેરે જાણે આ સિક્કાઓ હમણાં જ ટંકશાળમાંથી આવ્યા છે એવો ભાવ જગાડે. હવે આ સિક્કા ઉપર વર્ષનિર્દેશક સંખ્યા હોય તો ખાસ મૂંઝવણ રહેતી નથી, પરન્તુ જો તેનો અભાવ હોય તો એક જ સમયે પડાવેલા સિક્કાઓમાં વપરાશના પ્રમાણના ભેદને લઈ નવા કે જૂનાનું 'લેબલ' લાગી જશે. આથી આવા સંજોગોમાં ઉતાવળિયો નિર્ણય કરવો જોઈએ નહીં.

ભારતીય-શકો અને ભારતીય-પહ્લવોના સિક્કાના પૃષ્ઠભાગ ઉપર અનેક દેવદેવીઓની આકૃતિઓ જોવા મળે છે, જેમાં મુખ્યત્વે તો હેલેનિક દેવતાઓની આકૃતિ વધારે છે, ભારતીય દેવદેવીઓની આકૃતિ જવલ્લે જોવા મળે છે. આ ઉપરથી હેલેનિક દેવતાઓનું પૂજન અહીં થતું હતું એમ કહી શકાય નહિ; કે ભારતીય દેવદેવીઓની આકૃતિઓ ઉપરથી આ રાજાઓ એમના ભક્તો હતા એમ પણ કેવી રીતે કહી શકાય ?

સિક્કાઓ ઉપરનાં ચિહ્નો ઉપરથી ધર્મનું સૂચન કરવાનો સામાન્ય રિવાજ છે. પરન્તુ પશ્ચિમી ક્ષત્રપોના સિક્કાઓ ઉપર સૂર્ય, ચંદ્ર, પર્વત અને નદી સિવાય કોઈ ધાર્મિક પ્રતીકો નથી. સૂર્ય, ચંદ્ર વગેરે પ્રતીકો પણ સનાતન તત્ત્વોના ચિહ્નરૂપ છે. તેથી તેમને ધર્મના અંગરૂપ સ્વીકારી શકાય નહીં. પશ્ચિમી ક્ષત્રપોના સિક્કાઓ ઉપર ધર્મપ્રતીકોના અભાવથી તેઓ ધર્મિષ્ઠ ન હતા એમ તો કેવી રીતે કહી શકાય ? અપવાદરૂપે માત્ર જયદામાના સિક્કા ઉપર ત્રિશૂળ અને પરશુનાં ચિહ્નો છે. શું તે એકી સાથે શિવભક્ત અને વિષ્ણુભક્ત હતો એવું અનુમાન કરી શકીશું ? પશ્ચિમી ક્ષત્રપોએ ગ્રીક સિક્કાઓનું કેટલુંક અનુકરણ કર્યું હતું, છતાં ગ્રીક સિક્કાઓમાં અનેક દેવદેવીઓની આકૃતિઓ છે જેનું અનુકરણ ક્ષત્રપોએ કર્યું નથી; જોકે તેથી પશ્ચિમી ક્ષત્રપ સમ્રાટોને અધાર્મિક કહી શકાય નહીં. આવા સંજોગોમાં પણ અનુમાન તારવવામાં સાવધાની રાખવી જરૂરી છે.

દેવદેવીઓ, માનવ, પશુપક્ષી વગેરેની આકૃતિઓ ઉપરથી બધી જ વખત ધર્મની માહિતી પ્રાપ્ત થતી નથી; કેમ કે અગાઉ કહ્યું તેમ હાથી, ઘોડો, વાઘ, નંદી, વૃક્ષ, પર્વત, નદી, સૂર્ય,

ચંદ્ર, તારા વગેરે તો શાશ્વતતા સૂચવતાં સનાતન પ્રતીકો છે. આથી ધર્મનું નિર્ભેળ સૂચન આ પ્રતીકો વડે થઈ શકતું નથી.

વીમ કદફિશ અને હવિષ્કના સિક્કાઓ ઉપર દેશી અને વિદેશી દેવોની આકૃતિઓ છે; ખાસ કરીને ઈરાની દેવો અને ભારતીય દેવોની આકૃતિ છે. ભારતીય દેવોમાંય શિવ અને શાક્યમુનિ બુદ્ધની પ્રતિમાઓ છે. આથી કુષાણવંશીય રાજાઓના સિક્કાઓ ઉપરની વિવિધ દેવોની પ્રતિમાઓ માત્રથી તેઓ તે તે ધર્મના અનુયાયી હતા કે વિશ્વધર્મના અનુયાયી કે હિમાયતી એમ કહી શકાય ખરું ? કણિષ્ક પોતે તો બૌદ્ધધર્મી હતો અને છતાં એણે શિવની આકૃતિ કોતરાવી. આવી પરિસ્થિતિમાં સારાસારનો વિવેક ખાસ રાખવો જરૂરી છે.

ખાસ કરીને વિદેશી રાજાઓના સિક્કા ઉપરનાં પ્રતીકો મોટે ભાગે એમના માતૃદેશમાંના સિક્કાઓનાં પ્રતીકોનાં અનુકરણરૂપ હોય છે. તેથી ભારતમાંના વિદેશી સમ્રાટોના સિક્કાઓ વિશે જરૂરી સાવધાની રાખવી જોઈએ.

ભારતના મુસ્લિમ શાસકોના સિક્કા પશ્ચિમ એશિયાના મુસ્લિમ દેશોના સિક્કાના અનુકરણ જેવા હતા. વળી ઇસ્લામના કાનૂન અનુસાર મુસ્લિમ શાસકોના સિક્કા ઉપર દેવદેવી, મનુષ્ય કે પ્રાણીની આકૃતિને સ્થાન હોય જ નહિ. છતાં બારમી સદીમાં ભારતમાં મુસ્લિમ સત્તાને સ્થાપવામાં સફળતા પ્રાપ્ત કરનાર મહમૂદ ઘોરીએ એના સોનાના એક પ્રકારના સિકકાના અગ્રભાગમાં ' બેઠેલી લક્ષ્મી 'ની આકૃતિ કોતરાવી હતી. મહમૂદ ઘોરીના દેહલીવાલ પ્રકારના સિક્કા ઉપર નંદીની આકૃતિ પણ જોવા મળે છે. તેથી મહમૂદ ઘોરી હિન્દુ થઈ ગયો હતો કે તે લક્ષ્મીનો ઉપાસક હતો કે શિવનો ઉપાસક હતો એવું અનુમાન અતિશયોક્તિ પુરવાર થાય. સંભવ છે કે તેણે જીતેલા પ્રદેશોમાં લક્ષ્મીનું પૂજન વ્યાપક પ્રચારમાં હોય.

અકબરના ચાંદીના એક પ્રકારના સિક્કાના અગ્રભાગમાં જમણી તરફ મુખવાળા ધનુષધારી રામની ઊભી પ્રતિમા અને તેમના ડાબા હાથે સીતાની ઊભી આકૃતિ કોતરેલી છે. આથી અકબરે હિન્દુધર્મ અપનાવ્યો હતો એમ કેમ કહી શકાય ? જહાઁગીરના કેટલાક સિક્કાના પૃષ્ઠભાગમાં સૂર્યનું ચિહ્ન પ્રાપ્ત થાય છે. શું જહાઁગીરને સૂર્યના પૂજક તરીક ઓળખાવી શકાય ખરો ?

જેમ ધર્મના વિશે છે તેમ આર્થિક માહિતી મેળવવામાંય સિક્કાઓની કેટલીક મર્યાદા છે. ખાસ કરીને કાર્ષાપણ સિક્કાઓનો ઉપયોગ કરતાં ખાસ સાવધાનીની જરૂર છે. ' કાર્ષાપણ ' એ નામથી ઓળખાતા સિક્કાઓ સોના, ચાંદી અને તાંબાના છે. અલબત્ત સોનાના કાર્ષાપણ સિક્કા ક્યારેક સુવર્ણ કે નિષ્કના નામે, તો ચાંદીના કાર્ષાપણ ક્યારેક પુરણ કે ધરણના નામે અને તાંબાના કાર્ષાપણ સિક્કા ' પણ 'ના નામે ઓળખાતા હતા. ક્યારેક તો એક જ ધાતુના પણ ભિન્ન ભિન્ન વજનવાળા અને કદવાળા સિક્કામાં ખાસ સાવચેતી હોવી જરૂરી છે. દા.ત. ચાંદીના ક્ષત્રપ સિક્કા ૩૬ ગ્રેઈનના અને દક્ષિણ ભારતના માડ ( માડા કે માડાઈ ) સિક્કા ૪૦ રતીના; કુષાણોના સોનાના સિક્કા ૧૨૪ ગ્રેઈનના ને દક્ષિણ ભારતના વરાહ કે સુવર્ણગદ્યાણ ૪૮ રતીના હતા.

પ્રાચીન સમયમાં સિક્કાની ધાર કે ખૂણો કાપી તેનો ધાતુ તરીકે ઉપયોગ કરવાની પ્રથા હતી. આથી એનું અસલ વજન કેટલું હશે કે એનો આકાર કેવો હશે તે વિશે જરૂરી માહિતી ન હોય તો એના ઉપયોગમાં ભૂલો થવાનો પૂરતો સંભવ છે. ઉપરાંત પ્રાચીન કાળમાં વજન કરવાની પદ્ધતિ ખામીવાળી હતી તે અને વાપરનારની અપ્રામાણિકતા પણ ધ્યાનમાં લેવી જોઈએ. કયારેક બજારમાં ધાતુની કિંમતમાં થતી વધઘટને ધ્યાનમાં લઈ ચલણી નાણાંનું મૂલ્ય આંકવું જોઈએ. દા.ત. વીસમી સદીમાં ચાંદીનો ભાવ વધતાં શુદ્ધ ચાંદીના રૂપિયાને સ્થાને ચાંદીના હલકી ધાતુના મિશ્રણયુક્ત રૂપિયા તૈયાર કરવામાં આવ્યા. પછીથી તેને સ્થાને નિકલના સસ્તી ધાતુના સિક્કા પણ બહાર પડ્યા.

ઘણીવાર દ્વિભાષી કે દ્વિલિપિક સિક્કાઓ વિશે પણ સાવધાની જરૂરી છે. શકો અને પહ્‌લવોના સિક્કા ગ્રીક અને ખરોષ્ઠીમાં હતા અને તેમના પછી આવનાર કુષાણોના સિક્કાઓ માત્ર શરૂમાં ગ્રીકમાં અને પછીથી ઇરાનીમાં બહાર પડ્યા હતા. આગમનના સમયના ક્રમની માહિતી ના હોય તો ગ્રીક અને ઇરાની ભાષાઓનો ઉપયોગ કરનાર કુષાણોને શકો અને પહ્‌લવો પૂર્વે મૂકવાની ભૂલ થવાનો સંભવ છે. પશ્ચિમી ક્ષત્રપોએ શરૂમાં ગ્રીક અને ખરોષ્ઠીનો ઉપયોગ કર્યો અને પછીથી મુખ્યત્વે બ્રાહ્મીનો ઉપયોગ કર્યો અને ગ્રીકનો ઉપયોગ માત્ર શોભા તરીકે થયો. પશ્ચિમી ક્ષત્રપોના સિક્કા ઉપર સામાન્યતઃ પ્રાકૃતમિશ્રિત સંસ્કૃત કે સંસ્કૃત મિશ્રિત પ્રાકૃતમાં લખાણ જોવા મળે છે. અપવાદરૂપે દામજદશ્રી ૧લો અને સત્યદામાના સિક્કાઓ પરનું લખાણ શુદ્ધ સંસ્કૃતમાં છે. વધારે સાવચેતી તો રુદ્રદામા ૧લાના સિક્કા વિશે જરૂરી છે. રુદ્રદામાનો જૂનાગઢમાં અશોક શૈલ ઉપરનો લેખ શિષ્ટ સંસ્કૃત ગદ્યનો પ્રાપ્ત આદ્ય નમૂનો છે છતાં તેના જ સિક્કામાં શુદ્ધ સંસ્કૃતમાં લખાણ નથી.

કયારેક એક જ સમયે ભિન્ન ભિન્ન રાજાઓના સિક્કાઓનું ચલણ જોવા મળે છે. દા.ત. મુસ્લિમ સમય દરમિયાન પ્રાચીન સમયના સિક્કાઓ, વિદેશી સિક્કાઓ, માલદીવ ટાપુએથી આયાત થતા કાવરી સિક્કાઓ અને મુસ્લિમ શાસકોના સિક્કાનું એક સાથે ચલણ બજારમાં હતું. મુગલ સમયના અંતભાગમાં ખંડિયા રાજાઓને સિક્કા પડાવવાની છૂટ–સત્તા આપવામાં આવી હતી. આ સમયે વિદેશી સિક્કા પણ આવતા હતા. તેથી બજારમાં વિવિધ કદના અને વજનના આશરે ૧૦૦૦ જેટલા વિવિધ પ્રકારના ચાંદીના અસંખ્ય સિક્કાઓ અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ફરતા જણાતા. બ્રિટિશ કાળ દરમિયાન પણ સ્થાનિક રાજાઓના સિક્કાઓનું પણ ચલણ હતું. દા.ત. હૈદરાબાદ, ત્રાવણકોર, વડોદરા, ગ્વાલિયર, અલવાર વગેરે. ૧૭૯૪માં ઇન્ડો-બ્રિટિશ સિક્કા સમગ્ર ભારતમાં પ્રમાણિત સિક્કા તરીકે ચલણમાં આવ્યા ત્યાં સુધી અનેક રાજાઓના સિક્કા બજારમાં ચલણી હતા.

આવી જ રીતે સિક્કાનિધિઓનાં પ્રાપ્તિસ્થાન ઉપરથી રાજ્યવિસ્તાર વિશે અનુમાન તારવતાં પણ ખાસ સાવધાની રાખવી જરૂરી બને છે.

સિક્કાઓના નિધિઓ જે સ્થળોએથી પ્રાપ્ત થાય છે તે સ્થળો પ્રાયઃ તેમના રાજ્ય વિસ્તારમાં હોય એવી અટકળ કરી શકાય; પરન્તુ એ ઉપરથી નિશ્ચિત અનુમાન તારવવું સરલ કે શ્રદ્ધેય નથી, કારણ કે સિક્કાઓનાં અર્વાચીન પ્રાપ્તિસ્થાન તે સિક્કા પડાવનાર રાજાના રાજ્યની અન્તર્ગત જ હોય એમ માની લેવું વધારે પડતું ગણાય.

ઘણીવાર એવું બને કે સિક્કા પડાવનાર રાજા કોઈનું આધિપત્ય સ્વીકારતો હોય અને તે ખંડણી આપતો હોય તો તેવા સંજોગોમાં અધિપતિ રાજાના પોતાના રાજ્યપ્રદેશમાંથી ઉપરાજના-ખંડિયાના સિક્કાઓનો નિધિ મળી આવવો શકય છે. ત્યારે આવા સંજોગોમાં ઉપરાજના રાજ્યની હદ સિક્કાઓના પ્રાપ્તિસ્થાન ઉપરથી નક્કી કરવામાં ઠોકર ખાવી પડે છે.

ઘણીવાર ધાર્મિક સ્થળોએથી કે હવા ખાવાનાં સ્થળોએથી સિકકાનિધિ મળી આવે છે. આવાં સ્થળોએ સામાન્ય રીતે કોઈ પણ રાજ્યનો કે પ્રદેશનો યાત્રાળુ આવે છે અને પોતાના રાજ્યનું પ્રચલિત નાણું મંદિરમાં નાખે છે. પરિણામે આવાં સ્થળોએથી પ્રાપ્ત થતા નિધિઓ ઉપર આધાર રાખવામાં જોખમ રહેલું હોય છે.

કયારેક વ્યાપાર નિમિત્તે થતી નાણાંની હેરફેરથી પણ એક રાજ્યના સિક્કા બીજા રાજ્ય-માંથી મળી આવે છે ત્યારે પણ રાજ્યહદ નિશ્ચિત કરવામાં સિક્કાઓનો સાવધાનીપૂર્વક ઉપયોગ જરૂરી બને છે. એકાદ કુટુંબની પ્રાદેશિક હેરફેરથી પણ સિક્કાઓનું સ્થળાંતર થવા સંભવ છે. સિક્કાઓ નાના કદના હોઈને તથા દ્રવ્યવિનિમયના સાધનરૂપ હોઈને, પ્રાચીન કાળમાં તથા અર્વાચીન સમયમાં એની હેરફેર થઈ હોવાનો ઘણો સંભવ છે.

આથી સિક્કાઓનાં પ્રાપ્તિસ્થાન મૂળ રાજ્યના વિસ્તાર અંગે અનુમાન તારવવામાં બહુ સહાયરૂપ બનતાં નથી. અત્યારના કેટલાક વ્યાપારીઓ વેચાણ અર્થે જૂના સિક્કાઓની હેરફેર કરતા હોઈને, છૂટક મળતા સિક્કાઓની પણ ઠીક ઠીક ફેરબદલી થતી હોય છે. ખાસ કરીને સિક્કાઓ જ્યારે કોઈ વ્યાપારી, કંસારા કે બીજા કોઈની પાસેથી છૂટક મળ્યા હોય ત્યારે તો તેના પ્રાપ્તિસ્થાનનું મહત્ત્વ ઘણું ઓછું અંકાય. જૂના સિક્કા જ્યારે જમીનમાં દાટેલા મળે ત્યારે તેનું તે પ્રાપ્તિસ્થાન ઘણે અંશે માર્ગદર્શક ગણાય. પરન્તુ ત્યારેય એ દાટવાની ક્રિયા તે રાજાના શાસનકાળ દરમ્યાન થઈ હશે કે તેના અંત પછી તે વિશે પણ સાવધાની જરૂરી છે. *

---

* તારીખ ૨૦-૧૧-૧૯૭૦ના રોજ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનના ઇતિહાસ વિભાગના ઉપક્રમે "પુરાવસ્તુવિદ્યા અને ઇતિહાસના અર્થઘટનમાં એનું સ્થાન" એ વિશે યોજાયેલા પરિસંવાદમાં ભાગ લેવાનું નિમંત્રણ મળેલું, ત્યારે આ વિશે કરેલી ચર્ચા સુધારાવધારા સાથે અહીં પ્રસ્તુત કરી છે.

# તસવીરોમાં ઢાંક

મણિભાઈ વોરા, નરોત્તમ પલાણ

સૌરાષ્ટ્ર મધ્યે આલેચની ડુંગરમાળાના પૂર્વ છેડા પર, પ્રાચીન વસાહતોના અવશેષોથી ભરપૂર ઢાંક ગામ આવેલું છે. મૂળ તો પ્રેહપાટણ પણ ધુંધલીમલના શાપથી ધરતીકંપમાં ઢંકાઈ ગયું માટે ઢાંક. ત્રણ-ચાર તળાવો, આઠ-દસ વાવો, જૈન અને બૌદ્ધ ગુફાઓ, સૂર્યમંદિર અને ગુપ્તકાલીન પ્રતિમાઓ, પાળિયા અને ગણપતિની વિરાટકાય પ્રતિમાઓ—આ રીતે પુરાતત્ત્વની દૃષ્ટિએ—ઢાંક સમૃદ્ધ ગામ છે.

પૂર્વ પાદરના સુંદર દહેરામાં વિશાળકાય ગણપતિજી બિરાજે છે. આસપાસના પ્રદેશમાં કે કદાચ સૌરાષ્ટ્રભરમાં આવી ગૌરવશાળી, આકારબદ્ધ પ્રતિમા બીજે નહિ હોય. ફળિયામાં ગણપતિની બીજી પ્રતિમા પણ, એક સુંદર યક્ષીની મૂર્તિ પાસે પડેલી છે; [ફોટો : નં. ૧]. ઢાંકમાં ગણપતિનું મહત્ત્વ સવિશેષ જોવામાં આવે છે. ઢાંક અને ધુમલીનો સંબંધ આ દૃષ્ટિથી પણ આંકવા જેવો છે. ધુમલીમાં પણ અત્રતત્ર ગણેશદર્શન સુલભ છે.

જરા ગામમાં આવીએ તો બાવા ઝવેરપરીના ઘરમાં નાગાર્જુન જેઠવાનું માથું આજે પણ પૂજાઅર્ચના પામતું હયાત છે. બાજુમાં નાગાર્જુનના બારોટનું માથું છે. રસસિદ્ધ ગણાતા નાગાર્જુન જેઠવાને તો કોણ નથી ઓળખતું? પણ ઢાંકનો સંબંધ અન્ય નાગાર્જુન સાથે હોય એવું પણ સંભવે છે.

ગામમાં આવેલાં અન્ય સ્થળોમાં ચારસોએક વર્ષ જૂની ટીલામેડી અને બાજુની શેરીમાં ચૈત્યબારીયુક્ત એક જર્જરિત સૂર્યમંદિર છે. સાતમી સદીનું આ મંદિર પુરાતત્ત્વદૃષ્ટિએ અતિ અગત્યનું જણાય છે. એનો એક ભાગ બળદ બાંધવાની કોડમાં સચવાયેલો છે. [ફોટો નં. ૨]. (ચિત્ર માટે જુઓ આ અંકના પાછલા પૂઠાની અંદરની બાજુએ) ડૉ. સાંકળિયાએ આપેલ ઢાંકની સૂર્યમૂર્તિ કદાચ આ જ મંદિરની હશે. ઢાંકની ફોઈ તરીકે પૂજાય છે તે પણ સૂર્યમૂર્તિ હોવા સંભવ છે અને ઢાંકથી ઝિંઝુવડી ઝર જતાં રસ્તામાં પણ એક સૂર્યમૂર્તિ, થોડીક ભગ્ન હાલતમાં પડેલી છે. ડૉ. સાંકળિયાએ આપેલી સૂર્યમૂર્તિ અત્યારે ઢાંકમાં ક્યાંય નથી.

સૂર્યમંદિરથી દિવ્યસર જતાં રસ્તામાં પીપળેશ્વર મહાદેવ આવે છે. ડેલીમાં દાખલ થતાં દ્વારની બાજુએ દીવાલમાં, દ્રવ્ય રાખવા માટે નોળિયાની ખાલમાંથી બનાવેલી કોથળી—નકુલક ધારણ કરતી કુબેરની એક ગુપ્તકાલીન પ્રતિમા આવેલી છે; [ફોટો નં. ૩]. (ચિત્ર માટે જુઓ આ અંકમાં પાછલા પૂઠાની અંદરની બાજુએ) બાજુમાં જ દિવ્યસર નામે તળાવ છે. પાળ ઉપરથી તે ઘણું પ્રાચીન લાગે છે. સામે કિનારે પાળ પર ઉત્તરાભિમુખ હિંગળાજ માતાની દહેરી છે, [ફોટો નં. ૪]. અંદર બિરાજતી દ્વિભુજ માતૃકામૂર્તિઓ અને ત્રણ ભૂમિકાવાળું શિખર આ દહેરીને પ્રાક્‌સોલંકી યુગની પુરવાર કરે છે. પાસે કામનાથ મહાદેવનું અર્વાચીન મંદિર છે.

ગામની ઉત્તરે મુંજેશ્વરી વાવ આવેલી છે. વાવની નાળમાં ઊતરતાં ચોકમાં ડાબી બાજુએ,

ચૈત્યબારીયુક્ત ઉદ્દગમો ધરાવતા બે ગોખ છે. અહીંથી પૂર્વ તરફ નીચે જતાં ડાબી બાજુ ભીંતમાં ઉત્તાનપાદ અદિતિની ગુપ્ત—મૈત્રક કાળની એક મૂર્તિ આવેલી છે [ ફોટો નં. ૫ ]. ચોરસ પથ્થરમાં કંડારેલી આ મૂર્તિમાં ઉપર ખૂણે ગણપતિ અને નીચે કુમાર છે. કોઈ આને બૌદ્ધધર્મની મંજુધી–મંજુશ્રી કે મંજુ પણ કહે છે. ચૈત્યબારીયુક્ત ગોખ અને ઉત્તાનપાદ અદિતિને કારણે આ વાવ સાતમી સદીની હોવા સંભવ છે.

મુંજેશ્વરી વાવની બાજુમાં જ મુંજેશ્વર મહાદેવનું અર્વાચીન મંદિર છે. એના આંગણામાં બેત્રણ પ્રાચીન મૂર્તિઓ આવેલી છે. એક નરમૂર્તિના હાથમાં શૂળ કે દંડ જોઈ શકાય છે, બીજી એક માતૃકા મૂર્તિ છે. આ મૂર્તિઓનો સમય પણ દસમી પહેલાંનો છે.

મુંજેશ્વરથી ડુંગર પર ચડવા પગથિયાં બાંધેલ છે. આલેચના આ પૂર્વ છેડા પર ડુંગરેશ્વર મહાદેવનું રમ્ય સ્થળ છે. અહીંથી આજુબાજુની પ્રકૃતિનું ભલી પેરે દર્શન થઈ શકે છે. કહે છે કે ધુધલીમલ અને સિદ્ધનાથનું બેસણું પણ આ જ ટેકરો. અહીં સિદ્ધનાથના ધુણાની જગ્યા બતાવવામાં આવે છે, એ જગ્યાએથી અમને ક્ષત્રપકાલીન ઠીકરાંઓ મળ્યાં. બાજુમાં ખોડિયારનું સ્થાનક છે. મહિષાસુરમર્દિની અને બ્રહ્માજીની મૂર્તિઓ અહીં જોવા મળે છે. અન્ય ભગ્ન મૂર્તિઓ પણ પડેલી છે.

ડુંગરેશ્વરથી પશ્ચિમે ઊતરતાં ઝરમાં જાણીતી જૈનગુફાઓનો સમૂહ આવેલો છે. ખંડિત આંગણાંઓવાળી આ ગુફાઓની અત્યારે સંભાળ લેવાય છે. ગુફાની દીવાલ પર, બહાર જૈન-મૂર્તિઓ કંડારેલી છે, જેમાં આદિનાથ, શાંતિનાથ, પારસનાથ વગેરે જોઈ શકાય છે. એક ગુફામાં અંદર પારસનાથની સુંદર પ્રતિમા બેઠેલી છે [ ફોટો નં. ૬ ]. બાજુમાં પાર્શ્વદેવોની જર્જરિત મૂર્તિઓ અને બહારના ભાગમાં બે સિદ્ધોની મૂર્તિઓ આવેલી છે. આ ગુફાઓ ત્રીજા સૈકાની હોવા સંભવ છે

જૈનગુફાથી પશ્ચિમે ઝીલણી વાવ જતાં રસ્તામાં રજપૂત અને રબારીના પાળિયાઓનો સમૂહ આવે છે. મોટાભાગના પાળિયાઓ છેલ્લા બસો-અઢીસો વર્ષના છે. બાજુમાં ભગ્ન ગણેશ-દહેરી, અંદર વિશાળકાય ગણપતિ અને શિલ્પના ખંડિત ટુકડાઓ પડેલા છે.

અહીંથી અર્ધો માઈલ પશ્ચિમે ‘ઝીલણી’ નામે વાવ આવેલી છે. ઉપરથી અર્વાચીન લાગતી વાવમાં અંદર અર્ધે જતાં ચૈત્યબારીયુક્ત ગવાક્ષ આવેલો છે [ ફોટો નં. ૭ ]. સૌરાષ્ટ્રની પ્રાચીન વાપીઓમાં તેનો સહેજે સમાવેશ થઈ શકે. મુંજેશ્વરીવાવ જેટલી જ જૂની આ વાવ છે.

ઝીલણી વાવથી એક મોટું ચક્કર મારી ઢાંકની ઈશાને આવેલ ફાડેશ્વર મહાદેવ જઈએ ત્યાં રસ્તામાં, ઢાંકનો જૂનો ટીંબો જેમાંથી અસંખ્ય ક્ષત્રપ ઠીકરીઓ મળે છે તે જોઈ, રાજગર મારાજ ભીમજીએ પોતાની દીકરીઓનાં પુનર્લગ્ન કરાવી જ્ઞાતિમાં એ રિવાજ પાડચો તેની યાદમાં બંધાવેલું ભીમસર નામનું તળાવ જોઈ દિવ્યસર થઈ ફાડેશ્વર નજીક આવીએ છીએ ત્યાં માર્ગની બાજુએ ખેતરમાં યક્ષની એક વિરાટ મૂર્તિ પડેલી નજરે ચડે છે. સિંહાસન ઉપર બેઠેલો આ સિદ્ધ કે યક્ષ ઘણો જ ભવ્ય લાગે છે [ ફોટો નં. ૮ ].

ફાડેશ્વર લોકો કહે છે કે સોમનાથ ભાગ્યા પછી મુસલમાનો અહીંથી પસાર થયા અને સોમ-નાથના તૂટેલા લિંગની એક ફાડ અહીં નાખતા ગયા તેથી ફાડેશ્વર નામ પડ્યું. જે હોય તે પણ લિંગ



ચિત્ર ૧

ફળિયામાં યક્ષી તથા ગણપતિ



ચિત્ર ૪

દિવ્યસરની પાળે હિંગળાજ દહેરી



ચિત્ર ૫
મુંજેશ્વરી વાવમાં ઉત્તાનપાદ અદિતિ



ચિત્ર ૯
ઝાડેશ્વરની પીઠિકામાં ચણાયેલ પ્રાચીન પ્રતિમાઓ



ચિત્ર ૬
જૈન ગુફાની અંદર પાર્શ્વનાથ



ચિત્ર ૧૧
ઢાંકની ફોઈ, કુંભારણનો પાળિયો ગણાતી પ્રાચીન મૂર્તિ



ચિત્ર ૧૦
અદિતિ અને શેષાવતાર બળરામ



ચિત્ર ૧૨
ઝિંઝુવડી ઝરની બૌદ્ધગુફાઓ, દૂરથી

**ફોટો કૉપીરાઈટ**
ચિત્ર ૪ : મણિભાઈ વોરા
બાકીનાં ચિત્રો : નરોત્તમ પલાણ

તૂટેલું છે. મંદિર અર્વાચીન છે. અને મંદિરની પીઠિકામાં ઉત્તર-ગુપ્તકાલીન પ્રતિમાઓને ચણી દીધેલી જણાય છે [ ફોટો નં. ૯ ]. પ્રતિહાર સમયની ગુપ્તશૈલીની મૂર્તિઓના અમુક ટુકડા પણ અહીં જણાય છે. હાલનું મંદિર જૂના સ્થાને બંધાયેલું હશે એવું અનુમાન થઈ શકે છે. કોઈ મસ્તક, કોઈ ધડ તો કોઈ 'બસ્ટ' પ્રતિમાઓ પીઠિકામાં તેમ જ પ્રાંગણમાં પણ અહીં તહીં જોવા મળે છે. મંદિર પાસે બાવાજીની ઓરડીની ભીંતમાં પણ બે પ્રતિમાઓ ચણાયેલી છે, જેમાં એક મુંજેશ્વરી જેવી ઉત્તાનપાદ અદિતિ છે; બીજી વીરાસનમાં ગૌરવપૂર્વક શોભતી હાથમાં મદ્યપાત્ર ધારણ કરતી શેષાવતાર બળરામની મૂર્તિ છે [ ફોટો નં. ૧૦ ]. નાગાર્જુન બળરામનો અવતાર મનાય તેથી ઘણા આને નાગાર્જુન પણ કહે છે. આ મૂર્તિ, પીપળેશ્વરમાં આવેલી કુબેરની મૂર્તિની સમકાલીન છે. ફાડેશ્વરમાં આ બધી મૂર્તિઓ ઢાંકની જૂની જાહોજલાલીની સાક્ષીરૂપ છે.

ધુંધલીમલના શાપે પ્રેહપાટણ દટ્ટન થયું પણ પેલી સિદ્ધનાથને લોટ આપનારી કુંભારણ ક્યાં? કહે છે કે ઢાંક અને નાગવદર—આ નાગવદ્ર! નાગાર્જુનના નામ સાથે એને સંબંધ નથી શું?—ની સીમ જ્યાં ભેળી થાય છે ત્યાં કુંભારણ, એનાં બે બાળકો અને બે ગધેડાં—પાળિયા થઈને ઊભા છે. ગામથી ઉગમણે બેએક માઈલ ઉપર આ જગ્યા આવેલી છે. અહીં ગણપતિનું એક વિરાટ મોઢું, હાલ જમીનથી થોડુંક બહાર દેખાતું પડ્યું છે. બાજુમાં એક પ્રાચીન વાવ છે, થોડે છેટે કુંભારણનો પાળિયો, જેને આજુબાજુના લોકો ઢાંકની ફોઈ કહે છે, તે આવેલ છે. દૂરથી પાળિયો લાગતો આ પથ્થર મૂર્તિ છે [ ફોટો નં. ૧૧ ]. વચ્ચે નર-આકૃતિની આજુબાજુ સંજ્ઞા અને છાયા—બાલા અને સૂર્યાણી સહિતની આ સૂર્યમૂર્તિ હોવા સંભવ છે; વિષ્ણુમૂર્તિ પણ હોઈ શકે. કુંભારણ અને બે બાળકો તરીકે આ ત્રણે આકૃતિઓ હાલ સિંદૂરઅર્ચના પામે છે અને ગધેડા તરીકે ઓળખાતી બે મૂર્તિઓ માતૃકા મૂર્તિઓ છે!

ઢાંકથી ઉત્તરમાં ત્રણેક માઈલ ઝિંઝુવડી ઝરની પ્રખ્યાત બૌદ્ધ ગુફાઓ આવેલી છે. ડૉ. સાંકળિયાએ બતાવ્યા મુજબ આ બૌદ્ધ વિહાર છે. મુખ્ય ગુફાને અષ્ટકોણ થાંભલા અને બારી નીચે જાળીનું શિલ્પ છે. બાજુમાં છ-સાત ગુફાઓ અને વચ્ચે ચોક એવો વિહાર છે. આ વિહારથી થોડે દૂર વાયવ્યે બીજી બે અલગ બૌદ્ધ ગુફાઓ આવેલી છે. તેને પણ વચ્ચે દ્વાર અને બન્ને બાજુ બારીઓ છે. ઝિંઝુવડી ઝરની આ બધી બૌદ્ધ ગુફાઓ બીજી-ત્રીજી સદીની હોય એમ લાગે છે. આજુબાજુની પ્રકૃતિને નિહાળતાં બૌદ્ધ સાધુઓની સૌંદર્યદૃષ્ટિ ઉપર મુગ્ધ થયા વિના રહેવાતું નથી. ઉપર આલેચનાં પહોળાં શિખરો, ત્રીસેક ફૂટ નીચે ચાલી જતી ઝર અને વચ્ચે બૌદ્ધ ગુફાઓનું સ્થાન [ ફોટો નં. ૧૨ ]. ઉનાળાના ભરબપોરે પણ આ સ્થાન સુંદર લાગે છે.

આ ઉપરાંત ઢાંકમાં રજપૂતોનો ગઢ અને રાંગ પાસે કોટેશ્વર-મહાદેવનું નાનું મંદિર છે. બાજુમાં ગણેશસ્થાનક, જેમાં ઘણા જ સુંદર ગણપતિ બિરાજે છે. આજુબાજુનાં ખેતરોમાં ખોદકામ કરતાં નાળાળી વાવો અને પ્રાચીન અવશેષો મળી આવે છે. જૈન અને બૌદ્ધ ગુફાઓ, સૂર્યશક્તિનાં સ્થાનકો, પ્રાચીન વાપીઓ અને ગુપ્તકાલીન પ્રતિમાઓ—આ સર્વ વડે ઢાંક સાચે જ, સૌરાષ્ટ્રનું ઢંકાયેલું રતન છે. *

---

**નોંધ** : અમારા ઢાંકના પ્રવાસમાં સહાયરૂપ થવા બદલ ઢાંક હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી જશવંતસિંહ વાળાનો અમે આભાર માનીએ છીએ. —**લેખકો**

# ખબરદારનાં અંગ્રેજી કાવ્યો

ધર્મેન્દ્ર મ. માસ્તર ( મધુરમ્ )

બહેરામજી મલબારી, ગોવર્ધનરામ અને કાન્ત પછી ગુજરાતી સાહિત્યના કોઈ કવિએ અંગ્રેજી કાવ્યોની રચના કરી હોય તો તે ખબરદારે જ. મલબારીના "The Indian Muse in English Garb" નામના ઈ. સ. ૧૮૭૬માં પ્રગટ થયેલ અંગ્રેજી કાવ્યોના સંગ્રહમાં ભારતની તત્કાલીન સ્થિતિનો ચિતાર આપતાં કાવ્યો મળે છે. એ પછી ગોવર્ધનરામ અને કવિ કાન્તે માત્ર એકાદ અંગ્રેજી કાવ્ય રચ્યાનું જાણવા મળે છે. ગોવર્ધનરામના એક અંગ્રેજી કાવ્યની કેટલીક પંક્તિઓ રણજિતરામ વા. મહેતાએ અગાઉ એક સામયિકમાં ટાંકી હતી.[૧] વળી 'Jiji, the mother of Shivaji' નામનું એક કાવ્ય પણ તેમના નામે નોંધાયું છે, પણ તે ઉપલબ્ધ નથી.[૨] કાન્તે વડોદરાથી તા. ૩૦ જાન્યુઆરી, ૧૮૯૫ના રોજ રમણભાઈ નીલકંઠને પત્રમાં એક અંગ્રેજી કાવ્ય લખી મોકલ્યું હતું.[૩] ત્યાર પછી ખબરદારનાં અંગ્રેજી કાવ્યો પ્રગટ થયા બાદ બળવંતરાય ઠાકોર તરફથી Maxims નામની અંગ્રેજી રચના આપણને મળે છે.[૪] ગુજરાતી સાહિત્યકારો તરફથી આટલી અંગ્રેજી કાવ્યરચનાઓ પ્રાપ્ત થાય છે.

ખબરદારનાં અંગ્રેજી કાવ્યો મલબારી, ગોવર્ધનરામ, કાન્ત કે બળવંતરાયનાં અંગ્રેજી કાવ્યો કરતાં સંખ્યામાં વિપુલ છે, તેનું કારણ એ હોઈ શકે કે ખબરદારે નાની ઉંમરમાં જ અંગ્રેજી ભાષાની કવિતાને લગતા પદ્યનિયમોનો અભ્યાસ કર્યો હતો અને તેવી રચના શુદ્ધ પદ્યમાં રચી શકતા હતા.[૫] અદ્યાપિ તેમના Leaf and flowers, ( English Lyrics ) The rest house of the spirit ( Long English odes ) અને The Migrating Bird ( New English Lyrics ) નામના અંગ્રેજી કાવ્યના ત્રણ સંગ્રહો જો કે અપ્રગટ છે તો પણ The Silken Tassel ( ૧૯૧૮ ) અને Zarathushtra—The first prophet of the world—101 Sonnets નામના બે સંગ્રહોમાં તેમની સારી શક્તિ પ્રગટ થઈ છે. પહેલા સંગ્રહમાં ૫૯ કાવ્યો અને બીજા સંગ્રહમાં ૧૦૧ કાવ્યો મળીને કુલ ૧૬૦ રચનાઓ ખબરદાર તરફથી આપણને મળે છે.

સંખ્યાની વિપુલતાની સાથે સાથે તેમનાં અંગ્રેજી કાવ્યોનું બીજું ધ્યાનપાત્ર લક્ષણ વિષય અને પ્રકારની વિવિધતા છે. પ્રકૃતિ, પ્રણય, કાવ્યદેવી, પ્રભુપ્રેમ, ધર્મ, ધર્માત્મા, ભારતભક્તિ, જીવન અને મૃત્યુ આદિ વિવિધ વિષયો પર એમણે લખ્યું છે. કાવ્યપ્રકારની દૃષ્ટિએ તેમની

---

૧ વસંત; વર્ષ ૬, અંક ૩, પૃ. ૨૦૬-૨૦૭

૨ ગોવર્ધનરામ : એક અધ્યયન, પૃ. ૫૯.

૩ 'કાન્તમાલા', પૃ. ૨૯૦

૪ 'મ્હારાં સૉનેટ' ( ૧૯૫૩ ), પૃ. ૧૬૪

૫ 'ગુજરાતી કવિતાની રચનાકળા', પૃ. ૧૭૭

કાવ્યસૃષ્ટિમાં સોનેટો, ઊર્મિકાવ્યો, સ્તોત્રો અને અંજલિકાવ્યો છે, સમગ્રતયા જોઈએ તો તેમનાં સર્વ અંગ્રેજી કાવ્યમાં કુલ ૧૧૮ સૉનેટો, ત્રણ સ્તોત્રકાવ્યો અને ત્રણ અંજલિકાવ્યો છે.

ત્રીજું ધ્યાનપાત્ર લક્ષણ છે તેમનાં કાવ્યોની નૈસર્ગિક કલા. તેમનાં અંગ્રેજી કાવ્યોમાં વિદેશીપણું ભાગ્યે જ દેખાય છે. જેમ્સ એચ. કઝિન્સ આ બાબતમાં કિટ્સ અને ફ્રાન્સિસ થોમ્પસન જેવા ઉત્તમ અંગ્રેજ કવિઓ સાથેનું ખબરદારનું નિકટનું સામ્ય દર્શાવીને સૂક્ષ્મ અભ્યાસીને ય તેમની રચનામાં વૃત્તરચનાની દૃષ્ટિએ વિદેશી ગંધ ભાગ્યેજ આવી શકવાનો મત દર્શાવે છે.[૬] કવિવર રવીન્દ્રનાથ ટાગોરને પણ ખબરદારનાં અંગ્રેજી કાવ્યો વાંચ્યાં બાદ તેમનાં ગુજરાતી કાવ્યોનો આસ્વાદ લેવાની ઇચ્છા થઈ આવી હતી અને ગુજરાતી કાવ્યસૃષ્ટિમાં[૭] ખબરદારને મળેલી સિદ્ધિ સ્વાભાવિક લાગી હતી. આનું કારણ એ કહી શકાય કે ટાગોરને ખબરદારનાં અંગ્રેજી કાવ્યો વાંચ્યાથી ખબરદારને કાવ્યદેવી તરફથી કાવ્યશક્તિની નૈસર્ગિક શક્તિ મળી હોવાનું સમજાયું હતું.

શ્રીમતી કાર્લ ફ્રેથ જેવી વિદુષીને ખબરદારનાં આ કાવ્યોમાં સર્વત્ર કવિનો સ્પર્શ માલૂમ પડ્યો છે. આ ઉપરાંત તેમનાં કાવ્યપુષ્પોમાં મધુર તાજગી અને સચ્ચાઈનો ધ્વનિ અનુભવાય છે. તેમાં રહેલ કલ્પનાની સમૃદ્ધિની ભરચકતા, ચિત્રાત્મકતા અને ગીતાત્મકતાની છટાથી મુગ્ધ થઈ એ વિદુષી ‘ધ સિલ્કન ટેસલ’નાં કાવ્યોની બાબતમાં જણાવે છે કે વિદેશી ભાષામાં આટલી સંપૂર્ણતાથી જે અભિવ્યક્તિ કવિએ કરી છે તેમાં કવિનું ભાષાપ્રભુત્વ રહેલું છે, જે જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય છે, પણ કાવ્યના આસ્વાદથી અપાર આનંદ ઉપલબ્ધ થાય છે.[૮] માયસોર યુનિવર્સિટી મેગેઝીનના સંપાદકે તેના અવલોકનમાં કહ્યા મુજબ કવિની પાસે કવિતા-રચનાની અદ્ભુત શક્તિ, કલ્પનાની સમૃદ્ધિ, શબ્દવિનિયોગની સૂક્ષ્મ દૃષ્ટિ, રચનાશક્તિની સુલભતા અને કવિત્વમયતા છે, જે પ્રમાણમાં જૂજ કિસ્સાઓમાં જ દૃષ્ટિગોચર થાય છે.[૯]

તેમનાં કાવ્યોનાં સવિશેષ તરી આવતાં લક્ષણો છે છંદનું પ્રભુત્વ અને લયાત્મક મધુરતા. અંગ્રેજી સાહિત્યના જાણીતા વિવેચક હેરલ્ડ ચાઈલ્ડ આ વિશે લખે છે તેમ કાવ્યગત છંદવૈવિધ્ય, સુંદર વિચારોની અભિવ્યક્તિ અને ગૌરવપૂર્ણ સંગીતાત્મક સૌન્દર્ય પ્રશંસાત્મક છે. [૧૦] એમની ભાવસમૃદ્ધિ અને છંદપ્રભુત્વ એટલાં બધાં સબળ છે કે તેઓ એક કરતાં વધારે ભાષામાં તેની અભિવ્યક્તિ કરી શકે છે. દિવ્ય દૃષ્ટિ અને માનવપ્રેમનો આનંદ એમણે જે મધુરતાથી ગાયો છે તે અંગે જેમ્સ એચ. કઝિન્સ કહે છે તેમ માધુર્ય અને માનવીય જીવનની કક્ષાની સભરતાવાળાં એમનાં કાવ્યોમાં માનવતા અને ભારતીય અનુભૂતિને અનુરૂપ આધ્યાત્મિક સાક્ષાત્કારની ઉચ્ચ કક્ષા એની વિશિષ્ટ નિપુણતા સમેત અનુભવાય છે.[૧૧] માયસોર યુનિવર્સિટી મેગેઝીનના સંપાદકે

---

‘The Silken Tassel’: પ્રસ્તાવના, પૃ. ૧૨

૭ ઝરથુસ્ત્ર, પૃ. ૧૩૪

૮ એજન.

૯ ‘ધ સિલ્કન ટેસલ’, પ્રસ્તાવના, પૃ ૧૨

૧૦ ‘ઝરથુસ્ત્ર’, પૃ. ૧૩૪

૧૧ એજન

અવલોકન નોંધમાં સંગીતની જન્મજાત સૂઝ, લયની અનશુદ્ધિ, કાવ્યપંક્તિઓની નિયમિત લયાત્મકતા અને તાલની અચૂકપણે થયેલી જાળવણી જેવાં લક્ષણો ખબરદારનાં અંગ્રેજી કાવ્યોનાં ટાંકી બતાવીને ખબરદારને કવિતાકલાવ્યાપારમાં પારંગત ગણાવ્યા છે. કવિના મનનો મધુર આશાવાદ મનોહર ઊર્મિસભર રાહે વ્યક્ત થયેલો જોઈ ડબલ્યુ. એચ. ચેસન ઉદ્‌ગાર કાઢે છે તેમ ખબરદારના કવિહૃદયમાં કોકિલા જે રહેલી છે તેથી તેમનાં કાવ્યોની કેટલીક પંક્તિઓ અનાયાસ યાદ રહી જાય છે. આમ અવતરણક્ષમતા કવિનાં અંગ્રેજી કાવ્યોનું એક આગવું ને વધારાનું લક્ષણ બને છે. અકૃત્રિમ કલા અને સુંદર ભાવના સમેત સરળ, સંસ્કારી અને મોહક શૈલી પણ તેમનાં અંગ્રેજી કાવ્યોનાં વ્યાવર્તક લક્ષણ છે.

'ધ સિલ્કન ટેસલ' નામક પ્રથમ સંગ્રહના એ જ નામના કાવ્યમાં એના નામકરણનું રહસ્ય છતું થાય છે: "વસંતની ઋતુના પ્રારંભટાણે મારા નાના પગ ફૂલ સાથે નૃત્ય કરતા હતા ત્યારે એવા મધુર સમયે રેશમી દોરીથી બાંધેલી થેલી મને હાથ લાગી. એમાંની મતા અપાર્થિવ હતી અને છતાં એ માનવમુદ્રાથી અંકિત હતી. હું એનું મૂલ્ય જાણતો હતો અને તેથી મારા હૃદયમાં તેને સંતાડી દીધી." હૃદયમાં સંતાડેલી એ મતાના પરિણામ સ્વરૂપ જ 'ધ સિલ્કન ટેસલ'નાં કાવ્યો છે.

સંગ્રહને કાવ્યદેવીનાં ગીતો, પ્રકૃતિકાવ્યો, લાગણીનાં ગીતો અર્થાત્ ઊર્મિકાવ્યો, જીવન-વિષયક કાવ્યો અને સૉનેટો એમ પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. કાવ્યદેવીવિષયક કાવ્યોમાં કવિતાપ્રીતિ અને આત્મલક્ષિતા છે. પ્રકૃતિકાવ્યોમાં કવિએ કોકિલ, મેના અને ચંદ્ર આદિ વિષયોને ગૂંથ્યા છે. ઊર્મિકાવ્યોમાં વિધવિધ રીતે પ્રણયનો ભાવ ઘુંટાયો છે. જીવન વિશેનાં કાવ્યોમાં ભારતીયતા, ભક્તિનું તત્ત્વ અને બોધક ચિંતન છે. સૉનેટ વિભાગનાં પેટ્રાર્કશાઈ સૉનેટોમાં પ્રકૃતિ, પ્રણય, અધ્યાત્મભાવ અને ભારતભક્તિના વિષયો ગવાયા છે.

'ઝરથુષ્ટ્ર' નામક બીજા સંગ્રહમાંનાં ૧૦૧ સોનેટોમાં પયગંબર 'ઝરથુષ્ટ્ર'ના જીવન, સમય, ઉપદેશ અને માર્ગદર્શનને સ્પર્શતાં અંજલિકાવ્યો છે. જગતમાં ભૌતિકવાદનું ગમે તેટલું પ્રબળ વર્ચસ્વ હોય તો પણ આધ્યાત્મિક મહત્તાનો સ્વર એક યા બીજા સ્વરૂપે ગુંજતો હોય છે. તે અનિષ્ટ તથા સ્વાર્થમાં ખદબદતાં જીવોને ઉચ્ચ રાહ દેખાડે છે, અનિષ્ટ સામે ઝઝૂમવા બળ આપે છે અને આત્માને વિનિપાતમાંથી ઉગારે છે: આવી માન્યતા ધરાવતા કવિએ શુચિતા અને સત્યના પયગંબર જરથુષ્ટ્રના દિવ્ય ઉપદેશને કાવ્યાત્મક સ્વરૂપમાં વર્ણ્યો છે.

સંગ્રહને કુલ નવ વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. The Homage ( અંજલિ ) નામક પ્રથમ વિભાગમાંની દશ રચનાઓમાં ભિન્ન ભિન્ન રીતે પયગંબરના જીવનપાસાને કવિ અંજલિ આપે છે. The presage ( ભૂમિકા )ના વિભાગની આઠ રચનાઓમાં પયગંબરના જન્મ અગાઉની પરિસ્થિતિનું આલેખન છે. The Message ( સંદેશ )ના વિભાગની બાવીસ રચનાઓમાં પયગંબરનો સંદેશ ગવાયો છે. The Heritage ( વારસો ) નામના વિભાગનાં આઠ કાવ્યોમાં પયગંબરના જીવનસંબંધી દૃષ્ટિકોણનું દર્શન થાય છે. The Tutelage ( ઉપદેશ ) નામના વિભાગની છ રચનાઓમાં કવિને થયેલા પયગંબરના દર્શનનું અને તેમના આદેશનું કથન છે. The Umbrage ( અપરાધ ) વિભાગનાં આઠ કાવ્યોમાં પૃથ્વી પરની

અનિષ્ટજન્ય કરુણ દુર્દશાનો ચિતાર મળે છે. The Exploitage ( શોષણ ) વિભાગના ચૌદ કાવ્યોમાં ધર્મને નામે થતા દંભ, પાખંડ, શોષણ અને ધતિંગનો અને તેથી નીપજતી યાતનામય દશાનો ચિતાર મળે છે. The Guidage ( માર્ગદર્શન ) વિભાગનાં દશ સૉનેટોમાં પયગંબરનાં જીવનદર્શન અને ચિંતનનું ગાન થયું છે અને The Passage ( જીવનયાત્રા ) વિભાગની પંદર રચનાઓમાં કવિની ભક્તિસભર આત્મલક્ષિતા દષ્ટિગોચર થાય છે.

પ્રકારની દષ્ટિએ અહીં સર્વ પેટ્રાર્કશાઈ સૉનેટો છે અને વિષયની દષ્ટિએ બહુધા એમાં કવિનો ભક્તિભાવ જ પ્રગટ થયો છે. કવિની સાત્ત્વિકતા, પવિત્રતા, સત્યપ્રીતિ, ધર્મપ્રીતિ, નીતિપ્રીતિ, માનવપ્રીતિ અને પ્રભુપ્રીતિ જ આ સર્વ કાવ્યોના પાયામાં રહેલી છે. સંગ્રહના છેલ્લા વિભાગની રચનાઓ એક રીતે કવિના સર્જનને સમજવા માટે ચાવીરૂપ બને છે. પોતાની રચનાઓ માટે કવિ નમ્રભાવ ધરાવે છે. કવિને પોતાની મર્યાદાનું ભાન છે અને તેમની પોતાની ઊણપો બદલ અસંતોષ પણ છે.[૧૨] વિષય, પ્રકાર, રસ અને ભાવની વિવિધતાનો અભાવ અને વિષયની એકવિધતાને લીધે અમુક શબ્દોનું થતું પુનરાવર્તન આ સંગ્રહની મોટી મર્યાદા છે.

કવિના સર્વ અંગ્રેજી કાવ્યોનાં જે થોડાં વ્યાવર્તક લક્ષણો છે તેમાં સર્વ પ્રથમ છે કલ્પનાની ચારુતા. નાના નાના કલ્પનાતરંગો, નાની છાયા, ટમટમતા તારલા અને સુંદર લલનાઓની જેમ ચિત્તમાં આવાગમન કરે છે અને આકાશના વિશાળ સ્થાનમાં જ્યાં મેઘધનુષ્ય કુમારીઓના કેશમાં પ્રણય અને પ્રકાશના સુવર્ણ કિરણો ગૂંથે છે ત્યાં કલ્પનાનું રહેઠાણ હોવાની કલ્પના કવિ Little Fancies કાવ્યમાં કરે છે.[૧૩] વળી Love's Dream નામના કાવ્યમાં ય કલ્પનાના રહેઠાણની કવિએ કરેલી કલ્પના જુઓ : [૧૪]

Love lives in a land of lily and rose;
And his dreams are budding flowers;
Where life is honey and hope is heaven,
And Tears are Sunlight-Showers;
His Vision of Joy like the rainbow glows,
And his thoughts like the moonlit stream.

અહીં પ્રણયની મનોહરતા, માદકતા, નાજુકતા, મધુરતા અને દિવ્યતાને કવિ ટૂંકમાં કેવી સરસ રીતે સમજાવી જાય છે! The Measure of loveમાં [૧૫] કવિ પ્રણયને સ્મિત અને અપ્રસન્નતા વચ્ચેનું તેજસ્વી મેઘધનુષ્ય અને રાતદિવસ વચ્ચેની મનોહર સંધ્યાની પાંખ કહે છે. Love and Time માં કવિ પ્રણયને કાળનું કુસુમ અને પ્રણયનાં સ્વપ્નોને અમૃત કહે છે અને એમાં જ ગહન આકાશના ટાપુ પર બેસીને પોતાના પ્રબળ પણ આત્માને શાંતિપ્રદ એવો પ્રભાવ પાથરતો, અમૃત આસ્વાદતો અને ધરતીના માનવોમાં એ અમીને ગગનમાંથી વર્ષારૂપે

---

૧૨ 'ઝરથુષ્ટ્ર', પૃ. ૨૬
૧૩ ધ સિલ્કન ટેસલ, પૃ. ૩
૧૪ એજન, પૃ. ૩૮
૧૫ એજન, પૃ. ૧૦૬

મોકલતો પ્રણયકવિ કલ્પે છે.[૧૬] Radhika's perplexity કાવ્યમાં દયારામની જાણીતી 'મુજમાં વહાલે શું દીઠું'' પંક્તિ લઈને કવિએ અતિમૃદુ અને સ્નેહભીની કલ્પના ગૂંથી છે અને The flute of Krishna કાવ્યમાં દયારામના જેવી સુંદરતા અને એના જેવું લાલિત્ય દીપી ઊઠે છે. આમ, કવિનાં કાવ્યોમાં કલ્પના સારા પ્રમાણમાં છે અને જ્યાં છે ત્યાં તે મનોહરતા અર્પે છે.

તેમનાં અંગ્રેજી કાવ્યોનું બીજું લક્ષણ ગેયતા છે. કવિની વાણી અંગ્રેજીમાં અસ્ખલિત રીતે વહે છે. અને ગુજરાતીની માફક અંગ્રેજી ભાષા ઉપરનો તેમનો કાબૂ સારો એવો છે. તેમનું કવિત્વ કલ્પના અને લાગણીના પ્રદેશોમાં તેમની સાથે આપણને લઈ જાય છે. તેમની અંગ્રેજી કાવ્યશૈલી ભારતીય અને તેય ગુજરાતી છે અને તેમનું અંગ્રેજી ગુજરાતી જેવું છે. આનો અર્થ એ છે કે ગુજરાતીની અપૂર્વ મીઠાશ અને કોમળતા તેમણે અંગ્રેજી કાવ્યોમાં જાળવી છે અને તેમનાં અંગ્રેજી કાવ્યોની સફળતાનું આ પણ એક કારણ છે. ગુજરાતીની માફક તેમની અંગ્રેજી કવિતા પણ બહુધા ગાઈ તેવી ગીતકવિતા છે. Lalita અને Little fancies કાવ્યો તેમનાં કાવ્યોમાં રહેલી ગેયતાના સારા નમૂનારૂપે છે. તે પૈકી Little fanciesની ગેયતામાં તરલતા અને મધુરતા કેવાં ઓતપ્રોત છે!

Little fancies come and go
Like the little shades.
Little fancies come and go
Like the charming maids[૧૭]

તેમનાં કાવ્યોમાંની સુરેખવર્ણનશક્તિ તેમનું ત્રીજું નોંધપાત્ર લક્ષણ છે. The Flute of Krishnaમાં શ્રીકૃષ્ણની બંસીની જાદુઈ અસરનું કવિ ટૂંકું પણ સુરેખ ચિત્ર આપે છે.[૧૮] The Song of Loveના પ્રારંભમાં કવિએ પ્રણયના પ્રભવસ્થાનનું સરસ ચિત્ર આપ્યું છે.[૧૯] Sita-Rama કાવ્યમાં સાંજ અને સવારનું સુંદર શબ્દ ચિત્ર છે. એમાં ય સાંજનું દૃશ્ય વધુ ઉઠાવદાર છે:

While the temple bells are ringing
At the slow departing day,
And the closing lips of the lotus
Kiss the last and lingering ray,;
While the village-wives are burning
Purest incense with a yearning
For their joy and peace below.[૨૦]

અહીં કમળની પાંદડીઓ શા હોઠને ચૂમી રહેલા સૂર્યના છેલ્લા વિલંબિત કિરણની કલ્પના કેવી

૧૬ એજન, પૃ. ૧૦૫
૧૭ એજન, પૃ. ૩,
૧૮ એજન, પૃ. ૭૪
૧૯ એજન, પૃ. ૩૨
૨૦ એજન, પૃ. ૯૯

મનોહર અને કાવ્યાત્મક છે. lode to the Kokilમાં કવિએ જરા જુદી રીતે સાંજનું શબ્દ-ચિત્ર દોર્યું છે.[૨૧] To the Menaમાં કોયલના ટહુકાનો જાદુ અને the Great Rivalમાં શાંત રાત્રિના સમયનું પ્રકૃતિચિત્ર અંકિત છે.[૨૨] Adam's Heirsમાં માનવીના થયેલા ઘોર પતનનો ચિતાર છે.[૨૩] The far off manની શરૂઆતમાં કવિ નિર્દયતા, સત્તાભૂખ, લોભ અને અજ્ઞાનથી પીડાતી ધરતીનો ચિતાર આપે છે, અને અંતે આશાવાદનું ચિત્ર અંકિત કરે છે.[૨૪]

આવાં પ્રકૃતિચિત્રો નહિ પણ 'ઝરથુષ્ટ્ર' સંગ્રહમાં કોઈ કોઈ જગ્યાએ ટૂંકાં પણ નકશી-દાર વર્ણનવાળાં સ્થળચિત્રો મળે છે. The Light of Holinessમાં ઈરાનનું અંકિત થયેલું નાનું શું ચિત્ર ધ્યાનપાત્ર છે.[૨૫] તેમાં કવિ ઈરાનને ફૂલ, ફળ, મધની ભૂમિ સહિત સત્ય, પરાક્રમ અને માનની ભૂમિ પણ કહે છે. The Fall of Iran from Greatnessમાં ઈરાનના પતનનું ટૂંકું કથનચિત્ર મળે છે.[૨૬] The Life to liveમાં સૂર્ય, રાત્રિ અને મધ્યાહ્નનું એક પંક્તિમાં ય કરેલું કવિત્વ સભર વર્ણન ધ્યાનપાત્ર છે.[૨૭]

આ સંગ્રહમાં વિષાદનાં ચિત્રો પણ મળે છે. સ્વાર્થ, કીર્તિ, લોભ, ધનલાલસા, સત્તાલોલુપતા, માનવનો માનવ પ્રત્યેનો અન્યાયભર્યો વર્તાવ, ધર્મનો દંભ અને અધર્મનો આચાર, સત્યનું કથન પણ અસત્યનું વર્તન, પુણ્યનો આડંબર પણ પાપનું આચરણ : આ સર્વનો ચિતાર આપી કવિ થોડા શબ્દોમાં પણ સારું એવું વિષાદનું વાસ્તવલક્ષી ચિત્ર 'ઝરથુષ્ટ્ર' સંગ્રહના 'અપરાધ' અને 'શોષણ' નામના છઠ્ઠા અને સાતમા વિભાગનાં કાવ્યોમાં આપે છે. કવિની પાછલી અવસ્થાની આ કૃતિઓમાં આવા વિષાદનો ધ્વનિ ખાસ દેખાય છે. આ કરુણતાનું ચિત્રાંકન કરતાં કવિ ધરતીને રુદન કરતી કલ્પે છે અને તેમની કલમ 'રાંકડી' બને છે.[૨૮] માનવ સદ્‌ગુણની વાત કરે છે પણ દુર્ગુણ ભરેલાં કાર્યો કરે છે,[૨૯] તે સ્નેહની વાત કરે છે પણ ધિક્કારથી ભરેલો છે, સ્વર્ગની એ કલ્પના કરે છે પણ નર્કને યોગ્ય કરતૂતો કરે છે, તે દેવનો દેખાવ કરે છે પણ દાનવ અને પશુ સમો વર્તે છે,[૩૦] તે પ્રકાશનો મહિમા ગાય છે પણ અંધકારનું અનુસરણ કરે છે, તે આત્માની વાત કરે છે પણ સ્થૂળતામાં ફરે છે, તે સત્યનો પ્રભાવ સમજાવે છે પણ અસત્યમાં જ ખુદ રાચે છે,[૩૧] તે સદંશને સમજવાનો દાવો કરે છે પણ અસદંશમાં જ વિહરે છે, તે સેવાત્યાગ, સ્નેહ અને ભક્તિની વાત કરે છે પણ ધર્મને નામે ધતિંગો સેવી બગભગત બનીને જીવનનું ઉચ્ચ ધ્યેય વીસરી અધમતામાં જ રાચ્યા કરે છે :[૩૨] આ સર્વનું વેદનાભર્યું ચિત્ર કવિ અંકિત કરીને માનવજગતની આત્મઘાતક વૃત્તિ પર પ્રકાશ પાડે છે : "મનુષ્યની બેધારી બુદ્ધિ બહુ વિચિત્ર છે. તે એક બાજુથી એના સ્વર્ગને કાપે છે અને બીજી બાજુથી તેના નર્કને પણ કાપે છે. અરે ! જાણે આપણે આપણો જ સંહાર કરવા નીકળ્યા

---

૨૧ એજન, પૃ. ૧૩ ૨૨ એજન, પૃ. ૧૯, ૧૧૮ ૨૩ એજન, પૃ. ૧૧૯
૨૪ એજન, પૃ. ૮૯ ૨૫ ઝરથુષ્ટ્ર, પૃ. ૪૩ ૨૬ એજન, પૃ. ૮૫
૨૭ એજન, પૃ. ૮૭ ૨૮ એજન, પૃ. ૮૯ ૨૯ એજન, પૃ. ૭૮
૩૦ એજન, પૃ. ૭૯ ૩૧ એજન, પૃ. ૮૩ ૩૨ એજન, પૃ. ૮૬

છીએ! "[૩૩] લોભલાલસાના ચક્કરમાં ફસાયેલા જગતને' 'fantastic greedy ghost" કહીને કવિ આજના જગતની દુઃખદ સ્થિતિનો સારો ચિતાર આપે છે.[૩૪] આ સર્ગમાં The Light Revealedમાં અંકિત કરેલું નિરાશાનું આ ચિત્ર ખાસ ધ્યાનપાત્ર છે!

When northern wintry skies are overcast
With clouds on clouds amass'd in pile on pile,
And gloom descended over many a mile
And earth stood silent and look'd up aghast;
In Utter darkness all the night had past
While through thick clouds not even a star would smile.
No stir of wind was felt for all this while,
And none could know how longthe gloom would last,[૩૫]

પણ કવિનાં બધાં વર્ણનોમાં સૌથી ચડિયાતાં હોય તો તે વ્યક્તિવર્ણનો. Thy Smilesમાં કવિ પ્રિયતમાના સ્મિતનું આલંકારિક વર્ણન કરે છે. એમાં પ્રિયતમાના સ્મિતને કવિ સખ્ત પોલાદને કાપી શકે એવા તીક્ષ્ણ ધારદાર શસ્ત્ર જેવું, ગહન તલમાંનાં જળને શીતળ કરી શકે તેવી નાજુક છાયા જેવું, બરફ પથરાયેલ સુંદર ગુલાબી ફૂલ જેવું, ગ્રીષ્મની સવાર કરતાં પણ વધું આહ્લાદક, શરદના ચંદ્ર કરતાં પણ અધિક સુંદર, મનોહર ગુલાબી સાંજથી વધુ શોભાવાળું, મેઘધનુષ્યથી અધિક મનોહર અને ધરતી પરનું સ્વર્ગ કહે છે.[૩૬] Lalitaમાં કરેલું લલિતાનું વર્ણન તો આનાથી ય ચડિયાતું છે. કવિત્વમય છટાથી કરેલું એનું વર્ણન જેટલું સુંદર છે તેટલું જ સુરેખ છે. લલિતાની આંખ એટલે ગુલાબના મુકુલની સુકુમારતા અને તાઝગી. એનાં અવયવો એટલે સ્વપ્નતરંગની મૃદુતા. હરિયાળી હરિયાળી ભૂમિ પર નિદ્રાધીન થયેલી લલિતા સૂર્યાસ્ત સમયે પ્રત્યક્ષ થતા સાંજના ગુલાબી સ્મિત સમી મનોહર અને મધુર લાગે છે. એની નિદ્રા જાદુગરની બંસી જેવી મધુર છે, એનો આત્મા યુવાનીનાં સુખદ સ્વપ્નો સમો છે. એના મેઘધનુષ સમા લલાટ પર દીપ્તિ ઝળકી રહે છે. આવી નિદ્રાધીન લલિતાનુ વર્ણન કવિ આમ કરે છે :–

Sweet is the Moon half-setting on the sea
that partly shines,
And sweet is Shukra resting on a cloud
with silvery lines,
Sweet is the spring that sleeps within her
green-gay woody seat,
But sweeter is to see a maiden sleeping
lonely sweet ![૩૭]

---

33 એજન, પૃ. ૮૭

૩૪ એજમ, પૃ. ૮૬

૩૫ એજન, પૃ. ૪૫

૩૬ ધ સિલ્કન ટેસલ, પૃ. ૩૯-૪૦

૩૭ એજન, પૃ. ૨૪.

અહીં લલિતા નામની રમણીય અને ખૂબસૂરત સુંદરીને ફૂલો અને વૃક્ષો વચ્ચે સૂતેલી કલ્પીને, તેનું વર્ણન કરવામાં ચમત્કારભરી કવિત્વશક્તિના કવિએ કરેલા ઉપયોગમાં ચિત્રાંકન શક્તિનો સારો નમૂનો મળે છે. કવિએ જુદાં જુદાં વર્ણનોમાં એના, હંસ, શુક, ગંધર્વ, કોકિલ, બુલબુલ, સૂર્ય, સાડી, ચોળી, ભ્રમર અને ગુલછડી જેવા ગુજરાતી શબ્દોના પ્રયોગ કર્યા છે અને તેના અંગ્રેજી પર્યાય પાદનોંધમાં ભારતીયતાનો અને કંઈક પ્રમાણમાં ગુજરાતીપણાનો અંશ આવે છે અને તેથી અંગ્રેજી માતૃભાષા ધરાવનારી કે બિનભારતીય વ્યક્તિઓને રસાસ્વાદમાં બાધારૂપ બને છે.

કવિત્વમય આલંકારિક છટા એ કવિનાં અંગ્રેજી કાવ્યોનું ન ભૂલાય તેવું લક્ષણ છે. ઉપમા અને રૂપક જેવા અલંકારોનો કવિએ મોકળા હાથે ઉપયોગ કર્યો છે. આંધી પૂર્વેનાં સાગરમોજાંની જેમ ધબકતું હૈયું; મધરાતે સાગરતટે પથરાતી ચાંદનીની જેમ પધારતી કાવ્યદેવી; મધરાતે આકાશમાં ટમટમતા તારલાઓની જેમ ચમકતાં પુષ્પો; રંગભૂમિ પર સરકતા પડદાની જેમ આકાશમાં સરકતાં વાદળો; મધના જેવી મીઠાશ ધરાવતા પ્રભાત સમો નિર્દોષ આનંદ આપતાં, સોનેરી બપોર સમી ઉષ્મા આપતાં અને સાંજના આરામ સમી મીઠાશ આપતાં મેનાનાં ગાન, હજારો સ્વર્ગ પોતાનાં હૈયામાં સંતાડી રાખતો બીજનો ચંદ્ર; માનવીના ઉરમાં રહી ગ્રીષ્મના સાગરની ભરતીની જેમ તેમના હૈયામાં ભરતી આણવાની અને બાળકની જેમ હજારો સ્વપ્નાં ગૂંથવાની પ્રણયની મનીષા; જરા પણ ભેગ વિનાના સોનાના જેવો પોતાનો શુદ્ધ પ્રણય; નાના કબૂતર જેવી ગભરુ આંખો; કયરેક હસતા, ઘૂરકતા, વિષાદ ધારતા કે ચંચળ એવા શ્રાવણના સૂર્ય સમો કાળ; જહાજના બેડાથી છૂટા પડી ગયેલા અને નિર્દય પવન તથા અંધકારમાં આથડતા સઢ વિનાના વહાણ જેવા ઘૂરકિયાં કરતા કિસ્મત સાથે આથડતી પ્રણયભગ્ન વ્યક્તિની સ્થિતિ; ભરતીઓટમાં ગતિમાન રહેતા સાગરની તાજા સ્વપ્ન જેવી શાંતિ અને પ્રફુલ્લતા; ડાળે ડાળે ભટકતા પંખીના જેવો નહિ પણ એક જ ધ્યેય તરફ અભિમુખ યોગીના જેવો પોતાનો પ્રણય; ધીમેથી અને લુચ્ચાઈથી આવતા ચિત્તાના જેવું શ્રીકૃષ્ણનું થતું આગમન; સફેદ કમલોમાં લલનાની જેમ શોભતું ગુલાબ અને ચાંદની જેવો તેનો મધુર પરાગ; પુષ્પની ખરતી પાંદડીઓની જેમ એક પછી એક વ્યક્તિનું થયેલું અવસાન; મેઘધનુષ જેવી મનોહરતા; વનના શાંત સરોવર સમી સૌમ્ય શાંતિ; રાત્રિના તારા જેવી મૃદુતા; સૂર્ય તરફ ઢળતા સૂર્યમુખીની જેમ પ્રિયતમા તરફ ઢળતું કવિનું હૈયું; શિશુના સુકુમાર અને મનોહર હાથ જેવાં ફૂલો; શિશિરટાણે સાગરપટે વ્યાપેલા અંધકારમાં ગગને પ્રકાશતા શુક્રના તેજ જેવું આતમનું તેજ: આવા નાનામોટા અલંકારો 'ધ સિલ્કન ટેસલ'ના પાને પાને મળી આવે છે.

'ઝરથુષ્ટ્ર' કાવ્યસંગ્રહમાં પણ કવિત્વમય અલંકારોથી ખચિત ભાષા જોઈ શકાય છે :

Our Greatest Light House, thy Timeless Tower,
The Master Star, The Anchor of Life, The
well of Nectar, The Immortal songs,
The straight Right Course, The Goldin
Dust, The Light of Holiness, The Light

Revealed, The Constant Guide, The Pillar
of Life, The Blissful Light, The
Richest mine of Truths, The Long-hidden
Stars, The Pearl from Dew, The Diviney Flood : ,

ઝરથુષ્ટ્રના જીવનને, તેમના ઉપદેશને કે તેમના ગાથાગ્રંથને ઉદ્દેશીને યોજાયેલાં આ સર્વ શીર્ષકો જ કવિત્વના અંશનાં દ્યોતક છે.

વળી ગાથાનાં ગીતોને કવિ સ્વર્ગીય સૌરભ ધરાવતાં ગુલાબ, માનવમનનાં સર્વોત્તમ મોતી, સર્વોત્તમ તેજસ્વી તારાઓની માળા, દૈવી લેખોનો ખજાનો, માનવજાતની સર્વોત્તમતા, માનવજાતનો મુગટ, અમૂલ્ય રત્નોનો સંગ્રહ, સ્વર્ગીય સમુચિત આજ્ઞા, માનવહૃદયની આસપાસ ચમકતું મેઘધનુષ, વાંણીના અમૂલ્ય રત્નો અને ડહાપણનો ખજાનો કહે છે તથા ઝરથુષ્ટ્રને વિશ્વનો માગદર્શક તેજસ્વી મહિમાવંત તારો, સત્યનો અવતાર, અથડાતા માનવજીવનસાગરનું લંગર, નવજીવન પ્રેરક વસંત, ઉમદા આર્યજાતિનો ઊગતો સૂર્ય, ઉન્નતિનો નિર્મલ સૂર, માનવવાણીનો પ્રાચીનતમ સ્વામી, આર્યજાતિનો પહેલો મહાન કવિ, ભૂલ કરતી માનવજાતિનો સનાતન ગુરુ, દિવ્ય-સત્ય પ્રેરણાનો સ્વામી, વિરલ સત્યોનો પયગંબર, વિશ્વનો મહાન જ્યોતિર્ધર, સર્વોન્નત આનંદ અને સ્થિર પ્રકાશિત ધ્રુવતારો કહે છે. આ ઉપરાંત ઝરથુષ્ટ્રના આશીર્વાદ એટલે અણગણ તારકો અને તેનાં કાર્યો એટલે જ્વલંત સૂર્યપ્રકાશ, ઊઘડતા પ્રભાત જેવી ઝરથુષ્ટ્રની ક્ષમા, સૂર્યપ્રકાશ જેવો તેનો ઉજ્જવળ પ્રેમ, મેઘધનુષની સુંદરતા જેવાં તેનાં પવિત્ર ગાન અને આકાશમાં ફેલાતી આકાશગંગાની ધવલતાના જેવો પ્રાર્થનાનો તેના તરફ થતો પ્રસાર : આમ વિનિયોગ પામેલ ઉપમારૂપક અલંકારો કવિત્વઅંશ પ્રગટ કરે છે.

The Song of Loveમાં કવિ પ્રણયનો પ્રભાવ જે રીતે પ્રગટ કરે છે તેમાં ય આ ગુણ દેખાય છે—

I piped, and there all my sweetest words
Flew to shine the stars of Night
And the sun and moon, like the golden birds,
Poured over the earth my delight :
I piped, and heaven there blossomed in bliss
And Flowered in Joys divin,
And Time rose out from its own abyss
Like the Phoenix, to fly to my Shrine ;
I piped, and Truth came running to kiss
My feet and again be mine !
I come to the earth with the youthful Spring
And charm her hopeful bower ;
I wave with the clouds which play to my string
And dance with the summer Shower.[૩૮]

૩૮ 'ધ સિલ્કન ટેસલ', પૃ. ૩૮

એક બીજા કાવ્યમાં કવિ પ્રણયની ચમત્કૃતિ વર્ણવતાં તેને મહાન દૈવી અને વિસ્મયકારક જાદૂગર કહી વર્ણવે છે.[૩૯] The Parrot કાવ્યમાં સાચા દેશભક્તના હૃદયનું વર્ણન કરતાં કહે છે કે એના હૃદયમાં ભભૂકતી દેશપ્રેમની જ્વાળાને ગમે તેટલો મોટો સાગર બુઝાવી શકતો નથી, એના આત્માને કોઈ સમશેર નમાવી શકતી નથી, કોઈ તાકાત કે કપટ તેને તેના સાચા માર્ગે જતો રોકી શકતાં નથી તથા કોઈ ચમકતા સિક્કા કે પ્રતિષ્ઠા તેને અટકાવી શકતાં નથી, કેમકે તેના અંતરના ઝળહળતા સોણલામાં તો તેના દેશના કલ્યાણ સિવાય બીજું કશું જ વસતું નથી.[૪૦] પણ બધાં કરતાં ચડિયાતી છે Our Sweetest songsમાં ગાથાના મંત્રગાનની મધુરતા વર્ણવતી આ પંક્તિઓ—

Sweet are the voices of the rumming streams,
Sweet are the murmurs of the summer breeze;
Sweet are the dawnings of the young love's dreams
That would in all their hues desire to freeze,
Sweet is the charm of drooping loving eyes;
Sweet is the gloss on fresh young leaves on plants;
Sweet is the smile of sun through clouded skies,
But sweetest is the hum of holy chants,

અહીં પહેલા ઉદાહરણમાં—પ્રણયના બંસીસૂરો પ્રસરતાં જ આકાશના તારાઓને પ્રકાશ મળ્યો ને સૂર્યચંદ્ર સોનેરી પંખીઓની જેમ ધરતી પર પ્રકાશ રેડવા લાગ્યા તે, સત્ય સર્વાંગ અને કાળ તેને ચરણે આવ્યા તે તથા યુવાની, આશા અને ઝરમર વર્ષાના થનગનાટ રૂપે ધરતી પર પ્રણયનું આગમન થયું—એ સર્વનું વર્ણન કવિત્વમય છે. છેલ્લા ઉદાહરણમાં ગાથામંત્રોની મધુરતા વહેતા ઝરણાનાં નિનાદ, ગ્રીષ્મ અનિલની મર્મર, યુવાનીનાં સ્વપ્ન, પ્રણયમસ્ત નયનો, છોડ પરનાં નવજાત પાનની ચમક અને વાદળની ઓથે ઢંકાયેલા સૂરજનું સ્મિત-આદિની મધુરતા કરતાં અધિક હોવાનું સરસ આલેખન થયું છે.

કાવ્યોની આત્મલક્ષિતા એ તેમનાં આવાં કાવ્યોનું અને તેમાં ય 'ઝરથુષ્ટ્ર' સંગ્રહનાં કાવ્યોનું એક નોંધપાત્ર લક્ષણ છે. એમાં કવિનો ભક્તિભાવ છતો થાય છે. ભક્તિસભર હૃદયે ભાવની અભિવ્યક્તિ આમ તો કવિ કરે છે પણ એને તો પોતાના The Vigil કાવ્યમાં દર્શાવ્યા મુજબ પોતાની ગહન અનુભૂતિના પ્રમાણમાં પ્રભુગુણગાનની અભિવ્યક્તિ અલ્પ થયેલી જ લાગે છે. આ રીતે કવિને પોતાને પણ પોતાના હૃદયભાવોની અભિવ્યક્તિની બાબતમાં પરિતૃપ્તિ થઈ નથી. કવિએ જે રીતે પોતાના સ્વાનુભવ કાવ્યમાં ગાયા છે તેના કારણે આત્મલક્ષિતા તેમાં પ્રવેશી છે. The Vigilમાં કવિએ પોતાને થયેલા પરમ તત્ત્વના દર્શનનું નિરૂપણ કર્યું છે. કવિને અર્ધચંદ્ર પર બિરાજેલા, પરોઢિયાએ ચૂમેલા વાદળમાં હાસ્ય કરતા, મોટી ગર્જનામાં ઉપદેશ કરતા અને મધ્યાહ્નને ચમકદાર રીતે પ્રકાશતા પ્રભુ દેખાય છે. A Vision કાવ્યમાં કવિએ

---

૩૯ એજન, પૃ. ૧૦૭ ૪૦ એજન, પૃ. ૧૧૬.

પોતાને સ્વપ્નમાં થયેલા સાક્ષાત્કારનો ચિતાર આપ્યો છે. પછી તો એ ત્રસ્ત, એકલવાયો અને થાકેલો કવિનો જીવ પ્રભુમિલન માટે તલસી રહે છે. The Distant Callમાં કવિ દૂરથી આવેલો મધુરતમ સાદ સાંભળે છે અને પરમ ઉલ્લાસમાં આવી પ્રભુની સાથે જવા માટે તત્પર થાય છે. The Command કાવ્યમાં વળી કવિને થયેલા આત્મસાક્ષાત્કારનો નિર્દેશ થયો છે. The Richness of Sincerityમાં કવિ દુન્યવી સત્તા, ધન કે સંપત્તિની કામના ન કરતા હોવાનું જણાવે છે, કેમ કે કવિને તો આધ્યાત્મિક સંપતિ અને પ્રભુનિષ્ઠામાં જ સાચી સંપત્તિ રહેલી લાગે છે. Ode to Poesy કાવ્યના અંતિમ ભાગમાં કાવ્યદેવીની ઉપાસના માટેની કવિની તમન્ના પ્રગટ થાય છે. તેમને કવિતાનું અને ચંદ્ર, વાદળ તથા તારાઓનું સાન્નિધ્ય તેમજ દુનિયાને દૂર સુદૂર છોડી તેવા પ્રદેશોમાં વિહાર કરવાનું પ્રિય છે.[૪૧]

રસમય ચિંતન એ તેમનાં કાવ્યોનું છઠ્ઠું લક્ષણ છે. કવિ To The Kokilમાં માનવના સ્મિતને કટુ કહે છે અને કોયલનો ટહુકો સાંભળવાથી મળતા આનંદની એક ઘડીને આખી દુઃખમય જિંદગીથી ચડિયાતી ગણે છે. To The Menaમાં મહત્તા સાદાઈમાં ( Greatness in Simplicity ) રહેલી હોવાનું ગાય છે. The Wheels of Timeમાં આનંદ, નિર્વેદ અને સુખદુઃખની સમતોલતા સાંજસવાર તથા તડકાછાયાના પ્રતીકોદ્વારા સમજાવે છે; સૌન્દર્યને દારૂથી ખરાબ અને અહંકારને હૃદયનું પતન કરનાર કહે છે અને યુવાનીને ગર્વ, પ્રમાદ અને ભૂલોની પરંપરાનો સરવાળો કહે છે, The Greatest Kingમાં કવિ ધન, કીર્તિ કે સત્તા કરતાં કાળને મોટો રાજા કહે છે, The Peakમાં ઊર્ધ્વગમનને જીવનનો હેતુ ગણાવે છે, The Life Beyondમાં આનંદના ઘડાની અંદર દુઃખનો છોડ ઊગતો હોવાનું દર્શાવે છે, An Indian Funeral Songમાં જગત અને જીવનને સ્વપ્ન કહે છે, The Releaseમાં પ્રણયની વ્યાપકતાને વિશ્વ સાંકડું પડતું જણાવે છે, The far off Manમાં પ્રારંભમાં નિર્દયતા, સત્તાભૂખ, લોભ અને અજ્ઞાનથી પીડાતી ધરતીનો ચિતાર આપી પાર્થિવ પશુમાંથી દિવ્ય માનવ, તેના લોહીના ટીપામાંથી અમૂલ્ય રત્ન, તેના આંસુમાંથી હીરા અને સવારની કળી સમા તેનામાંથી દિવસનું પ્રસ્ફુટિત દિવ્ય પુષ્પ નીપજનાર હોવાનો આશાવાદ દર્શાવી જાય છે, In the fire Templeમાં ફૂલોની સુગંધભરી તેજસ્વી સવારસમી યુવાનીની તેજસ્વી આશા અને સુખસમૃદ્ધિનાં મનોહર સ્વપ્નોનો નિર્દેશ કરીને સત્યના મહિમા તરફ અંગુલિનિર્દેશ કરે છે અને દુઃખદ સાંજના કાંટાઓનો ઉલ્લેખ કરી દુનિયાને રંગભૂમિનો તખ્તો કહે છે, The Riddle of Lifeમાં આનંદને પરીપ્રદેશની પરીકથાના જેવો પાંખવાળો અને ગર્વ તથા સત્તાની ચંચળતાને બપોરના આંજી નાખતા અજવાળા જેવો જણાવે છે, Human Loveમાં પ્રણયને અવિરત પ્રકાશિત, સનાતન આનંદ અને પ્રતાપી પણ ક્યારેક જિંદગીભરની આહમાં પરિણમતો દુઃખદાયક કહે છે, The Great Rivalમાં રાતના ફેલાયેલી ચાંદની વેળાની પ્રાકૃતિક શાંતિને દિવસના કોલાહલને પડછે વિચારતાં શાંતિ અને સૌન્દર્યનાં પુષ્પને ચડિયાતું સમજી માનવે તે અપનાવવું જોઈતું હોવાની હિમાયત કરે છે: આ સર્વ 'ધ સિલ્કન ટેસલ'ની ધ્યાનપાત્ર ચિંતનકણિકાઓ છે.

૪૧ ધ સિલ્કન ટેસલ, પૃ. ૯

'ઝરથુષ્ટ્ર' કાવ્ય સંગ્રહમાં પણ આ તત્ત્વ સારા પ્રમાણમાં દેખાય છે. The Guidage વિભાગનાં કાવ્યોમાં ખાસ કરીને ચિંતનના ચમકારા વધારે જોઈ શકાય છે. Thorn of Rose માં કંચન છોડીને કથીર પાછળ ભમવું, સ્વર્ગ જવા દઈને પથ્થર પાછળ દોડવું, સંતને મૂકીને ઢોરને અનુસરવું, દિવ્ય ભૂમિને ભૂલીને મલિન ઉકરડા પાછળ ભટકવું, આત્માની અમાપ ચમત્કારી શક્તિને વીસરી પાપમય ધન અને આડંબરમાં ઘૂમવું—વગેરે સર્વને કવિ ગુલાબ છોડીને કાંટા પસંદ કરવા સમાન કહીને નિંદ્ય ગણે છે. કવિ The Safety of Soulમાં આત્મા પર ઝઝૂમતા ભયોનો ઉલ્લેખ કરી આત્માની સલામતી સુવિચાર (Safety for our soul is in good thoughts)માં રહેલી સમજાવે છે, પ્રભુની પરમ યોજના (God's Great Design) પાર પાડે તે જીવન એવી જીવનની વ્યાખ્યા The Life to Live કાવ્યમાં આપે છે. Life Immortalમાં જીવનને એક વિસ્મયકારક સાતત્ય અને પ્રકાશસમ કહે છે, The Fulfilmentમાં મનુષ્યની શક્તિ સંકલ્પ તથા ઇચ્છામાં પરિમિત હોવાનું કહે છે, 'Deeds, Not Words'માં શબ્દો નહિ પણ કાર્યો હિતકારક હોવાનું કહે છે, The True Heroesમાં સ્વૈર વિહારી મનની વૃત્તિઓ, ઇચ્છાઓ અને લાગણીઓ પર જીત મેળવનારને સાચા વીર કહે છે, The Pillar of Lifeમાં શ્રદ્ધાને જીવનની ઇમારતનો મોટો સ્તંભ કહે છે અને સ્વર્ગ તથા જીવનધ્યેયે પહોંચવા માટેની સીડીનું તેને પહેલું પગથિયું (Faith is the ladder lower'd below by heaven, for man to ascend and his ideal to reach) કહે છે, The Diviner Foodમાં પયગંબર અને કવિને તત્ત્વદૃષ્ટિએ એક જ લોહીના ગણે છે, Man and Manમાં માનવે પોતાના જ માનવબંધુને કરેલા અન્યાય (How man has wrong'd his greatest brother man)થી દુઃખ અનુભવે છે, The Deluded Haranguersમાં બાહ્યાડંબર અને ધર્મવિધિને નહિ પણ પવિત્રતા અને નિર્મળતાને મુક્તિના માર્ગ તરીકે ગણાવે છે, The Bubbles of Babblersમાં સત્ય-શોધકોના કિસ્મતમાં સત્યનું દમન અને ગાળો (The Seekers after truth have but one fate, suppression of the truth and false abuse) હોવાનું જણાવે છે, The Two Waysમાં જીવનને કર્તવ્ય અને પવિત્ર થાપણ તરીકે ગણાવે છે, Life's True Goalમાં પણ તેવી જ રીતે સાચા ભક્તો માટે જીવન એટલે નાચગાન, આનંદપ્રમોદ કે રમતગમત નહિ પણ ભકિત, કર્તવ્ય, સમર્પણ, સેવા અને આત્મનિગ્રહ (Life is but duty sacrifice and trust, Life is devotion, service and self control) હોવાનું કહે છે, The Babbler's Bandમાં પરોપદેશે પાંડિત્ય દેખાડતા પણ હૃદય અધમ રાખનાર અને પડછાયો જોઈ રાચનાર સ્વાર્થી, દંભી લોકો તરફ નફરત બતાવે છે, The Straight Right Courseમાં સાચી ભકિતથી આત્મનિગ્રહ, આત્મ-નિગ્રહથી મનની શુચિતા અને નિર્મળતા, એ પછી મનની શુચિતાથી સાચી પવિત્રતા પ્રાપ્ત થતી હોવાની અદ્ભુત યોજનામાં પોતાની આસ્થા વ્યકત કરે છે : આમ, આ બધાં કાવ્યોમાં થોડું ઘણું ચિંતન મળે છે.

પણ આ બધા કરતાં વધુ મહત્ત્વનું જીવનવિષયક ચિંતન તો તેમના The Riddle of Life નામના કાવ્યમાં મળે છે :—

Duty feels but it can move not,
Love appeals but it can prove not;
Heart entreats but Reason hears not,
Hope doth tremble but truth fears not.
Life has freedom, Life has splendour,
Life has all the visions tender;
Yet in all its circled pleasure
It must keep its central measure....
Duty feels when wisdom lights it,
Love approves when suffering rights it;
Reason hears when heart is selfless,
Truth succeeds though hope be helpless.
Life is virtue, Life is Duty,
Life is but one painful beauty;
Then in all your circled pleasure
Keep for aye its central measure.[૪૨]

કવિ જીવનવિષયક આ ચિંતનમાં માત્ર કર્તવ્ય, પ્રણય, હૃદય કે આશાનું સાર્થક્ય ન હોવાનું જણાવે છે, પણ કર્તવ્ય અને પ્રજ્ઞા, પ્રણય અને સહિષ્ણુતા, તેમ જ બુદ્ધિ અને હૃદયનો અરસપરસ સહકાર તે જરૂરી માને છે; જોકે સત્ય માટે આવો કોઈ સહકાર જરૂરી નથી કેમ કે જરા પણ આશા ન હોય તો પણ 'सत्यमेव जयते' થવામાં કવિને પૂર્ણ શ્રદ્ધા છે. જીવન એક સદ્ગુણ છે, એક કર્તવ્ય છે, એક દુઃખપૂર્ણ સૌન્દર્ય છે અને આનંદના વર્તુળમાં જીવનકર્તવ્યનું મધ્યબિંદુ ધ્યાનમાં રાખવું આવશ્યક છે.

To Indiaમાં કવિનો ભારતપ્રેમ, તેમનાં ગુજરાતી કાવ્યની જેમ જ, વ્યક્ત થાય છે. ભારતમાહિમાનું કથન કરતાં કવિ ભારતની જીભ પર સત્ય અને તેના હૈયામાં રામ વસ્યા હોવાનું જણાવી ભારતમાતાની વાણીના જગતમાં રહેલા મહિમાનું આલેખન કરે છે.[૪૩]

Truth on Thy Tongue, and God within Thy Heart,
Speak, Mother, speak! and all the world shall hear.

આમ, તેમનાં અંગ્રેજી કાવ્યમાં એક તરફથી 'ધ સિલ્કન ટેસલ'માં જીવન, ધર્મ, સૌન્દર્ય, યુવાની, સુખદુઃખ, સાચી મહત્તા, આનંદ, પ્રણય, જગત તથા પ્રાકૃતિક શાંતિ આદિ લૌકિક વિષયો પર ચિંતન મળે છે તો બીજી તરફથી 'ઝરથુષ્ટ્ર' કાવ્યસંગ્રહમાં આત્માની સલામતી, આધ્યાત્મિક જીવન, સાચો વિજય, શ્રદ્ધા, પયગંબર અને કવિની સમાનતા, પવિત્રતા, પ્રભુની પરમ યોજના, સાચો ભક્ત, કર્તવ્ય, પ્રણય, હૃદય અને આશાનું સ્થાન વગેરે વિષયો પર આધ્યાત્મિક ઝોક ધરાવતું ચિંતન પ્રાપ્ત થાય છે. આમાં ક્યાંક કવિના પોતાના કે અન્યનાં ગુજરાતી કાવ્યોના વિચારોના પડઘા સંભળાય છે. 'ઝરથુષ્ટ્ર'ના છઠ્ઠા-સાતમા વિભાગનાં કાવ્યોમાં સામાન્ય રીતે અને ખાસ કરીને The Lure of Flesh અને Man, the Mysterious જેવાં કાવ્યોમાં કવિ નીચેની લોકોક્ત પંક્તિઓના ભાવને એક યા બીજી રીતે ઘૂંટતા લાગે છે—

૪૨ ધ સિલ્કન ટેસલ, પૃ. ૯૦-૯૧. ૪૩ એજન, પૃ. ૧૧૫

પુણ્યનું ફળ ઇચ્છતાં પણ પુણ્ય કરતા નહિ માનવી,
પાપ ફળ ઇચ્છે નહિ પણ પાપ કરતા માનવી.

'Ever The Same' કાવ્યમાંની 'The bitter days are more, the sweeter few, પંક્તિમાં જાણે નરસિંહરાવ દિવેટિયાકૃત 'છે માનવી જીવનની ઘટમાળ એવી દુઃખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી' પંક્તિઓનો ધ્વનિ જ સંભળાય છે. The Gift of Loveમાં કવિ જ્યારે

**For, while the Sun is pouring love,**
**He pours but light to shine;**
**'Tis sweeter thus to give than take**
**For giving is divine.**[૪૪]

કહે છે ત્યારે એમાંના સરસ ચિંતનથી આપણે પહેલાં તો છક થઈ જઈએ છીએ, પણ બીજી જ ક્ષણે આપણને એમના જ ગુજરાતી કાવ્યની પંક્તિઓ યાદ આવે છે:

આવો, એ નિઃસ્વાર્થતા ને સ્વાર્પણ ઉતારો ઉરે:
આપણે જે નાખીએ તે આપણે ઉગાડીએ;
લીધાથી છે દીધું ભલું: દીધામાં જ દિવ્યતા છે:
એ જ માર્ગે જીવનને જોગવવા માંડીએ!

× × ×

આપવું, આપવું, ફરી ફરી આપવું
ને હજી આપવું, એ જ રિદ્ધિ:
એક આનંદ એ પરમ છે જીવનનો
આપવામાં પરમ જીવનસિદ્ધિ:[૪૫]

અને ત્યારે એમાં નવીનતાનો અભાવ જણાવાથી આપણી મૂળ મુગ્ધતામાં કંઈક ઘટાડો થાય છે. આમ, તેમની 'સર્જક સદા લૂંટતો આવ્યો' હોવાની[૪૬] માન્યતા મુજબ તેમના ચિંતનમાં કે અન્ય તત્ત્વોમાં ક્યાંક અન્યની છાયા દેખાઈ આવે તો તે એ 'સાહિત્યપ્રેરિત કવિ' માટે સ્વાભાવિક ગણાવું જોઈએ. તેમણે એ લૂંટીને નવસ્વરૂપે બક્ષ્યું છે અને એમાં જ એમની વિશિષ્ટતા છે. વળી એમણે My Sacred Task કાવ્યમાં કહી દીધું છે—

What has been good and praised in what I've done
Is Thine, Oh Master! and it holds Thy Light;
What has 'been weak and doubtful is my loss
My failure to preserve what I had won.[૪૭]

૪૪ એજન, પૃ. ૫૮
૪૫ દર્શનિકા, પૃ. ૩૮૬
૪૬ એજન, પ્રસ્તાવના, પૃ. ૧૩
૪૭ 'ગ્રરશુચ્દ્ર.' પૃ. ૬૬

'ઝરથુષ્ટ્ર ' ને ઉદ્દેશીને કહેલી આ પંક્તિઓ કવિનાં અંગ્રેજી કાવ્યો માટે પણ અનુરૂપ હોવાથી લાગુ પાડી શકાય. જાણે કવિ પોતાની વિશિષ્ટતાઓ અને ખૂબીઓ 'ઝરથુષ્ટ્ર 'ને આભારી હોવાનું સ્વીકારે છે અને તેના દોષો કે તેની મર્યાદાઓ માટે પોતાની ખામીને કારણભૂત ગણે છે. આનાથી જુદી રીતે પણ તેમણે 'ઝરથુષ્ટ્ર 'નાં કાવ્યોમાં પોતાની અભિવ્યક્તિની અપૂર્ણતા માટે અસંતોષ વ્યક્ત કર્યો જ છે.[૪૮]

આવી વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ એમનાં અંગ્રેજી કાવ્યોની છે. આમ છતાં, એટલું નોંધવું જોઈએ કે ખબરદાર સિવાય ગુજરાતના કોઈ કવિએ ગુજરાતીમાં કાવ્ય લખવા ઉપરાંત અંગ્રેજીમાં આટલી વિપુલ સંખ્યામાં કાવ્યો લખ્યાં નથી. એમને ગુજરાતી કવિતાની સાથે સાથે જ નાની ઉંમરથી જ અંગ્રેજી કવિતા રચવાનો મહાવરો હતો અને અંગ્રેજી પદ્યરચનાના નિયમો એ સારી રીતે જાણતા હતા.[૪૯] આમ હોવાથી તેમનું આ ક્ષેત્રમાંનું કાર્ય ઓછું ગણનાપાત્ર ન ગણાવું જોઈએ.

---

૪૮ 'ઝરથુષ્ટ્ર', પૃ. ૨૬.
૪૯ 'ગુજરાતી કવિતાની રચનાકળા ' ( અ. ફ઼. ખબરદાર ), પૃ. ૧૩૮

# આંતર્તારકીય ધૂળ

છોટુભાઈ સુથાર

સ્વચ્છ અંધારી યા ચંદ્ર વિનાની રાતે આપણે આકાશમાં અનેક તારા જોઈએ છીએ. એ બધા તારા એક જ તારાવિશ્વના સભ્યો છે. આપણા આ તારાવિશ્વને મંદાકિની વિશ્વ કહેવામાં આવે છે. મંદાકિની વિશ્વમાં તારા ઉપરાંત, તારાઓની વચ્ચે આવેલાં તેમ જ તારાઓમાં થઈ પસાર થતાં દેખાતાં વાયુ અને ધૂળનાં વાદળ આવેલાં છે. સામાન્ય રીતે બે તારા વચ્ચેનું અંતર સરાસરી ચાર પ્રકાશવર્ષ જેટલું છે. આ અંતર પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અંતર કરતાં પોણાત્રણ લાખ ગણું છે. આપણા સૂર્યમંડળનો વ્યાસ ૧૨ પ્રકાશ કલાક( સૂર્યથી પ્લુટો સુધીના અંતરથી બમણું અંતર )નો છે. સૂર્યમંડળ આટલી ઓછી જગામાં આવેલું છે જાણી આપણને તારાઓ વચ્ચેની જગા સાવ ખાલી હોવાનો ખ્યાલ આવશે. પણ હકીકત તેવી નથી. આકાશના તારાઓ વચ્ચે તદ્દન શૂન્યાવકાશ નથી. એ ખાલી જેવી લાગતી જગામાં વાયુ અને ધૂળના કણો આવેલા છે. આપણા તારાવિશ્વમાં ધૂળ અને વાયુનાં મોટાં વાદળ અસ્તિત્વ ધરાવે છે એ ઘણા વખતથી જાણીતી વાત છે. આ વાદળને કારણે દૂરના તારા ઢંકાઈ જાય છે અને તેમનાં તેજ આપણા સુધી પહોંચતી વેળા વધુ લાલાશ ધારણ કરે છે. ધૂળ દ્વારા પ્રકાશનું અવશોષણ થાય છે આ કારણે તારા હોય તે કરતાં વધુ દૂરના હોવાનું લાગે છે. આની એક ભ્રમજનક અસર એ થાય છે કે અવકાશમાં વધુ ને વધુ દૂર જોવાના પ્રયત્નમાં તારાઓની સંખ્યા ઓછી ને ઓછી થતી લાગે છે અને તે કારણે આપણે વિશ્વના કેન્દ્રમાં છીએ એવો ભાસ ઉત્પન્ન થાય છે.

પૃથ્વી પરની ધૂળ આપણા જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. ધૂળને કારણે ધાન્ય પકવી શકાય છે એ એક બાબત છે તો ધૂલિકણોને કારણે વાદળો બંધાય છે અને વરસાદ પડે છે એ તેવી જ બીજી વાત છે. અવકાશી ધૂળનું એવું મહત્ત્વ હશે ખરું ? કે પછી દૂરના પ્રકાશનું રક્તીકરણ ( Reddening ) અને અવશોષણ કરી આપણાં ખગોલીય નિરીક્ષણોમાં તે તકલીફ જ ઊભી કરે છે ?

અલબત્ત, ઉપર્યુક્ત મુશ્કેલી રહેલી તો છે જ પણ માનવીએ એ અંગેની અસરો નિવારવા ઘટતી યુક્તિઓ યોજી છે. અને આમ કરવા છતાંય એ ધૂળ વિષે—ખાસ કરીને એના બંધારણીય ઘટકો વિષે એ બહુ ઓછું જાણી શક્યો છે. મનુષ્યનું મન જિજ્ઞાસુ છે. એ અનેક બાબતનાં કાર્યકારણ જાણવા ઇંતેજાર રહે છે. આકાશમાં ધૂળ હોવાનું અને જેટલું આશ્ચર્યકારક લાગે છે કદાચ તેથી વધુ આશ્ચર્ય ધૂળની કામગીરીનું પણ થવાનું.

આપણે જાણીએ છીએ કે પૃથ્વીના વાતાવરણમાં ધૂળ અને વાયુ છે. વળી પાણીની વરાળ પણ પોતાનું અસ્તિત્વ દાખવે છે. વરાળમાં વાદળ બનવા ધૂલિકણોની જરૂર પડે છે. આ

ધૂલિકણોનું પ્રમાણ એવું માપસરનું છે કે વાદળોનો ઘટાટોપ થઈ જવા છતાંય આકાશદર્શન માટે કોરા દિવસો રહે છે. વાદળોનું યા ધૂળનું પ્રમાણ વધુ હોત તો આપણું વાતાવરણ શુક્રના જેવું અભેદ્ય અદર્શનવાળું બની જાત મતલબ કે ધૂળની વાત ધૂળ જેવી ગણીને કાઢી નાખવા જેવી નથી એ આપણે સૌ જાણીએ છીએ. ખગોલીય દર્શનમાં એને કારણે નિરીક્ષણોમાં મુશ્કેલી વેઠવી પડે છે. આમ છતાંય એનું બીજી રીતનું મહત્ત્વ ખૂબ ભારે છે અને તેથી એના અસ્તિત્વને આપણે નકારો દઈ શકતા નથી.

અવકાશમાં રહેલી ધૂળ દ્વારા બે કામ બને છે: ૧ તારા બાંધવાનું અને ૨ અણુ રચવાનું:

સામાન્ય રીતે આપણે જાણીએ છીએ કે તારા બળબળતા વાયુના ગોળા છે. પણ એ તારા બંધાતા હતા ત્યારે તે તેવા ન હતા. તારાની શરૂઆતની સ્થિતિને આદિ તારો ( Pro-star ) કહીશું. આદિ તારો કશી ચમક વિનાનો વાયુનો મોટો જથ્થો હોય છે. આ જથ્થો ગુરુત્વબળને કારણે સંકોચાતો જાય છે અને એમ કરતાં તે નાનો અને નાનો બનતો જાય છે. આવો તારો અમુક હદ સુધી સંકોચાયા બાદ તેજસ્વી તારાનું રૂપ ધારણ કરતો હોય છે. આદિ તારામાંથી તેજસ્વી તારો બનવા માટે તારાના પેટાળમાં ગરમી ઉત્પન્ન થવાની જરૂર છે. આદિ તારાનું ઉષ્ણતામાન ઘણું નીચું હોય છે. એ ઉષ્ણતામાન લાવવાનું કામ કરે છે ધૂળના કણો. તારાનું વાયુદ્રવ્ય તારામાં ઉત્પન્ન થતી ગરમીને વિકિરિત કરવાનું કામ કરે છે ખરું પણ તે સંગ્રાહકનું કામ કરી શકતું નથી. ધૂળના કણ આ બન્ને રીતે ભાગ ભજવે છે. ધૂલિકણો ઘન પદાર્થો છે અને તે કારણે વિકિરક તરીકે તેમ જ શીતક ( cooler ) તરીકે તે ઘણા કાર્યક્ષમ નીવડે છે. આદિ તારાના સંકોચનથી પેદા થતી ગરમીનો કેટલોક ભાગ તેઓ અવકાશમાં વહાવી દે છે, અને બાકી રહેલાને પોતે પચાવી જાય છે. આ ક્રિયા ચાલ્યા જ કરે છે અને ત્યાર બાદ એક એવો સમય આવે છે કે તારાના કેન્દ્રમાં સંઘરાયેલી ગરમીને કારણે તારાનું ઉષ્ણતામાન ઊંચું થવા માંડે છે.

ઉપર્યુક્ત રીતે, તારામાં, એક તરફ સંકોચનનું દબાણ વધતું જાય છે. તો બીજી તરફ અંદરથી ઉષ્ણતામાનનું બળ વધતું જાય છે. શરૂ શરૂમાં આ બંને બાબતો અલ્પ માત્રાની હોય છે અને તેથી તે એકબીજાનો સામનો કરવા જેવી સ્થિતિમાં મુકાતી નથી. આ બંને બાબત અલ્પ રહે ત્યાંથી માંડી એ સામનો કરવા જેવી સ્થિતિએ પહોંચે એ સમય દરમ્યાન આદિ તારો આડેધડ ઝપાટાબંધ સંકોચાતો જતો હોય છે, અને એમ કરતાં એક એવી સ્થિતિ પેદા થાય છે કે તારામાં ઉત્પન્ન થયેલી શક્તિનું વિકિરણ તારામાં સંઘરાતી શક્તિના મુકાબલે ઓછું થવા લાગે છે. આમ થતાં આદિ તારાનાં ઉષ્ણતામાન તેમ જ દબાણ વધવા માંડે છે. અને તારા સંકોચનનું કામ ધીમી ગતિએ ચાલે છે. તારામાં ત્યારે બહારના દબાણનું અને અંદરના દબાણનું સમતોલન રચાય છે. આવું સમતોલન સ્થિર થતાં તારામાંથી તેજ પ્રકટે છે આદિ તારો સ્વયંજ્યોતિ તારો બની જાય છે.

આદિ તારામાંથી સ્વયંજ્યોતિ તારો પ્રકટવા માટે ધૂલિકણોની જેમ જરૂર છે તેમ અણુ ( Molecules ) બનાવવા માટે પણ ધૂલિકણોની જરૂર છે.

અવકાશમાં છૂટાછવાયા અનેક પરમાણુ ગતિ કરતા રહે છે. અવકાશની વિશાળતાના હિસાબે પરમાણુઓની ઘનતા ઘણી ઓછી છે. પરમાણુઓ એકબીજા સાથે અથડાઈ પડે તેવા સંયોગો પણ ઓછા હોય છે. પરમાણુઓ એકબીજા સાથે જોડાય નહીં તો અણુ બને શી રીતે ? આકાશમાં તારાઓની વચ્ચે રહેલા દ્રવ્યમાં OH ( હાઈડ્રોક્સિલ ), $H_2CO$ (ફોર્મેલ્ડિહાઈડ ) અને CN ( સાયનાઈડ )ના અણુઓ હોવાનું ખૂબ જાણીતું છે. તાજેતરમાં પાણી ( $H_2O$ ) અને એમોનિયા ( $NH_3$ )ના અણુઓનો પણ પત્તો લાગ્યો છે. સંભવ છે કે આ સિવાય બીજા અણુઓ પણ અસ્તિત્વ ધરાવતા હોય.

પ્રશ્ન થશે કે આ અણુઓ બંધાયા શી રીતે ?

પરમાણુઓ આપસમાં અથડાય તોપણ તે અણુનું રૂપ પામી શકે નહીં. અથડાતા પરમાણુઓ એ અનુરૂપ પામવા, એમની અથડામણ વખતે ઉત્પન્ન થયેલી ગતિક ઊર્જા-( Energy )ને ફોટોન વિકિરણ દ્વારા દૂર કરવી રહી. પણ સામાન્ય સ્થિતિમાં આમ બનવું સંભવિત નથી. અહીં ધૂલિકણો મદદે આવે છે. એમ માનવામાં આવે છે કે ધૂલિકણોની સપાટી પર પરમાણુઓ અથડાય છે અને ધૂલિકણ ઉપર્યુક્ત ઊર્જાને ચૂસી લઈ પરમાણુઓ દ્વારા અણુ બંધાવાની તક ઊભી કરી આપે છે.

આમ આપણે જોયું કે તારા બંધાવા માટે તેમ જ અણુઓ રચાવા માટે ધૂલના કણોની ખૂબ અગત્ય છે. આવી એ ધૂળ( અલબત્ત આંતર્તારકીય ધૂળ )ના રાસાયણિક ઘટકો કયાં હશે એ જાણવાનું કુતૂહલ પ્રકટે એમાં નવાઈ નથી. તારાવિશ્વની સમૃદ્ધિ તારા અને વાયુવાદળો છે. એટલે એના અગત્યના સભ્ય ધૂળના બંધારણ વિષે જાણવાનું વિશેષે મહત્ત્વ બને છે.

આંતર્તારકીય ધૂળ મેળવી તેના ઘટકો વિષે પ્રયોગશાળામાં કામ હાથ ધરાય એવું છે પણ... આંતર્તારકીય ધૂળ મેળવવી કયાંથી ?

ચંદ્ર અને શુક્ર સુધી રૉકેટ પહોંચ્યાં છે. એમની દ્વારા અવકાશમાંની ધૂળ જરૂર મેળવી શકાય, પણ આ ધૂળ સાચા અર્થમાં આંતર્તારકીય ધૂળ નહીં હોય—એ સૂર્યમંડળની ધૂળ હશે.

વળી કોઈ તારા સુધી પહોંચવાની તાકાત આપણે મેળવી નથી એટલે અવકાશમાંથી ધૂળ લાવવાનું કામ અશક્ય છે.

શું કરવું ?

તારાપ્રકાશ અને વર્ણપટનો આધાર લેવો રહ્યો.

વાયુઓ માટે એક જાણીતી વાત છે કે પરમાણુ, અણુ, ભગ્નાણુ, આયનિત અણુ વગેરે રૂપોમાં વર્ણપટની રીતે પોતાની છાપ છોડે છે. ધૂલિકણો અંગે એવી તકલીફ નથી. ધૂલિકણો ઠંડા છે અને ઘન સ્વરૂપમાં છે, અને તે બધા દૃશ્ય સપ્તરંગી વર્ણપટને બદલે 'ઇન્ફ્રા રેડ' વિભાગમાં પોતાની જાતને વ્યક્ત કરે છે.

પ્રશ્ન થશે કે ધૂલિકણના કયા ઘટકોની છાપ જોવાની આપણે આશા રાખવી ?

એક ઘટક બરફકણ હોવાનું મનાય છે. આ કણો થીજેલા મીથેન તથા એમોનિયા યુક્ત હોવા ઉપરાંત ધાતુઓના ક્ષાર પણ ધરાવતા હોવાનું મનાય છે.

પૃથ્વીથી ૨૫ હજાર મીટર ઊંચે પહોંચાડેલાં બલૂન-દૂરબીન દ્વારા તેમ જ વેધશાળાનાં મોટાં શક્તિશાળી દૂરબીનો દ્વારા, તેજસ્વી તારાઓને પોતાની પાછળ છુપાવી તેમનાં તેજ કમી કરનારાં ધૂળનાં વાદળોનો અભ્યાસ કરતાં માલૂમ પડ્યું કે બરફકણો ધૂલિકણોના મુખ્ય ઘટક નથી. સામાન્ય અંદાજ એવો છે કે ધૂલિકણોમાં એમનું પ્રમાણ ૧૦ ટકાથી વધુ નથી.

ધૂળ બરફકણો નથી એમ કહ્યા પછી મૂળ પ્રશ્ન બાકી રહે છે—તો પછી આંતર્તારકીય ધૂળ શાની બનેલી છે?

કેટલાક ખગોળશાસ્ત્રીઓ સૂચવે છે કે તે કાર્બનના ગ્રેફાઈટ કણોની બનેલી છે અવકાશમાં અનેક કાર્બન તારા છે એટલે આ સૂચન રજૂ કરવામાં આવ્યું છે, પણ એને હજી સમર્થન સાંપડે એટલું સંશોધન થયું નથી.

'આંતર્તારકીય દ્રવ્ય હીરાકણીનું બનેલું છે' એમ સાંભળીને ચમકશો તો નહીં ને? તમને થશે કે ગ્રેફાઈટ નહીં તો હીરો એમ ગોઠવ્યું લાગે છે. કદાચ હીરાની ઊંચી પરાવર્તકતાએ આ સૂચનની પ્રેરણા કરી હોય એમ માનવાનું લાગશે. ક્યાં ગ્રેફાઈટ અને ક્યાં હીરો!

પણ થોભો! હીરો બનવા માટે ગ્રેફાઈટ અતિ દબાણ નીચે આવવું જોઈએને? અવકાશમાં એમ બનવું સંભવિત છે?

વિજ્ઞાનવીરોએ વિવિધ પ્રયોગો કરી તારણ કાઢ્યું છે કે **હાઈડ્રોકાર્બનની ઓછા દબાણવાળી** બાષ્પમાંથી ૧૦૦૦ અંશ (કેલ્વિન) તાપમાને હીરાકણીઓ ઉત્પન્ન થઈ શકે છે. અને તેથી કાર્બન તારામાંથી ગ્રેફાઈટના જ કણ બને એમ કહેવું પૂરતું નથી. વિજ્ઞાનીઓનું માનવું છે કે કાર્બન તારામાં અમુક પ્રકારની પરિસ્થિતિ ઉત્પન્ન થતાં ગ્રેફાઈટ કણો બંધાય તે પહેલાં હીરાકણીઓ ઉત્પન્ન થઈ શકે છે.

આંતર્તારકીય પરિસ્થિતિના હિસાબે આ હીરાકણીઓ અસ્થાયી સ્વરૂપની લેખાય; પણ તેમ છતાંય એ ખાસો સમય પોતાનું અસ્તિત્વ ટકાવી રાખતી હોવાથી એમને ધૂલિકણોના ઘટક હોવાનું અનુમાની શકાય.

હીરાકણીઓના જેવી જ વાત સિલિકેટની છે.

અવકાશમાં કાર્બન, નાઇટ્રોજન અને ઓક્સિજન પછીનું વ્યાપક વાયુતત્ત્વ સિલિકોન (રેતીતત્ત્વ) છે. આ તત્ત્વ પૃથ્વી પર પ્રચુર માત્રામાં મળી આવે છે. વળી તે ઉલ્કાઓમાં (ખરતા તારામાં) પણ મળી આવ્યું છે. આ હિસાબે અનુમાન કરવામાં આવ્યું છે કે ગ્રહો, ઉપગ્રહો, ધૂમકેતુ વગેરેમાં પણ આ તત્ત્વ હોવું જોઈએ.

તારાઓમાં સિલિકોન તત્ત્વ છે કે નહીં તે જોવા-સમજવા કેટલાક ઠંડા અતિવિરાટ લાલ તારાઓના વર્ણપટનાં નિરીક્ષણ-પરીક્ષણ કરવામાં આવ્યાં. ઉપર્યુક્ત તારાઓના ઇન્ફ્રારેડ વર્ણપટ

વિભાગે દર્શાવ્યું કે તારાઓની આજુબાજુના આવરણમાં સિલિકેટ કણો છે. આ કણો તારાના વાતાવરણમાં ઉત્પન્ન થાય છે અને પછી તારાના વિકિરણ દાબથી તે બહાર અવકાશમાં ફેંકાય છે.

સિલિકેટ કણોના અસ્તિત્વની પુષ્ટિ માટે મૃગ નિહારિકા તથા '૧૧૯ વૃષભ' તારાના વર્ણપટોનો અભ્યાસ કરવામાં આવ્યો. અને ત્યારે માલૂમ પડયું કે તારાઓનો પ્રકાશ વધુ પડતી રક્તિમા દાખવે છે. એમાં અવકાશમાં આવેલા કેટલાક સિલિકેટના કણો કારણભૂત બનતા લાગે છે.

આમ ધૂલિકણો શાના બનેલા છે તે માટે આપણી સમક્ષ ચાર કલ્પનાઓ યા સૈદ્ધાન્તિક અનુમાનો રજૂ થયાં છે. આ પૈકી કયાં વધુ બંધબેસતાં થાય છે એ હવે જોવાનું રહે છે. પણ આ માટે કદાચ વધુ સમય થોભવું નહીં પડે. આજના વિજ્ઞાનની પ્રગતિ જોતાં આપણે એમ કહી શકીએ કે આ પ્રશ્ન સમજવાની દિશામાં આપણે ઝડપથી ગતિ કરી રહ્યા છીએ. આપણી એ ગતિ ફળદાયી નીવડવાની આશા રાખીએ.

# ગ્રન્થાવલોકન

**સાહિત્યદર્શન—૧** [ ભારતીય ] : પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પૃ. ૩૨૦+૨૦, કિંમત રૂા. ૨૦/–

'જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી'નું આ સાતમું પ્રકાશન છે. આ ગ્રંથમાં ગુજરાતી સિવાયની ભારતની તેર મુખ્ય ભાષાઓના સાહિત્યનો રસથાળ પીરસવામાં આવ્યો છે. એ રસથાળમાં ચૌદમી પ્રસાદી 'ભારતીય–અંગ્રેજી સાહિત્ય'ની પણ સમાવિષ્ટ કરી છે. ગુજરાતી સાહિત્યનો રસથાળ સ્વતંત્ર ગ્રંથરૂપે પ્રકટશે. સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશનો પણ એક સ્વતંત્ર ગ્રંથ થશે.

આ ગ્રંથનિર્માણ પાછળનો સંપાદકનો આશય સમજીએ. "આરંભે જ કહી દઈએ કે આ ગ્રંથમાં જે તે ભાષાના સાહિત્યનો ઇતિહાસ કે વિવેચન આપવાનો હેતુ નથી. આ ગ્રંથ સાહિત્યની ઉત્તમ સર્જનાત્મક કૃતિઓનો યથાશક્તિ રસાસ્વાદ કરાવવા પૂરતો છે. રસાસ્વાદની સાથોસાથ અપાય તેટલો પરિચય પણ ખરો." પુસ્તક વાંચતાં લાગે છે કે સંપાદકોનો આ આશય મહદ્ અંશે સિદ્ધ થયો છે.

આ ગ્રંથમાં પ્રા. રઘુવીર ચૌધરીએ હિંદી સાહિત્યનો, પ્રા. વારિસહુસેન અલવીએ ઉર્દૂ સાહિત્યનો, પ્રા. ભોળાભાઈ પટેલે બંગાળી, અસમિયા અને ઓડિયા સાહિત્યનો, શ્રી. યશવંત દોશીએ મરાઠી સાહિત્યનો, શ્રી. હરીન્દ્ર દવેએ પંજાબી, કાશ્મીરી અને સિંધી સાહિત્યનો, ડૉ. બિપિનચંદ્ર ઝવેરીએ કન્નડ, તેલુગુ, તમિલ અને મલયાલમ સાહિત્યનો અને શ્રી. સરલા જગમોહને ભારતીય–અંગ્રેજી સાહિત્યનો રસાસ્વાદ કરાવ્યો છે. ગ્રંથની શરૂઆતમાં 'ભારતીય સાહિત્ય' નામે શ્રી. સુનીતિકુમાર ચેટરજીનો અભ્યાસપૂર્ણ લેખ છે, અને શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો વિદ્વત્તાપૂર્ણ 'પ્રવેશક' છે. એ 'પ્રવેશક'માં તેમણે આ ગ્રંથને 'ભારતીય સંસ્કૃતિનું ભાતીગળ તોરણ'—'ભારતીય સંસ્કૃતિનું મણિપ્રવાલ-ખચિત એક તોરણ, એક પ્રવેશમંડપ' એ અભિધાનથી ઓળખાવેલ છે. એક જ માતાપિતાનાં અનેક સંતાન વયમાં, રંગમાં, રૂપમાં બુદ્ધિશક્તિમાં ભલે ઉપલક દૃષ્ટિએ ભિન્ન લાગે પણ એ સર્વેમાં રક્ત અને સંસ્કારનું આંતરિક સામ્ય હોય છે તેમ ભારતની આ અનેક ભગિની ભાષાઓના સાહિત્યમાં પણ 'ભાવ, ભાત અને તરેહનું' અદ્ભુત સામ્ય વરતાય છે. પ્રત્યેક ભાષાસાહિત્યનું 'રસ-દર્શન કરાવતાં કે પરિચયાત્મક સાહિત્યદર્શન કરાવતાં જે તે લેખકોએ આ સામ્યને સારી રીતે છતું કર્યું છે. રાષ્ટ્રીય ઐક્યની દૃષ્ટિ અને ભાવના ખીલવવામાં આ પ્રકારના સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કારગત અને ઉપયોગી નીવડે એમ આ ગ્રંથ વાંચતાં સમજાય છે.

ટીકારૂપે નહીં પણ સૂચના રૂપે નીચેની કેટલીક હકીકતો પ્રત્યે ધ્યાન દોરું છું, :—

(૧) કેટલાક રસાસ્વાદકોએ જે તે સાહિત્યનું રસાસ્વાદન કરતાં કેટલાંક સહેલાઈથી સમજી શકાય તેવાં કાવ્યો કે કાવ્યપંક્તિઓનો અનુવાદ આપ્યો છે, જ્યારે જ્યાં અનુવાદ આપવા જેવો હોય ત્યાં તે ટાળ્યો છે.

(૨) રસાસ્વાદ કરાવતાં કોઈ વિચારની નવીનતા કે અભિવ્યક્તિની સરસતા પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો હોય છે પણ એવો જ વિચાર અસલ સંસ્કૃતમાં હોય છે, એટલું જ નહીં પણ કર્તાએ સંસ્કૃતમાંથી પ્રેરણા મેળવી હોય એવો પણ સંભવ રહે છે.

(૩) કેટલાક રસાસ્વાદકોએ લબ્ધપ્રતિષ્ઠ સર્જકોની કૃતિઓનો રસાસ્વાદ કરાવ્યો છે ને ઘણા નવીનોનો નામોલ્લેખ પણ કર્યો નથી જ્યારે કેટલાકે નામોલ્લેખ કરી સંતોષ માન્યો છે.

(૪) જે તે સાહિત્યનો રસાસ્વાદ કરાવતાં જે તે સાહિત્યપ્રકારનાં શીર્ષકો દર્શાવવાની રીત અખત્યાર કરી હોત તો સુવિધા રહેત ને એકવાક્યતા જળવાત.

(૫) જે તે સાહિત્યના રસાસ્વાદને અંતે ‘ઉપસંહાર’ આપવામાં એકવાક્યતા જળવાવી જોઈતી હતી. હિંદી, બંગાળીમાં જ્યાં ઉપસંહાર આપ્યો છે ત્યાં અને મરાઠીમાં જ્યાં આપ્યો નથી ત્યાં એનું મહત્ત્વ કેટલું છે તે અન્વય-વ્યતિરેક ન્યાયે સ્પષ્ટ થાય છે.

(૬) ક્યાંક ક્યાંક એક જ પૃષ્ઠ પર દેખીતું પુનરાવર્તન થયું છે તો ક્યાંક પ્રમાણભાન ભુલાયું છે. હિંદી સાહિત્યમાં કવિ બચ્ચનની વાત કરતાં તેમનો કેવળ નામોલ્લેખ જ થયો છે.

(૭) હિંદી સાહિત્યના આચાર્ય કેશવદાસ અને કેશવલાલમાં ‘દાસ’ અને ‘લાલ’નો એક જ પેરેગ્રાફમાં સંભ્રમ ઊભો કર્યો છે. (પૃ. ૨૨)

(૮) બંગાળીમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની (પૃ. ૯૪) વાત કરતાં તેમની ‘સીતાર વનવાસ’ (૧૮૬૦) અને ‘શકુંતલા’ (૧૮૫૧) એ બે કૃતિઓનો ઉલ્લેખ છે. ત્યાં કાં તો કાલક્રમ દર્શાવવામાં ભૂલ છે અથવા કાલક્રમ બરાબર હોય તો, ‘શકુંતલા’ની રચ્યાસાલ ૧૮૫૧ને બદલે ૧૮૬૧ જોઈએ.

(૯) પૃ. ૧૦૩ ઉપર બંગાળીનું પ્રથમ સૉનેટ છાપ્યું છે પણ એની રચ્યાસાલ આપી હોત તો ઠીક થાત.

(૧૦) સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપ-કુલપતિ શ્રી રમેશ સુમંત મહેતાએ આ ગ્રંથના ‘નિવેદન’માં દર્શાવ્યું છે તેમ ‘જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જન પ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય, અને આસ્વાદતો થાય એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્યછતું કરવું જોઈએ’ — આ એમની અભિલાષા આ ગ્રંથ-પ્રકાશન દ્વારા મહદ્ અંશે ફળીભૂત થાય છે એ ઓછા આનંદની વાત નથી. મતલબ કે સાહિત્યિક અને સાંસ્કૃતિક અભિરુચિ કેળવવામાં ગંગોત્રીનું આ આચમન ઉપયોગી નીવડશે.

**રણજિત પટેલ (અનામી)**

* * *

**ભાઈકાકાનાં સંસ્મરણો :**—સ્વ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ, પ્રકાશક : સસ્તું સાહિત્ય, મુંબઈ-૨, ૧૯૭૦, પૃ. ૫૩૬, કિંમત રૂા. ૪=૦૦.

'ભાઈકાકા'ના લાડીલા નામથી સવિશેષ ખ્યાતિ પામેલા સ્વ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલનાં જીવન અને કાર્ય વિશે 'વિદ્યાનગરના વિશ્વકર્મા' તથા 'કર્મયોગી' ભાઈકાકા જેવા ચરિત્રગ્રંથો તથા અન્ય છૂટક લેખો પણ પ્રગટ થયેલા છે અને એમાંથી ભાઈકાકાનાં જન્મ, શૈશવ, કુટુંબ, ઉછેર, શિક્ષણ, વ્યવસાય અને વાનપ્રસ્થ જીવનની અમુક નોંધપાત્ર વિગતો જાણવા મળે છે; પરંતુ એ બધી વિગતો વ્યવસ્થિત આત્મકથાના રૂપમાં અત્યાર સુધી મુકાઈ નહોતી અને તેની ખોટ સાલતી હતી. સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ તરફથી 'ભાઈકાકાનાં સંસ્મરણો'નો ગ્રંથ પ્રગટ થતાં હવે આ ખોટ મહદંશે પુરાશે. આ 'સંસ્મરણો'ને રૂઢ અર્થમાં આત્મકથા તરીકે નહિ, પરંતુ ભાઈકાકાના સ્વાનુભવોનાં યાદ આવ્યાં તે પ્રમાણે લખાવેલાં સંસ્મરણો લેખે જોઈએ તે જ ઉચિત ગણાય. શ્રી એચ. એમ. પટેલે પ્રસ્તાવનામાં નોંધ્યું છે તેમ "વાંચકોને થકવે-હંફાવે એવડો મોટો ગ્રંથ ન બની જાય તેની સતત કાળજી રાખી, મૂળમાંથી બિનજરૂરી લાગતું કેટલુંક કાઢી નાખ્યું છે અને કેટલુંક ટૂંકાવ્યું છે. મૂળમાં જ્યાં જ્યાં અનાવશ્યક પ્રસ્તાર થયેલો લાગ્યો છે ત્યાં ત્યાં મૂળ ચિત્ર ચહેરાય-ભુંસાય નહિ તેની ચીવટ રાખી ટૂંકાવ્યું છે. આમ કરવામાં પૂ. ભાઈકાકાની લાક્ષણિક મુદ્રાવાળી શૈલી અને ભાષા અકબંધ રહે તે જોવાની પણ પૂરતા પ્રમાણમાં કાળજી લીધી છે." પ્રસ્તાવના વાંચતાં સમજાય છે કે ભાઈકાકાની સ્મરણશક્તિ આમ તો ખૂબ તીવ્ર છતાં "સ્મરણો"ની દૃષ્ટિએ બિનજરૂરી લાગે એવું પણ ઘણું બધું તેમણે લખાવ્યું, ઘણી વખત લખાવતાં લખાવતાં મુખ્ય વસ્તુનો દોર છટકી જતો અને તેની સાથે સંકળાયેલી અન્ય વિગતોની ભરમાર એમાં આવી જતી." ભાઈકાકા આ અંગે સજાગ હતા જ, તેથી સંસ્મરણોની પહેલી હસ્તપ્રત સંપાદન અર્થે તેમણે વાંચેલી; પરંતુ મુદ્રણ માટેની પ્રત તૈયાર થાય તે પહેલાં જ તેમનો દેહાંત થવાથી કાટ-છાટનું સંપાદન કાર્ય શ્રી ફકીર મહંમદ મનસુરી અને ઇશ્વર પેટલીકર વગેરેની સહાયથી થયેલું છે. આથી લખાણ વધુ સુશ્લિષ્ટ અને સંક્ષિપ્ત બની શક્યું, એ સાથે એમાં એક મર્યાદા એ પણ આવી કે ભાઈકાકાએ લખાવેલાં સંસ્મરણોની મૂળ વાચનાનો લાભ આપણને મળી શક્યો નથી. આમ છતાં, ગુજરાતનાં શિક્ષણ સંસ્કાર જાહેર જીવન રાજકારણ અને નેતાઓ વિશે અત્યાર સુધી અપ્રગટ રહેલી કેટલીક નવો પ્રકાશ પાડે તેવી માહિતી અને ઘટનાઓ અહીં પહેલી જ વાર નોંધાઈ છે અને તેનું દસ્તાવેજી મૂલ્ય ઘણું છે.

કુલ આડત્રીસ પ્રકરણોમાં રજૂ થયેલાં આ આત્મલક્ષી સ્મૃતિચિત્રો એવી સબળ અને સજીવ શૈલીએ આલેખાયાં છે કે ભાઈકાકાના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વની યથાર્થ અને સુરેખ તસવીર એમાંથી ઊપસી આવે છે. પ્રથમ બે પ્રકરણમાં એમણે પોતાના વડવાઓ શ્રી જેસંગ પટેલ, ભવાનીદાસ, બાજીભાઈ વગેરે સંબંધી જરૂરી માહિતી આપી છે અને તે ઉપરાંત ચરોતરની ભૂમિ, ત્યાંના લોકો, જ્ઞાતિઓ, સોજિત્રાનો ગ્રામસમાજ અને તેમનાં વ્યવસાયો, રીતરિવાજો, સંસ્કારો અને સ્વભાવગત વિશેષતાઓનો સદૃષ્ટાંત અને તાદૃશ ચિતાર આપ્યો છે. આ રીતે જરૂરી પૂર્વભૂમિકા રચીને તેમણે પોતાના કૌટુંબિક વારસાગત સંસ્કારો તથા ચરોતરના પાટીદાર સમાજના ગઈ પેઢીના વાતાવરણનું જીવંત ચિત્ર આલેખ્યું છે. ભાઈકાકાના સંસ્કાર-ઘડતરને સમજવાની દૃષ્ટિએ આરંભનાં આ પ્રકરણો ખૂબ ઉપયોગી છે. ઉદાહરણ તરીકે, વડતાલના

સ્વામીનારાયણ મંદિરના આચાર્ય શ્રી બિહારીલાલજી મહારાજે એક વખત દાભાઈને પૂછેલું : “ તમે મંદિરમાં તો રોજ જતા હશો ને ? ” ત્યારે એમણે સ્પષ્ટ જવાબ આપેલો : “ હું તો ધીરધારનો ધંધો કરું છું. પૈસા વસૂલ કરવા સખતાઈ કરવી પડે છે, ગરીબો પાસેથી કાંધાંપાંજરાં કરી પૈસા લેવાય છે એટલે મંદિરમાં શી રીતે જઉં ? ભગવાન કંઈ છેતરાતા નથી. જ્યારે આ ધંધો બંધ કરીશ ત્યારે મંદિરમાં જવાનું રાખીશ. ” પિતાના સ્વભાવની આ સ્પષ્ટભાષિતા, સરળતા અને નિખાસલતા ભાઈકાકાના સ્વભાવમાં પણ આગળ તરી આવે છે. માતાપિતા અને વડીલો દ્વારા એમનામાં સ્વામીનારાયણ સંપ્રદાયના જે નીતિ, સદાચાર અને શીલના સંસ્કાર ઊતરી આવેલા તે અભ્યાસકાળ દરમિયાન ભર્તૃહરિના ‘ નીતિશતક ’ આદિ ગ્રંથોના સેવનથી પરિપુષ્ટ થયેલા. ભગવદ્ગીતાના અધ્યયનથી એમણે એ સિદ્ધાંત અપનાવ્યો કે : ‘ નિષ્કામ કર્મ કરો અને નિષ્કામ કર્મ કર્યાં હોય તો તે માણસને બાંધતાં નથી. મોક્ષ મેળવવાનો એ જ ખરો રસ્તો કૉલેજ જીવનમાં જ મેં જાણી લીધો હતો. ‘ कर्मण्येवाधिकारस्ते ’ એ સૂત્રનો અમલ જિંદગીભર કર્યો. ’

ઈજનેરી વિદ્યાના અભ્યાસ અર્થે ભાઈકાકાને પુનામાં રહેવાનો જે સુયોગ સાંપડયો તે પણ એમના ચારિત્ર્યઘડતરમાં એક મહત્ત્વનું પરિબળ ગણી શકાય. ‘ પુનામાં તો ભારતના બધા રાજ્યના વિદ્યાર્થીઓ હતા અને ત્યાં બધાની સાથે સંપર્કમાં આવવાનું બન્યું. ખભેખભા ઘસાવા લાગ્યા અને ગુજરાતમાં ગુજરાતી માટે એક પ્રકારની લઘુતાગ્રંથિ હતી તે પુનામાં દૂર થઈ. ’ વડોદરામાં એમણે અભ્યાસ અર્થે જે વર્ષો વિતાવ્યાં તે દરમ્યાન દેશભક્તિના અંકુર એમના ચિત્તમાં જન્મ્યા હતા અને તે પુનામાં જયશંકરભાઈ ત્રિવેદી તથા મહારાષ્ટ્રના ભેખધારી અધ્યાપકો અને લોકસેવકોના સંસર્ગથી પોષાયા. ૧૯૦૭માં ગોવર્ધનરામ વિદેહ થયા તે પ્રસંગે એમની જીવન-ઝરમર છાપામાં આવેલી. ગોવર્ધનરામે ચાળીસ વર્ષની ઉંમરે સાહિત્યસેવા માટે વાનપ્રસ્થ સ્વીકારવાનો નિર્ણય કરેલો અને મોટું આર્થિક પ્રલોભન જતું કરીને એ સંકલ્પ દૃઢ મનોબળ દાખવીને આચરી બતાવ્યો હતો. એ પ્રસંગની અસર કિશોર ભાઈલાલભાઈ ઉપર ખૂબ થયેલી. ‘અને તે વખતે જ મેં ભગવાનને પ્રાર્થના કરી કે મને પણ પચાસ-એકાવન વર્ષે વાનપ્રસ્થ થવા માટેની બુદ્ધિ અને શક્તિ આપજે ’.

આ સેવાકાર્યના સંકલ્પનું બીજ ભાઈકાકાએ ઈજનેર તરીકે સરકારી નોકરીની ફરજ અસાધારણ શક્તિ અને નિષ્ઠાપૂર્વક વર્ષો સુધી બજાવી ત્યારે પણ એમના ચિત્તમાં પડેલું જ હતું. પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટની નોકરીમાં ‘ક્લાસ ટુ’ સર્વિસવાળા કોઈ ને સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર થવાની તક મળી હોય તેવો એક માત્ર અપવાદરૂપ કિસ્સો ભાઈકાકાનો હતો. સક્કરબરાજના બાંધકામમાં સિંધમાં એમણે બજાવેલી કામગીરી બેનમૂન હતી અને અંગ્રેજ ઉપરી અધિકારીઓએ પણ એમની અસાધારણ ઈજનેરી સૂઝ-શક્તિ અને પ્રતિભાની ખાસ નોંધ લીધી હતી. એમનો પગાર તે વખતે માસિક રૂ. ૧,૧૭૫ હતો. આ અરસામાં સરદારશ્રી તરફથી કહેણ આવ્યું : ‘ ભાઈલાલ, તમે ગુજરાતની બહાર બહુ રહ્યા, હવે ગુજરાતમાં આવી જાવ. મારે તમારી જરૂર છે ’. આમ યથા સમયે વારિસિંચન થતાં પેલું બીજ ઊગી નીકળ્યું અને ભાઈકાકાએ સરકારી નોકરીમાંથી રાજીનામું આપી જનસેવા અર્થે વાનપ્રસ્થ સ્વીકાર્યું. લોકસેવાની ભાવનાથી પ્રેરાઈને સરદારશ્રીના

આદેશ અનુસાર ભાઈકાકા ૧૯૪૦ના માર્ચમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ઓછો પગાર સ્વેચ્છાએ સ્વીકારીને જોડાયા. અમદાવાદમાં અઢી વર્ષના ટૂંકા ગાળામાં પણ એમણે ડ્રેનેજ, વોટરવર્ક્સ, રસ્તા અને કાંકરિયાના બગીચાનું નિર્માણ કરી નગરની સ્વચ્છતા, સુવિધા અને શોભા વધારી; પરંતુ આ કાર્યમાં એમને કોંગ્રેસી સેવકોનાં સ્વાર્થ અને અહમ્‌નો કડવો અનુભવ થયેલો. 'બધા કોંગ્રેસીઓનો પૂરેપૂરો અનુભવ થયો અને કોંગ્રેસીઓનું ખરું સ્વરૂપ મેં ત્યાં જોયું. કોંગ્રેસીઓની સેવાઓના મારા મનમાં જે ખ્યાલ હતા તે બધા ભાંગીને ભૂકો થઈ ગયા.'

૧૯૪૨ના એપ્રિલમાં સરદારશ્રી અમદાવાદ આવેલા એ પ્રસંગે એમણે કહેલું: 'ભાઈલાલ, શહેરનાં કામ બહુ કર્યાં. હવે ગામડાનાં કામ હાથ ઉપર લો.' ગામડાના કામ વિશેનો પોતાનો અભિપ્રાય દર્શાવતાં સરદારશ્રીએ જણાવ્યું કે, 'તમે કંઈ એવી યોજના કરો કે વીજળીના આ જમાનામાં ગામડે ગામડે સસ્તી વીજળી જાય અને એ વીજળી ઉપર ઉદ્યોગો ગોઠવાય તો માણસને એના ગામમાં અને ઘરમાં કામ મળે અને એ પાંચ કે દસ કે પચીસ રૂપિયા, જેવી જેની મહેનત અને જેવી જેની અક્કલ એ પ્રમાણે પોતાના ગામમાં કે ઘરમાં બેસીને માણસ કમાતા થાય; તો ગામડાં તૂટતાં અટકે અને સમાજ જે છિન્નભિન્ન થઈ રહ્યો છે. તે પણ અટકે. કુટુંબવ્યવસ્થા તૂટી રહી છે તે પણ અટકે. દરેક માણસને લક્ષાધિપતિ થવું હોય તો તે બને એમ નથી પણ ઇજ્જતભેર આયખું ગુજારે, ગયું આવ્યું ખર્ચ કાઢે, અને છોકરાં ભણાવી શકે તેટલી કમાણી તો માણસને થવી જોઈએ. આવાં કામ કરવાં હોય તો બુદ્ધિશાળી માણસો ગામડાં તરફ આકર્ષાય એવી ગોઠવણ કરવી પડશે. ગામડાં રહેવાલાયક બનાવવાં પડશે. ગામડાંનાં મેલાં પાણીનો નિકાલ, આ ધૂળિયા રસ્તાની જગાએ સારા રસ્તા, દવા-દારૂની વ્યવસ્થા, આવું કંઈક બની શકે અને તે પણ આપણા દેશની સ્થિતિને પાલવે એવી રીતે—એવી કંઈક યોજના કરો.' સરદારનું આ સ્વપ્ન લઈને, ભાઈકાકા અમદાવાદનું કાર્ય સમેટી લીધા પછી આણંદ આવ્યા. એ સમજતા હતા કે, જે યોજના વિચારાય તેમાંથી પૈસો પેદા થવો જોઈએ અને એ પૈસા વડે જ યોજનાનાં કામ આગળ ધપે એવી જાતની ગોઠવણ કરવી પડે. આ હેતુ લક્ષમાં રાખીને એમણે ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર મંડળની યોજના ૧૯૪૩ની આખર સુધીમાં તૈયાર કરી. એમાં વધારામાં એમણે એનલાઈટન્ડ સેલ્ફ ઇન્ટરેસ્ટ—પ્રબુદ્ધ સ્વાર્થ—નું તત્ત્વ ઉમેર્યું, જેથી યોજનામાં સહભાગી બનનારનો સ્વાર્થ સધાય અને યોજના માટે જરૂરી નાણાં જમીન આદિ મળી રહે. નાણાં મેળવવા માટે શરૂઆતમાં એમણે એવો નિર્ણય કર્યો કે બાંધકામની દરેક ચીજો કારખાનાં કાઢીને જાતે બનાવવી, એ વેચવી અને એનો નફો સંસ્થાનાં મકાનો બાંધવામાં વાપરવો. શિક્ષણક્ષેત્રના અનુભવી અને સેવાભાવી કેળવણીકાર શ્રી ભીખાભાઈ પટેલ તથા બીજા પણ ઘણા સાથીઓ આ યોજનામાં સામેલ થયા. પરિણામે સરદારશ્રીની જન્મભૂમિ કરમસદને આંગણે, બાકરોલ, આણંદ, મોગરી અને કરમસદના સીમાડે જમીન સંપાદન કરી ભેંકાર વગડાઉ ભૂમિમાં ૧૯૪૬ના માર્ચમાં ભાઈકાકા અને ભીખાભાઈએ સ્થળ પર વસવાટ કર્યો. વિઠ્ઠલભાઇ પટેલ મહાવિદ્યાલય, પછી બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, એમ અનેક વિદ્યાસંસ્થાઓ ઝડપથી સ્થપાતી ગઈ અને પૂર્વપ્રાથમિકથી માંડી અનુસ્નાતક કક્ષાની શાળા—મહાશાળાઓની એક હારમાળા એમણે એટલી ઝડપથી ઊભી કરી કે નવ વર્ષના ટૂંકા ગાળામાં જ વલ્લભ વિદ્યાનગરમાં સ્વતંત્ર વિશ્વવિદ્યાલયની સ્થાપના શકય બની.

પરંતુ ભાઈકાકા કેવળ વલ્લભ વિદ્યાનગરનું નિર્માણ કરીને થંભ્યા નહિ. એમનામાં જીવનભરના જોદ્ધાનું લડાયક ખમીર હતું. આથી વિદ્યાક્ષેત્રે નિવૃત્તિ લઈ એમણે નવો રાજકીય પક્ષ સ્થાપ્યો અને ચૂંટણી જંગમાં મેદાને પડ્યા. પોતાના લોકપક્ષનો ચૂંટણીમાં પરાજય થયો ત્યારે પણ ભાઈકાકાએ શરણાગતિ કે સમાધાનનો વિચાર સુદ્ધાં કર્યો નહોતો. એમણે ખેડૂતોની, ગરીબ આમપ્રજાની હાડમારીઓને વાચા આપી, સ્વતંત્ર પક્ષનું સુકાન સંભાળ્યું અને ગુજરાતમાં સબળ વિરોધ પક્ષ ઊભો કર્યો. ગુજરાતમાં મહી અને નર્મદા જેવી નદીઓને નાથી નહેરો થાય તે માટે ભાઈકાકા મૃત્યુપર્યંત પ્રયત્નશીલ હતા. કેળવણી, કૃષિ-ઉદ્યોગ, ગ્રામોદ્ધાર અને રાજકારણનાં ક્ષેત્રોમાં એમણે કરેલું પ્રદાન ઓછું મૂલ્યવાન નથી. એમનું એ અર્પણ અને જીવનકાર્ય યોગ્ય પરિપેક્ષમાં જોવું-જાણવું હોય તે સૌને માટે 'ભાઈકાકાનાં સંસ્મરણોનું વાચન-મનન અનિવાર્ય ગણાય. પુસ્તકના અંતમાં, ભાઈકાકાના સાથીઓએ વલ્લભ વિદ્યાનગરના નિમાણકાર્યમાં પડેલી મુશ્કેલીઓ, પ્રસંગો, વ્યક્તિઓ વગેરે સંબંધી લખેલી નોંધો પરિશિષ્ટરૂપે મુકાઈ છે તે પણ ભાઈકાકાના વ્યક્તિત્વને અને કાર્યને સમજવામાં ઉપયોગી નીવડશે. પ્રસ્તુત ગ્રંથનું પરિશીલન વર્તમાન અને ભાવિ પેઢીનાં તરુણ-તરુણીઓને સાધના અને સિદ્ધિનો, અવિરત પરિશ્રમ અને પુરુષાર્થનો રાહ ચીંધશે એમાં શંકાને સ્થાન નથી.

**બાબુભાઈ એ. પટેલ**

* * *

**૧ જયગોપાલ** (ઐતિહ્યમૂલક જીવનચરિત્ર)—સંશોધક: લેખક શ્રી. પ્રેમલાલ ગો. મેવચા, 'ભક્તિપ્રિય,' પ્રકાશક: વૈશ્વાનર કાર્યાલય, ઝવેરી બજાર. પોરબંદર; ક્રાઉન ૧૬ પેજી, પૃ. ૧૬+૩૧૪, કિં. રૂ. ૫–૦૦ (અગાઉથી) 'વૈશ્વાનર' વર્ષ ૧૮, અંક ૧-૨ તરીકે) સં. ૨૦૨૬.

**૨ श्रीगोपालस्तोत्रमाला**—સંશોધક-સંપાદક-અનુવાદક અને પ્રકાશક: ઉપર પ્રમાણે ક્રા૦ ૧૬ પેજી, પૃ. ૩૨, કિં. રૂ. ૦–૬૦ ('વૈશ્વાનર', વર્ષ ૧૮, અંક ૩ તરીકે), સં. ૨૦૨૬.

**૩ શ્રી ગોપાલ-કૃપા-કુંજ**—લેખક અને પ્રકાશક: ઉપર પ્રમાણે ક્રા૦ ૧૬,પેજી પૃ. ૪+૧૩૨, કિં. રૂ. ૨–૫૦, સં. ૨૦૨૬.

**૪ જયગોપાલ** (અનિયતકાલીન સામયિક)—તંત્રી: ઉપર પ્રમાણે પ્ર. જયગોપાલ કાર્યાલય, ઝવેરી બજાર, પોરબંદર; વર્ષ ૧, અંક ૧, તા. ૧૧-૧૧-'૭૦; ક્રા૦ ૧૬ પેજી, પૃ. ૬૬.

**૫ જયગોપાલ** વર્ષ ૧, અંક ૨, ચૈત્ર વદિ ૧, સં. ૨૦૨૭; ક્રા૦ ૧૬ પેજી, પૃ. ૭૦.

૧ ૩૧૪ પાનામાં પ્રસિદ્ધ થયેલું પ્રથમ પુસ્તક એ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીએ સંસ્થાપિત કરેલા ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગની એક ઉપશાખાના સંસ્થાપક ગો. શ્રી ગોપાલલાલજી અને એમનાં આત્મજ શ્રી ગોપેંદ્રજી અને પૌત્રી શ્રી યમુનાબેટીજી—શ્રી જમુનેશ પ્રભુનાં ચરિત્રોનો સંશોધનમૂલક ખયાલ આપતું પુસ્તક છે. ખંડ ૪માં વિભક્ત થયેલા આ પુસ્તકના ૧લા ખંડમાં—૧૦૦ પાનામાં પૂર્વ ઇતિહાસ આપવામાં આવ્યો છે, જેમાં શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રતાપી પૂર્વજો શ્રીવલ્લભાચાર્યજી, એમના દ્વિતીય આત્મજ શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ

ગુસાંઈજી, એમના પાંચમા આત્મજ શ્રી રઘુનાથજી અને એમના સેવ્ય શ્રી ઠાકોરજી-શ્રી ગોકુલચંદ્ર-માજી વિશે ઐતિહાસિક માહિતી આપવામાં આવી છે. આમાંનાં પહેલાં ત્રણ પ્રકરણોમાં નવીન વાત જોવા મળતી નથી. અત્યાર સુધીના પ્રસિદ્ધ થયેલા ચરિતગ્રંથોમાંથી સાર ખેંચવાનો પ્રયત્ન છે. કવચિત્ વિગતદોષ થઈ ગયા છે; જેવા કે 'પિતાશ્રી ! આપ શ્રીમદ્ભાગવતનો પાઠ કરો છો ત્યારે આપના મુખેથી મેં આ શ્લોકપંક્તિ અનેકવાર સાંભળી છે કે **स्त्रियो वैश्यास्तथा शूद्रा :** (પૃ. ૧૫)' વગેરે. અહીં 'ગીતા' જોઈએ. તો શ્રી વલ્લભને 'માધવાનંદ સ્વામીને ત્યાં ભણવા મૂક્યા' (પૃ ૧૭, ત્યાં 'માધવેંદ્રપુરી' જોઈએ. 'શ્રાલક્ષ્મણ ભટ્ટજીના કાશીનિવાસને બાર વર્ષ થયાં તે સાથે જ તેમનું આ લોકનું કાર્ય પૂરું થયું. તેઓ સં. ૧૫૪૫ના ફાગણ વદિ ૯ના દિવસે હરિશરણ થયા.' (પૃ. ૧૮) 'પિતાશ્રી લક્ષ્મણ ભટ્ટજીના સ્વભૂ, સ્વયંભૂ, વિધુ, શંભુ નામના ચાર વિદ્વાન શિષ્યો આપશ્રીની સાથે હતા' (પૃ. ૨૨) જેવી હજી પ્રામાણિક નહિ ઠરેલી વિગત; 'વિદ્યાનગરના વિદ્વાનો અને વિષ્ણુસ્વામી સંપ્રદાયના અનુયાયીઓએ સં. ૧૫૪૭ના કાર્તિક સુદ ૯ના દિવસે વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્ય તરીકે તિલક કરીને બહુમાન કર્યું' (પૃ. ૨૩); "સુબોધિની'ના લેખનનો સં. ૧૫૪૯ના ભાદરવા સુદિ ૮થી પ્રારંભ કર્યો' (પૃ. ૨૬); 'એક યવન સરદાર પણ શરણે આવ્યો હતો, જેનું વૈષ્ણવી નામ 'આર્યખાન' બહુ જ પ્રસિદ્ધ છે.' (પૃ. ૨૭) આવી શ્રીવલ્લભાચાર્યજીના ચરિત્રમાં બીજી પણ વિગતો છે કે જેને ઇતિહાસ-પુષ્ટિની પ્રબળ જરૂર રહે છે. ઇતિહાસમૂલક ગ્રંથ લખતી વેળા ઇતિહાસ અને અનુશ્રુતિ વચ્ચેનો ભેદ ન સમજાય તો સાચી વિગતો અને દંતકથામય વિગતોની સંકીર્ણતા થતાં એમાંથી ઇતિહાસતત્ત્વ લુપ્ત થઈ જાય. 'શ્રીનાથજીની સેવામાં રાખી, માધવેન્દ્ર-પુરીને મુખિયા નીમ્યા' (પૃ. ૪૨)—ત્યાં 'માધવાનંદજી' જોઈએ 'શ્રીગુસાંઇજીને ગાયત્રીમંત્રોપદેશ, ગોપાલમંત્ર અને બ્રહ્મસંબંધમંત્રની દીક્ષા પણ આપી હતી.' (પૃ. ૫૦) આમાં ગોપાલમંત્ર શ્રીવલ્લભાચાર્યજીએ પુત્રને આપ્યો, એને ઇતિહાસનું બળ જોઈએ. પુત્રને 'માધવ સરસ્વતીની પ્રયાગની પાઠશાળામાં મૂક્યા' (પૃ. ૫૦) એમાં પણ સમજફેર છે; એવી અનુશ્રુતિ છે કે ગુસાંઈજીએ મધુસૂદન સરસ્વતી પાસે વિદ્યાધ્યયન કર્યું હતું. બેશક, એને ઇતિહાસ-પુષ્ટિ હજી તો મળી નથી. શ્રીવલ્લભાચાર્યજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજીનાં પત્નીએ સં. ૧૬૦૫માં પોતાના અઢાર વર્ષના ઉમરલાયક પુત્ર શ્રી પુરુષોત્તમજીને ગાદી ઉપર બેસાડવા ચેષ્ટા કરી ત્યારે ગૃહકલેશમાં કૃષ્ણદાસ અધિકારી દ્વારા શ્રીપ્રભુચરણ ગુસાંઇજીને ૭ મહિના સુધી શ્રીનાથજીના વિપ્રયોગનો અનુભવ કરવાનુ થયું. આ મતલબની વિગત હોય તો એ પણ પ્રમાણપુષ્ટ નથી. (પૃ. ૫૮).

શ્રીગુસાંઈજીના વિષયમાં લેખક લખે છે કે પુષ્ટિમાર્ગનો પ્રચાર કરવા માટે પોતે પોતાના વિદ્વાન અને અનન્ય સેવકોને રોકચા હતા. તેમાંથી ઘણાને 'નામમંત્ર' (**श्रीकृष्णः शरणं मम**) આપવાની પણ આજ્ઞા હતી' (પૃ. ૭૪) અને 'બેટીજીઓને નામમંત્ર' આપવાની આજ્ઞા કરી (પૃ. ૭૫)—આને પણ ઇતિહાસનું લેશમાત્ર બળ નથી.

શ્રીરઘુનાથજીનું જીવનચરિત્ર આ ગ્રંથમા પ્રથમ વાર જ પ્રસિદ્ધ થાય છે, જેમાં શ્રદ્ધા-ભાવનાનું સંમિશ્રણ અનુભવાય છે. એમના માથે શ્રીગોકુલચંદ્રમાજી ઠાકોરજી કેવી રીતે પધાર્યા એ વિગત પણ પ્રથમ વાર આટલી વિશદતાથી પ્રસિદ્ધ થાય છે.

ખંડ ૨જો ( પૃ. ૧૦૧ થી ૨૧૦ ) શ્રી ગોપાલલાલજીના ચરિતને લગતો છે અને અનેક સાધનો દ્વારા આ ગ્રંથના વિદ્વાન લેખકે પ્રથમ વાર જ લખવાનો પ્રયત્ન કર્યો છે. 'રસરૂપચરિત્ર: રહસ્યલીલાનાં દર્શન' જેવાં પ્રકરણો શ્રદ્ધા-ભાવનાનો પરિપાક કહી શકાય. પ્રચાર-પ્રવાસ કરવાની પ્રેરણા શ્રીવિઠ્ઠલનાથ ગુસાઈજીના ચતુર્થ પુત્ર, માલાતિલકસંરક્ષક શ્રીગોકુલનાથજી દ્વારા થઈ હતી એ નોંધપાત્ર વસ્તુ છે ( પૃ. ૧૨૬ ). ૧૫મા પ્રકરણમાં 'માલાતિલકના વિજય'ની વાત નિરૂપી છે એ વલ્લભ સંપ્રદાયને યશ આપવાનો ઐતિહાસિક પ્રસંગ છે. શ્રીગોપાલલાલજીએ ૧૬ વાર પ્રદેશગમન કર્યું હતું તેમાંનું ૧૬મું ગમન શ્રીનગર ( કાશ્મીર )ના રાજાના નિમંત્રણને અંગે થયું હતું એ વસ્તુ ૧૮મામાં ઉપક્રમ તરીકે અને ૧૯મામાં વસ્તુ તરીકે જોવા મળે છે. અહીં એક ઐતિહાસિક વાત કહેવી જોઈએ કે શ્રીગોકુલનાથજી અને શ્રીગોપાલલાલજી જે સમયમાં કાશ્મીર પધાર્યા હતા તે સમયે હજી એ 'તામસદેશ' નહોતો; ત્યાં ધર્મપરિવર્તનનો આરંભ માત્ર થયો હતો. કાશ્મીર ત્યાં સુધી હજી સંસ્કૃત વિદ્યાનું મહત્ત્વનું કેંદ્ર હતું. કાશ્મીર સર્વથા વિધર્મીઓથી ઊભરાતો પ્રદેશ છે એ પછીની દૃષ્ટિ છે. મોગલાઈના જમાનાથી કાશ્મીર ઉપર આક્રમણ વધ્યાં, જે કોઈ રાજ્યસત્તા હતી તે નબળી બની અને ત્યાં ધર્મપરિવર્તનનો પ્રબળ વેગ આવ્યો. સં. ૧૭૫૦ સુધીમાં કાશ્મીર દેશને તામસત્વ મળ્યું હોવાની અસંભાવના નથી. લેખક આ પ્રકરણના લેખનમાં સાવધાન છે અને સં. ૧૭૫૦માં લખાયેલી નોંધપોથી ઉપરથી વિગતો આપી છે. એટલે વિદ્વાનોના વિષયમાં લેખકને કાંઈ કહી ન શકિયે.

ખંડ ૩જો એમના પુત્રનો સૌરાષ્ટ્રમાં પ્રવાસ અને પિતાએ સંપ્રદાય શાખાનાં વાવેલાં બીજોને વિકસાવી એક ઉપસંપ્રદાયનો વ્યાપક પ્રચાર-પસાર કરવામાં એમનો પ્રામાણિક પ્રયત્ન વર્ણિત કરી બતાવે છે. એમણે પણ ૭ વાર સૌરાષ્ટ્રમાં આવી પિતાજીના ધ્યેયને ફળરૂપ બનાવ્યું હતું.

જૂનાગઢ પાસે આવેલા વડાલ ગામની નજીકના ભિયાલ ગામમાં શ્રીગોપેંદ્રજીએ વડની સૂકી ડાળી રોપી અને દિવ્ય પ્રતાપે એ નવપલ્લવિત વૃક્ષ થયું—એ શ્રીગોપાલલાલજીના સંસ્થાપિત આ ઉપસંપ્રદાયનું પ્રધાન સ્થાન બન્યું. એ વિગત આ ખંડના ૧૩માં પ્રકરણમાં જોવા મળે છે. ગોકુલમાં પોતાના પુત્રના સ્વધામપ્રયાણના અનુસંધાનમાં શ્રીગોપેંદ્રજીએ ભિયાલ ગામમાં વડનું પ્રાકટ્ય કર્યું તેથી 'લાલવડ' કહેવાયો. એ રીતે 'લાલવડ' એ શ્રી લાલજીનું પ્રતીક છે. એ ભાવના આ સંપ્રદાયમાં આજે પણ સવિશેષ પ્રવર્તે છે.

ખંડ ૪થો શ્રી યમુનાબેટીજી—શ્રી જમનેશ પ્રભુએ આ ઉપસંપ્રદાયનો સૌરાષ્ટ્રમાં વિકાસ કરવામાં કરેલા પ્રબળ પ્રચાર-પ્રવાસનો ખ્યાલ આપે છે.

શ્રીગોપાલલાલજી, શ્રી ગોપેંદ્રજી અને શ્રી યમુનાબેટીજીનાં ચરિત બાંધવામાં લેખકને એ ઉપસંપ્રદાયના ભક્ત કવિઓએ તેમ જ ગદ્યલેખકોએ વિપુલ પ્રમાણમાં સરજેલું સાહિત્ય સહાયક થયું છે. ભક્તિભાવે તે તે લેખકે પોતાના ગુરુઓના વિષયમાં જે કાંઈ લખ્યું છે. તેનો ઉપયોગ કરી ખાસ કરીને એ ઉપસંપ્રદાયના અનુયાયીઓની રુચિનું પોષણ કરે એ દૃષ્ટિએ, આ ગ્રંથનાં પ્રકરણોનું આલેખન કરવામાં આવ્યું છે, તેથી 'પ્રકટ-પ્રતાપ વગેરે ચમત્કારમૂલક કથાનકોનો પણ લેખકે આ ગ્રંથમાં સમાદર કર્યો છે. આ ગ્રંથ "ઐતિહ્યમૂલક" છે એમ કહેવામાં પણ લેખકનો

આ પ્રકારનો આશય સમજાય છે; સર્વાંશે ઇતિહાસ નથી, મોટા ભાગના વૃત્તાંતના મૂલમાં ઇતિહાસના મૂલ પડ્યાં છે. "ઐતિહ્યમૂલક" એ રીતે લેખકની લેખન-પ્રામાણિકતાને ચરિતાર્થ કરી આપે છે. સમગ્ર ગ્રંથ વાંચી જતાં એવી સ્પષ્ટ છાપ પડે છે કે લેખકે લેખન પાછળ ખૂબ શ્રમ લીધો છે. એમની પાસે શક્તિ છે, સમઝ છે, સૂઝ પણ છે; આ સાંપ્રદાયિક કોટિના ગ્રંથને શુદ્ધ ઇતિહાસ સ્વરૂપમાં રજૂ કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવે તો અનુશ્રુતિવાળો ભાગ નીકળી જતાં એક શુદ્ધ ઇતિહાસ-વૃત્ત અને આચાર્યોએ શાખા-ઉપશાખાઓનો વિકાસ કરી પરાધીનકાળમાં પ્રજાને ધીરજ આપી ભગવન્માર્ગાભિમુખ રાખવાનો કેવો સુભગ પ્રબળ પ્રયત્ન કર્યો હતો એનો ખ્યાલ સરળતાથી આવી શકે. ઉચ્ચ પ્રકારનું ચારિત્ર્ય એ આવા મહાનુભાવોનો પ્રાણમંત્ર હતો અને એ ચારિત્ર્યના બળ ઉપર જ સંપ્રદાયનો પ્રચાર-પ્રસાર થયો છે.

૨ **श्रीगोपालस्तोत्रमाला** આ સંગ્રહગ્રંથમાં શ્રી વિષ્ણુદાસ (નારાયણ ભટ્ટ) રચિત **नामक्षीराब्धिस्तोत्र**, એમનું જ રચેલું **नामरसाब्धिस्तोत्र** શ્રી તારાસેવકરચિત **श्रीगोपालाष्टक** અને શ્રી હરિબાઈકૃત **श्रीगोपेन्द्रस्तोत्र** ગુજરાતી અનુવાદ સાથે આપવામાં આવ્યાં છે. ચારે સ્તોત્રગ્રંથ પ્રથમ વાર જ પ્રસિદ્ધ થાય છે. પાછલાં બે સ્તોત્ર સ્ત્રીભક્તોનાં સંસ્કૃત ભાષામાં રચેલાં સ્તોત્ર છે.

૩ 'શ્રીગોપાલકૃપા-કુંજ'માં શરૂમાં ૩૪ પૃષ્ઠોમાં 'પ્રાતઃસ્મરણ', 'મંગલાચરણ', 'શ્રીસર્વોત્તમસ્તોત્ર', 'શ્રીયમુનાષ્ટક', 'શ્રીનવરત્ન', 'શ્રીકૃષ્ણાચાર્ય', 'શ્રીગોપીગીત' એટલા શ્રીવલ્લભસંપ્રદાયના નિત્યપાઠના સં. ગ્રંથ ગુજરાતી અનુવાદ સાથે આપ્યા પછી, સંપ્રદાયમાં જાણીતા દીક્ષામંત્ર—બ્રહ્મસંબંધના ગદ્યમંત્ર વિશે ગુજરાતીમાં વિસ્તૃત ખ્યાલ આપવામાં આવ્યો છે. ઉપરાંત બ્રહ્મસંબંધ લેવાની રીત, ભગવત્સેવા, વૈષ્ણવકર્તવ્ય, નિત્યસ્મરણ—આટલા મુદ્દા ચર્ચી ૬૦મા પાનેથી, ૨. શ્રીગોપાલ-કુંજ અર્થાત્ ઉમરગામમાં અત્યારે શ્રીગોપાલલાલજીનું મંદિર છે, તેમાં શ્રી...ને ક્યારે પધરાવવામાં આવ્યા એની ઐતિહાસિક વિગત, ૩. ભક્તકુંજ અર્થાત્ શ્રીગોપાલ-લાલજી ઠાકોરજીમાં ભક્તિભાવ ધરાવનારા, થઈ ગયેલા વૈષ્ણવોનાં ચરિત્ર અને ઉમરગામમાં ભિન્ન ભિન્ન સમયે ગોસ્વામી આચાર્યોના આગમનની યાદી, અને ૪. ચિંતનકણિકા અર્થાત્ 'પુષ્ટિમાર્ગીય જીવન-દર્શન—એ વિષયો આપવામાં આવ્યા છે. આમાંનું 'ચિંતનકણિકા' એ પ્રકરણ 'સ્વ-સ્વરૂપનિર્ણય', 'સાચો સંબંધ', 'મિથ્યાસબંધત્યાગ', 'ભગવદ્દરસ', 'ભાવ', 'કૃપા', 'લૌકિક-અલૌકિક', 'મિથ્યા સંકલ્પો', 'અનન્યતા', 'અહંતામમતાત્યાગ', 'દીનતા', 'પ્રભુપ્રસન્નતા', 'સ્વરૂપચિંતન', 'સંગ', 'સંતોષ', 'વિશ્વાસ', 'વૈરાગ્ય', 'માગવું નહીં', 'પ્રસાદભાવના', 'દાસપણું', 'સ્મરણ', 'સાચીમાલિકી', 'આસુરાવેશ', 'લૌકિક-આસક્તિ-નિરોધ', 'ભગવદ્ભાવ', 'આપણાં મંદિરો', 'સહનશીલતા', 'ભગવદીયપણું' અને 'પ્રભુમિલન એવા વૈષ્ણવોએ જીવનમાં ઉતારવા જેવા વિષયોનો ખૂબ જ સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. અહીં પૃષ્ટિમાર્ગીય જીવન-દર્શન' એમ કહ્યું છે, પરંતુ ચર્ચાયેલા મુદ્દા જોતાં એ સર્વ કોઈ માનવને માટે પણ એટલા જ ઉપયોગી છે. 'સાચો માનવ' બનવા માટે આમાંના કેટલાક તો પ્રાણરૂપ પ્રશ્નો છે.

૪. ૫. લેખકના તંત્રીપદે શરૂ થયેલા 'જયગોપાલ' માસિકના આ ૧લો—૨જો અંક છે. આ માસિકના પ્રકાશનની પાછળનો આશય શ્રીગોપાલલાલજીના ઉપસંપ્રદાયમાં થયેલા

ભક્તકવિઓ અને ગદ્યલેખકોની મુખ્યત્વે ગુજરાતી રચનાઓને પ્રકાશમાં મૂકવાનો છે. પ્રસંગવશાત્ વ્રજ ભાષામાં રચાયેલું પદસાહિત્ય પણ પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન છે. એ સાથે આ સાહિત્યકારોના વિષયમાં તેમ જ તે તે સાહિત્યના ઉદ્‌ભાવન પાછળના આંગલ્ય પ્રસંગોની માહિતી આપવાનો પણ છે. 'મંડપ વાર્તા-અંક'માં તો લેખકે પોતાના તરફથી પણ એક નાટિકા અને એક વાર્તા પણ આપી છે.

આ નવા યુગમાં પ્રાચીનકાલ અને મધ્યકાલના આચાર્યો—સંતો—મહંતો ભક્તોનાં જીવનવૃત્ત એકત્રિત કરીને સમાજ સમક્ષ મૂકવાની ઘણી જરૂર છે. 'સંપ્રદાય'ના એક અંગ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે તેને સ્થાને વધુ વ્યાપક અને વિશાળ સ્વરૂપમાં સમાજને ધર્માભિમુખ રાખવામાં અને સમાજને નીતિમય બનાવવામાં તે તે મહાનુભાવે કયા પ્રકારના પ્રયત્ન કર્યા છે એ બતાવનારાં પ્રકાશન આજે વધુ જરૂરી છે. શ્રી મેવચા પાસે આ જાતની હથોટી છે, એમની કલમમાં સર્જકતાનું બળ છે, એમણે સર્જનાત્મક ઘણું સાહિત્ય પણ અત્યાર સુધીમાં પીરસ્યું પણ છે, એટલે એમની પાસેથી વધુ વ્યાપક સ્વરૂપમાં સાહિત્યના સંશોધન અને એવા જ સર્જનની અપેક્ષા રાખી શકાય.

**કે. કા. શાસ્ત્રી**

* * *

**મિતાક્ષર :** લેખક : ભોગીલાલ ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટ, રામજી મંદિર પોળ, વડોદરા, પૃ. ૨૩૮, મૂ. રૂ. ૭=૫૦

**રવીન્દ્રચિંતન :** લેખક અને પ્રકાશક ઉપર પ્રમાણે, પૃ. ૧૩૯, મૂ. રૂ. ૪=૦૦

સમકાલીન બનાવો અને સાહિત્યપ્રવાહોનો ઊંડો તલસ્પર્શી અભ્યાસ તથા તેની સાથે કે તદન્તર તાટસ્થ્યપૂર્વક સમ્યક્ પદ્ધતિથી મનન કરનારા મૌલિક વિચારકો ઓછા હોય છે. વળી સ્વતંત્ર રીતે મનન કરેલી—ચિંતવેલી સામગ્રીને—ક્લિષ્ટ શબ્દાડંબરના અંચલમાં ઢાંક્યા સિવાય સુસ્પષ્ટ રીતે રજૂ કરનારા સાહિત્યકારો તો મળવા મુશ્કેલ. શ્રી ભોગીલાલ ગાંધી આ વિરલ વિચારકો પૈકીના એક છે.

૧૯૬૧ થી ૧૯૬૬ દરમ્યાન યોજાયેલાં સાહિત્યિક જ્ઞાનસત્રોમાં તથા અન્યત્ર પરિસંવાદોમાં શ્રી ગાંધીએ પ્રકટ કરેલા વિચારોનો, આકાશવાણી પરથી આપેલા વાર્તાલાપનો, તથા 'સાહિત્ય અને પ્રગતિ' (૧૯૪૦) અને 'સાહિત્ય અને સંસ્કાર' (૧૯૪૪) ગ્રંથોમાં પ્રસિદ્ધ થયેલા તેમના બે લેખોનો '**મિતાક્ષર**'માં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ૧૫ લેખોને પ્રધાનપણે સાંસ્કૃતિક અને ગૌણપણે સાહિત્યિક હોવાનું કહી શકાય.

સામાન્ય વાચકોને પણ તેમનાં લખાણો આકર્ષી જતાં હોવામાં મુખ્ય કારણ તેમાંની ચોક્કસ વિગતો ઉપરાંત શૈલીની વિશિષ્ટતા છે. એક બાજુથી તેઓ માર્ક્સવાદ ગાંધીવાદ, સર્વોદય, કે અસ્તિત્વવાદ...જેવા ગમે તે અભ્યસ્ત વિષયની સાથે ઓતપ્રોત થઈ જઈ જે તે વિચારસરણીને સમજવામાં અને પુરસ્કૃત કરવામાં સહેજ પણ અન્યાય ન થાય તે માટે સતત જાગ્રત રહે છે, તો

બીજી બાજુથી વિષયનું નિરૂપણ કરતાં કરતાં તેઓ પ્રવાહ કે પરંપરાપતિત ન બનતાં પોતાની આગવી તટસ્થ બુદ્ધિમતાથી તેનું સમ્યક્ અને સમતોલ વિશ્લેષણ પણ કરતા હોય છે. પોતે અમુક મુદ્દાથી ક્યાં અને શા માટે જુદા પડે છે તેનું મિતાક્ષરમાં સ્પષ્ટ નિરૂપણ કરે છે. આમ કરવામાં તેમનો કોઈ અભિગ્રહ અંતરાયરૂપ થતો નથી.

તેમની પદ્ધતિ મુખ્યત્વે પૃથક્કરણાત્મક અને જરૂર પડે ત્યાં તુલનાત્મક પણ હોય છે. ' મિતાક્ષર ' અને રવીન્દ્રચિંતન 'માં અનેક સ્થળે આ વિવેચનપદ્ધતિ વરતાઈ આવે છે. દા.ત. યેસ્પર્સ અને હેડગરના મતોની તુલના અને તેના સંદર્ભમાં આઈન્સ્ટાઈન અને ટાગોરના સંવાદનું સ્મરણ, કાફકા-કામૂની તુલના, રજનીશજીના વિચારોમાં આવતાં કેટલાંક વિરોધાભાસી સામ્યભેદનાં બિન્દુઓ, દાદોબા અને દુર્ગારામની તથા ' માનવધર્મસભા ' અને ' પરમહંસસભા 'ની સુધારા-પ્રવૃત્તિની તથા ગાંધીજી અને ટાગોરના ચિંતનવિકાસના તબક્કાઓની તુલના...વગેરે મહત્ત્વના મુદ્દાઓનું મુદ્દાસર ટાંચણ કે ટિપ્પણ અને યોગ્ય લાગે ત્યાં સંદર્ભ કે અવતરણ પણ આપી તેઓ વાચકને મુક્ત વિચાર-વિહાર કરવાની ભૂમિકા અને મોકળાશ આપે છે. તાર્કિક વિસંગતિથી ઉગરીને લખાયેલાં તેમનાં લખાણો વિચારકના વ્યક્તિત્વથી રસાયેલાં હોય છે. તેમાં સચ્ચાઈની નિષ્ઠાનો રણકો ઊઠતો હોવા છતાં તેને ઊર્મિલલિત નિબંધોની કક્ષામાં મૂકી શકાય નહીં. પ્રત્યેક લેખમાં લેખકની સૂક્ષ્મ બુદ્ધિશક્તિની મૌલિકતા, દૃષ્ટિ અને નિરૂપણની વિશદતા, અભ્યાસનું ઊંડાણ અને ચર્ચાતા વિષય વિષેનાં મૂલ્યોની તથા મર્યાદાઓની સ્પષ્ટ તારવણી વાચકને સહાધ્યાયી બનાવે છે.

(૧) ' માર્ક્સવાદી દૃષ્ટિએ સાહિત્યનું મૂલ્યાંકન ' ' ગુજરાતી સાહિત્ય ઉપર માર્ક્સવાદની અસર ' અને ' સાહિત્ય અને પ્રગતિ ' આ ત્રણ લેખોને તથા (૨) ' રાષ્ટ્રીય વિચ્છિન્નતા ' અને ' સાહિત્ય અને રાષ્ટ્રીય એકાત્મતા ' એ બે લેખોને સાથે વાંચવાથી લેખકનું મંતવ્ય જે તે સમયનાં પરિબળોના સંદર્ભમાં વધુ સ્પષ્ટ બને તેમ છે.

અસ્તિત્વવાદના વિશ્લેષણના લેખના અંતનો પ્રશ્ન હજી પણ નિરુત્તર જ છે:

" આ અસ્તિત્વવાદી ચિંતન હતાશા અને નૈષ્ફલ્યની પ્રેરણા આપે છે કે પુરુષાર્થની? માનવીને ઠંડી પિશાચી તટસ્થતાનું શિકાર બનાવે છે કે સહદેવી પૂર્વજ્ઞાન સહિત મરણિયો—જાગ્રત અને સન્નિષ્ઠ--સંગ્રામ ખેડવાનો સિસિફસનો રાહ ચીંધે છે? " ( પૃ. ૨૩ )

જવાબમાં અવતીર્ણ કરેલા યેસ્પર્સના અંગ્રેજી પરિચ્છેદનો લેખકે ભાવાનુવાદ આપી થોડો પ્રકાશ નાખ્યો હોત તો વધુ સ્પષ્ટતા થઈ શકી હોત !

માનવચેતનાના ઊંડાણનો તાગ મેળવવા મથતાં પ્રયોગશીલ અને પ્રગતિશીલ મનાતાં-કહેવાતાં સાહિત્યસ્વરૂપો, વિચારપ્રવાહો અને માધ્યમોએ હાંસલ કરેલી સિદ્ધિઓનું મૂલ્ય આંકવા છતાં લેખક તેની મર્યાદાઓ પ્રતિ લાલબત્તી ધરવાનું ચૂકતા નથી. વ્યાપક બનતો જતો નિર્માનુષી-કરણનો પ્રવાહ વર્તમાન વિશ્વને કયા ભયાનક બિન્દુએ ઢસળી જશે તે તરફ લેખકે આંગળી ચીંધી છે. તેમાં સાહિત્યકારનો ધર્મ શો હોઈ શકે... એ વાત તેમને મન ખૂબ મહત્ત્વની છે.

'હર્બર્ટ રીડનું કલાચિંતન ' 'નવજાગૃતિનો અરુણોદય ' અને ' ભક્તિપ્રણાલીની અવિરત ધારા ' એ ત્રણે ય લાંબા લેખોમાં ઐતિહાસિક અને સાંસ્કારિક દષ્ટિબિન્દુથી વિસ્તૃત ચર્ચા કરેલી હોઈ તે આસ્વાદ્ય બન્યા છે. પૃ. ૨૩૫ પર ' હિંદુ શબ્દ જ મુસ્લિમોએ બનાવેલો છે ' હજારીપ્રસાદ દ્વિવેદીના આ વિધાનને લેખકે સીધેસીધું સ્વીકારી લીધું હોવાનું જણાય છે!

' પશ્ચિમનાં જીવનમૂલ્યોની સ્થિતિ અને તેની મથામણો ' લેખમાં લેખકે સર્જકોના વિસંવાદને યુગલક્ષણના સંદર્ભ તરીકે સદષ્ટાંત તપાસી જીવનમૂલ્યોની દરિદ્રતા વિષે ચિંતા વ્યક્ત કરી છે. તેઓ કહે છે:

" ... કલાક્ષેત્રે એમની દેણગી ગમે તેટલી અમોલી હોવા છતાં, એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે કે એમની શૂન્યવાદી, નાસ્તિવાદી, મૂલ્યરહિત સૃષ્ટિ માનવજાતની અભૂતપૂર્વ કટોકટીના આ સમયે કોઈ પણ પ્રકારની વિધાયક શક્તિ કે સમજ અર્પવા અસમર્થ નીવડી છે, એ જેવી તેવી ચિંતાની વાત નથી. " ( પૃ. ૩૪ )

માત્ર પાશ્ચાત્ય પ્રવાહોમાં જ ગળાબૂડ રહેનારા આપણા કેટલાક અભ્યાસીઓ માટે પણ આ શું વિશેષ ચિંતાનો ( કે ચિંતનનો ) વિષય નથી ?

પ્રત્યેક લેખના અંતે લેખકે જે વિસ્તૃત સંદર્ભ સાહિત્યસૂચિ આપી છે એ અભ્યાસીઓને ઘણી ઉપયોગી અને પ્રેરણાદાયક નીવડે તેમ છે.

**' રવીન્દ્રચિંતન '**માં ' વિશ્વમાનવ 'ના તંત્રી શ્રી ભોગીલાલ ગાંધીએ, ' વિશ્વમાનવના સ્વપ્નદ્રષ્ટા ' કવિવર્ય ટાગોરની જન્મશતાબ્દી સમયે રવીન્દ્રનાથના વિશાળ અને ગહન સાહિત્ય-સાગરમાં ઊંડું અવગાહન કરી તેમની વિચારધારાનું સંગીત ઝીલીને તેમના ચિંતનસૂરને યથાર્થ સ્વરૂપમાં ગ્રહણ કરવાનો અને સંક્ષિપ્ત છતાં સમગ્રતયા સળંગ રૂપમાં વાચકોને સ્પષ્ટ બોધ થાય એ રીતે ચાર લેખોમાં રજૂ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. ઉપર ' મિતાક્ષરના 'ના અવલોકનમાં દર્શાવેલા લેખકના વિશિષ્ટ શૈલીગુણે, પરમ મેધાવિની પ્રતિભાને ધારણ—પ્રકટ કરનારા વિશ્વકવિના ચિંતનપિંડને અર્થવાહી છતાં સરળ રીતે પ્રકટ કરવામાં મોટો ફાળો આપ્યો છે.

કવિવરના જીવનસંગીતનું કેન્દ્રબિન્દુ સંસ્કૃતિ અને સમન્વય છે. યુરોપ અને ભારતની સંસ્કારિતાની વિભિન્ન વિરોધાભાસી વિલક્ષણતાઓ છતાં, ભારતીય સ્વરૂપના પાયા ઉપર યુરોપીય લક્ષણોવાળી ઇમારત રચવામાં મેરુદંડસમા સમન્વયની શક્યતા અને ઈષ્ટતાની પ્રતીતિ કવિને યૌવનના આરંભથી જ થઈ ચૂકી હતી અને જીવનના અંત સુધી એ માટે તેઓ મથ્યા હતા. અંતિમવાદી બન્યા સિવાય પૂર્વ-પશ્ચિમના ઉત્તમાંશોની એકરૂપતા અને તેના સમ્યક્ સામંજસ્યને સાધવામાં ઉભયના વ્યક્તિત્વના વિલોપનની ભીતિ કે શક્યતા નથી બલ્કે એ દ્વારા માનવ જાતિનો અંતરાત્મા પૂર્ણ રીતે પ્રકટ થવાની સંભાવના છે. આ મધ્યવર્તી વિચારને આકાર આપવાના કવીશ્વરના ભગીરથ પ્રયાસોનું તટસ્થ પણ સારગ્રાહી મૂલ્યાંકન કરતાં કરતાં લેખક અનાયાસે ગુરુદેવના બહુમૂલ્ય પાસાંવાળા પ્રચંડ વ્યક્તિત્વનું મિતાક્ષરી પણ સુરેખ ચિત્ર ઉપસાવી શક્યા છે.

લેખકે ૧૯મી સદીની છેલ્લી પચીસીનાં અને વીસમી સદીના સ્વાતંત્ર્યસંગ્રામના સમયનાં વિવિધ પ્રશ્નો, સંઘર્ષો, સમસ્યાઓ વગેરેનો ઐતિહાસિક પદ્ધતિએ પાર્શ્વપીઠિકારૂપે સંક્ષેપમાં પણ તબક્કાવાર ખ્યાલ આપીને, ગાંધીજી અને ટાગોરના વિચારવિકાસનાં તુલનાત્મક બિન્દુઓનું સમતોલપણે વિશ્લેષણ કર્યું છે અને એ રીતે રાષ્ટ્રીય ઉત્થાનની ભૂમિકાનું વિહંગાવલોકન કર્યું છે. ગાંધીપ્રણીત અસહકાર આદિ આરંભનાં ( ૧૯૨૧ ) આંદોલનો વગેરેની કવિવરે સચિંત અને કઠોર ટીકાઓ કરી હતી એટલું જ નહીં પણ વૈશ્વિક સમન્વયના ઉદ્‌ગાતા તરીકે ' સર 'ના ખિતાબને ફગાવી દઈ વિવિધલક્ષી વિધેયાત્મક પ્રવૃત્તિઓ (સાહિત્યસર્જન ઉપરાંત ) દ્વારા " ભારતના મહાન પ્રતિહારી " તરીકે દેશભક્તિનું ઉત્કૃષ્ટ દષ્ટાંત પૂરું પાડ્યું હતું. ' વિશ્વભારતી ' ની સ્થાપના ક્રાન્તદર્શી મનીષીનું અપૂર્વ પ્રસ્થાન હતું. આ સર્વ ઘટનાઓ, વિચાર-વિરોધો વગેરેનું —બન્ને વિશ્વવંદ્ય વિભૂતિઓનું ગૌરવ ન અળપાય એ રીતે—કરેલું સંક્ષિપ્ત પણ વિશદ નિરૂપણ શ્રી ભોગીલાલની વિચારક અને લેખક તરીકેની ઉચ્ચ પ્રતિભાની કસોટીરૂપ છે.

માનવીના અનાત્મીકરણ અને અમાનુષીકરણ કરનારાં પાશવી પરિબળો પ્રત્યે કવિ કિશોરકાળથી જ સચિંત હતા. સાંસ્કૃતિક વિકૃતિ અને વિફળતા, ક્ષુદ્ર સંસ્કૃતિ અને વિજ્ઞાન વગેરે વિષેના વિચારો રજૂ કરતાં લેખક અનેક અવતરણો, સંદર્ભ-ઉલ્લેખો અને પાદટીપો દ્વારા સારી રીતે સાબિત કરી શક્યા છે કે એકાકી ખંડિત વ્યક્તિ-માનવના વિરોધી અને સદાય સમન્વયશીલ ભાવનાશાળી કવિવરના રાજકીય, શૈક્ષણિક કે અન્યક્ષેત્રીય ચિંતનનો આધાર આધ્યાત્મિક–માનવીય આદર્શનો જ રહ્યો છે. લેખકે એ પણ સ્પષ્ટ કર્યું છે કે ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા બનીને કવિવરે પશ્ચિમના દેશોની વિવિધ સંસ્કૃતિઓમાં રહેલી કેવળ ' રાષ્ટ્રીય સ્વાર્થની એકતા ' ઉપર નિષ્ઠુરતાપૂર્વક પ્રબળ પ્રહાર કર્યા છે. વિકૃત અને સંકુચિત રાષ્ટ્રવાદના તેઓ કટ્ટર વિરોધી છે.

રવીન્દ્રનાથના રાષ્ટ્રીય ચિંતનની ગંગોત્રી ધર્મ-અધ્યાત્મ છે, તો તેનો આધારસ્તંભ સંસ્કૃતિચિંતન છે. ધર્મ-જ્ઞાન-કર્મમિલનમૂલક ભારતીય સંસ્કૃતિ આંતરિક, સર્જનાત્મક અને વૈયક્તિક હોઈ તેમાં ચૈતન્યનો વિકાસ કેન્દ્રસ્થાને છે. રાષ્ટ્રીય ચિંતનના અભિગમની અગત્ય અને પૂર્વ-પશ્ચિમના સમન્વયનું રહસ્ય સમજાવતાં કેટલાંક સુંદર વિધાનો ચિન્ત્ય છે :

( ૧ ) " યુરોપના મુખે દીપશિખા છે. આપણો બુઝાયેલો કોલસો સળગાવી લઈએ, દીપ પેટાવી લઈએ...આ નવી શક્તિના સમાગમથી વૈવિધ્યશૂન્ય જડત્વને તિલાંજલિ આપીએ. " ( પૃ. ૭૩ )

( ૨ ) " જો આપણામાં હીનતા નહિ હોય તો અંગ્રેજોની દીનતાનો ભય મિથ્યા છે. વસ્તુ ભલે બહારથી લાવીએ, પાત્ર દેશી હોવું જોઈએ ... શિક્ષણરૂપી બીજ ભલે વિદેશથી લાવીએ, માટી તો આપણી જ હોવી જોઈએ; અને છતાં, સદૈવ શિષ્યભાવે કેવળ મેળવવાનું છે એમ પણ નથી. સમાન ભાવે આદાનપ્રદાન કરવામાં જ સાચો સમન્વય સિદ્ધ થશે.'' ( પૃ. ૭૩-૭૪ )

કવિ પશ્ચિમની આંધળી ગતિશીલતાને સંયત કરી—કર્મનો નાગપાશ શિથિલ કરીને—ધર્મ અને કર્મના સામંજસ્યનો રાહ ચીંધે છે.

'ટાગોરનો ધરતીપ્રેમ' લેખ લેખકની અનુવાદ અને આસ્વાદ-વિવેચન કરવાની શક્તિનો સારો પરિચય આપે છે.

પરિશિષ્ટ ૧માં સોનાર તરી, ચિત્રા, નૈવેદ્ય, પરિશેષ, જન્મદિન, આરોગ્ય અને શેષલેખા-માંથી કવિનાં આઠ કાવ્યોના સ્વચ્છ અને સુવાચ્ય અનુવાદ આપ્યા છે, તે પસંદગીમાં આજે લગભગ વિસરાઈ ગયેલા કવિ ઉપવાસીના હૃદયધબકાર સાંભળી શકાય છે. લગભગ ૧૯ પાનના પરિશિષ્ટ–૨માં આપેલી રવીન્દ્રજીવન : સમયસૂચિમાં લેખકે આપેલી ઝીણામાં ઝીણી વિગતો સાલ, વય તથા માહિતીની ચોકસાઈ અને ચીવટ પુષ્કળ પરિશ્રમ માગી લે તેવાં છે.

પ્રત્યેક સુશિક્ષિત ભારતીય નાગરિક કવિવરનાં મૂળ પુસ્તકોનું પરિશીલન કરે એ અનિવાર્ય અને ઇચ્છનીય છે જ; પરંતુ ગાંધીજીએ જેમને ગુરુદેવ તરીકે સત્કાર્યા એ મહર્ષિના મનોરથોને અને સમગ્ર ચેતોવિસ્તારને સમ્યક્રૂપે સમજવામાં 'રવીન્દ્રચિંતન' અત્યંત ઉપકારક નીવડે તેમ છે. કવીન્દ્રની નૈવેદ્ય-વાણીમાં આપણે પણ ગાઈ શકવા ક્યારે અધિકારી બનીશું ? :—

"જે કાંઈ આનંદ રહ્યો દશ્યે ગંધે ગાને,
તારો જ આનંદ માણું એ સર્વમાં સદા—
મોહ મારો મુક્તિ રૂપે થશે પ્રજ્વલિત
પ્રેમ મારો ભક્તિ રૂપે થશે વિકસિત."

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય અથવા આરોગ્ય, યૌવન અને અમરત્વ :** લે. શ્રી વિશ્વવંદ્ય; પ્રકાશક : શ્રી નૃસિંહ પ્રકાશન, ૨૨, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ–૨૬; પૃ. ૨૨૪, મૂલ્ય રૂ. ૪=૦૦

શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના અગ્રણી સાધક શ્રી છોટાલાલ માસ્તરસાહેબ ('શ્રી વિશ્વવંદ્ય')ના આજથી ૭૫ વર્ષ પર 'મહાકાલ', 'પ્રાતઃકાલ' માસિકોમાં પ્રગટ થયેલા લેખોનું હાલ પુનઃ પ્રકાશન થઈ રહ્યું છે તે આપણા સૌને માટે આનંદની વાત છે. કુદરતની વિરાટ શક્તિનો અને મનુષ્યની આંતરિક સમૃદ્ધિનો આરોગ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને અધ્યાત્મવિદ્યાને કેન્દ્રમાં રાખીને તાર્કિક અને બુદ્ધિગમ્ય શૈલીમાં પરિચય કરાવતો તેમનો પ્રસ્તુત સુદીર્ઘ લેખ આજે પણ તેટલો જ પ્રેરક અને મહત્ત્વનો લાગે છે. કુદરત તો અવિરતપણે સર્વત્ર રૂપાન્તરપ્રક્રિયા કરતી રહી છે. મનુષ્યના શરીરમાં તેમ જ મનમાં આ રાસાયણિક ફેરફાર થતો હોવાને કારણે નદીના જળની જેમ તેનું શરીર સતત નિત્યનવીન અને બદલાતું રહે છે. દીર્ઘશ્વાસપ્રશ્વાસક્રિયા, આંતરસ્નાન, સૂર્યસ્નાન, યુક્ત અને નિયત આહાર, નિયમિત કસરત વગેરે આરોગ્યશાસ્ત્રના નિયમોનું તથા સર્વત્ર ગુણગ્રાહકદષ્ટિ, પ્રેમભાવ, એકાગ્ર થવાની કળા, માનસિક અને શારીરિક સૌન્દર્યવૃદ્ધિના પ્રયત્નો, ભાવના–દ્યોતનકળા, પ્રસન્નતા વગેરે માનસ શાસ્ત્રીય અને અધ્યાત્મવિદ્યાના નિયમોનું જે નિષ્ઠાપૂર્વક પાલન કરે છે તે ગમે તે વ્યાધિથી મુક્ત

થઈ શકે છે, તેમ જ જરા અને મૃત્યુ પર પ્રભુત્વ મેળવી શકે છે. ગૃહસ્થાશ્રમનું ગૌરવ ગાતા લેખક સ્ત્રીપુરુષના પવિત્ર સંબંધને પુણ્યમય અને જીવનતત્ત્વદાયક ગણે છે. મોટે ભાગે લોકો લગ્નને પ્રજોત્પત્તિનું માધ્યમ બનાવી વંશવેલો વધારી સંતોષ માને છે, પરંતુ પ્રજનનકર્મને બદલે નવજનનકર્મ (નવું જીવન આપનાર કર્મ) માટે આ સંબંધનો વિહિત વિનિયોગ કરવાથી ઉત્તમ જીવનતત્ત્વ મળે છે તથા મૃત્યુંજયી પણ બની શકાય છે.

પરંતુ લોકોમાં આ સંબંધે અજ્ઞાન હોવાને કારણે તેઓ અકાળે વૃદ્ધ બને છે, ગમે તેવા વ્યાધિનો ભોગ બને છે અને જીવનનાં મહત્ત્વનાં કાર્યોને અપૂર્ણ રાખી ટૂંકું આયુષ્ય ભોગવી મૃત્યુ પામે છે.

લેખકે ઉપરોક્ત વિચારોને પુરસ્કૃત કરવા પ્રાચીન ધર્મગ્રંથોનાં તેમ જ આધુનિક વિજ્ઞાન તથા માનસશાસ્ત્રના શ્રેષ્ઠ ગણાતા વિદ્વાનોનાં અવતરણો પણ ટાંકયાં છે. ભાવને સુસ્પષ્ટ કરવા તેમણે યોજેલી દૃષ્ટાંતશૈલી પણ નોંધપાત્ર છે. પ્રા. મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર) તેમની શૈલી માટે યોગ્ય કહે છે:

"તત્ત્વચર્ચા અને ગંભીર વિચારોનો વિમર્શ હોવા છતાં ભાષા ગંભીર ભારેખમ કે ક્લિષ્ટ બની જતી નથી. તેમની શૈલી સરળ પ્રાસાદિક છતાં ઓજસ્વી છે. તેમનાં તમામ લખાણોમાં પુરુષાર્થપ્રવણતા, ઉત્કર્ષ માટેના ઉત્સાહ અને આશાનો પડઘો ઊઠયા જ કરે છે."

(પુસ્તકના ફ્લેપ પરથી)

'નવજનનકર્મ' જેવો નૂતન શબ્દ પ્રયોગ તથા 'વિસ્પષ્ટ' (વધારે સ્પષ્ટ !), 'રમરમાટ' જેવા પ્રયોગો પણ નોંધપાત્ર છે.

**લવકુમાર મ. દેસાઈ**

* * *

## સાભાર સ્વીકાર

૧ **નવયુગનો પ્રહરી નર્મદ :** લે. ભોગીલાલ ગાંધી; પ્ર. સુભદ્રા ગાંધી, વિશ્વમાનવ સંસ્કાર ટ્રસ્ટ, રામજી મંદિર પોળ વડોદરા-૧; પૃ. ૧૨૦, કિંમત રૂા. ૩–૫૦ પૈ.

૨ **દયાના સાગર :** અનુ. સૈયદ ઇમામુદ્દીન દરગાહવાલા; પ્ર. સૈયદ ઈ. દરગાહવાલા, દરગાહ શરીફ, માળ ઉપર, નવસારી, પૃ. ૮૦; કિંમત રૂા. ૨–૦૦ પૈ.

૩ **પોરબંદર :** લે. મણિભાઈ વોરા. પ્ર. મણિભાઈ વોરા, કડિયા પ્લોટ, પોરબંદર; પૃ. ૩૦; કિંમત રૂા. ૧–૨૫ પૈ.

૪ **ગણિતદર્શન :** (વિજ્ઞાનલક્ષી) જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી–૬; લે. પ્ર. મૂ. વૈદ્ય, રેવ. ફાધર વાલેસ, છોટુભાઈ સુથાર, બંસીધર ગાંધી; પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર, પૃ. ૨૬૮; કિંમત રૂા. ૨૦–૦૦ પૈ.

૫ **વૈદક વિવરણ :** લે. શાન્તારામ વૈદ્ય, પ્ર. પ્રકાશ શાન્તારામ વૈદ્ય, અઠુગર મહોલ્લા, નાનપુરા, સુરત; પૃ. ૯૪; કિંમત રૂ. ૨-૦૦ પૈ.

૬ **બાલાશંકર કંથારિયા—એક અધ્યયન :** લે. સ્નેહલતા મહેતા; પ્ર. ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ફુવારા પાસે, અમદાવાદ-૧; પૃ. ૭૩૯, કિંમત રૂ. ૧૫-૦૦ પૈ.

### ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ, દરિયા મહેલ, સુરતનાં પ્રકાશનો

૭ **આપણી ફળવાડીઓ :** લે. અંબાલાલ પટેલ, પૃ. ૪૦, કિંમત રૂ. ૦-૬૦ પૈ.

૮ **ઓખાહરણ :** લે. હીરાબ્હેન પાઠક, પૃ. ૩૬, કિંમત રૂ. ૦-૫૦ પૈ.

૯ **હૈયાનાં હીર :** લે. ચુનીભાઈ ભટ્ટ; પૃ. ૪૪, કિંમત રૂ. ૦-૬૦ પૈ.

૧૦ **પંચશીલ :** લે. જ. ઓ. કાનુગા; પૃ. ૪૨, કિંમત રૂ. ૦-૬૦ પૈ.

૧૧ **હોવે ભાઈશા’બ :** લે. રા. ના. પાઠક; પૃ. ૪૪, કિંમત રૂ. ૦-૬૦ પૈ

૧૨ **રોગીનો બેલી :** લે. ઈશ્વરભાઈ જ. પટેલ; પૃ. ૪૪, કિંમત રૂ. ૦-૬૦ પૈ.

૧૩ **જમશેદજી તાતા :** લે. અબ્દુલર્રશીદ અબ્દુલ મજીદ શેખ; પૃ. ૨૪, કિંમત રૂ. ૦-૪૦ પૈ.

૧૪ **અકબર :** લે. બાબુભાઈ પ્રાણજીવન વૈદ્ય; પૃ. ૬૮, કિંમત રૂ. ૧-૦૦ પૈ.

૧૫ **હરિયાળી ક્રાંતિ :** લે. પીતાંબર પટેલ; પૃ. ૬૪, કિંમત રૂ. ૦-૮૦ પૈ.

### ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદનાં પ્રકાશનો

૧૬ **સ્મરણિકા :** સં. ધર્મેન્દ્ર માસ્તર, જયંતિભાઈ જોષી, કંચનલાલ કાંટાવાલા; પૃ. ૭૬, કિંમત અમૂલ્ય.

૧૭ **રાષ્ટ્રીયકરણ અને સહકારી પ્રવૃત્તિ :** નિયોજકો : વિશ્વનાથ જોષી, ઉમેદભાઈ પટેલ; પૃ. ૮૦, કિંમત રૂ. ૧-૫૦ પૈ.

૧૮ **નાગરિક સહકારી બૅંક પરિસંવાદ અહેવાલ :** પૃ. ૮૧, અમૂલ્ય.

૧૯ **સહકારી મંડળીઓમાં થતી ઉચાપત અને તેનો અટકાવ :** લે. વિશ્વનાથ જોષી; પૃ. ૫૮, કિંમત રૂ. ૧-૫૦ પૈ.

### યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદનાં પ્રકાશનો

૨૦ **કેળવણી અને શિક્ષક તાલીમ :** લે. પી. ગરે, અનુ. ઈશ્વરભાઈ પટેલ; પૃ. ૧૩૪, કિંમત રૂ. ૬-૦૦ પૈ.

૨૧ **ભૌગોલિક અને શોધખોળ :** લે. વિરાટ કે. મહેતા; પૃ. ૧૮૭, કિંમત રૂ. ૬-૦૦ પૈ.

૨૨ **ગોદી અને બંદરગાહની રચના-પ્રવેશિકા :** લે. હસમુખ પ્રા. ઓઝા; પૃ. ૨૨૮, કિંમત રૂ. ૧૫-૦૦ પૈ.

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનાં પ્રકાશનો

### ( યુનિ. ગ્રન્થનિર્માણ બોર્ડની આર્થિક સહાયથી )

૨૩ **યામલન ભૂમિતિ :** અનુ. ગ. ત્રિ. શાહ; પૃ. ૩૩૦, કિંમત રૂા. ૧૦–૦૦ પૈ.

૨૪ **આંતરરાષ્ટ્રીય વ્યાપારનો સિદ્ધાંત :** લે. હ. કે. ત્રિવેદી; પૃ. ૯૧, કિંમત રૂા. ૩–૫૦ પૈ.

૨૫ **પ્રાચીન ભારત—ભાગ ૧-૨ :** લે. હ. ગં. શાસ્ત્રી; પૃ. ૪૦૦ અને ૩૫૨; કિંમત રૂા. ૧૦–૦૦ પૈ. અને રૂા ૧૧–૦૦ પૈ.

૨૬ **કૃત્રિમ ઔષધો :** લે. કુમારભાઈ અં. ઠાકર; જગદીશચંદ્ર ત્રિવેદી; પૃ. ૧૦૮, કિંમત રૂા. ૬–૦૦ પૈ.

૨૭ **ગોલીય ખગોળવિજ્ઞાન :** અનુ. આચાર્ય પ્ર. વ. પારેખ; પૃ. ૫૫૮, કિંમત રૂા. ૨૦–૦૦ પૈ.

૨૮ **ઇતિહાસનો અભ્યાસ :** અનુ. પ્રાણજીવન વિ. પાઠક; પૃ. ૮૩૬, કિંમત રૂા. ૨૧–૦૦ પૈ.

૨૯ **સહકારી મંડળીનો કાયદો અને વ્યવસ્થા :** લે. યશવંતભાઈ ટી. દેસાઈ, રજનીકાંત જી. શેઠ: પૃ. ૪૮૮, કિંમત રૂા. ૧૧–૦૦ પૈ.

૩૦ **ઑડિટિંગ :** લે. મણિલાલ મા. ચોકસી; મહેન્દ્ર મ. પટેલ; પૃ. ૪૩૮, કિંમત રૂા. ૧૧–૦૦ પૈ.

## ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદનાં પ્રકાશનો

૩૧ **રવિવારની સવાર :** લે. મધુસૂદન પારેખ; પૃ. ૩૦૭; કિંમત રૂા. ૬–૫૦ પૈ.

૩૨ **ઇન્દુ :** લે. મહીપતરામ જોષી; પૃ. ૪૮; કિંમત રૂા. ૧–૦૦ પૈ.

૩૩ **મફતિયા મેન્ટાલિટી :** લે. નરોત્તમ વાળંદ; પૃ. ૨૫૦; કિંમત રૂા. ૫–૦૦ પૈ.

૩૪ **દૂરના એ સૂર :** લે. દિગીશ મહેતા; પૃ. ૧૦૮; કિંમત રૂા. ૨–૬૦ પૈ.

૩૫ **જીવન વિચારણા :** લે. ધૂમકેતુ; પૃ. ૩૯૬; કિંમત રૂા. ૮–૦૦ પૈ.

* * *

૩૬ **जैन आचार्य चरितावली :** सं. गजसिंह राठोड; प्र. जैन इतिहास समिति, जयपुर; पृ. १८०; मूल्य ६–०० पै.

૩૭ **સાહિત્યદર્શન–૨ ( વિશ્વસાહિત્ય–૧ ) :** લે. હરિવલ્લભ ભાયાણી, ઉમાશંકર જોશી તથા બીજા અનેક; **પ્ર.** સરદાર પટેલ યુનિવર્સિટી, ( જ્ઞાન–ગંગોત્રી ગ્રંથ-શ્રેણી-૬ ) વલ્લભવિદ્યાનગર; પૃ. ૩૨૦; કિંમત રૂા. ૨૦–૦૦.

૩૮ **સ્મૃતિચિત્રો :** મૂળ લેખિકા–લક્ષ્મીબાઈ ટિળક, ભાષાન્તર કરનાર–ગોવિંદલાલ પટેલ અને ગોપાળરાવ ગજાનન વિદ્વાંસ; પ્ર. સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી વતી ભાષાન્તર નિધિ, અમદાવાદ; પૃ. ૪૭૦; કિંમત રૂા. ૭–૫૦ પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૮ : અંક ૩ એપ્રિલ, ૧૯૭૧

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૨૭

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. 'મહાભારત'માંથી 'જયસંહિતા' અને 'ભારતસંહિતા'—
કેશવરામ કા. શાસ્ત્રી ... ૨૭૩–૩૦૪

૨. શ્રીકૃષ્ણની રાસલીલા—જયન્ત ઠાકર ... ... ૩૦૫–૩૧૩

૩. મહાકવિ ભાસની વાસવદત્તા—મીનળ મંગળદાસ વોરા ... ... ૩૧૪–૩૧૯

૪. અદ્યાવત્ અપ્રસિદ્ધ કવિ હલરાજકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ'—
એક પરિચય—કનુભાઈ વ્રજલાલ શેઠ ... ... ૩૨૦–૩૩૬

૫. રાઠવા–એક ઐતિહાસિક પાર્શ્વભૂમિકા—અરવિંદ ભટ્ટ ... ... ૩૩૭–૩૪૩

૬. રૂપેણ કાંઠાનાં લોકગીતો—પ્રવિણકુમાર ખે. ગઢવી ... ... ૩૪૪–૩૫૧

૭. ભારતીય ઇતિહાસના નિરૂપણમાં સિક્કાઓની મર્યાદા—
રસેશ જમીનદાર ... ... ૩૫૨–૩૫૬

૮. તસવીરોમાં ઢાંક—મણિભાઈ વોરા, નરોત્તમ પલાણ ... ... ૩૫૭–૩૫૯

૯. ખબરદારનાં અંગ્રેજી કાવ્યો— ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) ... ૩૬૦–૩૭૪

૧૦. આંતર્તારકીય ધૂળ—છોટુભાઈ સુથાર ... ... ૩૭૫–૩૭૯

૧૧. ગ્રન્થાવલોકન :

૧. સાહિત્યદર્શન ... ... ૩૮૦–૩૮૧

૨. ભાઈકાકાનાં સંસ્મરણો ... ... ... ૩૮૨–૩૮૫

૩. જયગોપાલ ... ... ... ૩૮૫–૩૮૯

૪. મિતાક્ષર ... ... ... ૩૮૯–૩૯૩

૫. વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો જય અથવા આરોગ્ય,
યૌવન અને અમરત્વ ... ... ૩૯૩–૩૯૪

સાભાર સ્વીકાર : ... ... ... ૩૯૪–૩૯૬

**Statement about the ownership and other particulars about newspapers**

SVADHYAYA ( स्वाध्याय )

( To be published in the first issue every year after the last day of February )

FORM IV

( See Rule 8 )

| | |
|---|---|
| 1 *Place of the Publication* : | Oriental Institute,<br>M. S. University of Baroda, Baroda. |
| 2 *Periodicity of its Publication* : | Three months—November, February, May, August. |
| 3 *Printer's Name* : | Shri Ramanlal J. Patel |
| *Nationality* : | Indian |
| *Address* : | Limda Pole, Raopura, Baroda |
| 4 *Publisher's Name* : | Dr. B. J. Sandesara |
| *Nationality* : | Indian |
| *Address* : | 'Samvad', 6 Shreyas Society,<br>Race Course Circle ( West ), Baroda-7 |
| 5 *Editor's Name* : | Dr. B. J. Sandesara, |
| *Nationality* : | Indian |
| *Address* : | 'Samvad', 6 Shreyas Society,<br>Race Course Circle ( West ), Baroda-7 |
| 6 *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda. |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી. પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન:
યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. ( ટપાલખર્ચ સાથે )

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ ( સાધના પ્રેસ ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જૂન, ૧૯૭૧.


ભાષાવાદ
પ્રદેશવાદ
કોમવાદ
રાષ્ટ્રીય એકતા
ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

# હવે આપની ઈચ્છા પ્રમાણે અને અનુકૂળ પદ્ધતિએ આપ બચત કરી શકશો

## દેના બેંક જાહેર કરે છે
## આપની જરૂરતને અનુરૂપ
## ૨ નવી બચત યોજનાઓ

### માસિક સેવિંગ્ઝ-કમ-એન્યૂઈટી યોજના

વર્ષો સુધી આપને નિયમિત માસિક આવકની જોગવાઈ કરી આપતી આ એક હપતાવાર બચત યોજના છે. દરેક મહિને રૂ. ૧૦ અથવા એના ગુણાંકની રકમ, ૨૪, ૩૬, ૪૮ કે ૬૦ મહિના સુધી બચાવો અને આપની માસિક બચત કરતાં ૧૩, ૨૦, ૨૮ અથવા ૩૭ મહિના સુધી દર માસે બેવડી રકમ પાછી મેળવો. આ યોજના પ્રમાણે આપને આકર્ષક ચક્રવૃદ્ધિ વ્યાજ મળશે. આપની નિવૃત્તિકાળની યોજના અથવા બીજા ઉદ્દેશો માટે આવકમાં આ એક ઉત્તમ ઉમેરો છે.

### વિવિધલક્ષી ડિપોઝિટ યોજના

આ યોજના પ્રમાણે આપના પગારના ચેક જેટલી જ નિયમિતતાથી નિશ્ચિત માસિક આવકની આપને જોગવાઈ મળી શકે છે. રૂપિયા ૩,૦૦૦ અથવા એના ગુણાંકની રકમ ૩ વર્ષ માટે ડિપોઝિટ કરો અને ૩ વર્ષ સુધી દરેક મહિને રૂ. ૧૬.૨૫ અથવા એના ગુણાંકની રકમ વ્યાજ તરીકે મેળવો. આપની મૂળ ડિપોઝિટ જેમની તેમ જળવાયેલી રહે છે. આ રીતે થયેલી આવક આપ આપનાં બાળકોની શિક્ષણ ફી અથવા આપના વીમાનું પ્રીમિયમ ભરવા અથવા આપના ઘરખર્ચમાં ઉમેરા તરીકે વાપરી શકશો.

વીગતો માટે આપની નજીકની **દેના બેંક**ની શાખામાં મળો અથવા પત્રવહેવાર કરો.

**દેના બેંકની બીજી બચત યોજનાઓ:**

બચત ખાતું..........૪% વ્યાજ
સગીર બચત ખાતું......૪% વ્યાજ
ફિક્સ્ડ ડિપોઝિટ્સ......૪½%થી૭¼% વ્યાજ
રિકરિંગ ડિપોઝિટ યોજના { ૫¼%થી ૭% ચક્રવૃદ્ધિ વ્યાજ

**આપની બચત આપને સલામતી બક્ષે છે.**
**આપની બચત રાષ્ટ્રીય પ્રગતિને પક્ષે છે.**

## દેના બેંક
હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧.

RATAN BATRA DB/G/203

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

જ્યોતિ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***



everest/716a/JY gj

# Bank of Baroda offers financial assistance to bright students.



For College Education, Post-Graduate or Diploma Courses in Technical or Professional subjects as well as for studies abroad.

For further details, please visit your nearest Bank of Baroda branch agent. He will help you!

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda
Over 450 branches in India and abroad

Shilpi-BOB 1A-70

# ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે




મધુર સ્વાદવાળું

# ગ્લાયકોડીન

ટર્પ વસાકા

તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત ગ્લાયકોડીનની "ફોર્મ્યુલા" ખાંસીને તેનાં અનેક પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢે છે. આ રહી ગ્લાયકોડીનની વિવિધ અને અસરકારક કાર્યશક્તિ:

● **મગજમાં**—ગ્લાયકોડીન ખાંસીના હુમલાનું યોગ્ય સમયે-હાનિવિના અને અસરકારક રીતે-નિયંત્રણ કરે છે.

● **ગળામાં**—ગ્લાયકોડીન કફનો ભરાવો દૂર કરે છે, બળતરા અને પીડાને શાંત પાડે છે અને ગળાની અંદરના નાજુક ભાગોને કીટાણુઓ સામે રક્ષે છે.

● **છાતીમાં**—ગ્લાયકોડીન બંધ શ્વાસનળીઓ ખોલી નાંખે છે, જકડાયેલા છાતીનાં સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે.

● **ફેફસામાં**—ગ્લાયકોડીન ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છુટા પાડીને, ઊંડામાં ઊંડે રહેલી હઠીલી ખાંસીને દૂર કરે છે; અને જામેલા કફના ભરાવાને બહાર કાઢે છે.

**હંમેશા ગ્લાયકોડીનની શીશી આપની પાસે રાખો.**




**ગ્લાયકોડીન—૩૦ ઉપરાંત વર્ષોથી સૌથી વધુ વેચાણ ધરાવતો ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

ચાર સાઈઝમાં મળે છે * એલેમ્બિકનું ઉત્પાદન Alembic


everest/363.d /ACW gj



ચિત્ર ૨

બળદ બાંધવાની કોઢમાં સચવાયેલો સૂર્યમંદિરનો એક ભાગ



ચિત્ર ૭

ઝીલણી વાવમાં ચૈત્યબારી યુક્ત ગવાક્ષ

આ ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી મણિભાઈ વોરાનો લેખ



યક્ષ-યુગલ, અંબિકા મન્દિર, જગત (રાજસ્થાન), ઈ. સ. ૯૬૧.

(ફોટો કૉપીરાઇટ : અમેરિકન ઍકેડમી ઑફ બનારસ, વારાણસી)